
# વર્ધમાન મહાવીર
## અને
# ઇન્દ્રભૂતિ ગૌતમ



સંપાદક

જિતેન્દ્ર બી. શાહ

પ્રકાશક

શ્રુતરત્નાકર

અમદાવાદ

# વર્ધમાન મહાવીર અને ઇન્દ્રભૂતિ ગૌતમ

સંપાદક

જિતેન્દ્ર બી. શાહ

• પ્રકાશક •

શ્રુતરત્નાકર

અમદાવાદ

# વર્ધમાન મહાવીર અને ઇન્દ્રભૂતિ ગૌતમ

●

**સંપાદક**

જિતેન્દ્ર બી. શાહ

●

**પ્રકાશક :**

શ્રુતરત્નાકર

૩૦૩ બાલેશ્વર સ્કવેર, ઈસ્કોન મંદિર સામે,

સરખેજ ગાંધીનગર હાઈવે, અમદાવાદ-૧૫

●

પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭

●

પ્રત : ૫૦૦

●

**કિંમત : રૂ. ૧૦૦/-**

# આર્થિક સહયોગ

મહેશભાઈ તથા હંસાબેન
વિનોદભાઈ તથા રસિલાબેન
ચેરિહિલ, ન્યૂજર્સી

અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર;
તે ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફલ દાતાર. ૧

मंगलं भगवान वीरो, मंगलं गौतमप्रभुः ।
मंगलं स्थूलभद्राद्या, जैनधर्मोऽस्तु मंगलम् ॥

शत्रुंजय समो तीरथ नहीं, ऋषभदेव समो देव;
गौतम सरीखा गुरु नहीं, पूजुं मैं नितमेव ।

# પ્રકાશકીય

બે વર્ષ પૂર્વે અમેરિકાની યાત્રા દરમ્યાન શ્રી મહેશભાઈ તથા હંસાબહેન શાહનો પરિચય થયો. તેમની ભાવના અને જિજ્ઞાસા અદ્‌ભુત છે. વિદેશની ધરતી ઉપર રહીને પણ ધર્મ પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિ અકબંધ જોઈ, તેથી આનંદ થયો. તેમણે પ્રથમ ગણધર ભગવંત ગૌતમસ્વામી વિશે જાણવા અને તેમનો પરમાત્મા સાથેનો સંવાદ સાંભળવાની ઇચ્છા પ્રદર્શિત કરી. ચરમતીર્થંકર પરમાત્મા મહાવીરના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીનું જીવન પ્રેરણાદાયક અને ભાવિક જીવોને ઉદ્‌બોધિત કરનાર છે. આ ચરિત્ર તો સર્વજન સુપ્રસિદ્ધ છે. પરંતુ આગમ ગ્રંથોમાં તેમના પૂછાયેલા પ્રશ્નો અને જવાબો તાત્ત્વિક અને સૈદ્ધાન્તિક ઉચ્ચ કોટિના છે. તેનો પરિચય થાય તો સમ્યક્ત્વ નિર્મળ થાય. મિથ્યાત્વનો નાશ થાય. ધર્મ પ્રત્યેની શ્રદ્ધા જાગૃત થાય અને પરમાત્મા પ્રત્યે જીવન ભક્તિમય, દિવ્ય બની જાય. તેથી આ પ્રશ્નોત્તરનો પરિચય તેના પ્રથમ ચરણરૂપે પરમાત્માની અંતિમદેશના એટલે કે ઉત્તરાધ્યયન સૂત્રના ચાર અધ્યયનો-ચતુરંગીય અધ્યયન, દ્રુમપત્રક અધ્યયન, કેશીગૌતમીય અધ્યયન અને સમ્યક્ત્વ પરાક્રમ અધ્યયનનો સંગ્રહ કરી તેમાં આવતી કથાઓ અહીં પ્રસ્તુત કરવામાં આવી છે. અંતે ગૌતમપૃચ્છા નામના ગ્રંથમાં ગૌતમસ્વામી એ પૂછેલા પ્રશ્નો અને શ્રી પરમાત્માએ આપેલા જવાબોનો સંગ્રહ પણ કરવામાં આવ્યો છે. આ લઘુ ગ્રંથ દરેક મુમુક્ષુ જીવોને ઉપયોગી થશે તેની આશા છે. આ ગ્રંથમાં લેવામાં આવેલ ચાર અધ્યાયનો અનુવાદ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે તે માટે અનુવાદક શાસ્ત્રી જેઠાભાઈ હરિભાઈ ભાવનગરવાળા તથા પંન્યાસપ્રવરશ્રી વજ્રસેનવિજયજીનો આભાર માનીએ છીએ. આ પ્રકાશન કરવા માટે શ્રી મહેશભાઈ તથા વિનોદભાઈ તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે તે બદલ તેઓશ્રીના અમે આભારી છીએ. તથા આ ગ્રંથ તૈયાર કરવા માટે શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટરના કર્મચારી વર્ગનો સહયોગ મળ્યો છે. તેનો પણ વિશેષ આભાર માનીએ છીએ.

**– જિતેન્દ્ર બી શાહ**

# શ્રી ગણધરભાસ

પહેલો ગણધર વીરનો, વર ગોબર ગામ નિવાસી રે;
ભવિયા વંદો ભાવસ્યું. ॥૧॥

જ્યેષ્ઠા નક્ષત્રે જણ્યો, ગૃહવાસે વરસ પચાસો રે;
ત્રીસ વરસ છદ્મસ્થતા, જિન બાર વરસ સુપ્રકાશો રે. ભવિ૦ ॥૨॥

શિષ્ય પરિચ્છદ પાંચસે, સર્વાયુ વરસ તે બાણું રે;
ગૌતમ ગોત્ર તણો ધણી, એ તો સાચો હું સુરતરુ જાણું રે. ભવિ૦ ॥૩॥

સુરતરુ જાણી સેવિયા, બીજા પરિહરિયા બાઊલિયા રે;
એ ગુરુ થિર સાયર સમો, બીજા તુચ્છ વહઈ વાહુલિયા રે. ભવિ૦ ॥૪॥

લબ્ધિ અઠાવીશે વર્યો, જસ મસ્તકે નિજ કર થાપે રે;
અછતું પણ એહ આપમાં, તેહને વર કેવલ આપે રે. ભવિ૦ ॥૫॥

જ્ઞાન અહંકારે લહ્યું, રાગે કરી જગ ગુરુ સેવા રે;
શોકે કેવલ પામિયું, કારણ સર્વે ન કહેવા રે. ભવિ૦ ॥૬॥

વીરે શ્રુતિ દ્વોદ બુઝવ્યો, એ તો જીવ તણો સંદેહી રે;
શ્રી નયવિજય સુસીસને ગુરુ હોજ્યો ધર્મ સનેહી રે. ભવિ૦ ॥૭॥

**શ્રી યશોવિજયજી મહારાજ**

# અનુક્રમણિકા


| | |
|---|---|
| પ્રકાશકીય | ૫ |
| શ્રી ગણધરભાસ | ૬ |
| શ્રી ગૌતમસ્વામીનું અષ્ટક | ૮ |
| ગુરુ ગૌતમસ્વામીનો ટૂંકો પરિચય | ૯ |
| ગુરુ ગૌતમ સ્વામી : કેટલાક પ્રસંગો | ૧૬ |
| श्री गौतमस्वामि-अष्टकम् | ૩૨ |
| ચતુરંગીય અધ્યયન | ૩૫ |
| દ્રુમપત્રક અધ્યયન | ૯૨ |
| કેશીગૌતમીય અધ્યયન | ૧૧૫ |
| સમ્યક્ત્વપરાક્રમ અધ્યયન | ૧૬૩ |
| ગૌતમસ્વામી અને મહાવીરસ્વામી ભ.ની પ્રશ્નોત્તરી | ૨૦૬ |

# શ્રી ગૌતમસ્વામીનું અષ્ટક

અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર;
તે ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફલ દાતાર. ૧.

પ્રભુવચને ત્રિપદી લહી, સૂત્ર રચે તેણી વાર;
ચઉદહ પૂરવમાં રચે, લોકાલોક વિચાર. ૨.

ભગવતી સૂત્રે ધુર નમી, બંભી લિપિ જયકાર;
લોક-લોકોત્તર સુખ ભણી, ભાખી લિપિ અઢાર. ૩.

વીરપ્રભુ સુખિયા થયા, દિવાલી દિન સાર;
અંતર્મુહરત તતક્ષણે, સુખિયો સહુ સંસાર. ૪.

કેવલજ્ઞાન લહે યદા, શ્રી ગૌતમ ગણધાર;
સુર-નર હરખ ધરી તદા, કરે મહોત્સવ ઉદાર. ૫.

સુર-નર પરષદા આગલે, ભાખે શ્રી શ્રુતનાણ;
નાણ થકી જગ જાણીએ, દ્રવ્યાદિક ચઉઠાણ. ૬.

તે શ્રુતજ્ઞાનને પૂજીએ, દીપ ધૂપ મનોહાર;
વીર આગમ અવિચલ રહો, વરસ એકવીસ હજાર. ૭.

ગુરુ ગૌતમ અષ્ટક કહો, આણી હર્ષ ઉલ્લાસ;
ભાવ ધરી જે સમરશે, પૂરે સરસ્વતી આશ. ૮.

(આઠમી કડી આ પ્રમાણે પણ મળે છે.)

શાસન શ્રી પ્રભુ વીરનું, સમજે જે સુવિચાર,
ચિદાનંદ સુખ શાશ્વતા, પામે તે નિરધાર. ૯.

# ગુરુ ગૌતમસ્વામીનો ટૂંકો પરિચય

**ભદ્દો વિણીય વિણઓ, પઢમ ગણહરો સમ્મત્ત સુઅ નાણી**
**જાણંતોડવિ તમત્થં, વિમ્હિય હિયઓ સુણઈ સવ્વં ॥**

પ્રભુ મહાવીર-હસ્ત દીક્ષિત શ્રી ધર્મદાસ ગણી રચિત
શ્રી ઉપદેશમાલા, ગાથા-૬

| | | |
|---|---|---|
| **નામ** | : | ઈન્દ્રભૂતિ |
| **ગોત્ર** | : | ગૌતમ |
| **પિતા** | : | વસુભૂતિ વિપ્ર |
| **માતા** | : | પૃથ્વીમાતા |
| **ભાઈ** | : | બે-અગ્નિભૂતિ, વાયુભૂતિ |
| **ગામ** | : | ગોબરગામ |
| **દેશ** | : | મગધ |
| **રાજા** | : | શ્રેણિક |
| **વર્ણ** | : | કંચન |
| **ઊંચાઈ** | : | સાત હાથ સપ્રમાણ દેહ |
| **શિષ્ય** | : | ૫૦૦ |
| **દીક્ષા ઉંમર** | : | ૫૦ વર્ષ |
| **દીક્ષા દિવસ** | : | વૈશાખ સુદ ૧૧ |
| **દીક્ષાનગર** | : | પાવાપુરી (અપાપાપુરી) |

| | | |
|---|---|---|
| **દીક્ષાદાતા** | : | તીર્થંકર મહાવીરસ્વામી |
| **દીક્ષા વખતે પરિવાર** | : | ૫૦૦ શિષ્યો |
| **ભગવાનના કેટલામા શિષ્ય** | : | પ્રથમ |
| **પદવી** | : | ૧લા ગણધર |
| **દીક્ષા વખતે શું કયુ** | : | દ્વાદશાંગીની રચના, ચૌદ પૂર્વ સહિત |
| **કેવી રીતે રચના કરી** | : | ત્રિપદી પામીને (ભગવાન પાસેથી) |
| **ત્રિપદીનું નામ** | : | ૧. ઉપન્નેઈ વા<br>૨. વિગમેઈ વા<br>૩. ધુએઈ વા |

**ભગ.મહાવીરના તીર્થસ્થાપના સ્થળ તથા દિન** : પાવાપુરી, વૈશાખ સુદ ૧૧

| | | |
|---|---|---|
| **દીક્ષા છદ્મસ્થ પર્યાય** | : | ૩૦ વર્ષ |
| **દીક્ષા પર્યાયમાં તપશ્ચર્યા** | : | છઠ્ઠના પારણે છઠ્ઠ સદાય |
| **નિર્વાણ વખતે તપશ્ચર્યા** | : | એક માસનું અણસણ |
| **દીક્ષા પર્યાયે મહત્ત્વની બાબત** | : | બધીય મહત્ત્વની, પણ પણ અષ્ટાપદ પર્વત ઉપર પોતાની લબ્ધિથી ચઢવું. |

**અષ્ટાપદ પર્વત પર જઈ શું કર્યું :**

(૧) ચોવીસે તીર્થંકર પ્રભુને વાંદ્યા

(૨) જગચિંતામણિ ચૈત્યવંદન રચ્યું

(૩) વજ્રસ્વામીના જીવ દેવ તિર્યક્જૃંભકને (પુંડરીક કંડરીક અધ્યયન ભણી) પ્રતિબોધ.

(૪) વળતાં ૧૫૦૩ તાપસોને પ્રતિબોધ, દીક્ષા, પારણું.

**પારણું :**

'ખીર ખાંડ ધૃત આણી અમિ અવુઠ અંગુઠ ઠવિ,
ગોયમ એકણ પાત્ર, કરાવે પારણું સવિ.' (રાસ, ગાથા-૪૦)

ગોચરી વાપરતાં ૫૦૧ ને કેવળજ્ઞાન, સમવસરણ દેખતાં ૫૦૧

કેવળી, જિનવાણી સાંભળી ૫૦૧ કેવળી-એમ સર્વે ૧૫૦૩ કેવળી થયા.

શ્રી ગૌતમ ગુરુ જેને દીક્ષા આપે તે કેવળી થાય. આમ ૫૦,૦૦૦ ગૌતમગુરુના શિષ્ય કેવળ પામ્યા. પ્રભુ મહાવીરના ૭૦૦ શિષ્યો મોક્ષે ગયા છે.

'તીર્થ અષ્ટાપદે આપ લબ્ધે જઈ, પંદરશે ત્રણને દીખ્ખ દીધી,
અઠમને પારણે તાપસ કારણે ક્ષીર લબ્ધે કરી અખૂટ કીધી.'

('છંદ ઉદયરત્ન')

**કેવળજ્ઞાન પામવાનો દિવસ-સમય** : કારતક સુદ ૧ (ઝાયણી) પરોઢીએ.

**કેવળજ્ઞાન પામવાનું નિમિત્ત** : ભગવાનનું નિર્વાણ.

**કેવળજ્ઞાન પામવાનું વર્ષ** : વિક્રમ વર્ષ પૂર્વ ૪૭૦ વર્ષ

**કેવલી પર્યાય** : ૧૨ વર્ષ

**કેવળ જ્ઞાન પામ્યા પહેલાં મનોવેદના** : શ્રી વીર પ્રભુના નિર્વાણથી વેદના.

'ધ્રસક પડ્યો તવ ધ્રાસકો, ઉપન્યો ખેદ અપાર;
વીર-વીર કહી વલવલે સમરે ગુણ-સંભાર.' ૧
'પૂછીશ કોને પ્રશ્ન હું, ભંત કહી ભગવંત;
ઉત્તર કુણ મુજ આપશે, ગોયમ કહી ગુણવંત.' ૨

-વિજયમાણિક્યસિંહસૂરિ

**શ્રી ગૌતમસ્વામીને કેવલજ્ઞાન પૂર્વે કેટલાં જ્ઞાન** : મતિ, શ્રુત, અવધિ, મન:પર્યય-૪.

**સમક્તિ ક્યું હતું** : ક્ષાયોપશમિક.

**પ્રભુ મહાવીરને કેટલા ગણધર** : ૧૧ ગણધર ભગવંત.

**પ્રભુ મહાવીર પછી કેટલા મોક્ષે પધાર્યા** : ૨. (૧) શ્રી ગૌતમસ્વામી (૨) શ્રી સુધર્મસ્વામી.

**વર્તમાન પટ્ટ પરંપરા કયા ગણધરની** : શ્રી સુધર્મસ્વામીની પટ્ટ પરંપરા.

**વર્તમાન ૧૧ અંગ કોની રચના** : શ્રી સુધર્મસ્વામીની. (સિવાય શ્રી ભગવતીજી)

**શ્રી ભગવતીજીમાં કેટલા પ્રશ્નો છે ?** : ૩૬૦૦૦ પ્રશ્નો શ્રી ગૌતમસ્વામીએ પૂછેલા. ઉત્તર ભગવાનના છે. શ્રી ભગવતીજીમાં ૩૬૦૦૦ વખત શ્રી 'ગૌતમ' (ગોયમ) નામ આવે છે.

**શ્રી ગૌતમસ્વામીને શ્રી વીર પ્રભુ સાથે પાછળના ભવનો સંબંધ છે ?** : હા, પ્રભુના ૧૮માં ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવ વેળા સારથિ શ્રી ગૌતમસ્વામીનો જીવ હતો. (મરીચિ-શિષ્ય કપિલ ?)

**આ સિવાય પાછળના અનન્તર ભવ ?** : શ્રી ગૌતમસ્વામીના પાછલા ભવ-(૧) મંગળ શેઠ (૨) મત્સ્ય (૩) સૌધર્મદેવ (૪) વેગવાન વિદ્યાધર (૫) ૮મો દેવલોક (૬) ગૌતમસ્વામી

**આ ભવે કોની સાથે સંબંધિત હતા ?** : સ્કંદક પરિવ્રાજક, જે પછી ભગવાનના સંઘમાં ભળી ગયેલ, તેની સાથે સંબંધિત હતા.

**એક પ્રશ્નોત્તરીની ટૂંકાવીને :**

ગૌતમ-'હે ભગવન્ ! કેટલાક અન્ય સંપ્રદાયીઓ કહે છે કે શીલ જ શ્રેય છે, બીજા કહે છે કે શ્રુત જ શ્રેય છે, ત્રીજા કહે છે કે અન્યોન્ય નિરપેક્ષ શીલ અને શ્રુત શ્રેય છે. તો હે ભગવન્ ! તેમનું કહેવું બરાબર છે ?'

પ્રભુ મહાવીર-'હે ગૌતમ ! તે તે લોકોનું કહેવું મિથ્યા છે. ચાર પ્રકારના પુરુષો છે.

(૧) શીલસંપન્ન પણ શ્રુતસંપન્ન નહીં, તે પાપથી નિવૃત્ત પણ ધર્મ જાણતા નથી.

(૨) શીલસંપન્ન નથી પણ શ્રુતસંપન્ન છે, તે પાપથી અનિવૃત્ત પણ ધર્મ જાણે છે.

(૩) શીલસંપન્ન અને શ્રુતસંપન્ન છે, તે પાપથી નિવૃત્ત અને ધર્મ જાણે છે.

(૪) શીલસંપન્ન નથી શ્રુતસંપન્ન નથી, તે પાપથી નિવૃત્ત નથી અને ધર્મથી અજ્ઞાત છે.

એટલે (૧) અંશતઃ આરાધક (૨) અંશતઃ વિરાધક (૩) સર્વાંશે આરાધક (૪) સર્વાંશે વિરાધક છે.

**અન્ય કેટલાક પ્રસંગો :-** (૧) શ્રી પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના શ્રી કેશીકુમાર શ્રમણ સાથે શ્રી ગૌતમસ્વામીનો સંવાદરૂપે વાર્તાલાપ. પરિણામે શ્રી પાર્શ્વપ્રભુના શ્રમણો તથા શ્રમણોપાસકો પ્રભુ મહાવીરના સંઘમાં જોડાયા. અર્થાત્ ૪ યામને બદલે ૫ યામનો સ્વીકાર કર્યો. (યામ = મહાવ્રત) 'શ્રમણો શ્વેત વસ્ત્ર જ રાખે (રંગીન નહીં)' એ નિયમ સ્વીકાર્યો.

(૨) ૪ જ્ઞાનના ધણી શ્રી પ્રથમ ગણધર આનંદ શ્રાવકને 'મિચ્છામી દુક્કડમ્' દેવા ગયા.

(૩) અતિમુક્તક કુમાર સાથે વાતચીત, પરિણામે બાળક અતિમુક્તકની દીક્ષા અને કેવળજ્ઞાન નવ વર્ષે.

(૪) પૃષ્ઠચંપાના રાજા ગાંગલિ તેમનાં માતા-પિતા પિઠર-યશોમતીની દીક્ષા; ત્યાંથી ભગવાન પાસે જતાં રસ્તામાં જ સાધુ શાલ-મહાશાલ જે ગાંગલિ રાજાના મામા છે તે બંને તથા આ ત્રણને કેવળજ્ઞાન થયું.-પાંચેયને કેવળજ્ઞાન.

(૫) ઉદક પેઢાલપુત્ર-શ્રી પાર્શ્વનાથ પ્રભુના નિર્ગ્રંથ સાથે શ્રાવકના પહેલા અણુવ્રત સંબંધી વાર્તાલાપ. પેઢાલપુત્ર શ્રી મહાવીર પ્રભુના સંઘમાં જોડાયા એટલે પ્રભુ મહાવીરની પરંપરામાં પ્રવેશ્યા.

(૬) હાલિક ખેડૂતે ગુરુ ગૌતમસ્વામી પાસે રાજી થઈ દીક્ષા લીધી, પણ ભગવાનને જોતાં જ ભાગી ગયો. ભગવાનને ભ્રમ ભાંગ્યો કે તે પૂર્વભવમાં સિંહ હતો. તેને મેં (ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં) મારી નાખેલ તેને તેં (સારથી-ગૌતમસ્વામીનો જીવ) આશ્વાસન આપેલ તેથી તારા ઉપર ભક્તિરાગ, અને મને જોઈને વૈરીથી ભાગી ગયો, પણ સમક્તિ પ્રાપ્ત કરી ગયો.

(૭) અને એક વિશેષ....દેવશર્મા વિપ્ર સરળ પરિણામી, ધર્મનો ઇચ્છુક, તેને પ્રતિબોધ કરવા ભગવાનની આજ્ઞાથી ગયા. દેવશર્મા પ્રતિબોધ પામ્યો. પાછા વળતાં પ્રભુના મહાનિર્વાણની વાતજાણી, ખેદ, વેદના, વલવલાટ અને રાગમાંથી વૈરાગ્ય ને વૈરાગ્યથી વીતરાગ, કેવળજ્ઞાન, કેવળદર્શન પામ્યા. દેવોએ મહિમા કર્યો.

'ત્રૈલોક્ય બીજં પરમેષ્ઠિ બીજં, સદ્જ્ઞાન બીજં જિનરાજ બીજં;
યન્નામચોક્તં વિદધાતિ સિદ્ધિં, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ॥' ***-અષ્ટક.***

**પંડિત ઇન્દ્રભૂતિ મિથ્યાત્વી કેમ ?** : પોતે સર્વજ્ઞ નહીં હોવા છતાં સર્વજ્ઞ કહેવરાવતા હતા.

**સર્વજ્ઞ કેમ નહીં ?** : પોતાને શંકા હતી તે છુપાવતા હતા. સર્વજ્ઞને શંકા હોય નહીં.

**શી શંકા હતી ?** : જીવ છે કે નહીં ? તે શંકા હતી. (જીવનું અસ્તિત્વ ન સ્વીકારે તે પણ મિથ્યાત્વ કહેવાય.)

**શંકા શા આધારે હતી ?** : 'વેદ-પદનો અર્થ એહવો કરે મિથ્યારૂપ રે...' (દિવાળી દેવવંદન સ્તવન). વેદવાક્ય- 'વિજ્ઞાનઘન એવ...' નો અર્થ કરતાં જીવના અસ્તિત્વની શંકા થઇ.

**શંકા શી રીતે દૂર થઈ ?** : પ્રભુએ તેનો સાચો અર્થ કરી બતાવ્યો. 'શ્રીમુખે સંશય સામિ સવે ફેડે વેદ પએણ તો.' (શ્રી ગૌતમસ્વામીનો રાસ) અને પછી તો....

'માન મેલ્હી મદ ઠેલી કરી, ભક્તિએ નામ શિશ તો;
પંચસયાસું વ્રત લીઓએ, ગોયમ પહેલો સીસ તો.' ***(રાસ-૨૨-૨૩)***

અને સાથે જ ગણધરલબ્ધિની પ્રાપ્તિ, સમ્યક્ત્વની પ્રાપ્તિ, દ્વાદશાંગીની રચના વગેરે અને ગુરુ ગૌતમસ્વામી પ્રથમ ગણધર બન્યા.

**તેમના ભાઈઓ પણ ગણધર છે ?** : હા, બંને ભાઇઓ (૧) અગ્નિભૂતિ અને (૨) વાયુભૂતિ અનુક્રમે બીજા-ત્રીજા ગણધર છે.

**તેમને પણ શંકા હતી ? શી ?** : હા. કર્મ છે કે નહીં ? જીવ-શરીર એક જ છે કે ભિન્ન ?

**તે શંકાઓ પણ ભગવાનથી દૂર થઈ ?** : હા. બંનેને ભગવાનથી જ શંકાઓનું નિવારણ થયું અને પ્રવજ્યા અંગીકાર કરી.

**બંનેને કેટલા શિષ્યો ?** : દરેકને ૫૦૦-૫૦૦ શિષ્ય હતા, અને સર્વ શિષ્યો સાથે જ દીક્ષિત થયા.

એમ ત્રણ ભાઈઓ, ત્રણે ગણધરો, ત્રણેને એક-એક શંકા, ત્રણેને ૫૦૦-૫૦૦ શિષ્યો, ત્રણેના ગુરુ ભગવાન મહાવીર એક જ.

આવા ૪ જ્ઞાનધારક, પ્રથમ ગણધર, લબ્ધિવંત, જેને દીક્ષા આપે તે કેવળજ્ઞાન પામે, સર્વના ગુરુને પણ પ્રભુ 'મા સમયં ગોયમ પમાયએ' ગૌતમ, એક સમય પણ પ્રમાદ કરીશ નહીં-એમ કહેતા, ને વિનયવંત ગુરુ ગૌતમસ્વામી તેને આવકારતા, સ્વીકારમાં પ્રફુલ્લ બનતા.

**અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમે લબ્ધિનો ઉપયોગ કેટલી વખત કર્યો ? શા માટે અને ક્યાં કર્યો ?** : ફક્ત બે જ વખત. મોક્ષ જવાની તાલાવેલી હતી. તે ખાતરી કરવા અષ્ટાપદે પહોંચ્યા તે એક વખત અને ખીરને અખૂટ કીધી તે બીજી વખત. એમ બે જ વખત લબ્ધિનો ઉપયોગ કર્યો અને કહેવાય છે કે ઉપયોગ તો એકે વખત મૂક્યો નથી. ખરા વિનીત !

**જેને દીક્ષા આપે તેને કેવળજ્ઞાન થાય તેવી લબ્ધિ બીજા કોઈ ગણધરને હતી ?** ના, જાણવામાં નથી આવ્યું. ચોવીસે તીર્થંકર પરમાત્માના ૧૪૫૨ ગણધરો પૈકી બીજા કોઈને આવી લબ્ધિ ન હતી.

આપણે પણ તેઓશ્રી પાસે દીક્ષિત થયા હોત તો કેવળી થઈ મોક્ષસ્થાને હોત....

હસ્તદીક્ષિત : ૫૦,૦૦૦ કેવલી ભગવંત

**કુલ આયુ** : ૯૨ વર્ષ

**નિર્વાણ ગામ** : રાજગૃહી નગર, વૈભારગિરિ

**પૂ. મુનિરાજશ્રી પૂર્ણાનન્દસાગરજી મહારાજ**

# ગુરુ ગૌતમ સ્વામી : કેટલાક પ્રસંગો

## (૧) પુદ્‌ગલ પરિવ્રાજક

શ્રમણ ભગવાન મહાવીરે સત્તરમું ચોમાસું વાણિજ્યગ્રામમાં કર્યું તે પછી ભગવાન વિચરતા વિચરતા પોતાના સંઘ સાથે આલભિકા નગરીમાં પધાર્યા.

આલભિકા નગરીના શંખવન ચૈત્યમાં એક તપસ્વી પરિવ્રાજક રહેતા હતા. એમનું નામ પુદ્‌ગલ (પોગ્ગલ) હતું. એ બ્રાહ્મણ શાસ્ત્રોના મોટા પંડિત હતા અને જીવનસાધના માટે બે ઉપવાસને પારણે બે ઉપવાસની તપસ્યા કરતા હતા, તેમ જ સૂર્યની સામે ઊભા રહીને ઉગ્ર તાપમાં એકાગ્રતાથી આતાપના લેતા હતા. એમની આ સાધના એક દિવસ સફળ થઈ અને બ્રહ્મલોક સુધીના દેવલોકનું એમને જ્ઞાન થયું.

એમને એટલું જ્ઞાન તો સાચું થયું હતું; પણ પૂર્ણ જ્ઞાનના હિસાબે એ ઘણું અધૂરું હતું. અને પોતાના આ અધૂરા જ્ઞાનને પૂરું માનીને તેઓ લોકોને એ પ્રમાણે કહેવા - સમજાવવા લાગ્યા હતા.

એક દિવસ ગુરુ ગૌતમસ્વામી એ નગરીમાં ભિક્ષા લેવા નીકળ્યા. એમણે લોકોનાં મોઢેથી પુદ્‌ગલ પરિવ્રાજકના જ્ઞાનની વાત જાણી. તેઓને થયું : આવા સરળપરિણામી આત્મસાધકને આવી ભૂલમાંથી ઉગારીને સાચે રસ્તે દોરી જવા જોઈએ. પણ ગૌતમને ભગવાન ઉપર અનન્ય શ્રદ્ધા એટલે એમણે વિચાર્યું : આવા જીવોના સાચા ઉદ્ધારક તો ભગવાન જ છે.

ગૌતમે ભગવાન પાસે જઈને વિનયપૂર્વક પુદ્ગલ પરિવ્રાજકનું જ્ઞાન પરિપૂર્ણ છે કે અપૂર્ણ તે પૂછ્યું. ભગવાને એનું જ્ઞાન અપૂર્ણ હોવાનું કહ્યું.

આ વાત લોકમુખે ફરતી ફરતી પુદ્ગલના જાણવામાં આવી. પરિવ્રાજક સ્વભાવે દુરાગ્રહી નહીં પણ સત્યના શોધક અને સરળપરિણામી જીવ હતા. પોતાની શંકાનું સમાધાન મેળવવા એ સત્વર ભગવાન મહાવીર પાસે પહોંચ્યા અને પોતાની શંકાઓનું નિરાકરણ થવાથી શ્રદ્ધાભક્તિથી પ્રેરાઇને સદાને માટે ભગવાનના ભિક્ષુકસંઘમાં ભળી ગયા.

સત્યના જિજ્ઞાસુ પરિવ્રાજક સત્યનું દર્શન પામ્યાનો આનંદ અનુભવી રહ્યા.

## (૨) ગૌતમ કરતાં ય ચઢિયાતા

ભગવાન મહાવીર તો સત્યના પક્ષપાતી અને ગુણના પ્રશંસક ધર્મનાયક હતા. જે આત્માને વધુ આરાધે તે એમને મન મોટો હતો - ભલે પછી એ ઉંમરમાં, અધિકારમાં કે દીક્ષામાં નાનો હોય.

ભગવાનના શ્રમણસંઘમાં એક અણગાર; બહુ મોટા તપસ્વી અને ચેતન અને જડના ભેદોના બરબાર જાણકાર. કાયાની માયાને વિસ્તારીને એનો ઉપયોગ આત્માના કુંદનને નિર્મળ કરવામાં કરી લેવા માટે એમણે મહાદુષ્કર સાધના આદરી હતી. એમનું નામ ધન્ય અણગાર.

કાકંદી નગરીમાં ભદ્રા નામે એક શેઠાણી રહે. એમને બે પુત્રો : એકનું નામ ધન્ય અને બીજાનું નામ સુનક્ષત્ર. એમની સંપત્તિ અને સુખ-સાહ્યબીનો પાર નહીં, ધન્ય તો ભોગ-વિલાસમાં એવો ડૂબેલો રહે છે કે જાણે એ દુઃખ-દીનતાને જાણતો જ નહોતો. માતાના હેતનો ય કોઈ પાર ન હતો.

એક દિવસ ભગવાન મહાવીરની વાણી ધન્યના અંતરને સ્પર્શી ગઈ—જાણે લોહને પારસનો સ્પર્શ મળ્યો; અને વિલાસમાં ડૂબેલો એનો આત્મા ધર્મને ઝંખી રહ્યો. માતાને સમજાવીને અને છેવટે એમની આજ્ઞા મેળવીને એ ભિક્ષુક બની ગયો. અને કર્મશૂર આત્મા ધર્મશૂર બનીને

પોતાની આત્મશક્તિને શતદળ કમળની જેમ વિકસાવવાના પુરુષાર્થમાં લાગી ગયો.

દેહની મમતા મૂકીને એમણે આકરાં તપ આદર્યાં – એવાં આકરાં કે કાયા તો નર્યા હાડકાંનો માળો બની ગઈ, આંખો ઊંડી ઊતરી ગઈ, માંસ સુકાઈ ગયું અને જાણે હાડ અને ચામને કોઈ સગપણ ન હોય એમ ચામડી હવા વગરની ધમણની જેમ કે અનાજ વગરના ખાલી કોથળાની જેમ ટટળવા લાગી. અને છતાં દીનતાનું નામ નહીં. ધન્યમુનિ મહાયોગીની જેમ નિજાનંદમાં સદા મગ્ન રહેતા. એમની જાગૃતિ અજબ હતી.

એક વાર રાજા શ્રેણિક ભગવાન મહાવીરના વંદને આવ્યા. ધન્ય અણગારનાં દર્શન કરી એમની સાવ જર્જરિત કાયા જોઈ, એ ભારે અહોભાવ અનુભવી રહ્યા : કેવા આત્મસાધક વીર ! પછી શ્રેણિક રાજાએ ભગવાનને કહ્યું : "ભગવાન ! આપના શ્રમણ સમુદાયમાં ઇંદ્રભૂતિ ગૌતમ ગણધર વગેરે બધા સાધુઓમાં આ ધન્ય અણગાર સૌથી મોટા સાધક અને મહાદુષ્કર સાધનાના કરનારા અને કર્મોનો મૂળમાંથી નાશ કરનારા મહાશૂરવીર છે, એમ હું માનું છું"

ભગવાને કહ્યું : "રાજન ! તમારી વાત સાચી છે. ધન્યમુનિ મારા બધા શ્રમણોમાં મહાદુષ્કર સાધના કરનારા છે."

સાંભળનારા ભગવાનની ગુણગ્રાહક અને મધ્યસ્થ દૃષ્ટિને પ્રણમી રહ્યા.

## (૩) ભગવાનના સંદેશવાહક

ભવિતવ્યંતા ક્યારેક કેવા દુઃખદાયક સંબંધો જોડી દે છે !

રાજગૃહીના ગૃહપતિ મહાશતક અને એની ભાર્યા રેવતી આવી જ દુઃખદ, કરુણ દશાનાં ભોગ થઈ પડ્યાં હતાં, એક ઉત્તરમાં જાય તો બીજું દક્ષિણમાં ખેંચે, એવાં એકબીજાથી સાવ વિરોધી એમનાં મનનાં વલણો હતાં.

શ્રેષ્ઠી મહાશતક ભગવાન મહાવીરના શ્રમણોપાસક (શ્રાવક) સંઘમાં

ભળ્યા હતા; અને એમની ભાવના અને પ્રવૃત્તિ ધર્મસાધનામાં ઉત્તરોત્તર આગળ વધવાની રહેતી. તેઓ હંમેશાં વ્રત, તપ અને નિયમોના પાલનમાં જાગતા રહેતા અને પોતાના ચિત્તને સ્થિર, સ્વસ્થ અને શુદ્ધ કરવાનો પ્રયત્ન કરતા !

પણ રેવતીની દિશા સાવ જુદી જ હતી. ઉંમર વધતી એમ એની ભોગ-વિલાસની વાસના અને ઇન્દ્રિયલોલુપતા વધતી જતી હતી. ખાન-પાનમાં એને મન નહીં ખાવા જેવું કે નહીં પીવા જેવું કશું જ ન હતું – એ ન ખાવાનું ખાતી અને ન પીવાનું પીતી ! અને એની વિષયવાસના તો માઝા મૂકી દેતી હતી. એથી એને મહાશતક સાથે કોઈ મનમેળ નહોતો રહ્યો; અને એ તો હંમેશાં મહાશતક તરફના અસંતોષથી બળ્યા જ કરતી.

પોતાની વૃદ્ધ ઉંમર અને જીવનની અનિશ્ચિતતાનો વિચાર કરીને મહાશતકે, ધર્મનું શરણ લઈને, ઘરવ્યવહારનો ત્યાગ કર્યો અને એકથી એક ચઢિયાતી તપસ્યા અને સાધના કરવા માટે તેઓ પૌષધશાળામાં જ રહેવા લાગ્યા. વિલાસિતા અને નર્યા અસંયમના અવતાર સમી રેવતીથી આ બધું શી રીતે સહન થાય ? એ તો અવારનવાર મહાશતકને ચલિત કરવા કંઈ કંઈ પ્રયત્નો કર્યા કરતી.

પોતાની અંતિમ સાધના કરવા મહાશતકે મરણ પર્યંતના અનશનનો સ્વીકાર કર્યો; અને જન્મ-મરણના ફેરાથી સદાને માટે બચી જવા સારુ એકાગ્રતાથી શુભ ધ્યાનમાં સમય વિતાવવા લાગ્યા. તેઓ જીવનની તૃષ્ણા અને મરણના ભયથી ક્રમે ક્રમે મુક્ત થતા જતા હતા.

આવા ગંભીર પ્રસંગથી પણ રેવતીનું મન ન પલળ્યું. એ તો કસાઈના જેવી કઠોરતા ધારણ કરીને, તપસ્વી મહાશતક પાસે પહોંચી ગઈ અને અશ્લીલ શબ્દો અને અશિષ્ટ ચેનચાળાથી એમની સાધનામાં ભંગ પાડવા પ્રયત્ન કરવા લાગી.

મહાશતક આ બધું આંતરિક બળ, વીર્ય અને પરાક્રમથી સહન કરી રહ્યા અને પોતાની છેલ્લી સાધનામાં ઊભા થયેલ વિઘ્નને ટાળવાનો પુરુષાર્થ કરતા રહ્યા. પણ રેવતીના ચેનચાળાએ માઝા મૂકી એટલે મહાશતક પણ

પોતાની સાધનાના માર્ગથી જરાક ચલિત થઈને આવેશમાં આવી ગયા.

અને એ આવેશમાં ને આવેશમાં આવી ઉત્કટ સાધનાને લીધે પોતાને પ્રગટેલ વિશિષ્ટ જ્ઞાનથી વસ્તુસ્થિતિને જાણીને, એમણે રેવતીને એના ભયંકર ભાવિની - એની ભાવી નરક ગતિની - કડવી વાત સંભળાવી દીધી.

પોતાના હાથ હેઠા પડ્યા જાણીને રેવતી તો ત્યાંથી ચાલી ગઈ; પણ, ચંદ્ર ઉપરના રાહુના પડછાયાની જેમ, મહાશતકની સાધનાને દૂષિત કરતી ગઈ !

એ વખતે, ભગવાન મહાવીર એકવીસમું ચોમાસું વાણિજ્યગ્રામમાં વિતાવીને વિચરતા વિચરતા રાજગૃહીમાં પધાર્યા. એમણે જોયું કે થોડીક ભૂલને કારણે, એક ઉત્તમ જીવની કુંદન જેવી સાધનામાં કથીરની રેખાઓ ભળી રહી છે.

ભગવાન તો કરુણાના સાગર. એમણે ગૌતમને બોલાવીને મહાશતકની વાત કરી અને આદેશ કર્યો : “ગૌતમ ! મહાશતકને જઈને કહો કે મરણ સુધીનું અનશન સ્વીકારનાર શ્રમણોપાસક કોઈને સાચું છતાં અપ્રિય અને કડવું વચન કહે કે ક્રોધને વશ થાય તો એથી એની સાધના દૂષિત થાય છે. માટે તમારે રેવતીને કહેલાં કડવાં વચનોનું પ્રાયશ્ચિત લઈ શુદ્ધ થવું ઘટે.”

ગૌતમસ્વામીએ સત્વર મહાશતક પાસે જઈને એમને ભગવાનનો સંદેશો કહ્યો.

મહાશતકે ઉલ્લાસપૂર્વક ભગવાનનો આદેશ શિરે ચડાવીને પોતે સેવેલ દોષનું તરત જ પ્રાયશ્ચિત કર્યું.

મહાશતકનું રોમરોમ ભગવાન તરફની કૃતજ્ઞતાથી ઊભરાઈ ગયું— જાણે એમનું અંતર કહેતું હતું : કરુણાનિધિ ભગવાન ! સંસારકીચડમાં ડૂબતો ભલો ઉગારી લીધો આ સેવકને !

ભગવાનના સંદેશવાહક ગૌતમ પણ કૃતાર્થતા અનુભવી રહ્યા.

# (૪) શંકાનું સમાધાન

રાજગૃહની નજીકમાં તુંગિયા નામે નગરી હતી. એ નગરીમાં સુખી અને ધર્મતત્ત્વના જાણકાર અનેક શ્રમણોપાસકો રહેતા હતા. એક વાર એ નગરીમાં ભગવાન પાર્શ્વનાથની પરંપરાના પાંચસો જેટલા સાધુઓ પધાર્યા અને નગરના પુષ્પવતી ચૈત્યમાં ઊતર્યા. તેઓ સંયમી, જ્ઞાની, તપસ્વી, સુવ્રતી અને ગુણોના ભંડાર હતા.

આવા ગુણવંત મુનિવરોને પોતાના નગરમાં પધાર્યા જાણીને બધા શ્રાવકો ખૂબ હર્ષિત થયા. તેઓ વંદન, ભક્તિ અને ધર્મશ્રવણ કરવા એ મુનિવરો પાસે પહોંચી ગયા અને એ મુનિવરોએ સંભળાવેલો ભગવાન પાર્શ્વનાથનો ચાર મહાવ્રતોવાળો ધર્મ સાંભળીને ખૂબ રાજી થયા.

ધર્મદેશના સાંભળ્યા પછી એ ગૃહસ્થોએ એ સાધુઓને સંયમના અને તપના ફળ સંબંધી તેમ જ બીજા પણ કેટલાક પ્રશ્નો પૂછ્યા. મુનિવરોએ એ પ્રશ્નોના જે જવાબો આપ્યા તે સાંભળીને બધા બહુ પ્રસન્ન થયા.

એ જ અરસામાં નિર્ગ્રંથ ભગવાન મહાવીર રાજગૃહ નગરના ગુણશીલ ચૈત્યમાં પધાર્યા.

ગુરુ ગૌતમસ્વામી એક વાર ત્રણ ઉપવાસના પારણા માટે ભિક્ષા લેવા નગરીમાં ગયા. નગરમાં ફરતાં ફરતાં તેઓએ ભગવાન પાર્શ્વનાથની પરંપરાના સાધુઓની તુંગિયા નગરીના શ્રાવકો સાથે થયેલી વાતચીતના સમાચાર જાણ્યા અને આ મુનિવરોએ કહેલ વાત સાચી હશે કે કેમ, તે માટે એમના મનમાં સંશય અને કુતૂહલ જાગ્યાં.

ગોચરી લઈને પાછા ફર્યા બાદ ગૌતમે ભગવાનને પૂછ્યું : "હે ભગવાન ! એ સાધુઓએ જે ખુલાસા આપ્યા તે શું સાચા છે ? આવા સવાલોના જવાબો આપવાની શક્તિ તેઓ ધરાવે છે ખરા ? શું તેઓ વિપરીત જ્ઞાન વગરના, સારી પ્રવૃત્તિવાળા, અભ્યાસી અને વિશેષ જ્ઞાની છે ?"

ભગવાને કહ્યું : "ગૌતમ ! એ સાધુઓએ જે જવાબો આપ્યા તે

યથાર્થ છે. તેઓ આવા જવાબો આપવા સમર્થ, વિપરીત જ્ઞાન વગરના, સારી પ્રવૃત્તિ વાળા, અભ્યાસી અને વિશેષ જ્ઞાની છે."

ભગવાનના મુખેથી પોતાની શંકાઓનું સમાધાન મેળવીને ગૌતમસ્વામી ખૂબ રાજી થયા.

## (૫) પરિવ્રાજક અંબડ

ઉદારતાથી અને વિશાળતાથી શોભતા ભગવાન મહાવીરના ધર્મસંઘમાં તો કેવા કેવા જીવો ભળ્યા હતા ! એ બધો પ્રતાપ હતો ભગવાનની સમતા, વત્સલતા અને આગ્રહમુક્ત અનેકાંત દૃષ્ટિનો. એમના ભિક્ષુસંઘમાં તો વસ્ત્ર-પાત્રના સર્વથા ત્યાગી, અને પોતાની રુચિ કે લાચારીને લીધે, વસ્ત્ર-પાત્રનો ઉપયોગ કરનાર એમ બંને પ્રકારના શ્રમણોને તો સ્થાન હતું જ; સાથે સાથે પોતાને મનગમતો વેષ અને વ્યવહાર ધરાવનાર બધી નાત-જાતનાં સ્ત્રી-પુરુષોને પણ એમના શ્રાવકસંઘમાં આવકાર મળતો. વેષ-વ્યવહાર ગમે તે હોય, પ્રયત્ન મનને નિર્મળ કરવાનો હોવો જોઈએ : એ જ ભગવાનની મુખ્ય આજ્ઞા હતી. એ આજ્ઞાને માને તે એમના સંઘમાં ભળી શકે.

આવા જ એક વિચિત્ર વેષભૂષાધારી હતા બ્રાહ્મણ પરિવ્રાજક અંબડ. તેઓ કાંપિલ્યપુરમાં રહેતા હતા, અનેક વિદ્યાઓના જાણકાર હતા, સાતસો શિષ્યોના ગુરુ હતા અને ભગવાન મહાવીરની ધર્મદેશનાથી પ્રભાવિત થઈને શ્રમણોપાસક—શ્રાવક બન્યા હતા. અને છતાં એમણે બાહ્ય વેષ અને બાહ્ય આચાર ત્રિદંડી પરિવ્રાજક જેવા જ રાખ્યા હતા. એ છત્ર, ત્રિદંડ અને કમંડલુ રાખતા અને વસ્ત્રો પણ ભગવાં ધારણ કરતા.

ભગવાન મહાવીરના ઉપાસક કહેવાતા આ પરિવ્રાજકનાં રૂપ-રંગ-ઢંગ જોઈને લોકો નવાઈ પામતાં, વળી એમના ચમત્કારોની પણ કંઈ કંઈ અદ્ભુત વાતો લોકજીભે વહેતી થઈ હતી.

એક વાર ત્રીસમું ચોમાસુ વાણિજયગ્રામમાં રહીને ભગવાન કાંપિલ્યપુર પધાર્યા. ઇન્દ્રભૂતિ ગૌતમે નગરમાં ભિક્ષાચર્યા માટે ફરતાં ફરતાં

અંબડના વેષ, વ્યવહાર અને ચમત્કારોની ઘણી ઘણી વાતો સાંભળી. આથી એમનું મન શંકિત થયું કે આવો વિચિત્ર-વિલક્ષણ જીવ ભગવાનના સંઘનો સાચો શ્રમણોપાસક હોઈ શકે ખરો ?

ગૌતમે ભગવાનને પોતાની શંકાઓ કહી. ભગવાને હા કહીને શંકાઓનું સમાધાન કર્યું.

છેવટે ગૌતમે પૂછ્યું : "શું અંબડ પરિવ્રાજક નિર્ગ્રંથ ધર્મની દીક્ષા લઈને આપના શિષ્ય બનશે ? અને તેઓ કઈ ગતિ પામશે ?"

ભગવાને કહ્યું : "ગૌતમ ! અંબડ મારું શિષ્યપણું તો નહીં સ્વીકારે; પણ એ એક ઉત્તમ શ્રમણોપાસક તરીકે વ્રત, તપ અને નિયમોનું આચરણ કરીને, પવિત્ર જીવનને પ્રતાપે, અહીંથી દેવલોકમાં જશે અને ત્યાંથી મહાવિદેહમાં જન્મ લઈ નિર્વાણ પ્રાપ્ત કરશે."

અંબડના વિચિત્ર લાગતા જીવનનું સત્ય દર્શન પામીને અને એમની સદ્‌ગતિની વાત સાંભળીને, સર્વકલ્યાણના વાંછુ ગૌતમસ્વામી રાજી રાજી થઈ ગયા : પ્રભુના શાસનનો મહિમા કેવો વિસ્તરી રહ્યો છે !

## (૬) કાલોદાયી વગેરેનું સમાધાન

રાજગૃહ નગરનું ગુણશીલ ચૈત્ય ભગવાન મહાવીરના પધારવાથી અનેકવાર પાવન થયું હતું.

આ ગુણશીલ ચૈત્યથી થોડે દૂર કાલોદાયી, શૈલોદાયી, સેવાલોદાયી વગેરે અન્ય ધર્મ-મતમાં આસ્થા ધરાવનાર ગૃહસ્થો રહેતા હતા. તેઓ તત્ત્વચર્ચાના રસિયા અને સત્યના જિજ્ઞાસુ હતા. અને જ્યારે જ્યારે સમય મળતો ત્યારે, વાર્તા-વિનોદ કરીને પોતાની જિજ્ઞાસાને પૂરી કરવા પ્રયત્ન કરતા. હમણાં હમણાં તેઓમાં ભગવાન મહાવીરે સમજાવેલ પાંચ અસ્તિકાયની અને એમાંનાં ચાર અસ્તિકાય અજીવરૂપ – જડ અને એક સજીવ હોવાની તેમ જ ચાર અસ્તિકાય અરૂપી અને એક-રૂપી હોવાની વાતની ચર્ચા ચાલ્યા કરતી; પણ અંદર-અંદરની ચર્ચાથી એમનું સમાધાન થતું નહીં.

તે વખતે રાજગૃહ નગરમાં મદ્દુક નામે એક શ્રાવક રહેતો હતો. એ શ્રમણ ભગવાન મહાવીરનો ભક્ત અને ધર્મતત્ત્વનો જાણકાર હતો. કાલોદાયી વગેરેએ એને પોતાની શંકા કહી અને મદ્દુકે એનું સમાધાન પણ સારી રીતે કર્યું. છતાં કાલોદાયી વગેરને એથી સંતોષ ન થયો.

ભગવાને મદ્દુકની વાતને યથાર્થ કહી અને એની પ્રશંસા કરી અને ગૌતમના પ્રશ્નના જવાબમાં ભગવાને એના ઉજ્જવળ ભાવિનું કથન કરતાં કહ્યું : "ગૌતમ ! મદ્દુક મારી પાસે દીક્ષા તો નહીં લે, શ્રાવકધર્મનું સારી રીતે પાલન કરીને દેવગતિ પામશે અને અંતે પંચમ ગતિને—મોક્ષને પામશે."

ભગવાન તેત્રીસમું ચોમાસુ રાજગૃહમાં રહ્યા હતા. કાલોદાયી વગેરે પણ ત્યાં જ હતા. ભગવાનની પાંચ અસ્તિકાય, એમાંના ચાર નિર્જીવ અને એક સજીવ હોવાની તથા ચાર અરૂપી અને એક રૂપી હોવાની વાત હજી પણ એમને સમજાતી ન હતી.

એક વાર ગૌતમસ્વામી રાજગૃહમાં ભિક્ષા લેવા નીકળ્યા હતા. તેઓ ભિક્ષાચર્યા કરીને પાછા ફરતા હતા ત્યારે કાલોદાયી વગેરેએ એમને બોલાવીને એમની પાસે પોતાની શંકાઓ રજૂ કરી અને એનું સમાધાન કરવા વિનંતિ કરી.

ગૌતમસ્વામીએ એમની શંકાઓનું સમાધાન આપીને પોતાના જ્ઞાનનો આડંબર રચવાને બદલે બધી શંકાઓનું સમાધાન મેળવી શકાય એવી ભગવાનની દેશના પદ્ધતિની પાયાની વાત સમજાવતાં કહ્યું : "હે દેવાનુપ્રિયો ! જે વસ્તુનું અસ્તિત્વ છે એનો અમે ઇનકાર કરતા નથી અને જે વસ્તુની હયાતી નથી એ હોવાનું કહેતા નથી; મતલબ કે જે છે એ હોવાનું અને જે નથી તે નહીં હોવાનું કહેવાની ભગવાનની પદ્ધતિ છે. આ ઉપરથી તમે તમારી શંકાઓનું સમાધાન મેળવી લેશો."

પણ ગૌતમના આવા ગૂઢ ખુલાસાથી કાલોદાયી વગેરે અન્ય ધર્મ-મતના અનુયાયીઓનું સમાધાન ન થયું એટલે તેઓ સ્વયં ભગવાન પાસે પહોંચ્યા અને પોતાની શંકાઓનું સંતોષકારક સમાધાન મેળવીને તેઓની પાસે દીક્ષિત થઈ ગયા.

એમ લાગે છે કે ભગવાનના પ્રવચનના મુદ્દાઓ અંગેની શંકાઓનું સવિસ્તર સમાધાન ગૌતમસ્વામીએ પોતે આપીને સ્વયં એના યશના ભાગી થવાને બદલે કાલોદાયી વગેરે ભગવાન પાસે આવે એવી સ્થિતિ સર્જી એની પાછળ એમનો એક જ આશય હોવો જોઈએ કે એ જીવોનો ઉદ્ધાર થાય અને ભગવાનનો અને એમના ધર્મતીર્થનો મહિમા વિસ્તરે.

આવા નિર્મોહી અને ભવ્ય હતા ગુરુ ગૌતમસ્વામી.

## (૭) હેતભરી શિખામણ અને મીઠો ઠપકો

રાજગૃહના એક પરાનું નામ નાલંદાવાસ હતું અને એનું એક ઉપવન હસ્તિધામ નામે હતું. એમાં મેતાર્ય ગોત્રના ઉદક પેઢાલપુત્ર નામે ભગવાન પાર્શ્વનાથની પરંપરાના એક નિર્ગ્રંથ રહેતા હતા. એક વાર ગણધર ગૌતમસ્વામી ત્યાં પધાર્યા.

એ સમયે કુમારપુત્ર નામના ભગવાન મહાવીરની પરંપરાના શ્રમણ નિર્ગ્રંથો ઠેર ઠેર વિચરતા અને શ્રાવકોને વ્રત લેવરાવતી વખતે સ્થૂળ અહિંસાવ્રતના પાલન માટે આ પ્રમાણે નિયમ કરાવતા : "બીજાઓની—રાજા વગેરેની—બળજબરીને કારણે કોઈ ગૃહસ્થ કે ચોરને બંધનમાં નાખવારૂપ હાલતા-ચાલતા જીવોની એટલે કે ત્રસ જીવોની હિંસાને બાદ કરતાં, અને બધી હિંસાથી બચી શકાતું ન હોય તો બને તેટલી - થોડી પણ - હિંસાથી બચી શકાય એવી ભાવનાથી પ્રેરાઈને, હું હાલતા-ચાલતા ત્રસ જીવોની હિંસા નહીં કરું."

ઉદક પેઢાલપુત્ર નિર્ગ્રંથને, ભગવાન મહાવીરના મતના શ્રમણ નિર્ગ્રંથો દ્વારા શ્રમણોપાસકોને કરાવવામાં આવતી હિંસાત્યાગની આ પ્રતિજ્ઞામાં દોષ લાગતો હતો. પેઢાલપુત્ર તર્કશીલ અને બુદ્ધિશાળી નિર્ગ્રંથ હતા, એટલે એમને હતું કે ક્યારેક ભગવાન મહાવીરના કોઈ સમર્થ નિર્ગ્રંથની સાથે વાત કરવાનો અવસર મળશે ત્યારે પોતે એમને પોતાની વાત સમજાવીને એમની વાતમાં રહેલો દોષ બતાવી શકશે. તેઓ આવા અવસરની રાહ જ જોઈ રહ્યા હતા.

જ્યારે એમણે જાણ્યું કે ભગવાન મહાવીરના પ્રથમ ગણધર ગૌતમસ્વામી પોતાના સ્થાનમાં આવ્યા છે, ત્યારે પેઢાલપુત્રે એમની પાસે આવીને એમના તીર્થના શ્રમણોની શ્રાવકો માટેની સ્થૂળ અહિંસાની પ્રતિજ્ઞામાં રહેલ દોષની વાત કરી. પેઢાલપુત્રને ખાતરી હતી કે આ દીવા જેવા ચોખ્ખા દોષનો ઇન્કાર કોઈ રીતે થઈ શકવાનો નથી.

ગૌતમસ્વામી તો જય-પરાજયના આવેશથી સર્વથા મુક્ત હતા. એમણે શાંતિ અને સ્વસ્થતાથી એ નિર્ગ્રંથની વાત સાંભળી; અને સમભાવપૂર્વક સત્ય સમજાવવા માટે, અનેક દાખલાઓ આપીને, ભગવાન મહાવીરના નિર્ગ્રંથના કથનમાં રહેલ દોષરહિતપણાનું દર્શન કરાવ્યું. પરિણામે નિર્ગ્રંથ પેઢાલપુત્રને પોતાના વિચારમાં રહેલ ખામીનો ખ્યાલ આવ્યો અને બીજાને પરાજિત કરવાની એની ઇચ્છા સફળ ન થઈ. ગૌતમસ્વામીએ સમજાવેલ વાતની સામે કંઈ કહી શકાય એમ તો હતું જ નહીં; છતાં એનું અંતર કંઈક પરાજયની બેચેની અનુભવી રહ્યું. જ્ઞાની ગૌતમસ્વામી એના અંતરના આ ડંખને જાણે પામી ગયા હોય એમ એને હેતભરી શિખામણ આપતાં બોલ્યા : "હે આયુષ્યમન્ ! જે મનુષ્ય પાપ-કર્મથી મુક્ત થવા માટે જ્ઞાન-દર્શન-ચારિત્રને પ્રાપ્ત કરીને પણ કોઈ શ્રમણ-બ્રાહ્મણની નિંદા-કૂથલી કરે છે તે, ભલે ને પોતાની જાતને એમનો મિત્ર માને તો પણ, પોતાનો પરલોક બગાડે છે."

પેઢાલપુત્ર મૂંગા મૂંગા ગૌતમસ્વામીની વાતને સાંભળી રહ્યા અને પછી ગૌતમસ્વામી તરફ કશો વિનય-વિવેક દાખવ્યા વગર ત્યાંથી ઊઠીને ચાલવા લાગ્યા.

ગૌતમસ્વામીએ જોયું કે પેઢાલપુત્રનું અંતર આવી શિખામણ પછી પણ જાગ્યું નહીં અને એ માટે કંઈક વધારે પ્રયત્ન કરવો જરૂરી છે; એટલે એમણે એને જતો રોકીને, જાણે મમતાભર્યો ઠપકો આપતા હોય એમ, લાગણીપૂર્વક કહ્યું : "હે આયુષ્યમન્ ઉદક ! કોઈ શિષ્ટ શ્રમણ કે બ્રાહ્મણના મુખેથી એકાદ ધર્મવાક્ય પણ સાંભળવા કે શીખવા મળ્યું હોય તો માનવું કે એમણે મને સાચો માર્ગ સમજાવ્યો, અને એમ સમજીને એવો ઉપદેશ આપનાર માણસનો પૂજ્ય બુદ્ધિથી આદર-સત્કાર કરવો ઘટે, કોઈ

મંગલકારી દેવ કે દેવમંદિરની જેમ એમની ઉપાસના કરવી ઘટે."

ગૌતમસ્વામીના લાગણીભર્યા શબ્દો નિર્ગ્રંથ ઉદક પેઢાલપુત્રના અંતરને સ્પર્શી ગયા. એમણે વિનમ્રતા ધારણ કરીને કહ્યું : "આયુષ્યમન્ ગૌતમ ! મને કોઈએ અત્યાર સુધી આ વાત સમજાવી નથી. આવા શબ્દો મેં કોઈની પાસેથી સાંભળ્યા નથી. તેથી હું એ પ્રમાણે વર્ત્યો નથી. પણ હવે મને આપનું કહેવું સાચું લાગે છે. આપના શબ્દોને હું શ્રદ્ધા અને ભક્તિપૂર્વક શિરે ચઢાવું છું. મારો આપના નિર્ગ્રંથ સંઘમાં સ્વીકાર કરો."

અને ઉદક પેઢાલપુત્ર ભગવાન પાર્શ્વનાથની પરંપરામાંથી ભગવાન મહાવીરની પરંપરામાં પ્રવેશી ગયા.

ગૌતમસ્વામીનો મમતાભર્યો ઉપદેશ અને મીઠો ઠપકો સફળ થયો.

## (૮) જ્યોતિષશાસ્ત્રની વાતો

ભગવાન મહાવીર ઓગણચાલીસમું ચોમાસું મિથિલા નગરીમાં રહ્યા હતા. આ વખતે ગૌતમસ્વામીએ સૂર્ય, ચંદ્ર વગેરેનાં સ્વરૂપ, એમની ગતિ, એમની સંખ્યા, એમની સ્થિતિ, એમના કાર્ય વગેરેને લગતા સંખ્યાબંધ પ્રશ્નો પૂછીને આકાશમંડળમાં બિરાજતા જ્યોતિશ્ચક્ર સંબંધી જ્ઞાન મેળવ્યું. ભગવાને પણ આ પ્રશ્નોના એવા વિસ્તૃત જવાબો આપ્યા કે એના ઉપરથી સૂર્યપ્રજ્ઞપ્તિ અને ચંદ્રપ્રજ્ઞપ્તિ જેવા આગમગ્રંથોની રચના થઈ.

સત્યોતેર વર્ષ જેટલી મોટી ઉંમરે પણ ગૌતમસ્વામીની જિજ્ઞાસા કેટલી ઉત્કટ હતી અને સર્વજ્ઞ ભગાવન પાસેથી એનો ખુલાસો મેળવવા તેઓ હંમેશાં કેવા તત્પર રહેતા, તે આ ઉપરથી પણ જાણી શકાય છે.

## (૯) બાળ અતિમુક્તક

ક્યારેક ભગવાન મહાવીર વિચારતાં વિચારતાં પોલાસપુરના શ્રીવન ઉદ્યાનમાં પધાર્યા. એક દિવસ બે પ્રહર દિવસ વીતી ગયો અને ગોચરીની વેળા થઈ, એટલે ગૌતમસ્વામી ભિક્ષાચર્યા માટે નગરમાં નીકળ્યા.

નગરમાં એક ઇંદ્રનું મંદિર હતું. ત્યાં છોકરાઓ રમતા હતા. એમાં એક અતિમુક્તક નામે કુમાર હતો. ગૌતમસ્વામીને જોઈ એને કુતૂહલ થયું. એ રમવાનું મૂકીને એમની પાસે દોડી આવ્યો અને પૂછવા લાગ્યો : "આપ કોણ છો ? અને આ પ્રમાણે શા માટે ફરો છો ?"

ગૌતમસ્વામીએ વહાલપૂર્વક કહ્યું : "અમે નિર્ગ્રંથ સાધુઓ છીએ; તપ અને સંયમનું પાલન કરીએ છીએ; અને નાનાં-મોટાં-મધ્યમ કુળોમાં ભિક્ષાચર્યા કરીને નિર્દોષ આહાર-પાણી મેળવીને અમારી સંયમયાત્રાનો નિર્વાહ કરીએ છીએ."

અતિમુક્તકના મનમાં જાણે ગૌતમસ્વામી વસી ગયા. ઉંમર નાની અને સમજણ ઓછી હતી, પણ ગૌતમસ્વામીને જોઈને, જાણે કોઈ અદ્ભુત સંગ મળ્યો હોય એમ, એનું ચિત્ત રાજી રાજી થઈ ગયું અને એ એમની આંગળી પકડીને એમને પોતાને ઘેર ભિક્ષા માટે લઈ ગયો. અને જ્યારે ગૌતમસ્વામી ભિક્ષા લઈને પાછા ફરવા લાગ્યા ત્યારે શ્રમણ ભગવાનના દર્શન માટે બાળક અતિમુક્તક પણ એમની સાથે ગયો.

ગૌતમસ્વામી જેવાં આંતર-બાહ્ય શુદ્ધ ગુરુનો થોડોક પણ સત્સંગ પામી અને ભગવાન મહાવીરનાં દર્શન કરી અને એમની વાતો સાંભળી અતિમુક્તકના અંતરમાં અજવાળાં પથરાઈ ગયાં. પોતાની ધર્મભાવનાભરી દૃઢતાથી માતા-પિતાની અનુમતિ લઈને, સુખ-વૈભવની લાલસા ઉપર વિજય મેળવીને, કુમાર અતિમુક્તક હંમેશાંને માટે ભગવાનનાં ભિક્ષુકસંઘમાં ભળી ગયો.

## (૧૦) ભગવાન મોક્ષગામી શિષ્યો કેટલા ?

મોટી ઉંમર અને ચાર જ્ઞાનના ધારક હોવા છતાં ગૌતમસ્વામી ઉપવાસ જેવું બાહ્ય અને ધ્યાન જેવું આભ્યંતર બંને પ્રકારના તપ કરતા રહેતા હતા.

એક વાર ગૌતમસ્વામી સમાધિપૂર્વકના ધ્યાનમાં નિમગ્ન હતા, એ વખતે મહાશુક્ર દેવલોકના બે દેવો, પોતાની જિજ્ઞાસાને પૂરી કરવા ભગવાન

મહાવીર પાસે આવ્યા. તેઓએ અંતરના ભાવોલ્લાસપૂર્વક મનથી જ ભગવાનને વંદન કર્યું અને પોતાની જિજ્ઞાસા પણ મનથી જ પ્રભુને જણાવી- જાણે જ્ઞાનજ્યોતિ ભગવાન પાસે વાણીનો કોઈ ઉપયોગ નહોતો રહ્યો !

પ્રભુ તો ઘટઘટના અંતર્યામી. એમણે પણ મનોમન દેવોની શંકા જાણીને એનો ખુલાસો પણ મનથી જ કરી દીધો – જાણે પ્રભુએ અને દેવોએ મનોમન જ વાત કરી લીધી. સમાધાન મેળવીને દેવો સંતોષ પામ્યા.

ધ્યાન પૂરું કરીને ગૌતમસ્વામી વિચારવા લાગ્યા : આ દેવો કોણ હશે અને ભગવાન પાસે શા માટે આવ્યા હશે ? તેઓ આ સવાલનો જવાબ મેળવવા ભગવાન પાસે ગયા ત્યારે ભગવાને એમના મનની વાત પામી જઈને કહ્યું : “ગૌતમ ! તમારા પ્રશ્નનો જવાબ દેવો પાસેથી જ મેળવી લ્યો.”

ગૌતમસ્વામી એ દેવો પાસે ગયા. દેવોએ કહ્યું : “હે ભગવાન ! અમે મહાશુક્ર નામે દેવલોકમાંથી આવ્યા છીએ. ભગવાનના કેટલા શિષ્યો મોક્ષે જશે એ અમારી જિજ્ઞાસા હતી. સર્વજ્ઞ ભગવાને વાણીનો ઉપયોગ કર્યા વગર મનથી જ અમને જવાબ આપ્યો કે “હે દેવાનુપ્રિયો ! સાતસો શિષ્યો સર્વ દુઃખોનો નાશ કરી મોક્ષના શાશ્વત સુખને પામશે.”

## (૧૧) સૂર્યાભદેવનો પૂર્વભવ

ભગવાન મહાવીર એક વાર આમલકપ્પા નગરીમાં પધાર્યા. એ વખતે સૂર્યાભ નામે દેવ ભગવાનના દર્શન કરવા આવ્યો હતો.

એ દેવની સમૃદ્ધિ જોઈને ગૌતમસ્વામીએ ભગવાનને પૂછ્યું : “ભગવાન ! આ દેવ પૂર્વભવે કોણ હતો ?”

ભગવાને કહ્યું : “ગૌતમ ! પહેલાં કેકય નામે દેશમાં પ્રદેસી નામે રાજા રાજ્ય કરતો હતો. એ રાજા આત્મતત્ત્વના અસ્તિત્વને માનતો નહોતો. એની દઢ માન્યતા હતી કે આત્મા નામનું શાશ્વત દ્રવ્ય હોઈ શકે જ નહીં. સદ્‌ભાગ્યે એને પુરુષાદાણી ભગવાન પાર્શ્વનાથના અનુયાયી કેશી નામના

શ્રમણનો સત્સંગ થયો. એ જ્ઞાની શ્રમણે અનેક દાખલાઓ અને દલીલો આપીને આત્માનું અસ્તિત્વ સમજાવ્યું અને એને ધર્માભિમુખ બનાવ્યો. એ પ્રદેસી રાજાનો જીવ તે જ આ સૂર્યાભદેવ. ધર્મની આરાધનાને પ્રતાપે એ આવી સમૃદ્ધિ અને દેવગતિ પામ્યો."

## (૧૨) 'નાલંદા-અધ્યયન'ની રચના

રાજગૃહી નગરી તો મગધદેશની રાજધાની. આજે એને 'રાજગિર' ક્હે છે.

તીર્થભાવનાથી પવિત્ર થયેલ પાંચ પહાડો એના ગૌરવમાં વધારો કરે છે અને એની ધર્મસંસ્કારિતાની કીર્તિગાથા સંભળાવે છે. ભગવાન મહાવીરનાં અનેક ચોમાસાંથી અને સંખ્યાબંધ પુણ્યાત્માઓના મોક્ષગમનથી એ ભૂમિ પાવન થયેલી છે.

બૌદ્ધ-ધર્મ-સંઘના ઇતિહાસમાં પણ એનો ઘણો મહિમા છે, એટલું જ નહીં; ભગવાન બુદ્ધના પરિનિર્વાણ પછી બૌદ્ધ ધર્મશાસ્ત્રો ત્રિપિટકોની શુદ્ધિ અને સાચવણી માટેની પહેલી સંગીતિ (વાચના) પણ રાજગૃહીના પાંચ પહાડોમાંના એક પહાડ ઉપરની એક ગુફામાં જ થઈ હતી.

રાજગૃહી નગરીનો વિસ્તાર પણ ઘણો હતો અને એનાં પરાં પણ અનેક હતાં. એમાંના એક પરાનું નામ નાલંદા હતું. ત્યાં ઘણા ધનાઢ્યો વસતા હોવાને કારણે એક મહાન સમૃદ્ધિશાળી સ્થાન તરીકે એની ઘણી ખ્યાતિ હતી. ભગવાન મહાવીરનો આ નાલંદા ઉપનગર સાથે ઘનિષ્ઠ સંબંધ હતો અને ત્યાં એમણે અનેક ચોમાસાં કર્યાં હતાં.

વળી તક્ષશીલા અને વિક્રમશીલા જેવું બૌદ્ધધર્મનું એક મહાવિદ્યાપીઠ નાલંદામાં પણ હતું. એનાં પ્રાચીન અવશેષો, આખી એક વસાહત જેટલા વિપુલ પ્રમાણમાં, છેલ્લા પાંચ-છ દાયકા દરમ્યાન મળી આવ્યા છે, એટલું જ નહીં, અત્યારે ત્યાં નવનાલંદા મહાવિહાર નામથી, બૌદ્ધધર્મ અને સાહિત્યના અભ્યાસ માટે મોટું વિદ્યાધામ ફરી શરૂ થયું છે.

આ રીતે પ્રાચીન મગધદેશના ઇતિહાસમાં નાલંદાનું સ્થાન બહુ

ગૌરવભર્યું હોય એમ જાણવા મળે છે.

નાલંદાની કીર્તિગાથાને સાચવી રાખવામાં અને વધારવામાં ગુરુ ગૌતમસ્વામીએ પણ પોતાનો ફાળો આપ્યો હતો, તે આ રીતે : જૈન આગમગ્રંથોમાં અંગસૂત્રોને મૌલિક લેખવામાં આવે છે; ભગવાન મહાવીરની પવિત્ર વાણી એમાં સચવાઈ રહી છે. અંગસૂત્રો બાર છે, એમાંનું બારમું અંગ નષ્ટ થઈ ગયું છે. એટલે અત્યારે આચારાંગ, સૂત્રકૃતાંગ વગેરે અગિયાર અંગસૂત્રો ઉપલબ્ધ છે. આમાં બીજા અંગસૂત્ર 'શ્રી સૂત્રકૃતાંગ'ના 'શ્રી નાલંદીય અધ્યયન'ની રચના ગણધર ગૌતમસ્વામીએ કરી હતી, એમ એ સૂત્રમાં આવતા ઉલ્લેખથી જાણી શકાય છે.

**શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ**

**त्रैलोक्यबीजं परमेष्ठिबीजं सज्ज्ञानबीजं जिनराजबीजम् ।**
**यन्नाममंत्रं विदधाति सिद्धिं स गौतमो यच्छतु वाञ्छितं मे ॥**

**ત્રણ લોકનાં બીજ સ્વરૂપ, પરમેષ્ઠિઓના બીજ સ્વરૂપ ઉત્તમ જ્ઞાનનાં બીજ સ્વરૂપ અને જિનેશ્વરોના બીજ સ્વરૂપ એવો જેમનો નામરૂપ મંત્ર સર્વ પ્રકારની સિદ્ધિને કરે છે, તે શ્રી ગૌતમગણધર મારાં વાંછિતોને આપો.**

# श्री गौतमस्वामि-अष्टकम्

## ( અર્થ સાથે )

श्री इन्द्रभूतिं वसुभूतिपुत्रं, पृथ्वीभवं गौतमगोत्ररत्नम् ।
स्तुवन्ति देवासुरमानवेन्द्राः स गौतमो यच्छतु वांछितं मे ॥ १ ॥

અર્થ : ગૌતમગોત્રના રત્ન સમાન, વસુભૂતિના પુત્ર, પૃથ્વી માતાથી ઉત્પન્ન થયેલા જેની દેવેન્દ્રો, અસુરેન્દ્રો, મનુષ્યોના રાજાઓ સ્તુતિ કરે છે, તે શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમ મારાં વાંછિતોને આપો.

श्रीवर्द्धमानात् त्रिपदीमवाप्य, मुहूर्तमात्रेण कृतानि येन ।
अङ्गानि पूर्वाणि चतुर्दशापि, स गौतमो यच्छतु वाञ्छितं मे ॥२॥

અર્થ : શ્રી વર્ધમાન-મહાવીરસ્વામી પાસેથી ત્રિપદી (उपन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा) પામીને મુહૂર્તમાત્રમાં જેમણે બાર અંગો (દ્વાદશાંગી) અને ચૌદ પૂર્વોની રચના કરી તે શ્રી ગૌતમ ગણધર મારાં વાંછિતોને આપો.

श्री वीरनाथेन पुरा प्रणीतं, मन्त्रं महानन्दसुखाय यस्य ।
ध्यायन्त्यमी सूरिवराः समग्राः, स गौतमो यच्छतु वाञ्छितं मे॥ ३ ॥

અર્થ : શ્રી વીરપ્રભુએ મહાઆનંદરૂપ સુખને માટે જેમનો મંત્ર પહેલાં રચ્યો છે, અને સર્વ સૂરિવરો જેમનું ધ્યાન કરે છે તે શ્રી ગૌતમ ગણધર મારાં વાંછિતોને આપો.

यस्याभिधानं मुनयोऽपि सर्वे, गृह्णन्ति भिक्षाभ्रमणस्य काले ।
मिष्टान्नपानाम्बरपूर्णकामाः, स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ ४ ॥

અર્થ : સર્વ મુનિઓ ભિક્ષાગ્રહણ કરવાના સમયે જેમનું નામ લે છે એન મિષ્ટાન્ન-પાન અને વસ્ત્રો મેળવી પૂર્ણ ઇચ્છાવાળા થાય છે, તે શ્રી ગૌતમ ગણધર મારાં વાંછિતોને આપો.

अष्टापदाद्रौ गगने स्वशक्त्या, ययौ जिनानां पदवन्दनाय ।
निशम्य तीर्थातिशयं सुरेभ्यः स गौतमो यच्छतु याञ्छितं मे ॥ ५ ॥

અર્થ : જેઓ અષ્ટાપદ પર્વત ઉપર શ્રી જિનેશ્વરોનાં ચરણને વંદવા માટે દેવો પાસેથી તીર્થનો અતિશય સાંભળીને પોતાની શક્તિથી આકાશમાર્ગે ગયા તે શ્રી ગૌતમ ગણધર મારાં ઇચ્છિતોને આપો.

त्रिपञ्चसंख्याशततपासानां, तपःकृशानामपुनर्भवाय ।
अक्षीणलब्ध्या परमात्रदाता स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ ६ ॥

અર્થ : તપ કરવાથી કૃશ (દુર્બળ) થયેલા પંદરસો તાપસોને મોક્ષ માટે અક્ષીણમહાનસી લબ્ધિ વડે પરમાન્ન-ખીરને જેમણે આપી તે શ્રી ગૌતમ ગણધર મારાં ઇચ્છિતોને આપો.

सदक्षिणं भोजनमेव देयं, साधर्मिकं संघसपर्ययेति ।
कैवल्यवस्त्रं प्रददौ मुनीनां, स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ ७ ॥

અર્થ : સાધર્મિકને સંઘપૂજા પૂર્વક દક્ષિણા સહિત ભોજન આપવું જોઈએ, એથી મુનિઓને (પંદરસો તાપસોને) કેવળજ્ઞાનરૂપી વસ્ત્ર જેમણે આપ્યું, તે શ્રી ગૌતમ ગણધર મારાં વાંછિતોને આપો.

शिवं गते भर्तरि वीरनाथे, युगप्रधानत्वमिहैव मत्वा ।
पट्टाभिषेको विदधे सुरेन्द्रैः, स गौतमो यच्छतु वाञ्छितं मे ॥
(तीर्थाभिषेको) ॥ ८ ॥

અર્થ : શ્રી વીર પરમાત્મા મોક્ષમાં ગયે છતે, અહીં શ્રી ગૌતમસ્વામીને યુગપ્રધાનપણે જાણીને દેવેન્દ્રોએ મહાવીર પરમાત્માના પટ્ટ ઉપર સ્થાપન કર્યા, તે શ્રી ગૌતમ ગણધર મારાં વાંછિતોને આપો.

त्रैलोक्यबीजं परमेष्ठिबीजं, सज्ज्ञानबीजं जिनराजबीजम् ।
यन्नाममन्त्रं विदधाति सिद्धिं, स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ ९ ॥

અર્થ : ત્રણેય લોકના બીજભૂત, પરમેષ્ઠિઓના બીજરૂપ, ઉત્તમ જ્ઞાનના બીજરૂપ અને જિનેશ્વરોના બીજરૂપ એવો જેમનો નામરૂપ મંત્ર સર્વ પ્રકારની સિદ્ધિને કરે છે, તે શ્રી ગૌતમ ગણધર મારાં વાંછિતોને આપો.

श्री गौतमस्याष्टकमादरेण, प्रबोधकाले मुनिपुंगवा ये ।
पठन्ति ते सूरिपदं च देवानन्दं लभन्ते नितरां क्रमेण ॥ १० ॥
(अति समाप्तम् ॥छ॥ श्रीरस्तु ॥)

અર્થ : જે ઉત્તમ મુનિઓ પ્રબોધકાલે-જાગવાના સમયે આ શ્રી ગૌતમસ્વામીનું અષ્ટક આદરપૂર્વક ભણે છે તેઓ અનુક્રમે આચાર્યપદ અને અત્યંત દૈવિક આનંદને પામે છે.

# ચતુરંગીય અધ્યયન

આ જીવ ચાર ગતિમાં ભ્રમણ કરે છે તેનાથી બચવા પહેલા પરીષહોને સહન કરીને કર્મક્ષય કરવાની વાત આગળ જણાવીને આ અધ્યયનનો પ્રારંભ કરતાં કહે છે કે,

પ્રાણીઓને મનુષ્યજન્મ, ધર્મનું શ્રવણ, ધર્મ પ્રત્યે શ્રદ્ધા અને ચારિત્રમાં વીર્ય ફોરવવાનું આ ચાર વસ્તુ દુર્લભ છે એમ પરમાત્માએ કહેલ છે.

તેમાં મનુષ્યભવની દુર્લભતા ઉપર ચોલ્લક વગેરે દશ દષ્ટાંતો અને શ્રદ્ધાથી ભ્રષ્ટ થયેલ આઠ નિહ્નવોની કથા આપી છે.

મનુષ્યજીવન પ્રાપ્ત થવું દુર્લભ છે તેનાથી દુર્લભ સર્વજ્ઞ-ભગવંતોએ કહેલા તત્ત્વોનો શ્રવણ અવસર છે. તત્ત્વ પ્રત્યે શ્રદ્ધા થવી તે તેનાથી પણ દુર્લભ છે અને તેનાથી દુર્લભ સંયમ માટે પુરુષાર્થ છે.

આ ચાર વાતોની દુર્લભતા સમજીને કર્મક્ષય માટે પુરુષાર્થ કરીને આત્માને ચાર ગતિમાંથી મુક્ત કરી પંચમ ગતિ પ્રાપ્ત કરાવવાની છે.

**चत्तारि परमंगाणि, दुल्लहाणीह जंतुणो ।**
**माणुसत्तं सुई सद्धा, संजमम्मि य वीरियं ॥१॥**

અર્થ : આ સંસારમાં પ્રાણીને ચાર ધર્મના પ્રધાન અંગો-કારણો દુર્લભ છે. તે ચાર આ પ્રમાણે—એક તો મનુષ્યપણું એટલે મનુષ્યભવની પ્રાપ્તિ થવી તે. બીજું ધર્મનું શ્રવણ. ત્રીજું કારણ શ્રદ્ધા એટલે ધર્મ પર શ્રદ્ધા થવી તે. તથા ચોથું કારણ સંયમને વિષે એટલે વિરતિને વિષે વીર્ય એટલે

સામર્થ્ય ફોરવવું. આ ચાર અંગો-કારણો ઉત્તરોત્તર અતિ દુર્લભ છે. ૧.

અહીં મનુષ્યપણાની દુર્લભતા ઉપર નિર્યુક્તિકારે દશ દૃષ્ટાંતો કહ્યાં છે તે આ પ્રમાણે–(૧) ચોલ્લક (૨) પાશક (૩) ધાન્ય (૪) દ્યૂત (૫) રત્ન (૬) સ્વપ્ન (૭) ચક્ર (૮) ચર્મ (૯) યુગ અને (૧૦) પરમાણુ. તેમાં ચોલ્લક એટલે ભોજન, તેનું દૃષ્ટાંત કહે છે–

## મનુષ્યભવની દુર્લભતા ઉપર ચોલ્લક (ભોજન) દૃષ્ટાંત ૧.

કાંપીલ્યપુર નામના નગરમાં બ્રહ્મ નામે રાજા હતો. તેને ચુલની નામે રાણી હતી. તેમને બ્રહ્મદત્ત નામનો પુત્ર હતો. બ્રહ્મ રાજા મરણ પામ્યો, ત્યારે બ્રહ્મદત્ત બાળવયનો હોવાથી તે બ્રહ્મનો મિત્ર દીર્ઘપૃષ્ઠ નામનો રાજા પોતાના બીજા બે મિત્રોના કહેવાથી બ્રહ્મના રાજ્યનું રક્ષણ કરવા રહ્યો. અનુક્રમે તે દીર્ઘરાજા ચુલની રાણીને વિષે આસક્ત થયો, બ્રહ્મદત્તે તે બંનેનો અનાચાર જાણ્યો. તેનાથી તે બંને ભય પામ્યા. તેથી તે ભાવિ ચક્રવર્તી પુત્રને મારવા માટે તે દીર્ઘપૃષ્ઠે એક લાક્ષાગૃહ કરાવ્યું. પછી એક કન્યા સાથે તેને પરણાવી લાક્ષાગૃહમાં સૂવા માટે મોકલ્યો. તે વખતે વરધનુ નામનો બ્રહ્મદત્તનો મિત્ર પણ તેની સાથે જ હતો. મધ્યરાત્રિએ તે લાક્ષાગૃહમાં તેની માતા ચુલનીએ જ અગ્નિ પ્રગટાવ્યો. તે જોઈ કુમાર જાગૃત થયો. વરધનુએ તેને સુરંગ બતાવી. તે સુરંગ વરધનુના પિતા ધનુમંત્રીએ ચુલની અને દીર્ઘપૃષ્ઠનો પ્રપંચ જાણીને પ્રથમથી જ કરાવી રાખી હતી. તે સુરંગના રસ્તેથી નીકળી બંને મિત્રો તૈયાર રાખેલા અશ્વ ઉપર બેસીને નાસી ગયા. ઘણો પંથ પાર કરવાથી બંને અશ્વો થાકીને મરણ પામ્યા. એટલે તે બંને મિત્રો પગપાળા ચાલતા જ પૃથ્વી પર ફરવા લાગ્યા. એકદા દીર્ઘપૃષ્ઠ રાજાએ મોકલેલા સુભટોને જોઈ વરધનુ જુદો પડી ગયો. એટલે કુમાર એકલો જ ભમવા લાગ્યો. તેને એક બ્રાહ્મણ મળ્યો. તે બ્રાહ્મણની સાથે કુમાર અટવી ઉતરી ગયો. પછી તેનાથી જુદા પડતાં કુમારે તે બ્રાહ્મણને કહ્યું કે–"જ્યારે મને રાજ્ય મળ્યું એમ તમે સાંભળો ત્યારે મારી પાસે આવજો." પછી ફરતો ફરતો બ્રહ્મદત્ત કુમાર વિદ્યાધરાદિકની ઘણી કન્યાઓ પરણ્યો. અનુક્રમે દીર્ઘપૃષ્ઠનો પરાભવ કરી તેણે પોતાનું

રાજ્ય મેળવ્યું અને તે છ ખંડનો વિજય કરીને ચક્રવર્તી થયો.

બ્રહ્મદત્ત ચક્રવર્તી થયો એમ સાંભળી પેલો બ્રાહ્મણ કાંપીલ્યપુર નગરમાં આવ્યો, પરંતુ તેને રાજાનાં દર્શન થઈ શક્યાં નહીં એટલે તે એક વાંસ પર જોડાને ધ્વજાની જેમ ગોઠવીને ગામમાં ફરવા લાગ્યો. એકદા ફરવા નીકળેલા રાજાએ તે બ્રાહ્મણને જોયો. તરત જ તેને ઓળખીને પોતાની પાસે બોલાવી ઓળખીને કુશળ પૂછીને કહ્યું કે—''હે બ્રાહ્મણ ! હું તમને શું આપું ? તમારી ઇચ્છા હોય તે માંગો.'' બ્રાહ્મણે કહ્યું કે—''મારી સ્ત્રીને પૂછીને પછી માગીશ.'' એમ કહી ઘેર જઈ તેણે સ્ત્રીને કહ્યું કે—''ચક્રવર્તી મારા પર પ્રસન્ન થયો છે, તેની પાસે શું માગું ?'' સ્ત્રીએ વિચાર્યું કે—''પુરુષને જો સમૃદ્ધિ પ્રાપ્ત થાય તો તે પૂર્વના મિત્ર, પૂર્વની સ્ત્રી અને પૂર્વનાં ઘરનો ત્યાગ કરી નવા મિત્ર, સ્ત્રી અને ઘર કરે છે.'' એમ વિચારી સ્ત્રીએ તેને કહ્યું કે—''ઘણો પરિગ્રહ રાખવાથી મનને સંતાપ થાય છે. તેથી આખા ભરતક્ષેત્રમાં હંમેશાં અનુક્રમે સર્વ ઘરે ભોજન તથા બે દીનાર (સોનામહાર) દક્ષિણામાં મળે, તેવું માંગો,'' તે સાંભળી તે બ્રાહ્મણે રાજા પાસે આવી તે જ પ્રમાણે માંગ્યું. રાજાએ હસીને કહ્યું કે—''હે વિપ્ર ! એવી તુચ્છ માંગણી કેમ કરો છો ? કોઈ દેશ, ગામ અને ભંડાર વગેરે માંગો.'' તે સાંભળીને પણ તેણે તો તે જ માંગ્યું, બીજું કાંઈ માંગ્યું નહીં. રાજાએ વિચાર્યું કે—''જેને જે યોગ્ય હોય છે તેને તે જ મળે છે. જુઓ ! વરસાદ સર્વત્ર ઘણો વરસે છે, તો પણ પર્વત પર જળ જરાપણ રહેતું નથી.'' એમ વિચારી રાજાએ તેની ઇચ્છાનો સ્વીકાર કર્યો. પહેલે દિવસે રાજાએ સહકુટુંબ તેને પોતાને ઘેર જમાડી બે દીનાર આપ્યા. પછી બીજે દિવસે પ્રધાને તેને જમાડીને દક્ષિણા આપી. એ રીતે નગર, દેશ વગેરે આખા ભરતક્ષેત્રના દરેક ઘેર ભોજન કરવા માટે ફરવા લાગ્યો. તેને ફરીથી ચક્રવર્તીને ઘેર ભોજન કરવાનો વખત ક્યારે આવે ? તે ભવમાં તો આવે જ નહીં. તો પણ કદાચ માનો કે દેવનાં પ્રભાવથી તેવો વખત આવે, પરંતુ મનુષ્ય અવતારથી ભ્રષ્ટ થયેલો પ્રાણી ફરીથી મનુષ્યભવ તો પામી શકે જ નહીં. તેની પ્રાપ્તિ થવી એવી મુશ્કેલ છે. આ રીતે મનુષ્યભવનની દુર્લભતા ઉપર આ ચોલ્લકનું દૃષ્ટાંત આપ્યું છે. ૧.

## પાશક દૃષ્ટાંત ૨.

ગોલ્લ દેશમાં ચણક નામના ગામને વિષે ચણક નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને ચણેશ્વરી નામની પત્ની હતી. તેઓ શ્રાવક ધર્મ પાળતા હતા. એક વાર તેને ઘેર કોઈ સાધુ આવીને રહ્યા. તેવામાં તેને ઘેર દાંત સહિત પુત્ર જન્મ્યો. બ્રાહ્મણે મુનિને તે પુત્ર દેખાડ્યો. મુનિ બોલ્યા કે—''આ પુત્ર દાંત સહિત જન્મ્યો છે. તેથી તે રાજા થશે.'' પછી બ્રાહ્મણે વિચાર્યું કે—''જો આ રાજા થશે તો મરીને નરકે જશે.'' એમ વિચારી તેણે તે પુત્રના દાંત ઘસી નાંખ્યા. પછી ફરીથી મુનિને દેખાડ્યો, ત્યારે તેણે કહ્યું કે—''હવે આ પુત્ર એક પુરુષના આંતરાવાળો રાજા થશે. અર્થાત્ પ્રધાન થશે.'' પછી બ્રાહ્મણે તે બાળકનું નામ ચાણિક્ય પાડ્યું. તે પુત્ર વૃદ્ધિ પામતો અનુક્રમે ચૌદ વિદ્યામાં નિપુણ થયો. પછી તે એક બ્રાહ્મણની કન્યાને પરણ્યો. એક વાર તેની સ્ત્રી પોતાના ભાઈના લગ્ન હોવાથી પોતાના બાપને ઘેર ગઈ. તે વખતે ત્યાં તેની બીજી બહેનો કે જેઓ મોટા ધનવંતોની સ્ત્રીઓ હતી, તે પણ આવી હતી. તે બહેનો મોટા ઘરની હોવાથી તેના માતા પિતા અને ભાઈએ તેઓનો ઘણો આદર સત્કાર કર્યો, અને આની તો પ્રાયઃ ઉપેક્ષા જ કરી, તેથી ચાણિક્યની પત્નીએ ખિન્ન થઈને વિચાર્યું કે—''મારા પતિ નિર્ધન હોવાથી આ પિતા વગેરે પણ મને માન આપતા નથી.'' એમ વિચારી તે પાછી પતિને ઘેર આવી. ચાણક્યે તેને ખેદનું કારણ પૂછ્યું, એટલે તેણીએ પિતાનાં ઘરે પોતાની બીજી બહેનોનું માન અને પોતાનું અપમાન થયું તે કહ્યું. તે સાંભળી ચાણક્યે વિચાર્યું કે—''ખરેખર જગતમાં ગરીબ માણસ જીવતાં છતાં મર્યા જેવો જ છે. કેમ કે આ મારી પત્ની તેના પિતાને ઘેર પણ આપમાન પામી. તેનું કારણ મારું દારિદ્ર જ છે.'' આમ વિચારી ચાણક્ય ધન મેળવવા પાટલીપુત્ર નગરમાં ગયો.

ત્યાં રાજ્યસભામાં જઈને પૂર્વ દિશા તરફના આસન પર બેઠો. તેવામાં ત્યાંનો રાજાનંદ કોઈ નિમિત્તિયાને સાથે લઈ સભામાં આવ્યો. ચાણક્યને જોઈ તે નિમિત્તિયો બોલ્યો કે—''આ બ્રાહ્મણ નંદવંશનો પ્રભાવ દબાવીને બેઠો છે.'' તે સાંભળી રાજાની દાસીએ ચાણક્યને આદર સહિત કહ્યું કે—''હે ભગવાન્ ! આ બીજા આસન પર બેસો.'' ત્યારે —''એ

આસન પર મારું કમંડલ બેસશે." એમ કહી તેણે તે આસન પર કમંડલ મૂક્યું, પણ પ્રથમનું આસન તેણે છોડ્યું નહીં. ત્યારે દાસીએ ફરી ફરી બીજાં બીજાં આસનો દેખાડ્યાં, તેમના પર તેણે અનુક્રમે દરેક ઉપર દંડ, જપમાળા યજ્ઞોપવીત વગેરે ઉપકરણો મૂક્યાં પણ તેણે પ્રથમનું આસન છોડ્યું નહીં. તે જોઈ દાસીએ ક્રોધથી તેનો તિરસ્કાર કરી તે પગથી લાત મારી ઉઠાડ્યો. ત્યારે તે ચાણક્યે સર્વ સભા સમક્ષ પ્રતિજ્ઞા કરી કે—"ધનકોશ અને સેવકો વડે જેનાં મૂળ મજબૂત થયાં છે અને પુત્રો તથા મિત્રો વડે જેની શાખાઓ વૃદ્ધિ પામી છે એવા આ નંદરૂપી મોટાવૃક્ષને વાયુની જેમ હું મૂળમાંથી ઉખેડી નાંખીશ." આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી તે નગરમાંથી નીકળ્યો. "આ ભિક્ષુથી શું થવાનું છે ?" એમ ધારી રાંજાએ તેની ઉપેક્ષા કરી.

પછી ચાણક્યે પેલા મુનિનું વચન સંભારી વિચાર્યું કે—"હું એક પુરુષ આંતરાવાળો રાજા થવાનો છું, તેથી કોઈ ભાગ્યવંતને શોધી કાઢું." એમ વિચારી તે પૃથ્વી પર ફરવા લાગ્યો. એક વાર તે ચાણક્યે પરિવ્રાજકનાં વેષે નંદરાજાના મયૂરપાલકના ગામમાં ગયો. ત્યાં જે મોટો મયૂરપાલક હતો, તેની ગર્ભવતી પુત્રીને ચંદ્રપાન કરવાનો દોહદ=ઇચ્છા, ઉત્પન્ન થઈ, તેથી તેણે પોતાના પિતાદિકને કહ્યું. તેઓ દોહદ પૂરો કરવાની ચિંતામાં વ્યગ્ર હતા, તેવામાં ચાણક્ય ત્યાં આવ્યો. તેને જોઈ તે વૃદ્ધે તેનો આદર સત્કાર કરી પુત્રીના દોહદની વાત કરી. ત્યારે ચાણક્યે કહ્યું કે—"જો તમે તે પુત્ર આઠ વર્ષનો થાય ત્યારે મને સોંપો, તો હું તેનો દોહદ પૂર્ણ કરું." તે સાંભળી ગર્ભનો તથા પુત્રીનો નાશ થાય નહી, એટલા માટે તેઓએ તેનું વચન અંગીકાર કર્યું. પછી ચાણક્યે ઉપર છિદ્રવાળો એક મંડપ કરાવ્યો. તે છિદ્ર પાસે ગુપ્ત રીતે એક મનુષ્યને શીખવીને બેસાડ્યો. પછી જ્યારે શરદપૂર્ણિમાનો ચંદ્ર આકાશ મધ્યે આવ્યો. ત્યારે તે છિદ્રની નીચે મધુર દૂધનો ભરેલો એક થાળ મૂક્યો. તેમાં ચંદ્રનું પ્રતિબિંબ પડ્યું. તે દેખાડી ચાણક્યે ગર્ભવતીને કહ્યું કે—"આ થાળમાં ચંદ્ર છે તેનું તું પાન કર." તે જોઈ ચંદ્રનાં ભ્રમથી જ તે ગર્ભવતી થાળમાંથી તે દૂધ પીવા લાગી. જેમ જેમ તે પીતી ગઈ તેમ તેમ ઉપર રહેલા પુરુષે તે છિદ્ર થોડું થોડું ઢાંકવા માંડ્યું. એ રીતે તેનો દોહદ પૂર્ણ કર્યો. પછી ચાણક્ય પૃથ્વી પર ફરવા લાગ્યો, અને

ધન ઉપાર્જન કરવા માટે ધાતુવાદ વગેરે ઉપાયો કરવા લાગ્યો.

અહીં મયૂર ગ્રામમાં પેલી મયૂરપાલકની પુત્રીને પુત્ર જન્મ્યો. તેનું નામ ચંદ્રગુપ્ત પાડ્યું. તે આઠ વર્ષ પછી ચાણક્ય ફરતો ફરતો ત્યાં આવ્યો. તે વખતે ગામની બહાર ચંદ્રગુપ્તને ગામના છોકરાઓ સાથે રાજનીતિની ક્રીડા કરતો જોયો. ચાણક્યે તેની પાસે આવી યાચના કરી ત્યારે ચંદ્રગુપ્ત બોલ્યો કે–''તમને હું આ ગાય આપું છું.'' તેણે કહ્યું–''ગાયનો માલિક તને મારશે તો તું શું કરીશ ?'' તે બોલ્યો–''તમે ભય ન પામો, આ પૃથ્વી વીર પુરુષને જ ભોગવવા લાયક છે.'' તે સાંભળી ચાણક્યે વિચાર્યું કે–''આનું ચરિત્ર આજથી જ મહા ઉદાર છે.'' એમ જાણી તેણે કોઈને પૂછ્યું કે–''આ કોનો પુત્ર છે ?'' ત્યારે તેણે દોહદનો વૃત્તાંત કહી કહ્યું કે–''ચાણક્ય નામના પરિવ્રાજકનો પુત્ર છે.'' તે સાંભળી હર્ષિત થઈ ચાણક્યે ચંદ્રગુપ્તને કહ્યું કે– ''હે વત્સ ! મારી સાથે ચાલ. હું તને રાજા બનાવું.'' તે સાંભળી તે બાળક તેની સાથે ગયો.

પછી ચાણક્યે ધાતુવાદના બળથી ઘણું ધન મેળવી તે ધનથી ઘણા સૈનિકો ભેગા કર્યા. પછી તે સૈન્ય સહિત જઈને પાટલીપુત્ર નગરને તેણે ઘેરી લીધું. નંદરાજાએ સૈન્ય સહિત બહાર આવી, તેની સાથે યુદ્ધ કરી, તેનો પરાભવ કર્યો. તેનું સર્વ સૈન્ય નાસી ગયું. ત્યારે ચંદ્રગુપ્તને લઈ ચાણક્ય પણ નાઠો. નંદરાજાના ઘોડેસવારો તેની પાછળ પડ્યાં. તેમને પાછળ પાછળ આવતા જોઈ ચાણક્યે વિચાર્યું કે–''નંદના સૈનિકો આવી પહોંચ્યા, મારી સાથે આ બાળક છે અને વળી અમે બંને પગે ચાલીએ છીએ, તો અશ્વ ઉપર ચઢીને આવતા તેઓની સામે મારું શું બળ ચાલશે ?'' એમ વિચારી પાસે એક તળાવમાં એક ધોબી કપડાં ધોતો હતો, તેની પાસે જઈ ચાણક્યે કહ્યું કે–''હે ધોબી ! નંદ રાજાના સુભટો મારવા આવે છે માટે નાસો.'' તે સાંભળી ધોબી કપડાં મૂકીને નાઠો. પછી ચંદ્રગુપ્તને તે સરોવરમાં સંતાડી ચાણક્ય પોતે ધોબી બની ગયો. તેટલામાં નંદનો એક ઘોડે સવાર સૈનિક ત્યાં આવ્યો. તેણે પૂછ્યું કે–''હે ધોબી ! ચંદ્રગુપ્ત ક્યાં ગયો ?'' ધોબીએ કહ્યું– ''આ સરોવરમાં પેઠો છે.'' તે સાંભળી તે સવાર અશ્વ પરથી ઉતરીને ધોબીને જ અશ્વ તથા ખડ્ગ સોંપી તે સરોવરમાં પ્રવેશ કરવા તૈયારી કરવા

લાગ્યો. એટલે તેના જ ખડ્ગ વડે ચાણક્યે તેને મારી નાંખ્યો. પછી ચંદ્રગુપ્તને સરોવરમાંથી બહાર કાઢી તેને અશ્વ પર બેસાડી ચાણક્ય આગળ ચાલ્યો. માર્ગમાં તેણે બાળકને પૂછ્યું કે—"હે વત્સ ! મેં તને જે વખતે પેલા ઘોડેસવારને દેખાડ્યો ત્યારે તેં તારા મનમાં શું ધાર્યું હતું ?" ચંદ્રગુપ્તે કહ્યું—"મેં એમ વિચાર્યું હતું કે મને જે આ પ્રમાણે કરવાનું કહે છે તે કાંઈ પણ મારા હિતને માટે જ હશે." તે સાંભળી ચાણક્યે વિચાર્યું કે—"આ ચંદ્રગુપ્ત મારા પર પૂર્ણ વિશ્વાસુ હોવાથી સર્વ પ્રકારે યોગ્ય જ છે."

આગળ જતાં ચંદ્રગુપ્ત ભૂખ્યો થયો, ત્યારે તેને માટે ભોજનની શોધ કરતા ચાણક્યે તાજો જ જમેલો એક બ્રાહ્મણ જોયો તેનું ઉદર વિદારી-પેટ ફાડીને ચાણક્યે તેમાંથી દહીં અને ભાત કાઢી ચંદ્રગુપ્તને જમાડ્યો. ત્યારપછી ગામેગામે ભિક્ષા મેળવતો ચાણક્ય ચંદ્રગુપ્તને સાથે રાખી ભ્રમણ કરવા લાગ્યો. એક વાર કોઈ ગામમાં ચાણક્ય કોઈ વૃદ્ધાને ઘેર ભિક્ષા માગવા ગયો. ત્યાં તે વૃદ્ધાએ બાળકને ખાવા માટે વાસણમાં ખીર પીરસી હતી. તેમાં તે બાળકે વચ્ચે હાથ નાંખ્યો, તેથી તે દાઝ્યો, અને રોવા લાગ્યો. ત્યારે તેને વૃદ્ધાએ કહ્યું કે—"હે મૂઢ ! તું પણ ચાણક્યની જેવો મૂર્ખ જણાય છે." તે સાંભળી ચાણક્યે વૃદ્ધાને પૂછ્યું કે—"હે માતા ! તમે ચાણક્યને શા ઉપરથી મૂર્ખ કહ્યો ?" વૃદ્ધાએ કહ્યું—"ભોજનમાં અને રાજ્ય ગ્રહણ કરવામાં પ્રથમ આજુ બાજુથી ગ્રહણ કરવું જોઈએ અને પછી વચ્ચે હાથ નાંખવો જોઈએ, નહીં તો દાઝી જવાય." તે સાંભળી ચાણક્યે પોતાની ભૂલ મનમાં કબૂલ કરી.

પછી ચાણક્ય હિમવાન પર્વત તરફ ગયો. ત્યાં પર્વતક નામે રાજા હતો. ત્યાં જઈને તેની સાથે મૈત્રી કરીને ચાણક્યે કહ્યું કે—"નંદરાજાનું રાજ્ય લઈને તમે અને આ ચંદ્રગુપ્ત અર્ધું અર્ધું વહેંચી લ્યો." તે વચન પર્વતક રાજાએ અંગીકાર કર્યું. પછી સૈન્ય સહિત તેઓ ત્યાંથી ચાલ્યા. નંદના દેશમાં આવી માર્ગમાં જેટલા ગામ તથા નગર આવ્યા તેને જીતતા જીતતા એક મોટા નગર પાસે આવ્યા. તે નગર તેઓ ગ્રહણ કરી શક્યા નહીં, ત્યારે ચાણક્ય પરિવ્રાજકનો વેષ ધારણ કરી નગરમાં ગયો. તેમાં ફરતા તેણે પ્રભાવશાળી દેવીઓની સાત પ્રતિમાઓ જોઈ વિચાર્યું કે—"આ દેવીઓના

પ્રભાવથી આ નગર જીતાતું નથી.'' આ પ્રમાણે તે વિચાર કરતો હતો, તેટલામાં તેને યોગી જાણી નગરના લોકોએ પૂછ્યું કે—''આ અમારા નગરનો રોધ ક્યારે દૂર થશે ?'' તે સાંભળી ચાણક્યે કહ્યું કે—''જ્યાં સુધી આ દેવીઓની મૂર્તિઓ છે ત્યાં સુધી નગરનો રોધ ક્યાંથી દૂર થાય ? તે સાંભળી તરત જ નગરના લોકોએ તે સર્વ મૂર્તિઓ ઉખેડી નાંખી. ત્યારપછી તરત જ પર્વતક અને ચંદ્રગુપ્તે તે નગર પોતાને આધીન કરી લીધું. એ રીતે અનુક્રમે તેઓ નંદનો દેશ જીતતા જીતતા પાટલીપુત્ર પહોંચ્યા. તેનું મોટું લશ્કર જોઈ યુદ્ધ કરવા અશક્ત નંદ રાજાએ તેમની પાસે ધર્મદ્વાર માંગ્યું. ત્યારે ચાણક્યે કહ્યું—''એક રથમાં જેટલું લઈ જવાય તેટલું ધન, સ્ત્રી, પુત્રી વગેરે લઈ જાઓ.'' નંદે તે પ્રમાણે કર્યું.

તે રથ લઈને બહાર નીકળ્યો, તે વખતે નંદ રાજાની એક કન્યા ચંદ્રગુપ્તની સન્મુખ વારંવાર જોવા લાગી. તેનો અભિપ્રાય જાણી નંદરાજાએ પુત્રીને કહ્યું કે—''તને આ ચંદ્રગુપ્ત પસંદ હોય તો તેની પાસે જા.'' તે સાંભળી તે કન્યા તે રથમાંથી ઉતરી ચંદ્રગુપ્તના રથમાં ચડી. તે વખતે ચંદ્રગુપ્તના રથના પૈડાના નવ આરા ભાંગી ગયા. તે જોઈ અમંગળ જાણી ચંદ્રગુપ્તે તેણીનો નિષેધ કર્યો. ત્યારે ચાણક્યે તેને કહ્યું કે—''હે વત્સ ! તું તેનો નિષેધ ન કર. આ આરા ભાંગ્યા તે તો એવું સૂચવે છે કે નવ પેઢી સુધી તારો વંશ રાજ્ય કરશે.'' તે સાંભળી ચંદ્રગુપ્તે તેને પોતાના રથમાં બેસાડી. પછી પર્વતક, ચંદ્રગુપ્ત અને ચાણક્ય એ ત્રણે નગરમાં પ્રવેશ કરી રાજમહેલમાં ગયા. ત્યાં એક વિષકન્યાને જોઈ પર્વતક કામથી વિહ્વળ થયો. તે જાણી ચાણક્યે તે કન્યા તેને જ આપી. તેણીનો પ્રથમ સંયોગ કરતાં જ પર્વતકના શરીરમાં વિષ વ્યાપ્યું. તે જોઈ ચંદ્રગુપ્ત તેનો કાંઈક ઉપાય કરવા તૈયાર થયો, એટલે ચાણક્યે તેને ભ્રૂકુટિની સંજ્ઞા કરી નિષેધ કર્યો, અને તેના કાનમાં કહ્યું કે—''તુલ્ય ધનવાળા, તુલ્ય સામર્થ્યવાળા, મર્મને જાણનારા, ઉદ્યોગી અને અર્ધ રાજ્યના ભાગીદાર એવા મિત્રને જે ન હણે, તે પોતે જ હણાય છે.'' તે સાંભળી ચંદ્રગુપ્તે તેનો પ્રતીકાર કર્યો નહીં. એટલે તે પર્વતક મરણ પામ્યો. પછી ચંદ્રગુપ્ત સ્વતંત્રપણે આખું રાજ્ય કરવા લાગ્યો.

નંદરાજાના સેવકો ચોરી કરીને ચંદ્રગુપ્તના દેશમાં ઉપદ્રવ કરવા

લાગ્યા. એક વાર ચોરના નિવારણનો ઉપાય વિચારતો ચાણક્ય નગર બહાર ગયો. ત્યાં તેણે એક નળદામ નામનો સાળવી જોયો, જુ પોતાના પુત્રને મંકોડો કરડી જવાથી ગુસ્સે થઈને મંકોડાનું આખું બિલ ખોદી તે સાળવી સર્વ મંકોડાને બાળતો હતો. આ જોઈ ચાણક્યે યોગ્ય જાણી તેને જ કોંટવાળા નીમ્યો. તે નળદામે સર્વ ચોરોને પ્રગટ કરી તેમનો નાશ કર્યો. તેથી નિષ્કંટક રાજય થયું.

એક વાર રાજાનો ખજાનો ધનથી ભરવાનો ચાણક્યે વિચાર કર્યો. તેણે નગરના સર્વ ધનાઢ્ય વેપારીઓને જમવા નોતર્યા. તે સર્વને ભોજન કરાવ્યા પછી ચંદ્રહાસ મદિરા પાઈ. તે સર્વે ઉન્મત્ત થયા પછી ચાણક્ય ઊભો થઈ નૃત્ય કરતો બોલ્યો કે—"મારે ગેરુના રંગેલાં બે વસ્ત્રો છે. ત્રિદંડ છે, સુવર્ણનું કમંડળ છે અને રાજા મારે વશ છે, તેથી મારા નામની હોલા-ઝલ્લરી વગાડો." તે સાંભળી તેઓમાંથી એક ઊભો થયો, અને કોઈની પાસે આજ સુધી પ્રગટ નહીં કરેલી પોતાની લક્ષ્મી પ્રગટ કરતો બોલ્યો કે—"હાથીના પગલે પગલે લાખ લાખ રૂપિયા મૂકું એ રીતે તે હાથી એક હજાર યોજન સુધી જાય તેટલું ધન મારી પાસે છે. તેથી મારા નામની હોલા વગાડો." તે સાંભળી બીજો ઉન્મત્ત બોલ્યો—"એક આઢક તલ વાવવાથી તે સારી રીતે પાકીને તેના જેટલા તલ ઉતરે તેટલા લક્ષ ટાંક મારી પાસે છે, તેથી મારી પણ હોલા વગાડો." ત્યારપછી બીજો બોલ્યો—"મારે ઘેર એટલી બધી ગાયો છે કે તેમના એક જ દિવસના માખણ વડે પાળ કરીને વર્ષાઋતુની મોટી ગિરિનદીનો પ્રવાહ રોકી શકું. તેથી મારી પણ હોલા વગાડો." વળી બીજો બોલ્યો—"મારે ત્યાં એક દિવસે જન્મેલા જાતિવંત અશ્વોના વછેરાની કેશવાળી વડે આ આખું નગર વીંટી શકાય, તેટલા મારે અશ્વો છે, માટે મારી પણ હોલા વગાડો." ત્યારપછી વળી બીજો બોલ્યા—"મારે ઘેર બે જાતની શાળી છે, પ્રસૂતિકા અને ગર્દભિકા એવા તેના નામ છે. તે હંમેશાં વાવીએ, લણીએ અને હંમેશાં ઉગે એવી છે. એ બે રત્નો મારી પાસે છે તેથી મારી પણ હોલા વગાડો." વળી બીજો કોઈ બોલ્યો કે—"મારી પાસે પુષ્કળ ધન રોકડું છે. તેથી હું હંમેશાં ચંદનથી લીંપાયેલો જ રહું છું, મારે કોઈ વખત પરદેશ જવું પડતું નથી, હું કોઈ પણ વખત દેવું કરતો નથી. અને મારી પત્ની નિરંતર મારે આધીન છે. તેથી મારી પણ હોલા વગાડો." આ પ્રમાણે

બીજા પણ સર્વેએ મદિરાપાનથી મત્ત થઈને પોતપોતાની સમૃદ્ધિ પ્રગટ કરી. તે સર્વ જાણીને પછી જ્યારે તેઓ સ્વસ્થ થયા ત્યારે તે સર્વેની પાસેથી જેટલું ઘટતું હતું તેટલું ધન ચાણક્યે રાજભંડાર માટે લીધું.

એકાદ સુવર્ણ ઉપાર્જન કરવાના હેતુથી ચાણક્યે કોઈ દેવની આરાધના કરી. તે દેવે તુષ્ટ થઈ તેને જય આપનારા પાસા આપ્યા, પછી ચાણક્યે સોનામહોરનો ભરેલો એક થાળ પોતાના સેવકને આપી તેને શીખવીને નગરમાં મોકલ્યો. તે ચોતરફ ફરતો કહેવા લાગ્યો કે–''ચાણક્ય મંત્રીને જે તેની પાસેના પાસા વડે રમતાં જીતે તેને આ સોનામહોરોનો થાળ આપે, અને જો તે જીતે તો તેની પાસેથી માત્ર એક જ સોનામહોર લે.'' તે સાંભળી લોભ પામેલા ઘણા લોકો ચાણક્યની સાથે રમવા લાગ્યા, પરંતુ દ્યૂતક્રીડામાં નિપુણ માણસ પણ પેલા દેવતાઈ પાસાના પ્રભાવથી તેને જીતી શકતા નહોતા. તેથી તે પાસાઓ વડે સર્વ લોકોને જીતી જીતીને એકેક સોનામહોર લઈને ચાણક્યે રાજાનો કોશ ભરી દીધો. ચાણક્યને જીતવા માટે બીજા ખજાનો બીજા નગરોમાંથી પણ સંખ્યાબંધ મનુષ્યો આવતા હતા, પરંતુ તે સર્વે હારીને સોનામહોર આપી જતા હતા, પણ કોઈ તેને જીતી શકતું નહીં. હવે કર્તા કહે છે કે કદાચ કોઈ દિવ્ય પ્રભાવ વડે આ ચાણક્યના પાસાને પણ જીતી શકે, પરંતુ પ્રમાદ વડે મનુષ્ય જન્મને હારી જનાર જીવ ફરીથી આ મનુષ્ય ભવ પામી શકે નહીં એવો દુર્લભ છે. ૨.

## ધાન્ય દૃષ્ટાંત ૩.

આખા ભરતક્ષેત્રમાં સારી વૃષ્ટિ થવાથી સર્વ જાતનાં ધાન્ય ઉપદ્રવ રહિતપણે પુષ્કળ પાક્યાં હોય. તે સર્વ ધાન્યનો કોઈ એક ઠેકાણે મોટો ઢગલો કરે, તેમાં એક પ્રસ્થ સરસવ નાંખી તેને ભેળસેળ કરે પછી એક અતિ વૃદ્ધા સ્ત્રીને કહે કે–''આ સર્વ ધાન્યથી એક-એક સરસવને જુદા કરી આપ.'' તો તે વૃદ્ધા કોઈ કાળે પણ તેમ કરી શકે નહીં. પરંતુ કદાચ તે પણ કોઈ દિવ્ય પ્રભાવથી તેમ કરી શકે, પણ આ મનુષ્ય જન્મને હારી ગયેલો જીવ ફરીથી મનુષ્ય ભવ મેળવી શકે નહીં. ૩.

## દ્યૂત દૃષ્ટાંત ૪.

રત્નપુર નગરમાં શતાયુધ નામે રાજા હતો. તેને એક પુત્ર હતો. યુવાવસ્થાન પામ્યો ત્યારે તેણે વિચાર કર્યો કે—''મારા પિતાને મારીને હું રાજ્યનો સ્વામી થાઉં.'' આવો તેનો વિચાર જાણીને મંત્રીએ રાજાને જણાવ્યું. પછી તે યુવરાજ જ્યારે રાજાને પ્રણામ કરવા આવ્યો ત્યારે તેણે કહ્યું કે—''હે કુમાર ! હવે હું વૃદ્ધ થયો છું, રાજ્યનો ભાર ઉપાડવા શક્તિમાન નથી, તેથી તને રાજ્ય સોંપવા ઇચ્છું છું, પરંતુ આપણા કુળની મર્યાદા એવી છે કે—જે રાજા પોતાના પુત્રને રાજ્ય આપવા ચાહે, અથવા પુત્ર પોતે પિતા પાસેથી રાજ્ય લેવા ચાહે, તો તે પુત્રે દ્યૂતમાં રાજાને જીતવો જોઈએ જો તેમ ન કરે તો કુળદેવી તેના પર કોપાયમાન થાય છે. તે દ્યૂતની રીતિ આ પ્રમાણે છે—આ સભામાં એકસો ને આઠ સ્તંભો છે, તેમાં દરેક સ્તંભે એકસો આઠ આઠ હાંસો છે. મારી સાથે દ્યૂત રમતાં જો આંતરા રહિત એકસો આઠ વાર મને તું જીતે તો એક સ્તંભની એક હાંસ તેં જીતી કહેવાય, એ પ્રમાણે અનુક્રમે એકસો આઠ હાંસ જીતવાથી એક સ્તંભ જીત્યો ગણાય. એ રીતે એકસો આઠ સ્તંભનો વિજય કરવાથી તત્કાળ હું તને રાજ્ય આપીશ પરંતુ આ દ્યૂત રમતાં એક વાર પણ હું જીતું અને તું હારે તો પ્રથમની જીતેલી સર્વ હાંસો અને સ્તંભો નકામા થાય. એટલે પાછું પહેલેથી રમીને મને જીતવો જોઈએ.'' આ પ્રમાણે પિતાનું વચન સાંભળી યુવરાજે વિચાર કર્યો કે—''જો દ્યૂતમાં જીતવાથી જ રાજ્ય મળી શકતું હોય તો પિતાને હણવાનું પાપ શા માટે કરવું જોઈએ ?'' એમ વિચારી તે રાજા સાથે દ્યૂત રમવા લાગ્યો. પરંતુ ઉપર જણાવેલી શરત પ્રમાણે સર્વ સ્તંભો જીતી તે કુમાર રાજ્યને મેળવે તેવો સમય શી રીતે આવે ? આવે જ નહીં. પરંતુ કદાચ દેવના પ્રભાવથી તે સર્વ સ્તંભોને જીતી કુમાર રાજ્ય મેળવે, પણ પ્રમાદથી ગુમાવેલો મનુષ્ય ભવ તો ફરીથી પ્રાપ્ત થઈ શકે જ નહીં. ૪.

## રત્ન દૃષ્ટાંત ૫.

ધનસમૃદ્ધ નામના નગરમાં ધનદ નામે એક વણિક રહેતો હતો. તે ઘણાં રત્નોનો સ્વામી હતો. ઉપરાંત ઘણો વેપાર કરીને ઉપાર્જન કરેલા ધન

વડે તે રત્નો જ એકઠાં કરતો હતો. પોતાની પાસે કેટલું ધન છે તે પોતાના પુત્રને પણ કહેતો નહોતો. એકદા તે વેપાર કરવા પરદેશ ગયો. પાછળથી તેના પુત્રોએ વિચાર્યું કે–''પિતા તો કેવળ કમાઈને રત્નો જ એકઠાં કરે છે. બીજા ધનાઢ્યો પોતાના ધવલગૃહ ઉપર પોતાની મેળે જ જેટલા ક્રોડ દ્રવ્ય હોય તેટલા ધ્વજ બાંધી લક્ષ્મીનો વિલાસ કરે છે. પિતાએ તો અસંખ્ય ધન છતાં તેવું કાંઈ કર્યું નહીં, તેથી આપણે સર્વ રત્નો વેંચી જેટલા ક્રોડ થાય તેટલી ધ્વજા બાંધીએ.'' ઇત્યાદિ વિચાર કરી રત્નોના મૂલ્યને નહીં જાણતા હોવાથી તે પુત્રોએ જે રીતે માંગનાર મળે તે રીતે રત્નો વેચવા માંડ્યાં.

આ વાત સાંભળી જુદા જુદા દેશાવરોથી અનેક વેપારીઓએ આવી જેવું તેવું મૂલ્ય આપી રત્નો ખરીદ કર્યાં અને પોતપોતાના દેશમાં ચાલ્યા ગયા. એ રીતે કેટલેક કાળે સર્વ રત્નો વેચી નાંખ્યા. અને પોતાના ઘર ઉપર પુત્રોએ કોટિ પ્રમાણ ધ્વજો બાંધ્યા. પછી કેટલેક કાળે તેનો પિતા ઘેર આવ્યો. તો કોટિધ્વજો કોઈ સર્વ હકીકત જાણી તે અત્યંત કોપ પામ્યો. તેણે પુત્રોને કહ્યું કે–''હે દુષ્ટો ! લક્ષ્મીનો નાશ કરનારા ! મારા ઘરમાંથી નીકળો. અને તે સર્વ રત્નો લઈને પછી મારે ઘેર આવજો.'' એમ કહી તેમને કાઢી મૂક્યા. તે છોકરાઓ દેશાવરમાં રત્નોની શોધ કરવા માટે ફરવા લાગ્યા. પરંતુ તે રત્નો તેમને શી રીતે મળે ? ન જ મળે. કદાચ કોઈ દેવના પ્રભાવથી તે સર્વ રત્નો તેઓ પામી શકે, પરંતુ પ્રમાદથી ગુમાવેલો મનુષ્યભવ ફરીથી પામી શકાય નહીં. ૫.

## સ્વપ્ન દૃષ્ટાંત ૬.

આ ભરતક્ષેત્રમાં ગૌંડદેશમાં પાટલીપુત્ર નામનું નગર છે. તેના રાજાને મૂળદેવ નામે પુત્ર હતો. તે રૂપમાં કામદેવ જેવો, ઉદાર, સર્વ કળામાં કુશળ, શૂરવીર, બુદ્ધિમાન, પ્રિય વચન બોલનાર અને ધૂર્તવિદ્યાનો નિધાન હતો. તે સર્વ ગુણો વડે અલંકૃત હતો, છતાં તેનામાં દ્યૂતનો એક મોટો દોષ હતો. રાજા વગેરેએ વારંવાર કહ્યા છતાં પણ તેણે તે વ્યસન મૂક્યું નહીં, તેથી રાજો તેનો તિરસ્કાર કર્યો, એટલે તે મૂળદેવ ત્યાંથી નીકળી ફરતો ફરતો ઉજ્જયિની નગરીએ ગયો. ત્યાં જાદુઈ ગુટિકાના પ્રયોગથી

વામનરૂપ ધારણ કરી કળાઓ વડે સર્વ લોકોનું મનોરંજન કરી તે આખી નગરીમાં પ્રસિદ્ધ થયો. તે નગરીમાં સર્વ કળાઓમાં નિપુણ અને રૂપમાં ઉર્વશી જેવી દેવદત્તા નામની વેશ્યા રહેતી હતી. તે વેશ્યાના કલાકુશળતાનો ગર્વ દૂર કરવા કોઈ પણ કળાવાન સમર્થ નહોતો. તે વૃત્તાંત જાણી મૂળદેવ તેના ઘરની નીચે રસ્તાપર તેણીનું મન હરવા માટે સંગીત કરવા લાગ્યો. તેનું મનોહર સંગીત સાંભળી દેવદત્તા અમૃતના પૂર વડે જાણે ભીંજાઈ હોય તેમ આનંદ પામી. આવું અપૂર્વ મધુર ગીત કોણ ગાય છે ? તે જોવા માટે તેણે પોતાની દાસીને મોકલી. તે દાસી જોઈને પાછી આવી અને દેવદત્તાને કહ્યું કે—''હે સ્વામિની ! કોઈ ગંધર્વ જેવો વામન પુરુષ ગીત ગાય છે. કસ્તુરીની જેમ તે રૂપવાન નથી, છતાં મનોહર છે.'' તે સાંભળી તેને બોલાવવા માટે દેવદત્તાએ માગધિકા નામની પોતાની કુબ્જા દાસીને મોકલી. તેણીએ વામન પાસે જઈને કહ્યું કે—''હે કળાનિધિ ! અમારી સ્વામિની દેવદત્તા તમને વિનંતી કરે છે કે તમે પ્રસન્ન થઈને મારે ઘેર પધારો.'' તે સાંભળી મૂળદેવે કહ્યું કે—''હે કુબ્જા ! હું તે ઘેર નહીં આવું. કારણ કે બુદ્ધિમાન માણસોને માટે ગણિકાના સંગનો નિષેધ કરેલો છે.'' આ પ્રમાણે તેના કહ્યા છતાં પણ તે દાસી તેની ઘણી ખુશામત તથા આગ્રહ કરી તેનો હાથ પકડી દેવદત્તાના ઘર તરફ તેને લઈ ગઈ, મૂળદેવ તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો. થોડેક ગયા પછી માર્ગમાં જ તે કુબ્જાદાસીને એક થપાટ મારી મૂળદેવે વિદ્યાના પ્રભાવથી સરળ અને મનોહર રૂપાળી કરી દીધી. તેથી અત્યંત વિસ્મય અને આનંદ પામતી તે દાસી તેને ગણિકાના મહેલમાં લઈ ગઈ. તેને જાઈ દેવદત્તા પણ અતિ હર્ષ પામી.

તે વામનનું લાવણ્ય જોઈ આશ્ચર્ય પામેલી દેવદત્તાએ તેને મોટા આસન પર બેસાડ્યો. કુબ્જિકાએ પોતાનું શરીર બતાવીને તેની વાત દેવદત્તાને કહી બતાવી. તે સાંભળી દેવદત્તાએ તેને દેવ તરીકે માન્યો. મૂળદેવે ચતુરાઈ ભરેલી વાતચીત વડે તે દેવદત્તાનું મન તત્કાળ પોતાને વશ કરી લીધું. તેટલામાં કોઈ વીણા વગાડનાર ત્યાં આવ્યો, તે દેવદત્તાની આજ્ઞાથી વીણા વગાડવા લાગ્યો. તે સાંભળી દેવદત્તા ખુશી થઈ તેની પ્રશંસા કરવા લાગી, ત્યારે વામન હસીને બોલ્યો કે—''આ અવંતી નગરીના લોકો

બહુ વિચક્ષણ જણાય છે, તેથી શુભાશુભનો તફાવત જલ્દી જાણી જાય છે." તે સાંભળી દેવદત્તા શંકા પામી બોલી કે–"હે મહાત્મા ! આમાં કાંઈ ભૂલ છે કે જેથી તમે આવું મર્મ વચન બોલો છો ?" તે બોલ્યો કે–"તમારા જેવાને તો આમાં કાંઈ ન્યૂનતા લાગતી નથી. પરંતુ વીણાનો વંશ શલ્ય સહિત છે અને તેની તંત્રી (તાંત) ગર્ભવાળી છે." તે સાંભળી દેવદત્તાએ તેની ખાતરી કરી આપવા કહ્યું. એટલે તેણે તંત્રીમાંથી કેશ અને વંશમાંથી પત્થરનો કાંકરો કાઢી દેવદત્તાના હાથમાં આપ્યો. પછી તેણે તે વીણા સરખી કરીને વગાડી. તે સાંભળી દેવદત્તા પણ તન્મય થઈ ગઈ, તેટલું જ નહીં પણ તેના ઘરની પાસે એક હાથણી નિરંતર ચિત્કાર કરતી હતી, તે પણ આ વીણાનો સ્વર સાંભળી શાંત થઈ ગઈ. ત્યારપછી દેવદત્તા હર્ષની ઉર્મિથી બોલી કે–"હે કળાવાન ! તમે આ વીણા વગાડીને સરસ્વતી, તુંબરુ અને નારદ એ સર્વને જીતી લીધા છે." આમ દેવદત્તાએ તેની ઘણી પ્રશંસા કરી. પછી તે વીણાવાદક પણ તેને પગે પડી બોલ્યો કે–"હે દક્ષ ! મારા પર કૃપા કરી મને વીણા વગાડતાં શીખવો." ત્યારે તે ધૂર્તરાજ મૂળદેવે કહ્યું કે–"હું પણ બરાબર વીણા વગાડી જાણતો નથી. પરંતુ પાટલીપુર નગરમાં વિક્રમસેન નામે એક કળાચાર્ય છે, તે બરાબર જાણે છે અને હું તથા રાજપુત્ર મૂળદેવ તેના આશ્રયથી કાંઈક જાણીએ છીએ."

આ પ્રમાણે વાત કરે છે તેવામાં દેવદત્તાને ઘેર વિશ્વભૂતિ નામના નાટ્યાચાર્ય આવ્યા. ત્યારે દેવદત્તાએ વામનને કહ્યું કે–"આ નાટ્યાચાર્ય ભરતના જેવા જ છે." વામને કહ્યું કે–"તમે તેની પાસે શીખ્યા છો તેથી તમને તેવા જ લાગે, પરંતુ તેનું ખરું સ્વરૂપ હવે જણાશે." એમ કહી વામને તે વિશ્વવિભૂતિને ભરત–નાટ્ય સંબંધી કેટલાક પ્રશ્ન કર્યા, પરંતુ "આ વામન મૂર્ખ શું સમજે ?" એમ ધારી તેણે તેની અવગણના કરી. પછી તે વિશ્વભૂતિ પોતે જ ભરતની વ્યાખ્યા કરવા લાગ્યો. તેમાં તે વામન પૂર્વાપરનો વિરોધ દેખાડવા લાગ્યો. ત્યારે તેણે ગુસ્સો કરીને તેને કાંઈક અનુચિત વચન કહ્યું; તે સાંભળી મૂળદેવે હસીને કહ્યું કે–"હે રંગાચાર્ય ! સ્ત્રીઓને વિષે જ તમારો કોપ ચાલી શકે, બીજે ઠેકાણે નહીં." તે સાંભળી તે લજ્જા પામી મૌન રહ્યો. તે જોઈ સ્નેહ ભરેલી દૃષ્ટિ વડે વામનની સન્મુખ

જોઈ દેવદત્તા વિશ્વભૂતિની લજ્જા દૂર કરવા બોલી કે–''હમણાં કાર્યની આકુળતાને લીધે તમારું ચિત્ત સ્વસ્થ નથી, તેથી આપને પૂછેલા પ્રશ્નનો જવાબ પછી વિચારીને આપજો.'' તે સાંભળી વિશ્વભૂતિએ કહ્યું–''હે દેવદત્તા ! નાટ્યનો સમય થઈ ગયો છે, તેથી હું જાઉં છું.'' એમ કહી તે વિશ્વભૂતિ ત્યાંથી ગયો.

પછી દેવદત્તાએ તે વીણાવાદકને પણ રાજા આપી. ભોજનનો સમય થવાથી દાસીને કહ્યું કે–''અમને બંનેને સ્નાન કરાવવા માટે કોઈ અંગમર્દકને બોલાવ.''ત્યારે વામને કહ્યું કે–''જો તમારી ઈચ્છા હોય તો હું જ અભ્યંગન=માલીશ કરું.'' દેવદત્તાએ કહ્યું–''હે દક્ષ ! એ પણ તમે જાણો છો ?'' વામને કહ્યું–''જાણતો નથી, પણ જાણનારની પાસે રહેલો છું.'' પછી દેવદત્તાના કહેવાથી દાસીએ તેલ આપ્યું. તે વડે અપૂર્વ અભ્યંગન કરી વામને દેવદત્તાને વશ કરી લીધી. પછી દેવદત્તા તેનું સર્વ માહાત્મ્ય પ્રભાવ જોઈ આ અસાધારણ મનુષ્ય છે એવો નિશ્ચય કરી તેના પગમાં પડીને બોલી કે–''હે ભાગ્યવંત ! આ સર્વ કળાઓથી સિદ્ધ થાય છે કે તમે કોઈ સિદ્ધ પુરુષ છો. સામાન્ય જનમાં આવા ગુણો અને આવી કળાઓ હોતી નથી, તો તમારું ખરું સ્વાભાવિક રૂપ જોવા મારું મન ઉત્કંઠિત છે, તેથી આ માયાનો ત્યાગ કરી મારા પર કૃપા કરી તમારું ખરું સ્વરૂપ બતાવો.'' આ રીતે દેવદત્તાના અત્યંત આગ્રહથી મૂળદેવે ગુટિકાના પ્રયોગથી પોતાનું મૂળ રૂપ પ્રગટ કર્યું. દૃષ્ટિરૂપી ચકોરને આનંદિત કરતાં ચંદ્રસમાન તે લાવણ્યના સમુદ્રને જોઈ રોમાંચિત થયેલી દેવદત્તા વિસ્મય પામી. પછી 'મારા પર મોટી કૃપા કરી.' એમ કહી દેવદત્તાએ જાતે તેના શરીરે અભ્યંગન કર્યું.

એ રીતે બંનેએ સાથે જ સ્નાન ભોજન વગેરે કરી ગોષ્ઠી કરવા માંડી. તેમાં દેવદત્તા બોલી કે–''હે નાથ ! મેં લાખો ચતુર પુરુષો જોયા છે, પણ તમારા વિના બીજા કોઈએ મારું ચિત્ત હર્યું નથી, તેથી હું એક જ પ્રાર્થના કરું છું કે જેવી રીતે તમે મારા ચિત્તમાં વસ્યા છો, તેવી જ રીતે મારા ઘરમાં પણ તમારે રહેવું.'' આવાં પ્રેમનાં વચનો સાંભળી મૂળદેવ બોલ્યો કે–''હું નિર્ધન છું તથા પરદેશી છું. મારા પર આટલો બધો આગ્રહ રાખવો તમને યોગ્ય નથી. કારણ કે સર્વ મનુષ્યને ધન ઉપર પ્રેમ હોય છે, તેમાં

પણ વેશ્યાજનને તો ધન ઉપર પ્રેમ ઘણો જ હોય છે." ઈત્યાદિક તેના વચનો સાંભળી વેશ્યા બોલી કે–''ગુણીજનોને પ્રેમનું કારણ ધન હોતું નથી, પણ ગુણ જ પ્રેમનું કારણ હોય છે. ધન તો બાહ્ય પદાર્થ હોવાથી ધનિક લોકો એને બહારથી જ સ્પર્શ કરે છે, પણ અમારા ચિત્તમાં તો કળાવાન જ પ્રવેશ કરે છે. તેથી તમારે કૃપા કરીને હંમેશાં મારે ઘેર રહેવું.'' આ પ્રમાણે આગ્રહ કરી તેને પોતાનું વચન અંગીકાર કરાવ્યું. પછી પરસ્પર પ્રીતિવાળા તે બંને હંમેશાં વિવિધ પ્રકારની ક્રીડા કરવા લાગ્યા.

એક વાર દેવદત્તા મૂળદેવને સાથે લઈ રાજસભામાં નૃત્ય કરવા ગઈ. ત્યાં મૂળદેવે મનોહર પટહ=ઢોલ વગાડી તેની પાસે અતિ સુંદર નૃત્ય કરાવ્યું. તે જોઈ રાજાએ પ્રસન્ન થઈ દેવદત્તાને વરદાન માંગવાનું કહ્યું. તે વરદાન દેવદત્તાએ રાજા પાસે જ થાપણરૂપે રાખવા કહ્યું. ત્યારપછીથી મૂળદેવ ઉપર વધારે આસક્ત થઈ અને નિરંતર તેની સાથે સુખ ભોગવવા લાગી. અહીં પણ વેશ્યાએ ઘણી રીતે સમજાવ્યા છતાં પણ દ્યૂતનું વ્યસન મૂળદેવે મૂક્યું નહીં.

તે નગરીમાં અચળ નામનો એક સાર્થવાહ રહેતો હતો. તે મૂળદેવથી પહેલાં દેવદત્તામાં આસક્ત હતો. તેથી તે જે જે માગતી હતી તે તે સર્વ ધનાદિક આપતો હતો. ''રાગીજન પોતાના પ્રાણોને પણ આપી દે છે તો ધનનું શું કહેવું ? હવે મૂળદેવ દેવદત્તા પાસે દરરોજ આવે છે એમ જાણી અચળ તેના પર ક્રોધ પામ્યો, અને નિરંતર તેનાં છિદ્ર જોવા લગ્યો. અચળની બીકથી તે ધૂર્ત મૂળદેવ ગુપ્ત રીતે જ વેશ્યાને ઘેર જવા આવવા લાગ્યો. એક વાર અક્કા=વેશ્યાની માતાએ દેવદત્તાને કહ્યું કે–''આ મૂળદેવ જુગારી અને ધન રહિત છે, તેને તું છોડી દે અને ઘણું ધન આપનાર અચળમાં જ અચળ રાગવાળી થા. એક મ્યાનમાં બે તલવાર કદાપિ રહી શકશે નહીં.'' દેવદત્તાએ કહ્યું–''હે માતા ! હું કેવળ ધન ઉપર જ રાગવાળી નથી, ગુણ ઉપર મારો રાગ વધારે છે." અક્કાએ ઘણું સમજાવ્યા છતાં દેવદત્તાએ મૂળદેવને તજ્યો નહીં. ત્યારે તે અક્કા તેણી ઉપર કોપ પામી, તેથી દેવદત્તા મૂળદેવને માટે ચંદન માંગતી ત્યારે અક્કા તેને સુકું કાષ્ઠ આપતી, પુષ્પની માળાને બદલે નિર્માલ્ય=ઉતરેલાં ફુલો આપતી,

શેરડીને બદલે તેનું પુંછડીયું આપતી અને મદીરાને બદલે પાણી આપતી. તે જોઈ દેવદત્તા અક્કાને પૂછતી કે—"આ શું ?" ત્યારે તે જવાબ આપતી કે—"આ તારો પ્રિય મૂળદેવ જેવો નિરસ છે, તેવી જ આ વસ્તુઓ પણ તેને લાયક (નીરસ) છે. તેથી તું તેને છોડી દે." દેવદત્તાએ કહ્યું કે—"હે માતા ! તમે મૂળદેવની પરીક્ષા કર્યા વિના જ કેમ આમ બોલો છો ?" અક્કાએ કહ્યું કે—"તો પરીક્ષા કરી બતાવ."

પછી પરીક્ષાને માટે દેવદત્તાએ દાસી મોકલીને અચલ પાસે શેરડી માંગી, ત્યારે તેણે એક ગાડું ભરીને શેરડી મોકલી. તે જોઈ અક્કાએ તેની ઉદારતાની પ્રશંસા કરી, ત્યારે દેવદત્તા બોલી કે—"હે માતા ! હું હાથણી હોઉં તો આવી સમર્યા વિનાની અને આટલી બધી શેરડી મોકલવી યોગ્ય છે." એમ કહી મૂળદેવની પરીક્ષા માટે તેની પાસે પણ દાસી મોકલી, શેરડી માંગી ત્યારે મૂળદેવે શેરડીના પાંચ છ સાંઠા લઈ મૂળનો ભાગ અને પુંછડીયાનો ભાગ કાઢી નાંખી વચ્ચેનો ભાગ લઈ તેને બરાબર છોલી તેમાંથી ગાંઠા કાઢી નાંખી બબ્બે આંગળના કકડા કરી તે ગંડેરીને કર્પૂરથી સુવાસિત કરી તેમાં બીજા પણ સુગંધિત પદાર્થો ચડાવી દરેક કકડો સોય ઉપર પરોવી એક રકાબીમાં નાંખી તેના ઉપર સુંદર વસ્ત્ર ઢાંકી દાસી સાથે તે કકડા મોકલ્યા. તે જોઈ હર્ષ પામી દેવદત્તાએ માતાને કહ્યું કે—"હે માતા ! કાચ અને મણિની જેમ આ બંનેનું અંતર જુઓ."

પછી અક્કાએ વિચાર કર્યો કે—"આ પુત્રી મૂળદેવને છોડશે નહીં." તેથી હું એવો કોઈ ઉપાય કરું કે આ ધૂર્ત એની મેળે આ નગર છોડીને ચાલ્યો જાય અને ફરીને આવે જ નહીં." એમ વિચારી અક્કાએ અચળને કહ્યું કે—"તમે પરગામ જવાનું દેવદત્તાને કહી તમારે ઘેર રહેજો. પછી મૂળદેવ અહીં આવશે, ત્યારે હું તમને ખબર આપીશ. એટલે તમે સુભટો સહિત આવીને તેનું એવું અપમાન કરજો કે ફરીથી તે ધૂર્ત અહીં આવે જ નહીં." એ રીતે સંકેત કરી તે જ પ્રમાણે અચલ તેણીને "હું પરગામ જાઉં છું." એમ કહી દેવદત્તાને ઘણું ધન વગેરે આપી પોતાના ઘેર ગયો. પછી અચળને પરગામ ગયેલો સમજી દેવદત્તાએ નિઃશંકપણે મૂળદેવને બોલાવ્યો અને બંને સુખ ભોગવવા લાગ્યાં. તેટલામાં અક્કાના સંકેતથી અચળ પણ

સુભટોને સાથે લઈ તત્કાળ તેને ત્યાં આવ્યો. તેને આવતો જોઈ દેવદત્તાએ તે ખબર મૂળદેવને આપ્યા, એટલે તે ભયભીત થઈ તે જ પલંગની નીચે સંતાઈ ગયો. અચળે આવી અક્કાના કહેવાથી મૂળદેવને પલ્યંકની નીચે રહેલો જાણી તે જ પલંગ પર બેસી દેવદત્તાને કહ્યું કે–''મને એવી જાતનું સ્વપ્ન આવ્યું કે તેથી તેને સત્ય કરવા માટે મારે આ પલંગ પર બેઠા બેઠા જ સ્નાનાદિક કરવું.'' દેવદત્તાએ તેને સ્નાન કરવાના બાજોઠ પર બેસવાનું ઘણી રીતે કહ્યું, તો પણ તે માન્યો નહીં. ત્યારે ''પલંગ તળાઈ વગેરે કિંમતી વસ્તુ ખરાબ થશે.'' એમ દેવદત્તાએ કહ્યું ત્યારે તે બોલ્યો કે–''એનાથી પણ વધારે સારી વસ્તુઓ હું લાવી આપીશ.'' ત્યારે અક્કાએ પણ અચળના કહેવા પ્રમાણે કરવાનું કહ્યું, તેથી પરાધીન થયેલી દેવદત્તાએ પોતે તેને અભ્યંગ વગેરે કરીને સ્નાન કરાવ્યું, તેનાથી મૂળદેવનું આખું શરીર કાદવવાળું થયું. તેણે વિચાર્યું કે–''અહો ! મારે માથે કેવી આપત્તિ આવી ? અથવા કામી પુરુષ શી શી આપત્તિ ન પામે ? હવે મારે શું કરવું ?'' વગેરે વિચાર કરી તે મૂળદેવ મૂઢ બની ગયો.

તે વખતે અક્કાનાં સંકેતથી અચળે પોતાના સુભટો ચોતરફ રાખી મૂળદેવને કેશથી પકડી બહાર કાઢીને કહ્યું કે–''અરે મૂઢ ! બોલ, અત્યારે તારું કોણ શરણ છે ? અતુલ ધન આપી મેં સ્વીકાર કરેલી આ ગણિકાની સાથે ક્રીડા કરનારાં તને હવે હું શું કરું ? કહે.'' તે સાંભળી ચોતરફ ઉભેલા સુભટોને જોઈ મૂળદેવે વિચાર કર્યો કે–''અત્યારે બળ દેખાડવાનો સમય નથી.'' એમ વિચારી તે બોલ્યો કે–''સાર્થવાહ ! તને જે રુચે તે કર.'' તે સાંભળી અચળે વિચાર્યું કે–''આ કોઈ મહાપુરુષ છે. સત્પુરુષને પણ આ સંસારમાં વિપત્તિ આવવી સુલભ છે. દૈવયોગે આની આવી અવસ્થા થઈ છે, તો પણ તેનો નિગ્રહ કરવો યોગ્ય નથી.'' વગેરે વિચારી તેણે મૂળદેવને કહ્યું કે–''આવી અવસ્થામાં આવ્યા છતાં હું તને છોડી દઉં છું, તારે પણ કોઈ વખત અવસરે મારો ઉપકાર કરવો.'' એમ કહીને તેને છોડી દીધો.

મૂળદેવ પણ તરત જ ત્યાંથી નીકળી નગરી બહાર તળાવે જઈ વસ્ત્રો ધોઈ સ્નાન કરી સ્વસ્થ થઈ વિચાર કરવા લાગ્યો કે–''અચળે મને કપટથી છેતર્યો છે, તેથી હું પણ ક્યાંક જઈને તેનું વેર લેવાનો ઉપાય કરું.''

એમ વિચારી મૂળદેવ માર્ગમાં આવતા મોટા અરણ્યને એક બ્રાહ્મણની સહાયથી પાર કરી બેન્નાતટ નગર તરફ ચાલ્યો. અરણ્ય ઉતરતાં તેની પાસે કાંઈ ભાતું નહીં હોવાથી તે એકલપેટા બ્રાહ્મણે પણ તેને ખાવાનું નહીં આપવાથી અત્યંત ક્ષુધા વડે પીડા પામતો તે આગળ ચાલ્યો. માર્ગમાં કોઈ એક ગામ આવ્યું, તે ગામમાં ભિક્ષાને માટે તે ઘણું ભમ્યો, ત્યારે તે એકલા અડદ જ મળ્યા. તે લઈને તે ગામ બહાર જળાશય ઉપર આવ્યો. તેવામાં તપના તેજથી સૂર્યની જેવી કાંતિવાળા અને શાંત ચિત્તવાળા એક મુનિને માસોપવાસને પારણે ગામ સન્મુખ જતા કોઈ મૂળદેવે હર્ષ પામી વિચાર્યું કે—''આ સમયે મને મુનિના દર્શન થયા તેથી હું ભાગ્યવાન છું. મરુદેશમાં કલ્પવૃક્ષની જેમ આવા સ્થાને આવા મહામુનિ મળવા અત્યંત દુર્લભ છે. આ કૃપણ ગામમાં આ મુનિને ભિક્ષા મળી શકશે નહીં. કારણ કે મેં આમ તેમ પુષ્કળ ભમીને મહા મુશ્કેલીથી આટલા કુલ્માષ મેળવ્યા છે. તો આ વિશુદ્ધ કુલ્માષ આ મુનિને આપી મારા વિવેક વૃક્ષને હું સફલ કરું, હું તો પછી ગમે ત્યાં ભમીને ફરીથી કાંઈક ભોજન મેળવીશ.

આ પ્રમાણે વિચારી ભક્તિથી તેણે તે કુલ્માષ તે મુનિને વહોરાવ્યા. મુનિએ પણ શુદ્ધ જાણીને લીધા. તે વખતે મૂળદેવની અતિ ભક્તિ જાણી પાસે રહેલી કોઈ દેવીએ તેને કહ્યું કે—''હે વત્સ ! સાધુની ભક્તિ કરતાં તેં ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું છે. તો તું ઇચ્છિત વરદાન માગ.'' ત્યારે મૂળદેવ હર્ષ પામી બોલ્યો કે—''દેવદત્તા વેશ્યા અને હજાર હાથીવાળું રાજ્ય મને આપો.'' દેવીએ કહ્યું—''તે તને શીઘ્રપણે મળશે.'' પછી મુનિને નમી ગામમાં જઈ ફરી ભિક્ષા માગી, જે મળ્યું તે ખાઈને મૂળદેવ આગળ ચાલ્યો. અનુક્રમે તે બેન્નાતટ નગરમાં ગયો ત્યાં ધર્મશાળામાં ઘણા મુસાફરો સાથે સૂતો. રાત્રિને છેલ્લે પહોરે નિર્મળ કાંતિવાળો પૂર્ણચંદ્ર તેણે પોતાના મુખમાં પ્રવેશ કરતો સ્વપ્નમાં જોયો. તે જ વખતે તેવું જ સ્વપ્ન એક કાર્પટિકે પણ જોયું. જાગ્યા પછી તે કાર્પટિકે બીજાઓને સ્વપ્નનું ફળ પૂછ્યું, ત્યારે તેઓએ કહ્યું કે—''તને આજે ઘી સહિત ખાંડ અને માંડા મળશે.'' તેટલાથી જ તે સંતોષ પામ્યો.

મૂળદેવ તો પ્રાતઃકાળે ઊઠી કોઈ માળીનું કામ કરી માળી પાસેથી

પુષ્પફળ લઈ નગરમાં કોઈ વિદ્વાન નિમિત્તિયા પાસે ગયો. તેને નમી પુષ્પફળ તેની પાસે મૂકી પોતાનું સ્વપ્ન નમ્રતાથી તેને જણાવ્યું. એટલે તે નિમિત્તિયાએ તેને કહ્યું કે—''હું શુભવેળાએ આ સ્વપ્નનું ફળ તમને કહીશ. પરંતુ આજે તમે મારા અતિથિ થાઓ.'' એમ કહી તેને ભોજન કરાવી તે પંડિતે આગ્રહથી પોતાની પુત્રી તેને પરણાવી. પછી કહ્યું કે—''આ સ્વપ્નથી તમે સાત દિવસમાં રાજ્ય મેળવશો.'' તે સાંભળી હર્ષ પામી મૂળદેવ તેના આગ્રહથી તને જ ઘેર સુખેથી રહ્યો. પાંચમે દિવસે મૂળદેવ નગરની બહાર ચંપક વૃક્ષની નીચે જઈ સુખે સુતો હતો. તે વખતે તે જ નગરનો અપુત્ર રાજા મરણ પામવાથી મંત્રીઓએ હસ્તી વગેરે પાંચ દિવ્યો કર્યા, તે નગરમાં ભમી ભમી કોઈ લાયક નહીં જોવાથી નગર બહાર જઈ, સ્થિર રહેલી ચંપકની છાયામાં મૂળદેવને સૂતેલો જોઈ, અશ્વે હેંષારવ કર્યો, હસ્તીએ ગર્જના કરી, કળશે તેના પર અભિષેક કર્યો, ચામરો તેને વીંઝવા લાગ્યા, અને શ્વેત છત્ર તેના મસ્તક પર ધારણ થયું. સારા સ્વામિની પ્રાપ્તિથી હર્ષ પામી લોકોએ જય જયકાર કર્યો. પછી હસ્તીએ તેને પોતાના સ્કંધ પર બેસાડ્યો. એ રીતે તેણે નગર પ્રવેશ કર્યો. રાજસભામાં લઈ જઈ તેને સિંહાસન પર બેસાડી મંત્રી અને સામંતોએ રાજ્યાભિષેક કર્યો. તે વખતે દેવીએ આકાશવાણી કરી કે—''દેવતાના પ્રભાવથી આ રાજા થયો છે, માટે આ પરાક્રમી રાજાને સૌએ માન્ય કરવો. જો કોઈ તેની આજ્ઞા નહીં માને તો હું તેનો નિગ્રહ કરીશ.'' તે સાંભળી સર્વ ભય પામી, તેની ભક્તિમાં તત્પર થયા પછી તે રાજાએ ઉજ્જયિની નગરીના વિચારધવલ રાજાને ભેટણું મોકલી તેની સાથે પ્રીતિ બાંધી.

આ બાજુ મૂળદેવ ગયા પછી તેની અત્યંત વિટંબણા થયેલી જોઈ કોપ પામેલી દેવદત્તાએ તિરસ્કારપૂર્વક અચળને કહ્યું કે—''શું તું મને પરણેલી સ્ત્રી ધારે છે ? કે જેથી મારે ઘેર આવું અયોગ્ય કૃત્ય કરે છે ? આજ પછી તારે મારે ઘેર બિલકુલ આવવું નહીં.'' એમ કહી તેને કાઢી મૂકી પોતે તત્કાળ રાજા પાસે ગઈ. તેણે રાજાને કહ્યું કે—''મારું થાપણ રાખેલું વરદાન આપો.'' રાજાએ કહ્યું—''તારી ઇચ્છા પ્રમાણે માંગ.''ત્યારે તેણે માંગ્યું કે—''મારે ઘેર મૂળદેવ વિના બીજા કોઈ પુરુષને આપે મોકલવો નહીં, અને

મારે ઘેર જે અચળ આવે છે તેને આવતો અટકાવવો.'' રાજાએ કહ્યું—''તે પ્રમાણે થાઓ.'' પરંતુ તેનું કારણ મને કહે.'' ત્યારે તેણીએ પ્રથમનો સમગ્ર વૃત્તાંત કહ્યો. તે સાંભળી કોપ કરી અચળ સાર્થવાહને રાજાએ બોલાવી કહ્યું કે—''અરે ! શું આ નગરીનો સ્વામી તું છે ? કે જેથી આવું બળ કરે છે ? દેવદત્તા અન મૂળદેવ કે જે મારા રાજ્યના રત્નો છે, તેમનું મેં અપમાન કર્યું, તેથી હું તને હમણાં જ યમરાજને ઘેર પહોંચાડું છું.'' તે સાંભળી દેવદત્તાએ કહ્યું—''હે સ્વામી ! આ ક્ષુદ્રને મારવાથી શું ફળ છે ? માટે તેને છોડી મૂકો.'' એમ કહી તેને છોડાવ્યો. ત્યારે રાજાએ તેને ફરીથી કહ્યું કે—''આ દેવદત્તાના કહેવાથી અત્યારે તને મુક્ત કરું છું. પરંતુ મૂળદેવ અહીં આવશે ત્યારે જ તારી શુદ્ધિ થશે, એટલે તું છૂટીશ.'' ત્યારપછી અચળે મૂળદેવની ઘણી શોધ કરી, પણ તે તેને શોધી શક્યો નહીં. તેથી રાજાના ભયથી તે કરીયાણાં લઈને પારસકૂળ દેશમાં ચાલ્યો ગયો.

આ બાજુ મૂળદેવ દેવદત્તા વિના આખા રાજ્યને નીરસ માનવા લાગ્યો. તેથી એક લેખ લખી પોતાના દૂતને દેવદત્તા પાસે મોકલ્યો. દૂતે અવંતીમાં જઈ તે લેખ દેવદત્તાને આપ્યો. દેવદત્તા આનંદ પામી વાંચવા લાગી. તેમાં આ પ્રમાણે લખ્યું હતું—''સ્વસ્તિ બેન્નાતટથી મૂળદેવ અવંતીમાં રહેલી ચિત્તરૂપી કમળની હંસી સમાન દેવદત્તાને આલિંગન કરી કહે છે કે અત્રે દેવગુરુના પ્રાસાદથી કુશળતા છે, તારે પણ કુશળતાની વાર્તાથી અમને આનંદ આપવો. બીજું સાધુને દાન આપવાથી દેવીએ પ્રસન્ન થઈ વરદાન આપ્યું. ત્યારે મેં દેવદત્તા સહિત હજાર હાથીના વૈભવવાળું રાજ્ય માગ્યું. તેથી મને રાજ્ય મળ્યું છે, પણ તારા વિના સમગ્ર રાજ્ય વ્યર્થ લાગે છે. તેથી તારે રાજાની રજા લઈ શીઘ્ર અહીં આવવું.'' આ પ્રમાણેનો પત્ર વાંચીને તે તુષ્ટ થઈ. તેને દૂતને કહ્યું કે—''હું મૂળદેવમાં જ આસક્ત છું, તો પણ અહીંના રાજાની આજ્ઞા લઈને ત્યાં આવવું મને યોગ્ય લાગે છે.'' તે સાંભળી તે દૂત હર્ષ પામી રાજા પાસે ગયો. અને તેને નમ્રતાપૂર્વક કહ્યું કે—''હે દેવ ! મૂળદેવરાજા મારા મુખેથી આપની પાસે માંગણી કરે છે કે—''હે સ્વામી ! દેવદત્તા ઉપર મારો ગાઢ સ્નેહ છે, તેથી જો આપની અને દેવદત્તાની ઇચ્છા હોય તો તેને અહીં મોકલો.'' તે સાંભળી રાજાએ કહ્યું—

''આ રાજ્ય પણ તે વિક્રમ (મૂળદેવ) રાજાનું જ છે, તો તેમણે માત્ર આટલું જ શું માગ્યું ?'' એમ કહી દેવદત્તાને બોલાવી કહ્યું કે—''હે ભદ્રે ! ઘણે કાળે તારી ઇચ્છા ફળીભૂત થઈ છે. દેવીએ મૂળદેવને રાજ્ય આપ્યું છે તેથી તે તને બોલાવે છે, માટે તારે જલદી ત્યાં જવું.'' તે સાંભળી દેવદત્તા અનુક્રમે બેન્નાતટ નગરે ગઈ. મૂળદેવ રાજાએ તેને મોટા ઉત્સવપૂર્વક પ્રવેશ કરાવ્યો. અને તેણીની સાથે વિષયસુખ ભોગવતો અર્હતપૂજાદિક ધર્મકાર્ય નિરંતર કરવા લાગ્યો.

અહીં અચળ જે પારસકૂળમાં ગયો હતો તે અસંખ્ય કરીયાણાં લઈ અનુક્રમે ફરતો ફરતો બેન્નાતટ નગરે આવ્યો, અને રાજા પાસે મોટું ભેટણું લઈને મળવા આવ્યો, રાજાએ તેને ઓળખી આસન વગેરે આપી તેનો આદર સત્કાર કર્યો. પરંતુ અચળે રાજાને ઓળખ્યો નહીં, તેણે રાજાને વિનંતી કરી કે—''હે દેવ ! મારું કરીયાણું જોઈ યોગ્ય દાણ લેવા પંચકુળને આજ્ઞા= કરો.'' રાજાએ કહ્યું—''હું પોતે પણ કૌતુકથી તે જોવા આવીશ.'' એમ કહી પંચકુળ સહિત રાજા તેનું કરીયાણું જોવા ગયો. તેને અચળે મજીઠ સોપારી વગેરે કરીયાણું દેખાડ્યું, રાજાએ તેને પૂછ્યું કે—''હે સાર્થવાહ ! આ જ કરીયાણું તમારી પાસે છે ? કે બીજું કાંઈ ?'' તે બોલ્યો—''આટલું જ છે. બીજાની પાસે પણ હું અસત્ય ન બોલું તો રાજાની સમક્ષ દાણચોરી કેમ કરું ?'' તે સાંભળી રાજાએ પંચકુળે કહ્યું કે—''આ સત્યવાદી છે માટે તનું અર્ધ દાણ લેજો. પરંતુ મારી રુબરુ તેનાં કરીયાણાં તોળો.'' પછી તેને તોળતાં વજન વધારે લાગવાથી તે કરીયાણાની ગુણો રાજાએ તોડાવી તો તેની અંદર મજીઠ વગેરે કરીયાણામાં મોતી, સુવર્ણ, રૂપું અને પરવાળા વગેરે ઉત્તમ દ્રવ્યો નીકળ્યાં. તે જોઈ રાજાએ કોપથી કહ્યો કે—''અરે ! ι પ્રત્યક્ષ ચોર છે, તેને બાંધીને મારી પાસે લાવો.'' એમ સુભટોને કહી રાજા પોતાના મહેલમાં ગયો. પછી સુભટો અચળને ગાઢ બંધનથી બાંધી રાજા પાસે લઈ ગયા.

તેને રાજાએ બંધનથી છોડાવી પૂછ્યું કે—''હે સાર્થવાહ ! તું મને ઓળખે છે ?'' તે બોલ્યો કે—''પૃથ્વી પર પ્રસિદ્ધ એવા આપ વિક્રમરાજાને કોણ ન ઓળખે ?'' રાજાએ કહ્યું—''વિવેકના વચનની કોઈ જરૂર નથી.''

જો તું મને ઓળખતો હો તો કહે.'' ત્યારે તે બોલ્યો કે—''દેવ ! બીજી રીતે હું આપને જાણતો નથી.'' ત્યારે રાજાએ દેવદત્તાને બોલાવી તેને દેખાડી. તે જોઈ અચળ અત્યંત આકુળ વ્યાકુળ થઈ ગયો, અને લજ્જાથી તેણે પોતાનું મુખ નીચું કર્યું. ત્યારે દેવદત્તાએ તેને કહ્યું કે—''જે મૂળદેવનો તેં પરાભવ કર્યો હતો, તેના જ હાથમાં અત્યારે તારા પ્રાણ અને ધન વગેરે આવ્યાં છે. તો પણ આ દયાળુ રાજા તને મુક્ત કરે છે.'' તે સાંભળી તે અચળ નમ્રતાથી બંનેના પગમાં પડી બોલ્યો કે—''મારા સર્વ અપરાધો ક્ષમા કરો.'' પછી દેવદત્તાએ આદરથી તેને સ્નાન ભોજન વગેરે કરાવ્યાં, રાજાએ પણ તેનું દાણ માફ કરી તેને ઘણાં કિંમતી વસ્ત્રો વગેરે આપી તેનો સત્કાર કર્યો. સત્પુરુષો શત્રુ ઉપર પણ ઉપકાર કરનાર હોય છે.'' પછી પોતાના દૂતને મોકલી અવંતીના રાજાને કહેવરાવ્યું કે—''અચળનો અપરાધ મેં માફ કર્યો છે, તેથી તેને કાંઈ હરકત કરશો નહીં.'' એ રીતે મૂળદેવ રાજા નિષ્કંટક રાજ્ય સુખ ભોગવવા લાગ્યો.

હવે જે ધર્મશાળામાં મૂળદેવની સાથે જ અને તેના જેવું જ સ્વપ્ન જે કાર્પટિકને આવ્યું હતું, તેણે મૂળદેવને તે સ્વપ્નના પ્રભાવથી જ રાજ્ય મળ્યું સાંભળ્યું, તેથી તે વિચારવા લાગ્યો કે—''મને ધિક્કાર છે, કે જેથી મેં તે વખતે તેવું ઉત્તમ સ્વપ્ન મંદ મતિવાળાને કહેવાથી નિષ્ફળ ગુમાવ્યું. તો હજુ પણ સરસ ગોરસનું પાન કરીને હું સૂઈ જાઉં, કે જેથી રાજ્યને આપનારું તેવું સ્વપ્ન ફરીથી આવે.'' એ પ્રમાણે વિચાર કરી રાજ્યની ઇચ્છાથી તે હંમેશાં છાંશ પીને સૂવા લાગ્યો, પરંતુ તેવું સ્વપ્ન તેને ફરીથી પ્રાપ્ત થયું નહીં કદાચ તે કાર્પટિક કોઈ કાળે પણ તેવું સ્વપ્ન પામે તો પણ પ્રમાદથી ગુમાવેલો મનુષ્ય ભવ ફરીથી પ્રાપ્ત થઈ શકે નહીં. ૬.

## ચક્ર (રાધાવેધ) દૃષ્ટાંત. ૭.

ઇંદ્રપુર નગરમાં ઇંદ્રદત્ત નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ઘણી રાણીઓ હતી. રાણીઓની કુક્ષિથી ઉત્પન્ન થયેલા બાવીશ પુત્રો રાજાને અત્યંત વલ્લભ હતા. રાજાએ મહોત્સવ પૂર્વક તે સર્વેને કળા ગ્રહણ કરવા માટે કલાચાર્ય પાસે મૂક્યા. એકદા રાજાએ અત્યંત મનોહર રૂપવાળી મંત્રીની

પુત્રીને જોઈ એટલે તે તેને પરણ્યો. પરંતુ પરણ્યા પછી કોઈ પણ વખત રાજાએ તેણીનો સ્પર્શ કર્યો નહીં, તેમજ તેની સામું જોયું પણ નહીં, અને ઘણી પ્રિયાઓ હોવાથી તેને તે સંભારી પણ નહીં. એકદા ઋતુસ્નાન કરેલી તેણીને જોઈ રાજાએ બીજી રાણીઓને પૂછ્યું કે–''આ કોણ છે ?'' તેઓએ કહ્યું કે–''હે સ્વામી ! તે આપની જ પત્ની છે.'' તે સાંભળી રાજા તેણીની સાથે તે રાત્રિએ રહ્યો. તે જ રાત્રિએ તેણીએ ગર્ભ ધારણ કર્યો. બીજે જ દિવસે તેણીએ તે ગર્ભધારણનો વૃત્તાંત પોતાના પિતા મંત્રીને કહ્યો, તેથી રાજાની સાથે થયેલી વાતચીત નિશાની સાથે કહી બતાવી મંત્રીએ પોતાની વહીનાં ચોપડામાં તે ગર્ભ વગેરેની સર્વ હકીકત નિશાની સહિત લખી રાખી.

રાજાને તો ફરીથી તે મંત્રીપુત્રી પાછી સ્મરણમાં જ આવી નહીં. તેથી મંત્રીએ પોતાને ઘેર લઈ જઈને રાખી. ત્યાં તેને ઉત્તમ લક્ષણવાળો પુત્ર થયો. તેનું નામ મંત્રીએ સુરેંદ્રદત્ત પાડ્યું. પછી તે પુત્ર વૃદ્ધિ પામી આઠ વર્ષનો થયો. ત્યારે મંત્રીએ તેને કલાચાર્ય પાસે કલા શીખવા મોકલ્યો. ત્યાં બુદ્ધિમાન તે અનાયાસે કલા શીખવા લાગ્યો. તેમાં કલાચાર્યની કૃપાથી તથા મંત્રીના પ્રયાસથી તે અનુક્રમે સર્વ કલાઓ શીખ્યો. અને ધનુર્વેદની વિદ્યામાં એટલો બધો નિપુણ થયો કે તે રાધાવેધ પણ સહેલાઈથી સાધી શકતો હતો. રાજાના બીજા જે બાવીશ પુત્રો હતા, તેમને કલાચાર્ય ઘણી મહેનતથી શીખવતા હતા, તો પણ ક્રીડામાં જ ચિત્તવાળા તેઓને કોઈ પણ ઉત્કૃષ્ટ કળા પ્રાપ્ત થઈ નહીં. કોઈ વખત ઉપાધ્યાય તેમને શીખવા ધમકી આપે કે મારે તો તેઓ રોતા રોતા પોતાની માતા પાસે જાય એટલે તે માતાઓ પણ ઉપાધ્યાયને ઠપકો આપીને કહે કે–''અમારી જેવી રાણીઓને પુત્રો થવા દુર્લભ છે, તેથી અમારા પુત્રોને જેમ સુખ ઉપજે તેમ તમારે ભણાવવા, તેમને કદાપિ મારવા નહીં.'' તે સાંભળી ઉપાધ્યાયને વિચાર થયો કે–''આ રાજપુત્રોને ભણાવવાથી મને સન્માન તો મળ્યું નહીં, પરંતુ ઉલટો ઠપકો મળ્યો. તેથી આ અવિનીત રાજપુત્રોને ભણાવવાથી કાંઈ પણ ફળ થવાનું નથી.'' એમ વિચારી તેણે તેમની ઉપેક્ષા કરી. તેથી તેઓ નામની જ કળાઓ શીખ્યા.

એ અવસરે મથુરાપુરીમાં જિતશત્રુ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને ત્રણ ભુવનની સ્ત્રીઓને રૂપલક્ષ્મીથી જીતે તેવી એક પુત્રી થઈ હતી. તેનું નામ નિર્વૃત્તિ રાખ્યું હતું. તે સર્વ કળાઓમાં નિપુણ થઈને યુવાવસ્થા પામી. એટલે રાજાએ તેને પૂછ્યું કે—''હે વત્સે ! તને કેવો વર પ્રિય છે ?'' તે બોલી કે—''જે સ્ફુટ રીતે રાધાવેધ સાધે તે વર મને પસંદ છે.'' તે સાંભળી રાજાએ વિચાર કર્યો કે—''ઇંદ્રપુરના ઇંદ્રદત્ત રાજાના ઘણા કુમારો નિરંતર કલાભ્યાસ કરે છે, તેથી તેઓ રાધાવેધ કરી શકતા હશે.'' એમ ધારી પોતાના વૃદ્ધ મંત્રીઓ તથા ચતુરંગ સૈન્ય સહિત તે પુત્રીને ઇંદ્રપુર મોકલી. તેને આવેલી જાણી ઇંદ્રદત્ત રાજો હર્ષ પામી મોટા ઉત્સવપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો. પછી રાધાવેધને યોગ્ય મંડપ કરાવી પોતાના પુત્રોને રાધાવેધ સાધવા તૈયાર કર્યા. તે સર્વેએ અનુક્રમે ઊભા થઈ અનેક બાણો મૂક્યાં, પરંતુ બાવીશમાંથી કોઈ પણ રાધાવેધ સાધી શક્યો નહીં. તે જોઈ ઇંદ્રદત્ત રાજા ઘણો ખેદ પામ્યો, ત્યારે મંત્રીએ કહ્યું કે—''હે દેવ ! શા માટે ખેદ કરો છો ? હજુ મારી પુત્રીથી ઉત્પન્ન થયેલો આપનો એક પુત્ર બાકી છે, તે અવશ્ય રાધાવેધ સાધશે.'' રાજાએ કહ્યું—''હે મંત્રી ! તે પુત્ર વિષે મને કાંઈપણ સાંભરતું નથી.'' તે સાંભળી મંત્રીએ રાજા પાસે તે દિવસે લખેલી વહીની ચોપડી મૂકી, તે વાંચી રાજાને સર્વ વૃત્તાંત સ્મરણમાં આવ્યો. પછી તેણે પૂછ્યું કે—''હે મંત્રી ! તે મારો પુત્ર ક્યાં છે ?'' ત્યારે મંત્રીએ તેને રાજા પાસે બોલાવયો. તે રાજાને પ્રણામ કરી નમ્રતાથી ઊભો રહ્યો. તેને આલિંગન કરી રાજાએ કહ્યું કે—''હે વત્સ ! હે મહાબુદ્ધિશાળી ! આ મારા બીજા પુત્રોમાંથી કોઈએ રાધાવેધ સાધ્યો નથી, તેને તું સાધીને આ કન્યા સહિત રાજ્યને પણ ગ્રહણ કર.'' તે સાંભળી ''જેવી પૂજ્યની આજ્ઞા'' એમ કહી તે સ્તંભની પાસે ગયો. પછી ધનુષ લઈ તેના પર બાણ ચડાવી, હાથની મુઠી ઊંચી અને દૃષ્ટિ નીચી રાખી યોગીની જેમ સ્થિર ચિત્તે ઊભો રહ્યો. તે વખતે નિર્વૃત્તિકન્યાએ તેનું સ્વરૂપ જોઈ વિચાર કર્યો કે—''જો આ કુમાર રાધાવેધ કરે તો હું કૃતાર્થ થાઉં.'' તથા સર્વ રાજકુમારો વિચારવા લાગ્યા કે—''આ રાધાવેધ ન કરી શકે તો ઠીક.'' એમ ધારી તેના ચિત્તનો વ્યાક્ષેપ કરવા માટે કોલાહલ કરવા લાગ્યા. તો પણ એક ચિત્તવાળા તેણે

એક જ બાણ મૂકી તત્કાળ રાધાવેધ કર્યો. તે જોઈ કન્યા અને રાજા વગેરે સર્વે હર્ષ પામ્યા. રાજાએ કહ્યું કે—''હે વત્સ ! તારાથી જ હું પુત્રવાળો થયો છું.'' એમ કહી તેણે તેને પ્રીતિથી આલિંગન કર્યું. પછી તે કન્યા રાજાએ તેને પરણાવી અનુક્રમે રાજ્ય પણ તેને જ આપ્યું. બાવીશ કુમારોએ અભ્યાસ નહીં કરેલો હોવાથી તેઓ રાધાવેધ કરી શક્યા નહીં. હવે તેઓ રાધાવેધ કરવાનું શીખવું શરૂ કરે તો તે રાધાવેધ તેમને શીખવો દુર્લભ છે. આમ છતાં કદાચ દિવ્ય પ્રભાવથી તેઓ પણ રાધાવેધ કદાચ કરી શકે, પરંતુ પ્રાણી પ્રમાદથી ગુમાવેલો મનુષ્ય ભવ ફરીથી પામી શકે નહીં. ૭.

## ચર્મ દૃષ્ટાંત. ૮.

કોઈ ઠેકાણે હજાર યોજનના વિસ્તારવાળું એક સરોવર હતું. તેમાં અનેક જળચરો રહેતા હતા. તેના પાણી ઉપર સેવાળની જાળ પરસ્પર ગુંથાઈને એવી થઈ ગઈ હતી કે તે સરોવર જાણે ચર્મથી મઢ્યું હોય તેવું દેખાતું હતું. તેમાં કોઈ કાચબો પોતાના ઘણા પરિવાર સાથે રહેતો હતો, તે એક વાર પોતાની ગ્રીવા=ડોકને પ્રસારીને ચોતરફ ફરતો હતો, તેટલામાં દૈવયોગે પ્રબળ વાયુને કારણે તે સેવાળમાં એક નાનું છિદ્ર પડ્યું એટલે તેમાંથી તેની ગ્રીવા બહાર નીકળી. તેથી તેણે ઊંચું જોયું તો પૂર્ણિમાના ચંદ્રથી અને અસંખ્ય તારાઓથી શોભતું આકાશ દેખાયું. તે અપૂર્વ શોભા જોઈ કાચબો ઘણો આનંદ પામ્યો, અને પોતાના કુટુંબને તે શોભા દેખાડવા માટે પાછો ડૂબકી મારી સ્વજનો પાસે આવ્યો. તે તેઓને લઈ અપૂર્વ શોભા બતાવવા ચાલ્યો. અને તે મોટા સરોવરમાં ઘણા કાળ સુધી ભટક્યો. પરંતુ વાયુને જ લીધે પાછું ઢંકાઈ ગયેલું તે છિદ્ર ફરીથી તેના જોવામાં આવ્યું નહી, છતાં દૈવયોગે કદાચ તે કાચબો ફરીથી તે છિદ્રને પામે, તો પણ પ્રમાદથી હારેલા મનુષ્યભવને પ્રાણી ફરીથી પામી શકતો નથી. ૮.

## યુગ દૃષ્ટાંત ૯.

અસંખ્ય યોજનના વિસ્તારવાળો અને સહસ્ર યોજન ઊંડો સ્વયંભૂરમણ સમુદ્ર સર્વ અસંખ્યાતા દ્વીપો અને સમુદ્રોથી છેલ્લો વલયાકારે

રહેલો છે. તે સમુદ્રમાં પૂર્વ દિશાએ કોઈ દેવ કૌતુકથી યુગ=ગાડીનું ધોસરું નાંખે અને પશ્ચિમ દિશાએ તેની શમિલા=ખીલી નાંખે પછી તે અપાર સમુદ્રમાં ભમતી ભમતી શમિલા શું પોતાની મેળે કદાપિ તે યુગમાં પ્રવેશે ? ન જ પ્રવેશે. કદાચ દૈવયોગે તે યુગમાં તે શમિલા પોતાની મેળે પ્રવેશ કરે, તો પણ પુણ્યહીન મનુષ્ય આ ભવ હારી ગયા પછી ફરીથી મનુષ્ય ભવ પામતો નથી. ૯.

## પરમાણુ દૃષ્ટાંત ૧૦.

કોઈ દેવ પોતાના સામર્થ્યની પરીક્ષા કરવા માટે એક મોટા માણિક્યના સ્તંભનું બારીક ચૂર્ણ કરી એક નલીકા=નળીમાં નાંખે પછી મેરુ પર્વત પર જઈ ત્યાંથી ફૂંક મારીને તે પરમાણુઓ સર્વ દિશામાં ઉડાડી દે. તે પરમાણુઓ પણ વાયુના જોરથી સર્વ દિશાઓના છેડા સુધી ચોતરફ ફેલાઈ જાય. ત્યારપછી તે જ પરમાણુઓ એકઠા કરી તે જ સ્તંભ હતો તેવો બનાવવા આ ત્રણ જગતમાં કોઈ શક્તિમાન થાય ? ન જ થાય. તે જ રીતે પ્રમાદીએ ગુમાવેલો મનુષ્યભવ તેને ફરીથી પ્રાપ્ત થતો નથી. અથવા કોઈ રાજાની ઘણા સ્તંભોથી શોભતી સભા અગ્નિથી બળીને ભસ્મ થઈ જાય. પછી તે સભા પાછી તેના તે જ પરમાણુ વડે હતી તેવી શું કોઈ બનાવી શકે ? ન બનાવી શકે. તે જ રીતે પ્રમાદથી ગુમાવેલો મનુષ્યભવ પણ ફરીને મળી શકતો નથી. ૧૦.

આ રીતે મનુષ્ય ભવની દુર્લભતા દેખાડવા માટે શ્રીજિનેશ્વરે દશ દૃષ્ટાંત કહ્યાં છે. તે સાંભળીને હે ભવ્ય પ્રાણીઓ ! આવા દુર્લભ મનુષ્ય જન્મને પામી તેને સફળ કરવા માટે જિનેન્દ્રે પ્રરૂપેલા ધર્મને વિષે પ્રમાદને છોડી નિરંતર ઉદ્યમ કરો કે જેથી મોક્ષની પ્રાપ્તિ થાય.

**હવે જે રીતે મનુષ્યભવ દુર્લભ છે તે બતાવે છે –**

**समावन्ना ण संसारे, णाणागुत्तासु जाइसु ।**
**कम्मा णाणाविहा कट्टु, पुढो विस्संभिया पया ॥२॥**

અર્થ : સંસારમાં અનેક નામવાળી ક્ષત્રિયાદિક જાતિને વિષે મનુષ્યપણાને પામેલા પ્રજા-જીવો નાના પ્રકારના કર્મો કરીને પૃથક્ એટલે જુદી જુદી દરેક યોનિમાં ઉત્પન્ન થઈ જગતને પૂર્ણ કરનારા થાય છે એટલે સર્વ ઠેકાણે ઉત્પન્ન થઈ દરેક જીવ આખા જગતને વ્યાપ્ત કરે છે. ૨.

**એ જ વાતને સ્પષ્ટ કરે છે –**

**एगया देवलोएसु, नरएसु वि एगया ।**
**एगया आसुरं कायं, अहाकम्मेहिं गच्छइ ।।३।।**

અર્થ : એક વાર શુભ કર્મના ઉદય વખતે જીવ સૌધર્માદિક દેવલોકમાં જાય છે એટલે ત્યાં દેવપણે ઉત્પન્ન થાય છે અને એક વાર અશુભ કર્મના ઉદયથી તે જ જીવ નરકને વિષે પણ ઉત્પન્ન થાય છે. એક વાર સરાગ સંયમ, બાળતપ વગેરે કર્મના ઉદયથી અસુરસંબંધી નિકાયમાં જાય છે એટલે ભવનપતિ આદિમાં ઉત્પન્ન થાય છે. એ રીતે યથા કર્મ વડે એટલે તે તે ગતિને યોગ્ય એવા કર્મ વડે જીવ તે તે જુદી જુદી ગતિમાં જાય છે–ઉત્પન્ન થાય છે. ૩.

**एगया खत्तिओ होइ, तओ चंडाल बोक्कसो ।**
**तओ कीड पयंगो य, तओ कुंथु पिपीलिया ।।४।।**

અર્થ : એક વાર જીવ ક્ષત્રિય એટલે રાજા થાય છે, ત્યારપછી ચંડાલ અને બોક્કસ એટલે શૂદ્ર પિતા અને બ્રાહ્મણી માતાથી ઉત્પન્ન થયેલો વર્ણશંકર થાય છે. ત્યારપછી વળી કીડો અને પતંગ પણ થાય છે. અને ત્યારપછી કંથુઓ અને પિપીલિકા=કીડી પણ થાય છે. ૪.

**આ પ્રમાણે સર્વત્ર ભ્રમણ કરવા છતાં પણ જે જીવો ગુરુકર્મી હોય છે તે નિર્વેદ= ખેદ પામતા નથી, તે કહે છે –**

**एवमावट्टजोणीसुं, पाणिणो कम्मकिब्बिसा ।**
**न निव्विज्जंति संसारे, सव्वट्ठेसु व खत्तिया ।।५।।**

અર્થ : એ પ્રમાણે આવર્ત એટલે વારંવાર ભ્રમણ કરવા રૂપ ચોરાશી લાખ યોનીઓને વિષે ક્લિષ્ટકર્મે કરીને અધમ એવા જીવો આ સંસારને વિષે નિર્વેદ પામતા નથી. એટલે આ સંસાર ભ્રમણથી મારો મોક્ષ ક્યારે થશે ? એવો વિચાર કરી વૈરાગ્ય પામતા નથી. જેમ ક્ષત્રિઓ એટલે રાજાઓ ધન, કનક વગેરે સર્વ અર્થને વિષે ખેદ પામતા નથી. એટલે મનોહર શબ્દાદિક વિષયો ભોગવતા છતાં તેમની તૃષ્ણા વધતી જ જાય છે—ઘટતી નથી. તેમ તે તે યોનિઓમાં વાંરવાર ઉત્પન્ન થયા છતાં જીવોને તેમાં જ આસક્તિ રહે છે. નહીં તો તે જન્મમરણાદિનો નાશ કરવા કેમ યત્ન ન કરે ? ૫.

**कम्मसंगेहि सम्मूढा, दुक्खिया बहुवेयणा ।**
**अमाणुसासु जोणीसु, विणिहम्मंति पाणिणो ॥६॥**

અર્થ : જ્ઞાનાવરણીયાદિક કર્મના સંબંધથી અત્યંત મૂઢ થયેલા, તથા મનમાં માનસિક પીડાથી ઘણા દુઃખી થતા, તથા શરીરે ઘણી વેદના પામતા જીવો મનુષ્ય સિવાય બીજી એટલે નરક, તિર્યંચ અને આભિયોગિકાદિ અધમ દેવગતિ સંબંધી યોનિઓને વિષે હણાય છે. અર્થાત્ એવી યોનિઓમાં ભમ્યા કરે છે—તેમાંથી નિસ્તાર પામતા નથી તેથી આ મનુષ્ય ભવને દુર્લભ કહેલો છે.

**ત્યારે મનુષ્યભવની પ્રાપ્તિ શી રીતે થાય ? તે કહે છે –**

**कम्माणं तु पहाणाए, आणुपुव्वी कयाइ उ ।**
**जीवा सोहिमणुप्पत्ता, आयणंति मणुस्सयं ॥७॥**

અર્થ : પરંતુ અનુક્રમે-ધીરે ધીરે નરકગતિ વગેરે પમાડનારા અનંતનુબંધિ આદિ કર્મોની હાનિ થવાથી કદાચિત્ જ—કોઈક જ વાર જીવો ક્લિષ્ટ કર્મના નાશરૂપ શુદ્ધિને પામેલા મનુષ્યભવને ગ્રહણ કરે છે એટલે પામે છે. કષાય મંદતાથી વિશેષ શુદ્ધિ થાય તો જ મનુષ્યભવનું આયુષ્ય બંધાય છે. ૭.

**આ રીતે કદાચ મનુષ્યભવ પ્રાપ્ત થાય, તો પણ ધર્મનું શ્રવણ દુર્લભ છે તે ઉપર કહે છે –**

**माणुस्सं विग्गहं लद्धुं, सुई धम्मस्स दुल्लहा ।**
**जं सोच्चा पडिवज्जंति, तवं खंतिमहिंसयं ॥८॥**

અર્થ : મનુષ્યભવ સંબંધી શરીરને પામીને પણ ધર્મનું શ્રવણ કરવું તે દુર્લભ છે. કે જે ધર્મને સાંભળીને અનશનાદિક બાર પ્રકારના તપને, તથા ક્રોધનાં નાશરૂપ ક્ષમાને, ઉપલક્ષણથી માનાદિકના ત્યાગરૂપ માર્દવાદિકને, તથા અહિંસકપણાને, આ પ્રથમ વ્રતના ઉપલક્ષણથી સત્ય વગેરે બીજાં ચાર વ્રતોને ભવ્ય જીવો અંગીકાર કરે છે. તપ/ક્ષમા અને અહિંસાનાં ઉલ્લેખથી અહીં તપ એક, ક્ષમા વગેરે ચાર અને મહાવ્રતો પાંચ એમ દશ પ્રકારનો યતિધર્મ છે કહ્યું. ૮.

**ધર્મશ્રવણ પ્રાપ્ત થયા છતાં પણ તે પર શ્રદ્ધા થવી દુર્લભ છે. તે બતાવે છે –**

**आहच्च सवणं लद्धुं, सद्धा परमदुल्लहा ।**
**सोच्चा नेयाउयं मग्गं, बहवे परिभस्सई ॥९॥**

અર્થ : કદાચિત્ ધર્મનું શ્રવણ તથા મનુષ્યભવ પામીને પણ ધર્મપર રુચિ થવી તે અત્યંત દુર્લભ છે. કેમ અત્યંત દુર્લભ છે ? તે કહે છે કારણ કે ન્યાયયુક્ત સમ્યગ્દર્શનાદિક માર્ગને સાંભળીને ઘણા જીવો જમાલિ વગેરે નિન્હવોની જેમ તે ન્યાયમાર્ગથી ભ્રષ્ટ થાય છે. અર્થાત્ જે પ્રાપ્ત થાય તો પણ જતું રહે છે. તે ચિંતામણિની જેમ અત્યંત દુર્લભ જ હોય છે. ૯.

**અહીં જમાલિ વગેરે સાત નિહ્નવોની કથા કહે છે –**

## પહેલા નિહ્નવ જમાલિની કથા

શ્રીકુંડપુર નગરમાં શ્રીમહાવીરસ્વામીની બહેન સુદર્શનાને પરણાવી હતી, તેને જમાલિ નામે પુત્ર થયો હતો. તે શ્રીમહાવીરસ્વામીની પુત્રી

પ્રિયદર્શનાને પરણ્યો હતો. એકદા શ્રીમહાવીરસ્વામી શ્રીકુંડપુરના ઉદ્યાનમાં સમવસર્યા. તે વખતે જમાલિ પોતાની પત્ની સહિત ભગવાનને વંદન કરવા ગયો. ત્યાં સ્વામીની દેશના સાંભળી વૈરાગ્ય પામીને માતાપિતાની આજ્ઞા લઈ મોટા ઉત્સવપૂર્વક પાંચસો ક્ષત્રિયો સહિત તેણે દીક્ષા લીધી, અને તેની પ્રિયા પ્રિયદર્શનાએ પણ હજાર સ્ત્રીઓ સહિત દીક્ષા લીધી. પછી સ્વામીની સાથે વિચરતાં જમાલિએ દુસ્તપ તપ કર્યો અને અગ્યાર અંગનો અભ્યાસ કર્યો. એટલે મહાવીર સ્વામીએ તે જ પાંચસો ક્ષત્રિય સાધુઓ અને પ્રિયદર્શના સહિત હજાર સાધ્વીઓ જમાલિને જ પરિવાર તરીકે સોંપી.

એક વાર જમાલિએ પ્રભુ પાસે એકલા—સ્વતંત્ર વિચરવાની આજ્ઞા માંગી. ત્યારે પ્રભુએ તેમાં કાંઈ લાભ ન જોયો. તેથી પ્રભુ મૌન જ રહ્યા. તેથી જમાલિએ વિચાર્યું કે—''મને નિષેધ કર્યો નહીં, તેથી તેમની અનુમતિ જ થઈ.'' એમ ધારી=વિચારી તે પોતાના સર્વ પરિવાર સહિત એકલો વિચરવા લાગ્યો. અનુક્રમે વિચરતાં વિચરતાં શ્રાવસ્તી નગરની બહાર તિંદુક નામના ઉદ્યાનમાં કોષ્ટક નામના ચૈત્યમાં આવીને રહ્યો, ત્યારે તેણે સૂઈ જવાની ઇચ્છાથી પોતાના શિષ્યોને કહ્યું કે—''મારે માટે સંથારો કરો.'' શિષ્યે સંથારો કરવા માંડ્યો. પરંતુ બેસવા માટે અશક્ત જમાલિએ ફરીને પૂછ્યું કે—''સંથારો કર્યો ?'' શિષ્યે કહ્યું 'કર્યો.' એટલે તે ઊભો થઈ ત્યાં આવીને જુએ છે તો સંથારો કર્યો નથી, પણ કરાતો હતો એટલે તેણે કહ્યું કે—'હજુ થઈ રહ્યો નથી છતાં તે કર્યો કેમ રહ્યો ?' શિષ્ય બોલ્યો—''મહારાજ ! ''ક્રિયમાણં કૃતં'' 'કરાતો હોય તે કર્યો કહેવાય છે.' તે સાંભળી મિથ્યાત્વના ઉદયને લીધે જમાલિને વિચાર થયો કે—''જિનેશ્વર કહે છે કે 'ક્રિયમાણં કૃતં' એટલે જે કાર્ય કરાતું હોય તે કર્યું કહેવાય. આવું તીર્થંકરનું વચન સાચું શી રીતે ? કેમ કે આ સંથારો હજુ કરાય છે, કર્યો નથી. તેથી ભગવાનનું વચન પ્રત્યક્ષ પ્રમાણથી જ વિરુદ્ધ છે.'' એમ વિચારી તેણે સર્વ સાધુઓને બોલાવીને કહ્યું કે—''હે સાધુઓ ! 'ક્રિયમાણં કૃતં' એ ભગવાનનું વચન પ્રત્યક્ષ રીતે વિરુદ્ધ હોવાથી અસંગત જણાય છે. કારણ કે આ સંથારો કરાતો છે તેને કર્યો કહેવાય અને બોલવા માંડ્યું તે બોલ્યું જ કહેવાય ઇત્યાદિક જિનેંદ્રના વચનો અસત્ય છે.''

તે સાંભળી કેટલાક સાધુઓએ તેનું વચન અંગીકાર કર્યું, અને કેટલાકે અંગીકાર ન કર્યું, અને તેઓ બોલ્યા કે–''હે જમાલિ ! શ્રીમાન્ ભગવાનના વચનનો આશય એવો છે કે–જે કાર્ય કરવા માંડ્યું તે જ કર્યું કહેવાય છે, જે કાર્ય કરવા માંડ્યું નથી, તે ક્યારે પણ કર્યું કહેવાશે નહીં. તેથી 'કરાતું તે કર્યું' એવું શ્રી મહાવીરસ્વામીનું વચન સત્ય જ છે તેને તમે પણ અંગીકાર કરો.'' ઇત્યાદિ ઘણી રીતે તેને સમજાવ્યો. તો પણ મિથ્યાત્વના ઉદયને લીધે તેણે તે અંગીકાર કર્યું નહીં, ત્યારે તેનો ત્યાગ કરી તે સાધુઓ ભગવાનની પાસે આવીને રહ્યા.

પ્રિયદર્શના સાધ્વી પતિ પરના રાગને લીધે સહસ્ર સાધ્વીઓના પરિવાર સહિત જમાલિ પાસે જ રહી. એક વાર વિહાર કરતી તે સાધ્વી પ્રિયદર્શના ઢંક નામના કુંભકારની શાળા=ઘરમાં રહી. તે કુંભકાર ભગવાનનો પરમ ભક્ત શ્રાવક હતો. તેણે વિચાર કર્યો કે–''ભગવાનના વચનને નહીં માનનારી આ સાધ્વીને હું કોઈ પણ પ્રકારે બોધ પમાડું.'' એમ વિચારી એક વાર તે નીભાડામાંથી વાસણ કાઢતો હતો, તે વખતે તે સાધ્વી સ્વાધ્યાયમાં લીન હતી. તેણે સમય જોઈ તેણીના સાડા પર એક સળગતો અંગારો નાખ્યો. તેનાથી બળતું પોતાનું વસ્ત્ર જોઈ તે સાધ્વી એકદમ બોલી ઉઠ્યા કે–''હે શ્રાવક ! મારો સાડો તેં બાળી નાંખ્યો.'' ત્યારે કુંભકાર બોલ્યો કે–''હે સાધ્વી ! તમારો સાડો બળે છે, પણ બળી ગયો નથી. અને તમારા મતમાં બળતી વસ્તુને બળી કહેવાતી નથી. તો તમે બળી કેમ કહી ?'' આ પ્રમાણે તે કુંભકારના યુક્તિવાળા વચનોથી તે પ્રતિબોધ પામી. એટલે તેણે જમાલિ પાસે જઈને કહ્યું કે–''ભગવાનનું વચન સત્ય છે. માટે તમે પણ તેને અંગીકાર કરો. તો પણ તેણે અંગીકાર કર્યું નહીં. ત્યારે તે પ્રિયદર્શના જમાલિનો ત્યાગ કરી પોતાના સહસ્ર સાધ્વીના પરિવાર સહિત શ્રીમહાવીર સ્વામી પાસે આવી.

એકદા શ્રીમહાવીરસ્વામી ચંપાનગરીમાં સમવસર્યા, ત્યારે જમાલિ ભગવાન પાસે સમવસરણમાં આવી બોલ્યો કે–''હે ભગવાન ! તમારા સર્વ શિષ્યો છદ્મસ્થપણે જ મૃત્યુ પામશે, અને હું તો કેવળી થયો છું.'' તે સાંભળી શ્રીગૌતમસ્વામી બોલ્યા કે–''હે જમાલિ ! જો તમને કેવળજ્ઞાન થયું

હોય તો મારા બે પ્રશ્નનો જવાબ આપો કે—આ લોક શાશ્વત છે કે અશાશ્વત છે ? તથા જીવ શાશ્વત છે કે અશાશ્વત ?'' તે સાંભળી તેનો ઉત્તર આપવામાં અશક્ત થઈ ગયેલો જમાલિ મૌન રહ્યો. ત્યારે શ્રી ભગવાન બોલ્યા કે—''હે જમાલિ ! મારા ઘણા શિષ્યો આ બંને પ્રશ્નનો ઉત્તર આપી શકે તેવા છે તો પણ હું જ કહું છું—''હે જમાલિ ! આ લોક પહેલાં નહોતો, હમણાં નથી અને આગળ નહીં હોય એવું ક્યારે પણ કહી શકાશે નહીં. તેથી આ લોક ત્રણે કાળે રહેલો છે માટે શાશ્વત કહેવાય છે, તથા આ લોક ઉત્સર્પિણીના વિષયવાળો થઈ પછી અવસર્પિણીના વિષયવાળો થાય છે, માટે આવા આવા પર્યાયોને લઈને આ લોક અશાશ્વત પણ કહેવાય છે. એ જ પ્રમાણે જીવ પણ ત્રણે કાળમાં હોવાથી શાશ્વત છે અને દેવપણું, મનુષ્યપણું, તિર્યંચપણું વગેરે પર્યાયને પામવાથી અશાશ્વત પણ કહેવાય છે.'' આ પ્રમાણે સ્વામીએ સમજાવ્યા છતાં પણ તે જમાલિ પ્રતિબોધ પામ્યો નહીં.

પછી તે ત્યાંથી નીકળી પૃથ્વી પર વિચરવા લાગ્યો. તેણે ઘણા મુગ્ધજનોને ભરમાવ્યા. અને ઘણા છઠ્ઠ અઠ્ઠમાદિક તપ વડે પોતાના આત્માને સંસ્કાર યુક્ત કરતાં તેણે ચિરકાળ સુધી ચારિત્રનું પાલન કર્યું. છેવટે અર્ધમાસનું અનશન કરી તે ઉત્સૂત્ર પ્રરૂપણાને આલોચ્યા વિના જ કાળ કરી છઠ્ઠા દેવલોકમાં તેર સાગરોપમના આયુષ્યવાળો કિલ્બિષિક દેવ થયો. ત્યાંથી ચ્યવી ઉત્સૂત્રની પ્રરૂપણાને લીધે તે ઘણા કાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરી છેવટે સિદ્ધિપદને પામશે. આ પ્રમાણે પ્રથમ જમાલિ પ્રતિબોધ પામ્યો હતો, પરંતુ પછીથી મિથ્યાત્વના ઉદયથી વિપરીત ભાવ પામ્યો, તેથી ધર્મશ્રદ્ધા ચિંતામણિ રત્નની જેવી અતિ દુર્લભ છે. આ જમાલિ શ્રીવીર ભગવાનને કેવળજ્ઞાન થયા પછી ચૌદ વર્ષે નિહ્નવ થયો હતો. ૧.

## બીજા નિહ્નવ તિષ્યગુપ્તની કથા

શ્રીમહાવીરસ્વામીને કેવળજ્ઞાન થયા પછી સોળ વર્ષે તિષ્યગુપ્ત બીજો નિહ્નવ થયો. તેની કથા આ પ્રમાણે છે—રાજગૃહ નગરમાં ગુણશીલ નામના ચૈત્યને વિષે વસુ નામના આચાર્ય મહારાજ સમવસર્યા. તેનો એક

તિષ્યગુપ્ત નામે શિષ્ય પૂર્વનો અભ્યાસ કરતો હતો. તેમાં એક વાર આત્મપ્રવાદ નામનું સાતમું પૂર્વ ભણતાં ભણતાં જીવના પ્રદેશનો વિષય આવ્યો. તેમાં એવું કહ્યું કે—''જીવનો એક પ્રદેશ તે જીવ કહેવાય નહીં, બે પ્રદેશ પણ જીવ નથી, એમ ત્રણ, ચાર, પાંચ, સંખ્યાતા અને છેવટ અસંખ્યાતા પ્રદેશ પણ જ્યાં સુધી એક પ્રદેશ પણ ઓછો હોય ત્યાં સુધી તે જીવ કહેવાય નહીં. પરંતુ લોકાકાશના જેટલા પ્રદેશો છે તેટલા સંપૂર્ણ પ્રદેશવાળો જીવ જ જીવ કહેવાય છે.'' આવું વ્યાખ્યાન સાંભળી તે તિષ્યગુપ્તે અશુભ કર્મના ઉદયથી તે વાત વિપરીત સમજી સ્થવિરને કહ્યું કે—''જો માત્ર એક જ પ્રદેશ રહિત સમગ્ર જીવ પ્રદેશો મળીને પણ જીવ ન કહેવાતો હોય તો તે એક જ છેલ્લા પ્રદેશને જીવ કહેવો યોગ્ય છે.'' તે સાંભળી આચાર્ય મહારાજે તેને કહ્યું કે—''હે વત્સ ! એવું અયુક્ત કેમ બોલે છે ? એક જીવપ્રદેશ કાંઈ જીવ કહેવાતો નથી. જે એકના બે ભાગ ન થઈ શકે તેવો જીવનો અંશ તે પ્રદેશ કહેવાય છે અને તે પ્રદેશ સર્વ પરસ્પર તુલ્ય છે, તેથી એક જ પ્રદેશને જીવ કેમ કહી શકાય ?''

તિષ્યગુપ્તે કહ્યું કે—''એક છેલ્લો પ્રદેશ કે જે સર્વ પ્રદેશોની સંખ્યાને પૂર્ણ કરે છે, તે જ અંદર આવવાથી જીવ કહેવાય છે અને તેને જ્યાં સુધી અંદર ન ગણીએ ત્યાં સુધી તે સર્વ પ્રદેશો મળીને પણ જીવ કહેવાતો નથી, માટે તે છેલ્લા એક પ્રદેશને જ જીવ કહેવો તે યુક્તિયુક્ત છે.'' ગુરુ બોલ્યા કે—''એ તારી યુક્તિમાં વિરોધ આવે છે. કેમ કે તું જે પ્રદેશ ભેળવવાથી જીવ કહેવા માંગે છે તે પ્રદેશ ભેળવવાથી પણ જ્યાં સુધી બીજા સર્વ પ્રદેશોમાંનો કોઈ એક પણ ન ગણીએ ત્યાં સુધી તે જીવ કહેવાતો નથી. વળી છેલ્લો પ્રદેશ કોને કહેવો ? તે પણ નિશ્ચય થશે નહીં. કેમ કે સર્વ પ્રદેશો અપેક્ષાએ કરીને છેલ્લા છે. પહેલો કે છેલ્લો કે વચલો પ્રદેશ કોઈ પણ તાત્ત્વિક નથી, અને અપેક્ષાએ કરીને જે પહેલો કે છેલ્લો વગેરે કહેવાય તે ક્યારે પણ નિયમિત હોતો નથી. કેમકે અપેક્ષાથી સર્વ પ્રદેશો પહેલા, વચલા અને છેલ્લા કહી શકાય છે. જેમ ઘટના પરમાણુઓ પહેલા કે છેલ્લા કોઈ પણ નિયમિત નથી, અને તેથી તેનો પણ કોઈ એક પરમાણુ ઘટ નથી, તેમ જીવનો પણ કોઈ એક પ્રદેશ જીવ નથી. વળી વસ્તુના કોઈ પણ એક

પ્રદેશને વસ્તુ માનવાથી તેનાથી અર્થ ક્રિયા=કાર્ય થઈ શકતી નથી. કેમ કે પટના કોઈ પણ એક તંતુથી પટનું કાર્ય થઈ શકતું નથી. તેથી સમગ્ર જીવ પ્રદેશોમાં જ જીવ છે એવું ભગવાનનું વચન તું સ્વીકાર કર.''

આ પ્રમાણે ગુરુએ તેને ઘણી રીતે સમજાવ્યો તો પણ તે કદાગ્રહીએ પોતાના કુમત તજ્યો નહીં. ત્યારે ગુરુએ કાયોત્સર્ગ પૂર્વક તે તિષ્યગુપ્તને સમુદાયથી બહિષ્કૃત કર્યો. એટલે તે પૃથ્વી પર ભ્રમણ કરતો ઘણા લોકોને ભરમાવવા લાગ્યો. એક વાર તે તિષ્યગુપ્ત ફરતાં ફરતાં આમલકલ્પા નગરીમાં આવ્યો. ત્યાં આમ્રશાલ નામના વનમાં પરિવાર સહિત રહ્યો. તે નગરીમાં મિત્રશ્રી નામે ઉત્તમ શ્રાવક રહેતો હતો. તેણે તિષ્યગુપ્તને આવેલો જાણી બીજા શ્રાવકોની સાથે ત્યાં જઈ વિધિપૂર્વક તેને વંદના કરી. તે નિહ્નવ છે એમ જાણવા છતાં પણ તેની પાસે તે દેશના સાંભળવા બેઠા. તેણે પણ પોતાનો મત પ્રકાશિત કર્યો. તે સાંભળી સમય આવે આમને બોધ કરશું. એમ વિચારી તે વખતે તેની સાથે તેણે વાદ કર્યો નહીં. અને એ જ રીતે હંમેશાં તેની પાસે જવા લાગ્યા. એકદા પોતાને ઘેર કોઈ મોટો જમણવાર હતો. તે દિવસે મિત્રશ્રી શ્રાવક તિષ્યગુપ્તને ઘેર લાવવા ઉદ્યાનમાં ગયો. અને તેને કહ્યું કે—''આજે તો આપ જાતે જ મારે ઘરે પધારી મારું ઘર પવિત્ર કરો.'' એમ કહી પરિવાર સહિત તેમને પોતાને ઘેર તેડી લાવ્યો. પછી તે શ્રાવકે ખાજાં, ખાંડ, મોદક વગેરેના મોટા થાળ ભરી તેની પાસે મૂક્યા. તેમાંથી ખાજાનો એક તલના દાણા જેટલો અંશ તેના પાત્રમાં વહોરાવ્યો, મોદકનો પણ તેટલા જ અંશ વહોરાવ્યો, એ જ રીતે દાળ, ભાત, શાક, ઘી વગેરે સર્વ વસ્તુનો એક એક અંશ વહોરાવ્યો, વસ્ત્રમાંથી પણ એક તંતુ કાઢી તેને આપ્યો. પછી તેણે પોતાના ઘરના સર્વ માણસોને કહ્યું કે—''તમો સર્વે આ ગુરુને વંદન કરો. આજે આપણે ગુરુને ઉત્તમ વસ્તુ વહોરાવી કૃતાર્થ થયા છીએ.'' એમ બોલતા તેણે ગુરુને વંદના કરી. તે જોઈ શિષ્ય સહિત તિષ્યગુપ્તે વિલક્ષ થઈને કહ્યું કે—''હે શ્રાવક ! આવી રીતે અમારું અપમાન કેમ કરો છો ?'' શ્રાવકે કહ્યું—''મેં આપનું અપમાન ક્યાં કર્યું ? સર્વ વસ્તુઓના છેલ્લા પ્રદેશો મેં આપને આપ્યા છે અને તમારા મતમાં એક છેલ્લો અવયવ જ અવયવી કહેવાય છે, આ તમારો મત જો સત્ય હોય તો તમારું કાંઈ પણ અપમાન મેં કર્યું નથી.

તમારા મત પ્રમાણે આ છેલ્લા છેલ્લા અંશોથી પૂર્ણ પદાર્થોનું કાર્ય તમારે થશે. પરંતુ જો તમે અરિહંતની સત્ય વાણીને અંગીકાર કરતા હો તો હું તેમના મત પ્રમાણે વહોરાવું." આ પ્રમાણે તેની વાણી સાંભળી પરિવાર સહિત તિષ્યગુપ્ત પ્રતિબોધ પામ્યો. તેથી તે બોલ્યો કે–"હે મહાશ્રાવક ! તમે મને ઠીક પ્રતિબોધ કર્યો. હવે હું શ્રીવીર ભગવાનનું વચન પ્રમાણ માનું છું. અત્યાર સુધી મેં તેમના વચનનું જે ઉત્થાપન કર્યું, તેનું મને મિથ્યાદુષ્કૃત હો." તે સાંભળી મિત્રશ્રીએ તેને આનંદથી વસ્ત્ર, આહાર વગેરે સર્વ વસ્તુ વહોરાવી. પછી પરિવાર સહિત તિષ્યગુપ્ત તે પાપની આલોચના કરી શુદ્ધ થયો. તેનું ઉત્સૂત્ર પ્રરૂપવાથી સમકિત-બોધિ ગયું હતું છતાં આલોચના લેવાથી ફરીથી સમકિત પામ્યો, તે તેનું મહાભાગ્ય સમજવું. ૨.

## ત્રીજા નિહ્નવ અષાઢાચાર્યની કથા

શ્રીવર્ધમાન સ્વામીના નિર્વાણ પછી બસો ચૌદ વર્ષ ગયા ત્યારે ત્રીજો નિહ્નવ થયો, તે આ પ્રમાણે–"શ્વેતાંબિકા નગરીમાં પોલાશ નામના વનમાં આર્ય અષાઢાચાર્ય સમવસર્યા. ત્યાં આગમને ભણનારા તેના ઘણા શિષ્યો આગાઢ યોગ વહન કરતા હતા. એક વાર રાત્રિમાં અકસ્માત્ વિસૂચિકાની વ્યાધિથી સૂરિમહારાજ કાળ કરી સૌધર્મ દેવલોકમાં નલિનીગુલ્મ વિમાનને વિષે દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં તેમણે ઉપયોગથી પોતાનું શરીર તથા આગાઢ યોગ વહન કરતા પોતાના શિષ્યોને જાણી તેમના પરની દયાને લીધે પોતાના પૂર્વશરીરમાં આવીને પ્રવેશ કર્યો. આ વાતની કોઈને ખબર નહોતી, તેથી તેમણે તે સાધુઓને યોગવહન તથા આગમનો અભ્યાસ પૂર્ણ કરાવ્યો. ત્યારપછી બીજા આચાર્યને સ્થાપન કરી સર્વ મુનિઓને તેમણે કહ્યું કે–"હું અમુક દિવસે રાત્રિએ મરીને સ્વર્ગમાં ગયો છું. માત્ર તમારા યોગને પૂર્ણ કરાવવા માટે મારા શરીરમાં હું આટલા દિવસ રહ્યો છું, હવે તમારી ક્રિયા પૂર્ણ થઈ છે. માટે હું જાઉં છું. આમ છતાં અસંયમી છતાં મેં તમારી પાસે જે વંદના વગેરે કરાવી, તે તમે ક્ષમા કરજો." એમ કહી તે દેવ સ્વર્ગે ગયો.

પછી તે મુનિઓએ તેનું શરીર પરઠવી વિચાર કર્યો કે–"આપણે

અજ્ઞાનને લીધે અસંયમીને વંદના કરી. તો બીજો પણ કોઈ મુનિ દેવ છે કે સંયત છે ? તે કોણ જાણે ? તેથી તત્ત્વજ્ઞાનીએ વાસ્તવિક રીતે સર્વ અવ્યક્ત છે એમ માનવું યોગ્ય છે, તેમ માનવાથી મૃષાવાદ લાગતું નથી અને અસંયતને વંદના પણ કરવી પડતી નથી." ઇત્યાદિક વિચાર કરી અવ્યક્તમતનો સ્વીકાર કર્યો અને તેઓએ પરસ્પર પણ વંદન વ્યવહાર બંધ કર્યો. અને પૃથ્વી પર વિચરતા તેઓ પોતાના અવ્યક્ત મતની બીજા પાસે પ્રરૂપણા કરવા લાગ્યા. આ રીતે મિથ્યાત્વને પામેલા તેમને કેટલાક સ્થવિર મુનિઓએ કહ્યું કે—"અવ્યક્તપણું અંગીકાર કરવામાં તમારો અભિપ્રાય એવો છે કે—જે કાંઈ વસ્તુનો જ્ઞાનથી નિર્ણય ન થઈ શકે, તે સર્વ પદાર્થો અવ્યક્ત કહેવાય. આવો તમારો મત યોગ્ય નથી. કેમ કે વસ્તુને નિશ્ચય કરનારું જ્ઞાન જ છે. જો કદાચ જ્ઞાન સર્વ પ્રકારે નિશ્ચય કરનારું ન હોય તો હંમેશાં ભાત પાણી વગેરે સંબંધી પણ શુદ્ધિ-અશુદ્ધનો નિશ્ચય શી રીતે થશે ? એ સર્વનો પણ જ્ઞાન વિના નિશ્ચય થઈ શકશે નહીં. જો કદાચ ભક્તપાન આદિકનું જ્ઞાન વ્યવહારથી જ નિશ્ચય કરનારું કહેશો તો વ્યવહારથી જ સાધુ આદિ વસ્તુનું જ્ઞાન નિર્ણય કરનારું કેમ નથી માનતા ? માટે છદ્મસ્થોની સર્વ પ્રવૃત્તિ વ્યવહારથી જ હોય છે. તે વ્યવહારનો ઉચ્છેદ કરવાથી તીર્થનો પણ ઉચ્છેદ થઈ જાય છે. તેથી તમે પણ વ્યવહારને અંગીકાર કરો." આ પ્રમાણે ઘણી રીતે સમજાવ્યા છતાં તેઓએ પોતાનો કદાગ્રહ મૂક્યો નહીં. ત્યારે સ્થવિરોએ કાયોત્સર્ગપૂર્વક તેમનો બહિષ્કાર કર્યો.

તેઓ અનુક્રમે વિચરતા એકદા રાજગૃહ નગરની બહાર ગુણશીલ ચૈત્યમાં આવ્યા. તે વખતે તે નગરમાં મૌર્યવંશનો બળભદ્ર નામે રાજા શ્રાવક હતો. તેણે તેઓને અવ્યક્ત મતવાળા જાણ્યા. તેથી તેઓને બોધ કરવા માટે પોતાના સુભટો પાસે તેમને બંધાવીને સભામાં મંગાવ્યા. પછી રાજાએ કૃત્રિમ કોપ કરી પોતાના સેવકોને કહ્યું કે—"આ સર્વેને કટમર્દન વડે મર્દન કરો." એટલે કે કટ=સાદડીની નીચે માણસોને રાખી તેના ઉપર હાથીઓ ચલાવાય, તેનું નામ કટમર્દન કહેવાય છે. આવી રીતે કટમર્દન કરવા માટે રાજાની આજ્ઞા થવાથી તેના સેવકો કટ તથા હાથી લાવ્યા. તે જોઈ તે

મુનિઓ ભય પામી બોલ્યા કે–''હે રાજા ! તમે શ્રાવક થઈને અમને સાધુઓને કેમ હણો છો ?'' રાજાએ કહ્યું કે–''તમે ચોર છો ? કે હેરિક=જાસુસ છો ? કે સાધુ છો ? એમ કોણ જાણે છે ?'' તેઓ બોલ્યા કે–''હે રાજા ! અમે સાધુ જ છીએ.'' રાજાએ કહ્યું–''તમારા મતમાં સર્વ વસ્તુ અવ્યક્ત છે, તેથી અમે સાધુ છીએ એમ તમે શી રીતે કહો છો ? વળી તમારા મત પ્રમાણે હુ પણ શ્રાવક છું ? કે બીજો છું ? એમ નિશ્ચયથી જાણ્યા વિના તમે મને શ્રાવક કેમ કહો છો ? તેથી જો તમે ભગવાન મહાવીર પરમાત્માએ જણાવેલ વ્યવહાર નયને માનતા હો તો હું તમે શ્રમણ નિર્ગ્રંથ છો એમ માની શકું'' તે સાંભળી તેઓ અત્યંત લજ્જા પામી પ્રતિબોધ પામ્યા, તેથી તેઓ બોલ્યા કે–''હે રાજા ! અમે ચિરકાળથી ભ્રાંતિ પામ્યા હતા તે આજે તમે અમને પ્રતિબોધ આપ્યો તે બહુ સારું કર્યું.'' તે સાંભળી રાજાએ તેમને કહ્યું કે–''મેં તમને પ્રતિબોધ પમાડવા માટે જે જે કાંઈ અયુક્ત કર્યું છે, તે તમે મારા અપરાધની ક્ષમા કરશો''એમ કહી બહુમાનપૂર્વક રાજાએ તેમને વંદન કર્યું. તેઓ પણ આલોચના લઈ ફરીથી બોધ પામી પ્રથમની જેમ પૃથ્વી પર વિચરવા લાગ્યા. ૩.

## ચોથા નિહ્નવ અશ્વમિત્રની કથા

શ્રીવર્ધમાન સ્વામીના નિર્વાણથી બસોને વીસ વર્ષે ચોથો નિહ્નવ ઉત્પન્ન થયો, તે આ પ્રમાણે–મિથિલા નગરીના લક્ષ્મીગૃહ નામના ઉદ્યાનમાં શ્રીમહાગિરિ નામના આચાર્ય સમવસર્યા. તેમને કડિન્ન નામનો શિષ્ય હતો, અને તેને અશ્વમિત્ર નામે શિષ્ય હતો. તે અશ્વમિત્ર એક વાર વિદ્યાનુપ્રવાદ નામના દશમા પૂર્વની નૈપુણિક નામની વસ્તુઓ ભણતો હતો. તેમાં આવો પાઠ આવ્યો કે–''વર્તમાન સમયમાં રહેલા નૈરયિકથી આરંભીને વૈમાનિક પર્યંત સર્વ જીવો બીજે સમયે વિચ્છેદ પામે છે.'' આવા પાઠ ઉપરથી તે વિપરીત સમજીને બોલ્યો કે–''જેમ ઇંદ્રધનુષ, વીજળી અને મેઘ વગેરે વસ્તુ એક ક્ષણે ઉત્પન્ન થાય છે અને બીજે ક્ષણે નાશ પામે છે, તેમ જીવાદિક સર્વ પદાર્થો પણ ક્ષણ વિનશ્વર છે.'' તે સાંભળી ગુરુએ તેને કહ્યું કે–''હે વત્સ ! ક્ષણ ક્ષણ પ્રત્યે સર્વ વસ્તુનો સર્વથા નાશ થાય છે એમ તું

સમજીશ નહીં, પરંતુ વસ્તુના બીજા બીજા પર્યાયોની ઉત્પત્તિ અને નાશની અપેક્ષાએ વસ્તુઓનું કથંચિત્ ક્ષણવિનસ્વરપણું કહેવાય છે. કારણ કે જો સર્વથા પ્રતિક્ષણે વસ્તુનો નાશ અંગીકાર કરીએ તો તેઓ તેવો જ પદાર્થ પ્રત્યક્ષપણે જોવામાં આવે છે, તે શી રીતે દેખાય ? વળી ક્ષણ ક્ષણ પ્રત્યે વસ્તુનો સર્વથા નાશ માનીએ તો આ લોક અને પરલોક સંબધી વ્યવહાર પણ શી રીતે થઈ શકે? કારણ કે તેમ માનીએ તો એક જણ ભોજન કરવાનો આરંભ કરશે અને તૃપ્તિ બીજો પામશે, એક જણ માર્ગમાં ચાલશે અને તેનો શ્રમ બીજો પામશે, એક જણ ઘડાને જોશે અને તેનું જ્ઞાન બીજાને થશે, એક જણ કાર્યનો આરંભ કરશે અને કાર્યનો કર્તા બીજો થશે, એક જણ દુષ્કર્મ કરશે અને નરકમાં બીજો જશે, એક જણ ચારિત્ર પાળશે અને મોક્ષે બીજો જશે. એ રીતે સર્વથા ક્ષણિક વાદથી તો સર્વત્ર વિપરીતપણું આવશે. તેથી કરીને સર્વથા પ્રકારે વસ્તુનો નાશ માનવો યોગ્ય નથી, પરંતુ વસ્તુના પર્યાય ક્ષણે ક્ષણે જુદા જુદા થાય છે એમ માનવું યોગ્ય છે. સૂત્રમાં પણ નારકાદિકનો જે વિચ્છેદ કહ્યો છે, તે પર્યાયની અપેક્ષાએ કહ્યો છે. જેન સિદ્ધાંતમાં સર્વ પદાર્થો દ્રવ્યથી શાશ્વતા અને બીજા બીજા પર્યાયની અપેક્ષાએ અશાશ્વતા માનેલા છે.''

આ પ્રમાણે અનેક યુક્તિ વડે સમજાવ્યા છતાં તે અશ્વમિત્ર સાધુ પ્રતિબોધ પામ્યો નહીં, ત્યારે ગુરુએ તેને નિહ્નવ જાણી કાયોત્સર્ગપૂર્વક તેનો ત્યાગ કર્યો. ત્યારપછી તે અશ્વમિત્ર પોતે વિપરીત સમજાવેલા=ભરમાવેલા કેટલાક સાધુઓ સહિત પૃથ્વીપર વિચરવા લાગ્યો, અને ઘણા માણસોને પોતાનો મત કહી ભરમાવવા લાગ્યો. એકવેળા તે પરિવાર સહિત રાજગૃહ નગરમાં ગયો. ત્યાં શુલ્ક (દાણ)ના અધિકારીઓ ઉત્તમ શ્રાવક હતા, તેઓએ તે નિહ્નવને આવેલો જાણી વિચાર કર્યો કે—''આપણે કઠોર—નિર્દય કાર્ય કરીને પણ આ અશ્વમિત્ર અને તેના પરિવારને પ્રતિબોધ પમાડવો.'' એમ વિચારી તે શ્રાવકો તેમની પાસે જઈ તેમને યષ્ટિ મુષ્ટિ વગેરે વડે અત્યંત મારવા લાગ્યા. ત્યારે તે સાધુઓ બોલ્યા કે—''અમે તમને લોકના મુખથી શ્રાવક સાંભળ્યા છે અને તમે અમને સાધુઓને કેમ મારો છો ?'' તે સાંભળી શ્રાવકો બોલ્યા કે—''તમારા મત પ્રમાણે જેઓએ ચારિત્ર ગ્રહણ કર્યું

છે તે તો સર્વથા નાશ પામ્યા છે અને તમે તો કોઈ બીજા ઉત્પન્ન થયા છો. તમે પોતાની મેળે જ ક્ષણવિનશ્વર છો, તો તમારો બીજો કોણ વિનાશ કરી શકે છે ? વળી તમારા મત પ્રમાણે અમે પણ શ્રાવક નથી. બીજા જ છીએ. પરંતુ જો તમે વીરપરમાત્માના સિદ્ધાંતને પ્રમાણ કરતા હો તો અમે તમને તે જ ઉત્તમ સાધુઓ તરીકે અંગીકાર કરીએ. આ પ્રમાણે સાંભળી તેઓ પ્રતિબોધ પામ્યા, અને પ્રભુની વાણી સત્યપણે અંગીકાર કરી. એટલે તે શ્રાવકોએ પણ તેમને ખમાવ્યા. એ રીતે તે સાધુઓ ફરીથી પ્રતિબોધ પામી પૃથ્વીપર વિચરવા લાગ્યા. ૪.

## પંચમ નિહ્નવ ગંગદેવની કથા.

શ્રીમહાવીર સ્વામીના નિર્વાણ પછી બસોને અઠ્ઠાવીસ વર્ષે પાંચમો નિહ્નવ થયો, તે આ પ્રમાણે—ઉલૂકા નામની નદીના પૂર્વ કિનારે અલૂકતીર નામનું નગર હતું. અને પશ્ચિમ કિનારે ખેટસ્થામ નામનું પૂર હતું. એક વાર શ્રી મહાગિરિસૂરિના શિષ્ય શ્રી ધનગુપ્ત નામના સૂરિ ખેટસ્થામ પુરમાં ચાતુર્માસ રહ્યા. અને તેમના શિષ્ય ગંગદેવ નામના આચાર્ય અલૂકતીર પુરમાં રહ્યા. એક વાર શરદ ઋતુમાં ગંગદેવ આચાર્ય મધ્યાહ્ન સમયે ગુરુને વાંદવા ખેટસ્થામ પુર તરફ ચાલ્યા, અને માર્ગમાં આવેલ ઉલૂકા નદી ઉતરવા લાગ્યા. તે વખતે તેને માથે ટાલ હોવાથી તેનું મસ્તક સૂર્યના કિરણો વડે ઉષ્ણ થયું. અને જળમાં ચાલવાથી પગ શીતળ થયા, તેથી તેને વિચાર થયો કે—''સિદ્ધાંતમાં એક સમયે બે ક્રિયા અનુભવવાનો નિષેધ કર્યો છે પણ હું અત્યારે શીત અને ઉષ્ણ બંને ક્રિયાઓ એક જ કાળે અનુભવું છું.'' એમ વિચારી ગુરુ પાસે જઈ તેમને વાંદીને તેમની પાસે પોતાનો મત કહ્યો. ત્યારે ગુરુ બોલ્યા કે—''હે વત્સ ! છાયા અને આતપની જેમ એક સમયે બે ક્રિયાનું વેદવું એ પ્રત્યક્ષ વિરોધ જ છે. જ્યારે પ્રાણીનાં મનમાં શીત વેદનાનો ઉપયોગ ઉપયોગી હોય છે, તે વખતે તેને ઉષ્ણ વેદનાનો ઉપયોગ હોઈ શકે નહીં, અને જ્યારે ઉષ્ણવેદનામાં ઉપયોગ હોય ત્યારે શીતવેદનાનો ઉપયોગ હોઈ શકે નહીં.'' તે સાંભળી ગંગદેવે કહ્યું કે—''મને પોતાને નદી ઉતરતાં પ્રત્યક્ષપણે બંને ઉપયોગ થયા, તેવું કેમ ?'' ગુરુએ કહ્યું—''હે વત્સ !

કમળના સો પત્રને એકી સાથે ભેદાતાં આપણે જોઈએ છીએ, તો પણ જેમ તે અનુક્રમે જ ભેદાય છે, છતાં ક્રિયાની શીઘ્રતાને લીધે તેને એકીસાથે ભેદાય છે' એમ બોલીયે છીએ પણ વાસ્તવિક રીતે તે પત્રો અનુક્રમે જ ભેદાય છે તેમ મનની શીઘ્રતાને લીધે અને સમયની અતિ સૂક્ષ્મતાને લીધે આપણને એક કાળે બે ઉપયોગનો ભાસ થાય છે, પરંતુ વાસ્તવિક રીતે તો અનુક્રમે જ ઉપયોગ થાય છે.'' આ પ્રમાણે ઘણી રીતે તેને સમજાવ્યા છતાં તે ગંગદેવ સમજ્યો નહીં, ત્યારે ગુરુએ કાયોત્સર્ગ પૂર્વક તેનો ત્યાગ કર્યો.

તે ગંગદેવ પૃથ્વી પર પોતાના મતની પ્રરૂપણા કરતો અને ઘણા માણસોને ભરમાવતો એક વાર રાજગૃહના મણિનાગ નામના ઉદ્યાનમાં ગયો. ત્યાં લોકોની પાસે પોતાના મતની પ્રરૂપણા કરતો હતો, તે જોઈ ત્યાં રહેલા મણિનાગ નામના યક્ષે મુદ્ગર લઈ પ્રત્યક્ષ થઈ તેને કહ્યું કે—''હે દુષ્ટ ! શ્રીમાન્ મહાવીરસ્વામી પોતે જ અહીં દેશના આપતા હતા, તેમની દેશના મેં સાંભળી છે, તેમાં એક સમયે એક જ ક્રિયાનો ઉપયોગ તેમણે કહ્યો છે, તો શું તું તેમનાથી પણ વધારે જ્ઞાની છે કે જેથી આવી અસત્ પ્રરૂપણા કરે છે ? માટે તું તારો આ કદાગ્રહ છોડી દે, નહીં તો આ મુદ્ગરથી હું તારો વિનાશ કરીશ.'' આ પ્રમાણે તે દેવના કહેવાથી ગંગદેવ પ્રતિબોધ પામ્યો, અને ફરીથી શુદ્ધ થઈ પૃથ્વી પર વિચરવા લાગ્યો. ૫.

## છઠ્ઠા નિહ્નવ રોહગુપ્તની કથા

શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ પછી પાંચસો ચુમ્માલીસ વર્ષે છઠ્ઠો નિહ્નવ થયો. તે આ પ્રમાણે—અંતરંજિકા નામની નગરીમાં બળશ્રી નામે રાજા રાજ્ય કરતો હતો. એકદા તે નગરીના ભૂતગુહા નામના ઉદ્યાનમાં શ્રીગુપ્ત નામના આચાર્ય ગચ્છ સહિત સમવસર્યા. તે વખતે તે નગરીમાં વિદ્યાના બળથી ગર્વિષ્ટ થયેલો કોઈ પરિવ્રાજક આવ્યો. તેણે પોતાના પેટપર લોહનો પાટો બાંધ્યો હતો અને હાથમાં જંબૂવૃક્ષની શાખા રાખી હતી. તે લોકોની પાસે બોલતો હતો કે ''વિદ્યાથી મારું પેટ ફાટે છે અને જંબૂદ્વીપમાં મારી તુલ્ય કોઈ નથી—આથી તેનું પોટ્ટશાલ નામ પડ્યું હતું.

એક વખત શ્રીગુપ્તસૂરિના ભાણેજ રોહગુપ્ત નામના તેમના જ શિષ્ય બીજા નગરથી ગુરુને વાંદવા માટે ત્યાં આવ્યા, તેણે ઉપરની આ ઘોષણા સાંભળી પટહ=ઢંઢેરો નિવાર્યો. પછી ગુરુ પાસે આવી તેણે પટહ નિવાર્યાની વાત કરી. ત્યારે ગુરુએ કહ્યું કે–''હે વત્સ ! તે વાદી જીતાય તો પણ ઘણી વિદ્યાવાળો છે તેથી તે વિદ્યા વડે જીતાયા બાદ પણ વિવિધ પ્રકારના ઉપદ્રવો કરે છે. તે વિદ્યા વડે (૧) વીંછી (૨) સર્પ (૩) ઉંદર (૪) મૃગ (૫) શૂકર (૬) કાગડો એ (૭) શકુનિકા=સમળી એ સાતને પૃથક્ પૃથક્ વિકુર્વીને=બનાવીને અત્યંત ઉપદ્રવ કરે છે.'' તે સાંભળી રોહગુપ્ત બોલ્યો કે–''વાદનો સ્વીકાર કરીને હવે છુપાઈ જવું તે ઠીક નથી. મેં તો જૈનશાસનની ઉન્નતિ કરવાના હેતુથી વાદ સ્વીકાર્યો છે, માટે જે થવાનું હોય તે થાઓ.'' તે સાંભળી તેને વાદ કરવામાં એકાગ્ર ચિત્તવાળો જોઈ ગુરુએ તે વાદીની વિદ્યાની પ્રતિપક્ષ વિદ્યા, કે જે માત્ર પાઠ કરવાથી જ સિદ્ધ થાય તેવી હતી તે સાત વિદ્યાઓ રોહગુપ્તને આપી. તે વિદ્યાઓ આ પ્રમાણે હતી : (૧) મોર (૨) નોળીયો (૩) બિલાડો (૪) વાઘ (૫) સિંહ (૬) ઘુવડ અને (૭) શ્યેન (સીંચાણો). વાદીની સાતે વિદ્યાને નાશ કરનારી આ સાત વિદ્યા રોહગુપ્તને આપીને પછી ગુરુએ તેને ઓઘો=રજોહરણ મંત્રી આપ્યો, અને કહ્યું કે–''વાદી આટલાથી વધારે કાંઈ ઉપદ્રવ કરે તો આ રજોહરણને તું ચોતરફ ફરવજે. તેથી તારો પરાભવ થશે નહીં.''

પછી તે સર્વ વિદ્યાઓ અને રજોહરણ સહિત રોહગુપ્ત રાજસભામાં ગયો. ત્યાં જઈ તેણે કહ્યું કે–''આ પરિવ્રાજક મિથ્યા પંડિતાઈ કરે છે, માટે પ્રથમ તે જ વાદ કરે.'' તે સાંભળી પોટ્ટસાલે વિચાર્યું કે–''આ જૈન લોકો ઘણા પંડિત હોય છે, તેથી તેને હું જીતી શકીશ નહીં. માટે તેના જ સિદ્ધાંતને અનુસરીને હું મારો પક્ષ સ્થાપન કરું, તેથી તે વિરુદ્ધ બોલી શકશે નહીં.'' એમ વિચારી તે પરિવ્રાજક બોલ્યો કે–''આ જગતમાં જીવ અને અજીવ એ બે જ રાશિ છે એમ હું માનું છું.'' તે સાંભળી રોહ ગુપ્તે વિચાર્યું કે–''આ ધૂર્તે મારા સિદ્ધાંતનો જ આશ્રય કર્યો છે, તેથી જો હું પણ તે સ્વીકાર કરીશ તો સભાના લોકો જાણશે કે આ રોહગુપ્તે પણ પરિવ્રાજકનો

મત જ સ્વીકાર્યો. માટે અત્યારે તો તેના વચનનું મારે ખંડન કરવું જ યોગ્ય છે.'' એમ વિચારી તેણે કહ્યું કે–''હે વાદી ! એ તારું માનવું અસત્ય છે, કેમ કે જીવ, અજીવ અને નોજીવ એમ ત્રણ રાશિ હોય છે. તેમાં મનુષ્ય પશુ, પક્ષી વગેરે જીવ છે, ઘટ, પટ વગેરે અજીવ છે અને ગરોળીનું છેદાયેલું તરફડતું પૂછડું એ વગેરે નોજીવ કહેવાય છે. દંડના આદિ, મધ્ય અને અંત એમ ત્રણ ભાગ છે. સ્વર્ગ, મૃત્યુ એ પાતાળ એ ત્રણ લોક છે, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર એ ત્રણ દેવ છે, સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણ છે, તે જ રીતે રાશિ પણ ત્રણ છે એ જ યોગ્ય છે.'' આ પ્રમાણે કહી તેણે તે પરિવ્રાજકનો પરાજય કર્યો.

એટલે તે પરિવ્રાજકે તેનો પરાજય કરવા પોતાની વિદ્યા વડે અનેક વીંછીઓ વિકુર્વ્યા, તે વીંછીઓ પુંછડી ઊંચી કરી રોહગુપ્તને કરડવા દોડ્યા, એટલે રોહ ગુપ્તે ગુરુએ આપેલી વિદ્યા વડે મયૂર વિકુર્વ્યા. તે મયૂરોએ વીંછીઓનો નાશ કર્યો. ૧. પછી પરિવ્રાજકે મોટા સર્પો વિકુર્વ્યા ત્યારે રોહગુપ્તે નોળીયા વિકુર્વી તેમનો નાશ કર્યો. ૨. પછી તેણે તીક્ષ્ણ દાંતવાળા ઉંદરો વિકુર્વ્યા, ત્યારે રોહગુપ્તે બિલાડા વિકુર્વી તેમનો નાશ કર્યો. ૩. પછી તેણે તીક્ષ્ણ શીંગડાવાળા મૃગો વિકુર્વ્યા, ત્યારે રોહગુપ્તે વ્યાઘ્રો વિકુર્વી તેમનો નાશ કર્યો, ૪. પછી તેણે શૂકર વિકુર્વ્યા, ત્યારે રોહગુપ્તે સિંહો વિકુર્વી તેમનો નાશ કર્યો. ૫. પછી તેણે વજ્ર જેવી ચાંચવાળા કાગડાઓ વિકુર્વ્યા, ત્યારે રોહગુપ્તે ઘુવડો વિકુર્વી તેમનો નાશ કર્યો. ૬. પછી તેણે અતિ દુષ્ટ શકુનિકા =સમળીઓ વિકુર્વીને મૂકી ત્યારે રોહગુપ્તે શ્યેન=સીંચાણા=વિકુર્વી તેનો વિનાશ કર્યો. ૭. એ રીતે તેની સર્વ વિદ્યાઓ નિષ્ફળ થઈ, ત્યારે તે પરિવ્રાજકે ક્રોધ કરીને વિદ્યા વડે એક ગધેડી વિકુર્વી મુનિ તરફ છોડી મૂકી. તેને આવતી જોઈ રોહગુપ્ત મુનિએ ગુરુનું રજોહરણ પોતાની ચોતરફ ફેરવી ગધેડીને ઓઘાથી તાડન કરી એટલે તે ગધેડી પ્રભાવ રહિત થઈ ગઈ અને પરિવ્રાજકની ઉપર જ મૂત્ર અને વિષ્ટા કરીને નાસી ગઈ. આ રીતે સર્વ વિદ્યાઓમાં પણ તે હાર્યો એટલે સર્વ લોકોએ તેનો તિરસ્કાર કર્યો, તેથી તે લજ્જા પામીને નાસી ગયો. પછી લોકો વડે પ્રશંસા કરાતા રોહગુપ્ત હર્ષથી ગુરુ પાસે આવ્યા.

રોહગુપ્તે ગુરુને રાજસભામાં બનેલો સર્વ વૃત્તાંત કહ્યો. તે સાંભળી ગુરુએ કહ્યું કે—''હે વત્સ ! તેં વાદીનો પરાજય કર્યો તે સારું કર્યું, પરંતુ ત્રણ રાશિનું સ્થાપન કર્યું છે તે ઉત્સૂત્ર છે, માટે ફરીથી રાજાની સભામાં જઈને યથાર્થ વ્યાખ્યાન કરી આવ.'' આ પ્રમાણે ગુરુએ વારંવાર કહ્યા છતાં રોહગુપ્ત પોતાની નિંદાના ભયથી ગયા નહીં, પરંતુ ઉલટા એમ બોલ્યા કે–''ત્રણ રાશિમાં શો દોષ છે ? જગતમાં ત્રણ રાશિ જ છે.'' ગુરુએ કહ્યું કે–''અસત્ પ્રરૂપણા કરીને અરિહંતની આશાતના ન કર.' એ પ્રમાણે ગુરુએ વારવા છતાં તે માન્યો નહીં, ત્યારે ગુરુએ પોતે તેને સાથે લઈ રાજસભામાં જઈને કહ્યું કે—''અમારા જૈનમતમાં બે જ રાશિ છે, છતાં વાદીને જીતવા માટે જ મારા શિષ્ય રોહગુપ્તે ત્રણ રાશિ સ્થાપન કરી છે, પરંતુ તે અસત્ય છે, છતાં આ મારો શિષ્ય અભિમાનને લીધે તે અંગીકાર કરતો નથી. તેથી હે રાજન્ ! સત્ય અસત્યનો વિવેક તમારા જેવા રાજા સિવાય થઈ શકે નહીં, માટે અમારો વાદ તમે સાંભળો.'' રાજાએ વાદ કરવાની અનુમતિ આપી, ત્યારે ગુરુએ રોહગુપ્તને કહ્યું કે—''તારો જે મત હોય તે પ્રગટ કર.'' રોહગુપ્ત બોલ્યો કે—''જેમ જીવ થકી અજીવ વિલક્ષણ હોવાથી ભિન્ન છે તેમ નોજીવ પણ જીવના લક્ષણથી વિલક્ષણ છે તેથી નોજીવ એવો ત્રીજો રાશિ પ્રગટ જ છે.'' તે સાંભળી ગુરુ બોલ્યા કે—''તેં જે કહ્યું કે—જીવથી વિલક્ષણ છે તેથી ગરોળીની પૂંછડી નોજીવ છે તો તે તારું કહેવું અસત્ય છે. કેમ કે તેમાં જીવનું લક્ષણ ફરકવું આદિ જોવામાં આવે છે, માટે તે નોજીવ કહેવાશે નહીં.'' આવી આવી અનેક યુક્તિઓ વડે રોહગુપ્તને છ માસ સુધી ગુરુએ સમજાવ્યો, તો પણ તે માન્યો નહીં. એટલે રાજાએ કહ્યું કે—''હે સૂરિ મહારાજ ! અમારાં રાજકાર્યમાં વિઘ્ન આવે છે માટે હવે વાદની સમાપ્તિ કરો.'' ત્યારે ગુરુએ કહ્યું કે—''આવતી કાલે હું વાદ સમાપ્ત કરીશ.''

પછી બીજે દિવસે ગુરુ, રાજા તથા રોહગુપ્ત વગેરેને સાથે લઈ 'કુત્રિકાપણ'માં ગયા. કારણ કે તે દેવતાઈ દુકાન છે. તેમાં ત્રણ જગતની સર્વ વિદ્યમાન વસ્તુઓ મળે છે. ત્યાં જઈ ગુરુએ જીવ માંગ્યો, ત્યારે દેવે કુકડો વગેરે જીવ આપ્યા. પછી અજીવ માંગ્યો, ત્યારે ઢેફું આપ્યું, પછી નોજીવ માંગ્યો ત્યારે દેવે કહ્યું કે—''ત્રણ જગતમાં નોજીવ છે જ નહીં ફરીને

પણ આગ્રહથી નોજીવ માંગ્યો ત્યારે ફરીથી અજીવનો પદાર્થ જ આપ્યો. ત્યારે સૂરિએ રોહગુપ્તને કહ્યું કે—''તું કદાગ્રહ છોડી દે. જો નોજીવ હોત તો આ દેવ આપત. એમ કહી બીજા એકસો ને ચુમ્માલીશ પ્રશ્નોના વિકલ્પો કરી ગુરુએ તેનો નિગ્રહ કર્યો, તો પણ તે માન્યો નહીં. ત્યારે ગુરુએ તેના મસ્તક પર ખેલ=શ્લેષ્મની કુંડીની રક્ષા નાંખી તેને નિહ્નવ કરી ગચ્છમાંથી કાઢી મૂક્યો. રાજાએ પણ તેને પોતાના દેશમાંથી કાઢી મૂક્યો. પછી પૃથ્વી પર ફરતા રોહગુપ્તે વૈશેષિક મત પ્રવર્તાવ્યો. આ પ્રમાણે તે રોહગુપ્તે પ્રાપ્ત થયેલી બોધિ પણ ગુમાવી દીધી. તેથી આ જીવને બોધિ પ્રાપ્ત થવી ને રહેવી તે અત્યંત દુર્લભ છે. ૬.

## સાતમા નિહ્નવ ગોષ્ઠામાહિલની કથા.

શ્રી વર્ધમાન સ્વામીના નિર્વાણ પછી પાંચસોને ચોવીશ વર્ષે સાતમો નિહ્નવ થયો, તે આ પ્રમાણે—એક વાર શ્રી આર્યરક્ષિત સૂરિ દશપુર નગરના ઇક્ષુગૃહ નામના ઉદ્યાનમાં ગચ્છ સહિત સમવસર્યા. તેમને ગોષ્ઠામાહિલ, ફલ્ગુરક્ષિત અને દુર્બલિકાપુષ્પમિત્ર એ ત્રણ શિષ્યો સૌથી વધારે વિચક્ષણ હતા. તેમાં ગોષ્ઠામાહિલ તે તેમના મામા થતા હતા અને ફલ્ગુરક્ષિત તેમના સહોદર ભાઈ હતા. એક વાર મથુરા નગરીમાં કોઈ નાસ્તિક આવ્યો. તે 'આત્મા નથી, પુણ્ય નથી, પરલોક નથી.' વગેરે કહી લોકોને ભરમાવતો હતો. તે વખતે ત્યાં સાધુઓ હતા, પરંતુ તેઓ તેની સાથે વાદ કરી શકે તેવા નહોતા તેથી તેનો પરાજય કરે તેવા વાદીને બોલાવવા માટે મથુરા સંઘે શ્રી આર્યરક્ષિતસૂરિ પાસે સાધુઓ મોકલી તે વૃત્તાંત જણાવ્યો. ત્યારે સૂરિએ 'ગોષ્ઠામાહિલ વાદલબ્ધિવાળા છે' એમ જાણી તેમને મોકલ્યા. તેમણે મથુરા જઈ રાજસભામાં તે નાસ્તિકનો પરાજય કર્યો. પછી ગોષ્ઠામાહિલ ગુરુ પાસે જવા તૈયાર થયા. પરંતુ સંઘે આગ્રહ કરી તેમને મથુરામાં જ ચોમાસું રાખ્યા.

અહીં દશપુરમાં શ્રીઆર્યરક્ષિત સૂરિએ પોતાના અવસાન સમય નજીક આવ્યો ધારી પોતાને સ્થાને કોને સ્થાપવો ? તે બાબતનો વિચાર થવાથી તેમણે સંઘને બોલાવી કહ્યું કે—''હું ગોષ્ઠામાહિલને વિદ્યા આપતી

વખતે ઘીના ઘડા જેવો થયો છું એટલે કે જેમ ઘીના ઘડામાંથી ઘી કાઢી લઈએ, તો પણ ઘડામાં ઘણું ઘી ચોંટી રહે છે, તેમ ગોષ્ઠામાહિલને ભણાવતાં મારી પાસે ઘણા વિદ્યાના અંશો રહી ગયા છે, તથા ફલ્ગુરક્ષિતને વિદ્યા આપતી વખતે હું તેલના ઘડા જેવો થયો છું, એટલે કે તેલના ઘડામાંથી તેલ કાઢી લેતાં તેમાં ઘી કરતાં થોડું તેલ ચોંટી રહે છે, તેમ મારી પાસેથી તેને વિદ્યા દેતાં થોડા અંશો રહી ગયા છે, કારણ કે તે પૂરી વિદ્યા લઈ શક્યો નથી. તથા દુર્બલિકાપુષ્પમિત્રને ભણાવતી વખતે હું વાલના ઘડા જેવો થયો છું, એટલે કે ઘડામાંથી વાલ કાઢી લેતાં ઘડામાં કાંઈપણ ચોંટી રહેતું નથી, તેમ તેણે મારી પાસેથી સંપૂર્ણ વિદ્યા ગ્રહણ કરી છે. તો હવે મારે આ ત્રણમાંથી કોને આચાર્યપદે સ્થાપવો ?'' તે સાંભળી સંઘે કહ્યું કે–''હે પૂજ્ય ! દુર્બલિકાપુષ્પમિત્રને આચાર્ય પદ આપો. કે કે તે સર્વ વિદ્યાનું સ્થાન હોવાથી તે જ યોગ્ય છે.'' તે સાંભળી સૂરિએ દુર્બલિકાપુષ્પમિત્રને સૂરિપદે સ્થાપી તેમને કહ્યું કે–''હે વત્સ ! જેવી રીતે હું ફલ્ગુરક્ષિત અને ગોષ્ઠામાહિલ વગેરેનું લાલન પાલન કરતો હતો, તેવી જ રીતે તારે પણ કરવું.'' એમ કહી ગુરુએ ફલ્ગુરક્ષિત વગેરેને પણ કહ્યું કે–''તમે જેવી રીતે મારી સેવામાં પ્રવત્ત થયાં છો તેવી જ રીતે દુર્બલિકાપુષ્પમિત્રની સેવામાં પણ પ્રવૃત્ત થજો. વળી તમે કોઈ વખત મારી સેવા કરતા અથવા નહોતા કરતા તો પણ મેં કદાપિ રોષ કર્યો નહોતો, અને તે મેં સહન કર્યું હતું, તેમ આ સહન કરી શકશે નહીં, માટે તમારે તેની સાથે વધારે સારી રીતે વર્તવું.'' આ પ્રમાણે બંને પક્ષને જુદું જુદું કહી અનશન કરી શ્રી આર્યરક્ષિત સૂરિ દેવલોકે ગયા.

ગોષ્ઠામાહિલ ગુરુના સ્વર્ગે જવાની વાત સાંભળી ત્યાં આવ્યા, અને તેમણે શ્રાવકોને પૂછ્યું કે–''આચાર્યપદે ગુરુએ કોને સ્થાપન કર્યા ?'' ત્યારે શ્રાવકોએ ઘીના ઘડા વગેરેના દૃષ્ટાંત જેવી રીતે ગુરુએ કહ્યાં હતાં તે પ્રમાણે કહી દુર્બલિકાપુષ્પમિત્રને આચાર્યપદ આપ્યાનું કહ્યું. તે સાંભળી ગોષ્ઠામાહિલ જુદા ઉપાશ્રયમાં કેટલોક વખત રહી ત્યાં વસ્ત્ર વગેરે મૂકી પછી દુર્બલિકાપુષ્પમિત્રને ઉપાશ્રયે ગયા. તેમને જોઈ સર્વ સાધુઓએ ઊભા થઈ તેમનું સન્માન કર્યું. આચાર્યે પણ તેને સુખશાતા પૂછી કહ્યું કે–''તમારે જુદા

ઉપાશ્રયમાં શા માટે રહેવું જોઈએ ? અહીં જ આવીને રહો.'' આ પ્રમાણે આચાર્યે કહ્યા છતાં તેની ત્યાં રહેવાની ઇચ્છા થઈ નહીં. તેથી તે ત્યાંથી નીકળી પોતાના ઉપાશ્રયમાં ગયા. પછી તે ગોષ્ઠામાહિલ જુદી જુદી વાતો કહીને ઘણા લોકોને ભરમાવવા લાગ્યા, ત્યાં કોઈએ તેનું વચન અંગીકાર કર્યું નહં.

એક વાર દુર્બલિકાપુષ્પમિત્ર આચાર્ય અર્થપોરસીનાં સમયે સૂત્રના અર્થની વ્યાખ્યા કરવા લાગ્યા, ત્યારે સર્વ સાધુઓ તે સાંભળવા બેઠા, તે વખતે ગોષ્ઠામાહિલને બોલાવ્યા છતાં પણ તે આવ્યા નહીં, અને બોલ્યા કે– ''તમે જે વાલના ઘડા જેવા હોય તેની પાસે અર્થપોરિસી કરો.'' આ પછી એક વખતે સૂરિ વંધ્ય વગેરે સાધુઓને કર્મપ્રવાદ નામના આઠમા પૂર્વની વ્યાખ્યા સમજાવતા હતા. એક વાર ભણ્યા પછી બુદ્ધિમાન વંધ્ય સાધુ તેની આ પ્રમાણે ચિંતવના કરતા હતા કે–જીવને ત્રણ પ્રકારે કર્મનો બંધ થાય છે– બદ્ધ ૧, સ્પૃષ્ટ ૨, અને નિકાચિત ૩. તેમાં સોયનો સમૂહ એકઠો કરીને તેને દોરાથી બાંધીએ, એ રીતે આત્માના પ્રદેશો સાથે કર્મનો બંધ થાય છે, તે બદ્ધ કર્મ કહેવાય ૧. તથા જેમ તે સોયોનો સમૂહ કાટ ચઢવાથી પરસ્પર એકરૂપ થઈ જાય છે તેવી જ રીતે જીવના પ્રદેશો સાથે જે કર્મ એકરૂપ થઈ જાય તે સ્પૃષ્ટ કર્મ કહેવાય છે. ૨. તથા તે જ સોયોનો સમૂહ અગ્નિમાં તપાવીને કૂટવાથી જેમ એકરૂપ થઈ જાય છે એવી જ રીતે જીવ પ્રદેશો અને કર્મ એકરૂપ થઈ જાય તે નિકાચિત કહેવાય છે. ૩. જીવ પ્રથમ રાગાદિકના પરિણામથી કર્મનો બંધ કરે છે, પછી તેના ચઢતા પરિણામો વડે તે જ કર્મોને સ્પૃષ્ટ કરે છે અને પછી અતિ સંક્લિષ્ટ પરિણામથી જ તને નિકાચિત કરે છે. તેમાં જે બદ્ધ કર્મ હોય તે આત્મનિંદા વગેરે કરવાથી નાશ પામે છે, જે કર્મ સ્પૃષ્ટ હોય તે પ્રાયશ્ચિત્તાદિક ઉપાય વડે નાશ પામે છે અને જે કર્મ નિકાચિત હોય તે પ્રાયે કરીને ભોગવવા વડે જ નાશ પામે છે.'' આવી રીતે તે ચિંતવના કરતા હતા. તે સાંભળી તેને ગોષ્ઠામાહિલે કહ્યું કે–''હે વંધ્ય ! તું કહે છે તે બરાબર નથી. અમે ગુરુ પાસે એવી રીતે સાંભળ્યું નથી. જો તારા કહેવા પ્રમાણે આત્માની સાથે કર્મ બદ્ધ, સ્પૃષ્ટ અને નિકાચિત થતા હોય તો તે કર્મ ક્ષીરનીરની જેમ આત્મા સાથે મળી જવાથી તેનો વિનાશ થશે નહીં,

અને તેથી કરીને જીવનો મોક્ષ પણ થશ નહીં.'' તે સાંભળી વંધ્યે પૂછ્યું કે–''ત્યારે જીવ અને કર્મનો સંબંધ શી રીતે જાણવો ?'' ત્યારે ગોષ્ઠામાહિલે કહ્યું કે—''જેમ કાંચળી સર્પના શરીરને બહારથી જ સ્પર્શ કરે છે, પણ તેને શરીર સાથે સંબંધ નથી, તેમ કર્મ પણ જીવને સ્પર્શ કરે છે, પરંતુ ક્ષીરનીરની જેમ એકમેક થતા નથી.'' તે સાંભળી વંધ્યને શંકા ઉત્પન્ન થઈ, તેથી તેણે સૂરિ પાસે જઈ શંકા પૂછી. ત્યારે સૂરિએ કહ્યું કે—''ગોષ્ઠિમાહિલે અસત્ય કહ્યું છે પરંતુ જેવી વ્યાખ્યા અમે કરી છે એ જ રીતે ગુરુએ પણ કહ્યું છે. જેમ લોઢાના ગોળામાં અગ્નિ એકરૂપ થઈ જાય છે છતાં પાછો તે જુદો પણ પડે છે, તેમ જીવપ્રદેશોની સાથે કર્મ પણ એકરૂપ થાય છે છતાં તે નાશ પણ પામે છે.'' ઇત્યાદિક ઘણી યુક્તિઓ વડે સૂરિએ સમજાવી વંધ્યની શંકા દૂર કરી. પછી વંધ્યે ગોષ્ઠામાહિલને તે વ્યાખ્યા જણાવી. પણ તેણે તે અંગીકાર કરી નહીં.

એક વાર પ્રત્યાખ્યાન નામના નવમા પૂર્વની વ્યાખ્યામાં ગુરુએ કહ્યું કે—''પ્રાણીઓ (મનુષ્યે) ચારિત્ર લેતી વખતે પ્રાણાતિપાતવિરમણાદિકવ્રતો ત્રિવિધ ત્રિવિધે જાવજ્જીવ અંગીકાર કરવાનાં છે.'' તે સાંભળી ગોષ્ઠામાહિલે કહ્યું કે—''પ્રત્યાખ્યાનમાં જાવજ્જીવ શબ્દ બોલવો ન જોઈએ. કેમ કે તેમ બોલવાથી પ્રત્યાખ્યાન અવધિ=મર્યાદાવાળું થયું, તેથી કરીને પરભવની આશંસા પ્રાપ્ત થઈ, અને આશંસા થવાથી વ્રતનો ભંગ થાય છે. તેથી અવધિ વિના જ એટલે યાવજ્જીવ શબ્દ બોલ્યા વિના જ પ્રત્યાખ્યાન કરાવવું.'' આ પ્રમાણે સાંભળી શંકા ઉત્પન્ન થવાથી વંધ્યમુનિએ સૂરિને પૂછ્યું, ત્યારે તે બોલ્યા કે—''પ્રત્યાખ્યાનમાં કાળનો અવધિ અવશ્ય કરવાનો છે. પોરસી આદિ સર્વ પ્રત્યાખ્યાનો મર્યાદાવાળાં જ છે. મર્યાદા સહિત પ્રત્યાખ્યાન કરવાથી પરલોકાદિની આશંસા થતી નથી. કેમકે હું જીવતાં સુધી સાવદ્ય=પાપનું સેવન કરીશ નહીં. એ પ્રમાણે કહેવામાં પરભવની આશંસાના પરિણામ હોતા નથી. અને મરણ પામ્યા પછી તરતમાં તો અવશ્ય અવિરતિ થવાની જ છે, માટે અવધિ સહિત કહેવાથી પ્રત્યાખ્યાનનો ભંગ થતો નથી, પણ અવધિ ન કરીએ તો પરભવમાં પ્રગટ રીતે ભંગ થાય છે.'' આ પ્રમાણે દુર્બલિકાપુષ્પમિત્ર આચાર્યનું કથન સર્વ સાધુઓએ માન્ય કર્યું. તથા બીજા આર્ય ફલ્ગુરક્ષિત વગેરે

સ્થવિરોએ પણ તે જ પ્રમાણે કહ્યું. પરંતુ ગોષ્ઠામાહિલે તે અંગીકાર કર્યું નહીં, તેથી તે બોલ્યા કે—"આ સર્વે કાંઈ પણ સમજતા જ નથી." એમ કહી પોતાનું વચન તીર્થંકરના વચન જેવું સ્થાપન કરવા લાગ્યા. ત્યારે સર્વ સંઘે એકત્ર થઈ શાસનદેવીનો કાયોત્સર્ગ કર્યો, એટલે શાસનદેવીએ આવી પ્રગટ થઈને કહ્યું કે—"મને શી આજ્ઞા છે ?" સંઘે કહ્યું કે—"મહાવિદેહમાં જઈ તીર્થંકર ભગવાનને પૂછી આવો કે—ગોષ્ઠામાહિલ જે કહે છે તે સત્ય છે ? કે દુર્બલિકાપુષ્પમિત્ર કહે છે તે સત્ય છે ?" તે સાંભળી દેવીએ કહ્યું કે—"હું જઈને આવું ત્યાં સુધી મને સહાય માટે કાયોત્સર્ગનું બળ આપો." તે સાંભળી સંઘે કાયોત્સર્ગ કર્યો. પછી દેવી સીમંધરસ્વામી પાસે જઈ પૂછ્યું કે—"હે ભગવાન ! સંઘ પૂછે છે કે—"દુર્બલિકાપુષ્પમિત્ર વગેરે કહે છે તે સત્ય ? કે ગોષ્ઠામાહિલ કહે છે તે સત્ય ?" ભગવાને કહ્યું કે—"દુર્બલિકાપુષ્પમિત્ર વગેરે જે કહે છે તે જ સત્ય છે અને ગોષ્ઠામાહિલ જે કહે છે તે મિથ્યા છે, તે સાતમો નિહ્નવ થવાનો છે." આ પ્રમાણે ભગવાનનું વચન સાંભળી તે દેવીએ આવી સંઘને તે પ્રમાણે કહ્યું. તે સાંભળી ગોષ્ઠામાહિલે કહ્યું કે—"આ દેવી અલ્પ ઋદ્ધિવાળી છે, તેથી તે ત્યાં જઈ શકે જ નહીં. એટલે તેણે ત્યાં ગયા વિના પોતાની મેળે જ ગોઠવીને જવાબ આપ્યો છે." પછી આચાર્યે ગોષ્ઠામાહિલને એકાંતમાં બોલાવીને કહ્યું કે—"હે આર્ય ભગવાનનું વચન અંગીકાર કરો, નહીં તો સંઘ તમારો બહિષ્કાર કરશે." આ પ્રમાણે કહ્યા છતાં તેણે માન્યું નહીં, એટલે સકળ સંઘ એકત્ર થઈ આ સાતમો નિહ્નવ છે એમ કહી તેને સંઘ બહાર કર્યો. ૭.

**આ પ્રમાણે સાતે નિહ્નવોનું વર્ણન કર્યું તે સર્વે જિનેશ્વરના સ્વલ્પ વચનના ઉત્થાપક હતા. હવે આ પ્રસંગે ભગવાનના ઘણા વચનોનો ઉત્થાપક આઠમો નિહ્નવ કે જેનો પ્રરૂપેલો મત દિગંબર મતથી ઓળખાય છે, તેનું સ્વરૂપ બતાવે છે. તે શ્રી વર્ધમાન સ્વામીના નિર્વાણ પછી છસો નવ વર્ષે થયેલ છે.**

## આઠમા નિહ્નવ દિગંબર શિવભૂતિની કથા

રથવીરપુરમાં દીપક નામના ઉદ્યાનને વિષે એક વાર આર્યકૃષ્ણ

નામના આચાર્ય ગચ્છ સહિત રહ્યા હતા. તે જ નગરમાં શિવભૂતિ નામનો એક સહસ્રમલ્લ હતો, તેણે રાજા પાસે જઈને કહ્યું કે—"હું તમારી સેવા કરવા ઇચ્છું છું." રાજાએ કહ્યું—"તારી પરીક્ષા કર્યા પછી હું તને સેવક બનાવીશ." પછી એક વાર અંધારી રાત્રિએ રાજાએ તેને બોલાવી એક પશુ તથા મદિરા આપી કહ્યું કે—"અત્યારે સ્મશાનમાં એકલા જઈ ત્યાં માતૃદેવીના મંદિરમાં રહેલી દેવીને આ મદિરા અને પશુનું બલિદાન આપી આવ." ત્યારે શિવભૂતિ તે પશુ તથા મદિરાને લઈ સ્મશાનમાં ગયો. રાજો તેની પાછળ તેને ભય પમાડવા માટે ગુપ્ત સેવકો મોકલ્યા. સહસ્મલ્લ માતૃદેવીના મંદિરે આવ્યો તે ખૂબ જ ભૂખ્યો હોવાથી તેણે પશુને મારી તેનું માંસ ખાધું અને મદિરા પીધી. તે વખતે ગુપ્ત રહેલા રાજાના સેવકોએ શિયાળ જેવા અવાજો કરી તેને ઘણા પ્રકારે બીવરાવ્યો, પણ તે જરાપણ ક્ષોભ પામ્યો નહી. પછી તે સહસ્રમલ્લે રાજા પાસે આવીને કહ્યું કે—"મેં બલિદાન આપ્યું." સેવકોએ પણ તેના વીરપણાની પ્રશંસા કરી, પરંતુ શિવભૂતિ માંસ-મદીરા ખાઈ-પી ગયો છે એ વાત કોઈએ કરી નહીં, રાજાએ તેને મોટી આજીવિકા આપી પોતાનો સેવક બનાવ્યો.

એક વાર રાજાએ મથુરા નગરી જીતવા માટે પોતાનું સૈન્ય મોકલ્યું, અને સાથે સહસ્રમલ્લને પણ મોકલ્યો, થોડે દૂર ગયા પછી તેઓએ પરસ્પર વિચાર કર્યો કે—"રાજાએ આપણને મથુરા નગરી જીતવા મોકલ્યા છે. પરંતુ ઉત્તર મથુરા અને દક્ષિણ મથુરા એવી બે મથુરા છે તેમાંથી કઈ જીતવાની છે ? તે આપણે પૂછ્યું નહીં. માટે હવે શું કરવું ?" તે સાંભળી શિવભૂતિ બોલ્યો કે—"તે બાબત રાજાને પૂછવાની જરૂર નથી. આપણે બંને મથુરા જીતીને જઈશું." તે સાંભળી સેનાપતિએ કહ્યું કે—"આ સૈન્યના બે ભાગ કરીને જુદા જુદા જીતવા જઈએ તો તો એક પણ મથુરા જીતી શકાય તેમ નથી. વળી એક જીતવામાં જ ઘણો કાળ લાગે તેમ છે, તેથી એક જીત્યા પછી બીજી જીતીએ તે પણ બની શકે તેવું નથી." તે સાંભળી શિવભૂતિએ કહ્યું કે—"તે બે નગરીમાં જે દુર્જય હોય તે મને એકલાને જ જીતવા આપો, અને બીજી નગરીને જીતવા આખું સૈન્ય લઈને તમે જાઓ." ત્યારે સેનાપતિએ કહ્યું કે—"દક્ષિણ મથુરા મોટી છે માટે ત્યાં તમે જાઓ." તે

સાંભળી શિવભૂતિએ દક્ષિણ મથુરા તરફ જઈ બુદ્ધિ અને બળથી તે જીતી લીધી, અને સૈન્યે ઉત્તર મથુરા જીતી લીધી. પછી સર્વ રાજા પાસે આવ્યા. રાજાએ તે વૃત્તાંત સાંભળી પ્રસન્ન થઈ શિવભૂતિને કહ્યું કે–"તેં મોટું કામ કર્યું છે. માટે તને શું આપું ? જે માગે તે આપું." તેણે કહ્યું કે–"મને સર્વત્ર ફરવાની રજા આપો." રાજાએ કહ્યું–"તારી સ્વેચ્છાએ તારે સર્વત્ર ફરવું."

ત્યારપછી તે શિવભૂતિ ઇચ્છા પ્રમાણે ફરવાથી પોતાને ઘેર પણ મધ્યાહ્ન પછી જાય, મધ્ય રાત્રિએ જાય, કોઈ વખત પરોઢીયે જાય અને કોઈ વખત ન પણ જાય. એવી રીતે અનિયમિત થવાથી તેની સ્ત્રી ઘણી જ ખેદ પામી, તેથી તેણીએ એક વાર પોતાની સાસુને કહ્યું કે–"હે માતા ! દિવસે હું તમારા પુત્રની રાહ જોવાથી ભૂખે મરું છું, અને રાત્રીએ તેના આવ્યા સુધી જાગવાથી નિરાંતે નિદ્રા પણ લઈ શકતી નથી." તે સાંભળી સાસુએ કહ્યું કે–"આજે તું સુઈ જા, તારા વતી=તારે બદલે આજે હું જાગીશ." એમ કહી વહુને સૂવાડી પોતે દરવાજા બંધ કરી જાગતી રહી. મધ્ય રાત્રિ થઈ ત્યારે શિવભૂતિએ આવીને દ્વાર ઉઘાડવાનું કહ્યું. ત્યારે તેની માતાએ ક્રોધથી કહ્યું કે–"અત્યારે જ્યાં દ્વાર ઉઘાડા હોય ત્યાં જા." તે સાંભળી શિવભૂતિ પણ રોષથી ચાલ્યો ગયો. નગરમાં ફરતા ફરતા તેણે આર્યકૃષ્ણાચાર્ય જ્યાં બિરાજમાન હતા તે ઉપાશ્રય ખુલ્લો જોયો એટલે ત્યાં જઈ આચાર્યને વંદન કરીને કહ્યું કે–"હે પૂજ્ય ! મને દીક્ષા આપો." ગુરુએ તેને ના કહી તો પણ તેણે પોતાના હાથે જ લોચ કર્યો. ત્યારે ગુરુએ તેને વેષ આપ્યો. પ્રાતઃકાળે રાજાએ વૃત્તાંત જાણી તેની પાસે આવી પૂછ્યું કે–"મને પૂછ્યા વિના કેમ દીક્ષા લીધી ? તેણે કહ્યું કે–"મેં તમારી પાસે સ્વતંત્રતા માગી તે વખતે પૂછેલું જ હતું." તે સાંભળી તેના વિયોગથી દુઃખ પામતો રાજા તેને વાંદી પોતાને ઘેર ગયો. પછી ગુરુ પરિવાર સહિત ત્યાંથી વિહાર કરી અન્યત્ર ગયા.

થોડો સમય ગયા પછી ફરીથી આચાર્ય તે જ નગરમાં આવ્યા. રાજા તેમને વાંદવા આવ્યો. પછી ગુરુની આજ્ઞા લઈ સહસ્રમલ્લને રાજા પોતાને ઘેર લઈ ગયો. ત્યાંથી તેની ઇચ્છા વિના પણ રાજાએ આગ્રહ કરી તેને એક રત્નકંબલ આપી. તે લઈ તે ગુરુ પાસે આવ્યો. ગુરુએ રત્નકંબલ જોઈ તેને

કહ્યું કે–''હે વત્સ ! મને પૂછ્યા વિના કેમ આ રત્નકંબલ લીધી ? સાધુઓને બહુ મૂલ્યવાળું ઉપકરણ કલ્પે નહીં.'' એમ કહ્યા છતાં તેણે તે રત્નકંબલનો ત્યાગ કર્યો નહી. પરંતુ મૂર્છાને લીધે ઉપધિમાં ગોપવીને રાખી. એકદા તે શિવભૂતિ બહાર ગયો હતો ત્યારે ગુરુએ તેની મૂર્ચ્છા દૂર કરવા માટે તેની ઉપધિમાંથી તે રત્નકંબલ કાઢી તેના કકડા કરી સાધુઓને પાદલુંછન કરવા આપી દીધા. પછી તે જયારે આવ્યો ત્યારે તે વૃત્તાંત તેણે જાણ્યો, આથી મનમાં કષાય રાખી મૌન રહ્યો. એકદા ગુરુએ જિનકલ્પીની વ્યાખ્યા કરી, તેમાં કહ્યું કે–''જિનકલ્પી બે પ્રકારના છે. તેમાં એક હાથરૂપી જ પાત્રવાળા અને બીજા પાત્ર ધારણ કરનારા. તે વળી વસ્ત્ર સહિત અને વસ્ત્ર રહિત એમ બે પ્રકારના હોય છે.'' ઇત્યાદિ જિનકલ્પિકનો માર્ગ સાંભળી સહસ્રમલ્લે પૂછ્યું કે–''હાલમાં એ માર્ગ કેમ અંગીકાર કરાતો નથી ?'' ગુરુ કહ્યો કે–''હાલમાં તે માર્ગ વિચ્છેદ થયો છે.'' તે બોલ્યા–''જો તે માર્ગ હાલમાં પણ અંગીકાર કરાય તો તેનો વિચ્છેદ ન થાય. પરલોકના અર્થીને તો એ જ માર્ગ ઉત્તમ છે, કેમ કે સર્વથા પ્રકારે પરિગ્રહનો ત્યાગ કરવો એ જ શ્રેય છે.''

તે સાંભળી ગુરુએ કહ્યું કે–''એ તો ધર્મનાં ઉપકરણ છે, તે કાંઈ પરિગ્રહ કહેવાય નહીં. કેમ કે ચર્મચક્ષુથી જોઈ ન શકાય તેવા ઘણા જંતુઓ છે, તેમની રક્ષાને માટે રજોહરણ ધારણ કરવાનું કહ્યું છે. બેસતાં, સૂતાં, ઊભા રહેતાં, કાંઈ વસ્તુ લેતાં અથવા મૂકતાં તથા શરીરને લાંબું-ટૂંકું કરતાં પ્રથમ રજોહરણ વડે ભૂમિ આદિનું પ્રમાર્જન કરવાનું છે. અથવા સંપાતિમ એટલે ઉડી ઉડીને આવી પડતા સૂક્ષ્મ જીવો ચોતરફ વ્યાપીને રહ્યા છે, તેમની રક્ષાને માટે મુખવસ્ત્રિકા રાખવાની છે. તથા અન્નપાણીમાં પણ જંતુઓ કદાચ હોઈ શકે છે, તે જોવા માટે પાત્ર રાખવાનું કહ્યું છે. તેમજ સમ્યક્ત્વ, જ્ઞાન, શીલ અને તપ સાધવા માટે વસ્ત્રનું પણ ધારણ કરવું કહ્યું છે. કેમ કે શીત, વાયુ, તડકો તથા ડાંસ મચ્છર વગેરેથી સંતાપ પામેલા સાધુઓ કદાચ સમકિત વગેરેથી પણ સ્ખલના પામે. વસ્ત્ર નહીં ધારણ કરવાથી ક્ષુદ્ર પ્રાણીઓનો વિનાશ થાય અથવા જ્ઞાનધ્યાનના ઉપઘાતરૂપ મોટો દોષ થાય. જે આ દોષોને ધર્મોપકરણ વિના જ વર્જી=ત્યજી શકતો હોય તે જિનેશ્વરની જેમ ઉપકરણ ગ્રહણ ન કરે તો યોગ્ય છે. વળી

જિનકલ્પી પહેલા સંઘયણ વાળા જ હોય છે, તેથી તેઓ ઉપકરણ વિના પણ દોષો ટાળી શકે છે. હમણાં પ્રથમ સંઘયણ નથી, તેથી જિનકલ્પિક માર્ગનો વિચ્છેદ થયો છે. વળી ઉપકરણ ધારણ કરવામાં કાંઈ પરિગ્રહ કહી શકાતો નથી, પંડિતો મૂર્છાને જ પરિગ્રહ કહે છે, કેમકે મૂર્છા જ મોક્ષમાં વિઘ્નકર્તા છે, કાંઈ ઉપકરણ વિઘ્ન કરી શકતાં નથી પણ તેની મૂર્ચ્છા વિઘ્નકર્તા છે."

એ રીતે ગુરુએ તેને અનેક પ્રકારે સમજાવ્યો તો પણ તે સમજ્યો નહીં. અને વસ્ત્ર વગેરેનો ત્યાગ કરી એકલો વનમાં ગયો. ત્યાં તેની બહેન ઉત્તરા નામની સાધ્વી તેને વાંદવા માટે ગઈ. ત્યારે તેને વસ્ત્ર રહિત જોઈ તેણીએ પણ વસ્ત્રાદિકનો ત્યાગ કર્યો. એકદા તેની સાથે ભિક્ષાને માટે તે પણ નગરમાં ચાલી. તેને પોતાની બારીમાં ઉભેલી એક વેશ્યાએ જોઈ. તેથી તે વેશ્યાએ વિચાર કર્યો કે—"આ સ્ત્રીને વસ્ત્ર રહિત જોવાથી લોકો સ્ત્રીઓથી વૈરાગ્ય પામશે. (એટલે અમને હાનિ થશે.)" એમ ધારી વેશ્યાએ તેના શરીર પર એક સાડી ઉપરથી નાંખી, તો પણ ઉત્તરાએ તેની ઇચ્છા ન કરી, ત્યારે શિવભૂતિએ તેણીને કહ્યું કે—"આ શાટિકા દેવતાએ આપી છે, માટે તેને દૂર ન કર." આ પ્રમાણે ભાઈના વચનથી તેણે તે સાડી શરીર પર ધારણ કરી. તે શિવભૂતિને કોડિન્ન અને કોટ્ટવીર નામના બે બુદ્ધિમાન શિષ્યો હતા, તેમનાથી આ બોટિક મતની પરંપરા ચાલી. આ રીતે આઠમો નિહ્નવ દિગંબર થયો. તેણે પ્રથમ શુદ્ધ બોધ મેળવ્યો હતો, પણ પાછળથી હારી ગયો, તેથી પ્રાપ્ત થયેલી બોધિનું રક્ષણ કરવા માટે ભવ્ય પ્રાણીઓએ યત્ન કરવો. ૮.

**હવે પૂર્વે કહેલું મનુષ્યપણું, શાસ્ત્રશ્રવણ અને ધર્મશ્રદ્ધા એ ત્રણે પ્રાપ્ત થયા છતાં પણ સંયમને વિષે વીર્ય=પરાક્રમ ફોરવવું અતિ દુર્લભ છે. તે કહે છે –**

**सुइं च लद्धुं सद्धं च, वीरियं पुण दुल्लहं ।**
**बहवे रोयमाणा वि, नो य णं पडिवज्जए ॥१०॥**

અર્થ : શ્રુતિને એટલે ધર્મના શ્રવણને તથા મનુષ્યપણાને તથા ધર્મની

શ્રદ્ધાને પામીને સંયમ લેવાનું વીર્ય પુનઃ એટલે અત્યંત દુર્લભ છે. કેમ કે ઘણા મનુષ્યો રુચિવાળા એટલે શ્રદ્ધાવાળા હોવા છતાં પણ એનં એટલે આ સંયમને અંગીકાર કરતા નથી. ૧૦

**હવે આ ચારે અંગોનું પરલોક સંબંધી ફળ બતાવે છે –**

**माणुसत्तम्मि आयाओ, जो धम्मं सुच्च सद्दहे ।**
**तवस्सी वीरियं लद्धुं, संवुडो णिद्धुणे रयं ॥११॥**

અર્થ : મનુષ્યપણાને વિષે આવેલો જે પ્રાણી ધર્મને સાંભળી તેના પર શ્રદ્ધા રાખે છે. તે તપસ્વી એટલે નિયાણા આદિ રહિત પ્રશસ્ય તપવાળો જીવ વીર્ય એટલે સંયમના ઉદ્યમને પામીને સંવરવાળો થઈને કર્મરૂપી રજને અત્યંત દૂર કરે છે—નાશ કરી મુક્તિ પામે છે. ૧૧.

**હવે તે ચારે અંગોનું આલોકસંબંધી ફળ બતાવે છે –**

**सोही उज्जुयभूयस्स, धम्मो सुद्धस्स चिट्ठइ ।**
**निव्वाणं परमं जाइ, घयसित्ति व्व पावए ॥१२॥**

અર્થ : ચાર અંગની પ્રાપ્તિ વડે મોક્ષ પ્રત્યે ઋજુભૂત એટલે તૈયાર થયેલાને શુદ્ધિ થાય છે એટલે કષાયરૂપી કલુષતાનો નાશ થાય છે. તથા શુદ્ધ થયેલાને ક્ષમાદિક દશ પ્રકારનો યતિધર્મ સ્થિર થાય છે. તથા સ્થિર ધર્મવાળાને ઉત્કૃષ્ટ નિર્વાણ-મોક્ષ પ્રાપ્ત થાય છે એટલે તે જીવનમુક્ત થાય છે. અર્થાત્ ઘી વડે સીંચાયેલા અગ્નિની જેમ તપના તેજ વડે તે જાજ્વલ્યમાન થાય છે. ૧૨.

**આ પ્રમાણે ફળ કહીને હવે શિષ્યને ઉપદેશ આપે છે –**

**विगिंच कम्मुणो हेउं, जसं संचिणु खंतिए ।**
**पाढवं सरीरं हिच्चा, उड्ढं पक्कमई दिसं ॥१३॥**

અર્થ : ગુરુ શિષ્યને કહે છે કે—હે સાધુ ! મનુષ્યત્વાદિકના નિષેધક એવા કર્મના મિથ્યાત્વ અવિરતિ વગેરે ઉપાદાન કારણને તું વિવેચન કર એટલે પૃથક્કરણ કર. અને ક્ષાંતિ વડે તથા ઉપલક્ષણથી માર્દવાદિક વડે યશ એટલે સંયમ અથવા વિનય. તેને તું એકઠો કર એટલે પુષ્ટ કર. એ પ્રમાણે કરવાથી પ્રાણી આ પૃથ્વીના વિકાર રૂપ ઔદારિક શરીરનો ત્યાગ કરીને ઉર્ધ્વ દિશાએ એટલે મોક્ષ પ્રત્યે જાય છે અર્થાત્ એમ કરવાથી પ્રાણી મોક્ષે જાય છે. તે પ્રમાણે કરવાથી હે શિષ્ય ! તું પણ મોક્ષમાં જઈશ. ૧૩.

**આ પ્રમાણે તે જ ભવે મોક્ષે જનારનું ફળ કહી, હવે તેથી બીજાઓને શું ફળ પ્રાપ્ત થાય ? તે કહે છે –**

**विसालिसेहिं सीलेहिं, जक्खा उत्तरउत्तरा ।**
**महासुक्का व दिप्पंता, मन्नंता अपुणच्चवं ॥१४॥**
**अप्पिया देवकामाणं, कामरूवविउव्विणो ।**
**उड्ढं कप्पे चिट्ठंति, पुव्वा वाससया बहू ॥१५॥**

અર્થ : સાધુઓ વિસદશ એટલે પોતપોતાના ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમની અપેક્ષાએ જુદા જુદા વ્રત પાળવારૂપ આચાર પાલનથી દેવ થઈને, ઊંચે કલ્પમાં-દેવલોકમાં રહે છે. એનો બીજી ગાથા સાથે સંબંધ છે. તે દેવો કેવા છે ? તે કહે છે. ઉત્તરોત્તર પ્રધાન એવા, તથા મહાશુક્લ એટલે અત્યંત ઉજ્જવળ જે ચંદ્ર સૂર્ય આદિ તેની જેમ દેદીપ્યમાન તથા દીર્ઘ આયુષ્યની સ્થિતિ હોવાથી ફરી ચ્યવવું નથી એમ પોતાના મનમાં માનતા, તથા પૂર્વ ભવમાં ચારિત્ર પાળવારૂપ સુકૃત વડે દેવના કામભોગ પ્રત્યે અર્પણ કરાયેલા—પામેલા એવા, તથા ઇચ્છા પ્રમાણે રૂપને રચવાવાળા એવા તે દેવો ઘણા એટલે અસંખ્યાતા સેંકડો પૂર્વ વર્ષ સુધી ઊંચે કલ્પને વિષે એટલે બારદેવલોકને વિષે તથા ઉપલક્ષણથી નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનને વિષે રહે છે—સ્થિતિને ભોગવે છે.

અહીં પૂર્વવર્ષનું ગ્રહણ કર્યું છે તેથી એમ જણાવ્યું કે—પૂર્વના આયુષ્યવાળા જ ચારિત્રને યોગ્ય હોય છે તેથી તેઓને જ દેશના આપવામાં

આવે છે, તેઓ જ ઉપદેશની યોગ્યતાવાળા છે. ૧૪-૧૫.

**તેઓને સ્વર્ગમાં રહેવા જેટલું જ ફળ છે કે બીજું પણ છે ? તે ઉપર કહે છે –**

**तत्थ ठिच्चा जहाठाणं, जक्खा आउक्खए चुया ।**
**उवेंति माणुसं जोणिं, से दसंगेऽभिजायइ ॥१६॥**

અર્થ : તે દેવલોકને વિષે દેવો જેનું જેવું સ્થાન હોય–જેની જેટલી સ્થિતિ હોય તે પ્રમાણે રહીને પછી આયુષ્યનો ક્ષય થવાથી ત્યાંથી ચ્યવીને મનુષ્યની યોનિમાં આવે છે અને ત્યાં સવિશેષ શુભ કર્મવાળો તે જીવ દશ અંગવાળો એટલે દશ પ્રકારના ભોગની સામગ્રીવાળો થાય છે.

અહીં એટલે તે જીવ એમ એકવચન આપ્યું તેનો હેતુ એ છે જે પોતપોતાના બાકી રહેલા શુભકર્મને અનુસારે કોઈ નવ પ્રકારના, કોઈ આઠ પ્રકારના એમ વિવિધ પ્રકારના ભોગની સામગ્રીને પામે છે. એમ જણાવવા માટે એક વચન લખ્યું છે. ૧૬.

**હવે ભોગના દશાંગ એટલે દશ પ્રકારો બતાવે છે –**

**खेत्तं वत्थुं हिरण्णं च, पसवो दास-पोरुसं ।**
**चत्तारि कामखंधाणि, तत्थ से उववज्जइ ॥१७॥**

અર્થ : ક્ષેત્ર એટલે ગ્રામ આરામ વગેરે અથવા સેતુ અને કેતુરૂપ ક્ષેત્ર વાસ્તુ એટલે ભોંયરા વગેરે ખાત=ખોદેલો, મેડી વગેરે ઉચ્છ્રિત= જમીનથી ઊંચા અને તે બંને રૂપ ઘરો, સુવર્ણ, અને ઉપલક્ષણથી રૂપું વગેરે, ગાય ભેંસ વગેરે પશુઓ, ચાકર, તથા પૌરુષેય એટલે પદાતિનો સમૂહ આ ચાર કામભોગના હેતુરૂપ સ્કંધો એટલે પુદ્ગલના સમૂહો જેમાં હોય તેવા કુળમાં તે ઉત્પન્ન થાય છે. અહીં ક્ષેત્ર અને વાસ્તુ મળીને કામનો એક પ્રકાર જાણવો, બીજો હિરણ્ય, ત્રીજો પશુઓ અને ચોથો કામ, દામ અને પૌરુષેય મળીને જાણવો. આ ચારે કામ મળીને તેનું એક અંગ કહ્યું. ૧૭.

**બાકીનાં નવ અંગ કહે છે –**

**मित्तवं नाइवं होइ, उच्चागोत्ते य वन्नवं ।**
**अप्पायंके महापन्ने, अभिजाए जसो बले ॥१८॥**

અર્થ : વળી તે મિત્રવાળો થાય છે ૧, તથા જ્ઞાતિવાળો એટલે કુટુંબવાળો થાય છે ૨, તથા ઉચ્ચ ગોત્રવાળો થાય છે ૩, તથા વર્ણવાળો એટલે શરીરની કાંતિવાળો થાય છે ૪, તથા અલ્પાંતક એટલે વ્યાધિ રહિત થાય છે ૫, મહાપ્રજ્ઞ એટલે પંડિત થાય છે ૬, તથા અભિજાત એટલે વિનયવાળો થાય છે ૭, તેથી જ યશસ્વી થાય છે ૮, તથા બળવાન થાય છે, ૯, ૧૮.

**આવું ગુણવાળું મનુષ્યપણું પ્રાપ્ત થાય એ જ તેનું ફળ છે ? કે બીજું પણકાંઈ ફળ છે ? તે કહે છે –**

**भोच्चा माणुस्सए भोए, अप्पडिरूवे अहाउयं ।**
**पुव्वं विसुद्धसद्धम्मे, केवलं बोहि वुज्झिया ॥१९॥**
**चउरंगं दुल्लहं मच्चा, संजमं पडिवज्जिया ।**
**तवसा धुतकम्मंसे, सिद्धे भवति सासए ॥२०॥ त्ति बेमि ॥**

અર્થ : ત્યાં તે મનુષ્ય આયુષ્ય પર્યંત બીજાને ન મળી શકે તેવા મનુષ્ય સંબંધી કામભોગોને ભોગવીને પૂર્વ જન્મમાં વિશુદ્ધ=નિયાણા આદિ રહિત સદ્ધર્મવાળી કલંક રહિત જિન ધર્મની પ્રાપ્તિને જાણીને ત્યારપછી પ્રથમ કહેલા મનુષ્યભવાદિક ચાર અંગો જે અત્યંત દુર્લભ છે એમ જાણી, સર્વસાવદ્યવિરતિ રૂપ ચારિત્રને અંગીકાર કરી, બાર પ્રકારના તપ વડે સર્વકર્મનો નાશ કરીને, શાશ્વત એટલે નિરંતર સ્થિતિવાળો સિદ્ધ થાય છે. એમ હું કહું છું. આ પ્રમાણે શ્રીસુધર્માસ્વામીએ જંબૂસ્વામીને કહ્યું કે શ્રીમહાવીરસ્વામી પાસેથી મેં જે પ્રમાણે સાંભળ્યું છે તે પ્રમાણે હું તમને કહું છું. ૧૯-૨૦.

—— ● ——

# દ્રુમપત્રક અધ્યયન

**શરીરની નશ્વરતા અને આયુષ્યની ક્ષણભંગુરતા બતાવીને પરમકૃપાળુ પરમાત્માએ પરમવિનયી ગૌતમસ્વામીમહારાજાને દરેક પદાર્થ સમજાવતાં સમજાવતાં—'समयं गोयम ! मा पमायए ।'**

**હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરીશ એમ વારંવાર કહેલ છે.**

**અહીં પ્રમાદ એટલે નિદ્રા એટલું જ નહિ પણ જે ઇન્દ્રિયો આદિ મળેલ છે તેને ધર્મ આરાધનામાં ન વાળતાં વિષયસુખોમાં આસક્ત કરવી તે પણ પ્રમાદરૂપે કહેલ છે.**

**પીપળાના પાનના દૃષ્ટાંત દ્વારા શરીર-ઋદ્ધિ-સમૃદ્ધિ પ્રત્યે આસક્ત બનવા જેવું નથી તે બતાવ્યું છે એટલે પ્રારંભમાં વૃક્ષના પાંદડા દ્વારા ઉપદેશ આપેલ હોવાથી 'દ્રુમપત્ર અધ્યયન' નામ આપ્યું છે.**

આ ભરતક્ષેત્રમાં પૃષ્ઠચંપા નામની નગરીમાં સાલ નામે રાજા અને મહાસાલ નામે યુવરાજ હતા. તે બંને ભાઈઓને યશોમતી નામની બહેન હતી. તેને પિઠર નામનો પતિ હતો. તેમને ગાગિલિ નામનો એક પુત્ર હતો. એક વખત વિહાર કરતા કરતા શ્રી મહાવીરસ્વામી તે નગરીમાં સમવસર્યા. તેમના સમાચાર સાંભળી સાલ અને મહાસાલ પરિવાર સહિત ભગવાનને વંદન કરવા ગયા. જિનેશ્વરને નમસ્કાર કરી બંને ભાઈઓ યોગ્ય સ્થાને બેઠા. પછી ભગવાનના મુખથી તેમણે આ પ્રમાણે ધર્મદેશના સાંભળી.

''હે ભવ્ય પ્રાણીઓ ! સંસારમાં મનુષ્ય ભવ વગેરે ધર્મસાધનાની

સામગ્રી મળવી અતિ દુર્લભ છે. મિથ્યાત્વ, અવિરતિ વગેરે ધર્મના બાધક છે, મહા આરંભો નરકનાં કારણો છે, આ સંસાર જન્મ, જરા, મરણ વગેરે અનેક દુ:ખોથી ભરેલો છે, ક્રોધાદિ કષાયો સંસાર ભ્રમણના હેતુરૂપ છે અને તે કષાયોનો ત્યાગ કરવાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે.'' ઈત્યાદિ ધર્મદેશના સાંભળી સાલ, મહાસાલ વગેરે સર્વ પોતપોતાને સ્થાને ગયા. ગયા પછી સાલ રાજાએ મહાસાલને કહ્યું કે—''હે ભાઈ ! ભગવાનની દેશના સાંભળી મને વૈરાગ્ય થયો છે, તેથી હું દીક્ષા ગ્રહણ કરીશ. આ રાજ્યને તું ગ્રહણ કર.'' તે સાંભળી મહાસાલે કહ્યું કે—''હે બંધુ ! આ દુર્ગતિના કારણરૂપ રાજ્યથી મારે સર્યું, મને પણ વૈરાગ્ય થયો છે, તેથી હું પણ તમારી સાથે જ દીક્ષા ગ્રહણ કરીશ. મને પણ તમારી સાથે રાખી દુર્ગતિથી મારો ઉદ્ધાર કરો.'' તે સાંભળી રાજાએ પોતાના ભાણેજ ગાગિલિને રાજ્ય ઉપર સ્થાપન કરી નાના ભાઈ સહિત મોટા ઉત્સવપૂર્વક શ્રી મહાવીરસ્વામી પાસે દીક્ષા ગ્રહણ કરી. પછી નિરંતર ભગવાનની સાથે વિચરતા તે બંને મુનિ સંપૂર્ણ અગ્યાર અંગ ભણ્યા.

એક વખત ભગવાન રાજગૃહ નગરથી ચંપાપુર તરફ ચાલ્યા. તે વખતે સાલ મહાસાલ મુનિઓએ પ્રભુને વંદના કરી વિજ્ઞપ્તિ કરી કે—''હે સ્વામી ! જો આપની અનુજ્ઞા હોય તો અમે પૃષ્ઠચંપા નગરીમાં અમારા સ્વજનોને પ્રતિબોધ કરવા જોઈએ.'' તે સાંભળી જ્ઞાની પ્રભુએ તે બંનેને ગૌતમ ગણધરની સાથે જવાની અનુજ્ઞા આપી. એટલે તેઓ અનુક્રમે વિહાર કરી પૃષ્ઠચંપા નગરીએ ગયા. ત્યાં દેવોએ રચેલા સુવર્ણ કમળ ઉપર બેસી ચાર જ્ઞાનને ધારણ કરનાર શ્રી ગૌતમસ્વામી ધર્મદેશના આપવા લાગ્યા. ગાગિલિ રાજા પોતાના બંને મામા સહિત શ્રી ગૌતમસ્વામીને સમવસરેલા જાણી પોતાના માતા પિતાની સાથે ઉત્સુકતાથી તેમને વંદન કરવા માટે મોટા આડંબરપૂર્વક ગયો. ગૌતમસ્વામીને તથા મામાઓને વંદના કરી તે યોગ્ય સ્થાને બેઠો. સંસારની અસારતા જણાવનારી ધર્મદેશના સાંભળી ગાગિલિ રાજાએ પોતાના માતા પિતા સહિત વૈરાગ્ય પામી, પુત્રને રાજ્ય પર સ્થાપન કરી ગૌતમસ્વામી પાસે દીક્ષા-પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

ત્યારપછી સાલ, મહાસાલ, ગાગિલિ અને તેના માતા પિતા સહિત ગૌતમસ્વામી ત્યાંથી વિહાર કરી ભગવાનની પાસે જવા માટે ચંપાનગરી તરફ ચાલ્યા.

માર્ગમાં સાલ અને મહાસાલ મુનિ વિચાર કરવા લાગ્યા કે–''બેન, બનેવી અને ભાણેજને આપણે સંસારસમુદ્રથી તાર્યા એ બહુ સારું થયું.'' તે વખતે ગાગલિ વગેરે ત્રણે પણ વિચાર કરવા લાગ્યા કે–''અહો ! આ સાલ અને મહાસાલ આપણા મોટા ઉપકારી છે. કેમકે તેમણે પ્રથમ આપણને રાજ્યલક્ષ્મીના માલિક કર્યા અને અત્યારે મોક્ષલક્ષ્મીના પણ માલિક કરવા માટે આ દુર્લભ ચારિત્ર અપાવ્યું.'' ઇત્યાદિ વિચાર કરતાં તે પાંચે ક્ષપક શ્રેણિ પર આરૂઢ થયા, અને માર્ગમાં જ મોહરૂપી મદોન્મત્ત હાથીનો વિનાશ કરવામાં સિંહ સમાન તે પાંચે મહાત્મા કેવળજ્ઞાન પામ્યા. અનુક્રમે તેઓ ગૌતમસ્વામીની સાથે શ્રી જિનેશ્વર પાસે આવ્યા. ત્યાં તે પાંચે કેવળીઓ જિનેંદ્રને પ્રદક્ષિણા કરી કેવળીની સભા તરફ ચાલ્યા. તે વખતે ગૌતમસ્વામીએ તેમને કહ્યું કે–''હે મુનિઓ ! શું તમે જાણતા નથી કે એ પર્ષદા કેવળી ભગવંતોની છે ? ત્યાં તમે કેમ જાઓ છો ? આમ આવોને જગત્ પ્રભુને વંદન કરો.'' તે સાંભળી પ્રભુએ ગૌતમને કહ્યું કે–''હે ગૌતમ ! કેવળીની આશાતના ન કરો, તેઓ કેવળી છે.''

આ પ્રમાણે ભગવાનનું વચન સાંભળી તત્કાળ ગૌતમસ્વામીએ તેમને ખમાવી મનમાં વિચાર કર્યો કે–''મારા શિષ્યોને તરત કેવળજ્ઞાન થાય છે અને મને તો હજુ સુધી કેવળજ્ઞાન થયું નથી. તો શું હું આ ભવે મોક્ષમાં જઈશ કે નહીં જાઉં ?'' આ પ્રમાણે તે વિચાર કરતા હતા, તેટલામાં તેમણે આ પ્રમાણે દેવતાઓની પરસ્પર વાતચીત સાંભળી કે–''આજે શ્રી જિનેશ્વરે દેશનામાં કહ્યું હતું કે જે મનુષ્ય પોતાની લબ્ધિથી અષ્ટાપદ પર્વત પર જઈ જિનેશ્વરોને વંદના કરે તે મનુષ્યની તે જ ભવમાં સિદ્ધિ થાય છે.'' આવું દેવનું વચન સાંભળી ગૌતમસ્વામી અષ્ટાપદ જવા ઉત્સુક થયા, અને તે ભગવાન પાસે આજ્ઞા માગી. ભગવાને તાપસોને બોધ માટે તથા તેમને સાન્ત્વના માટે જવાની આજ્ઞા આપી. એટલે શ્રી ગૌતમસ્વામી ભક્તિથી તીર્થંકરને વંદન કરી અષ્ટાપદ તરફ ચાલ્યા.

આ અવસરે કોડિન્ન, દિન્ન અને સેવાલ નામના ત્રણ તાપસો કે જેમને દરેકને પાંચસો પાંચસો શિષ્યો હતા, તેમણે માણસોના મુખથી મહાવીર ભગવાનનું ઉપરોક્ત વચન સાંભળ્યું હતું, તેથી તેઓ પોતપોતાના શિષ્ય પરિવાર સહિત પ્રથમથી જ અષ્ટાપદ તરફ ચાલ્યા હતા. તેઓમાં પહેલો કોડિન્ન નામનો તાપસ પોતાના શિષ્ય રહિત નિરંતર ઉપવાસ કરી પારણે કંદ વગેરેનું ભોજન કરતો હતો. તે અષ્ટાપદની પહેલી મેખલા સુધી પહોંચ્યો હતો. આગળ જવાની તેની શક્તિ નહોતી. બીજો દિન્ન નામનો તાપસ શિષ્યો સાથે નિરંતર છઠ્ઠ તપ કરી પારણામાં પાકી ગયેલાં પાંદડાં વગેરેનું ભોજન કરતો હતો, તે આ પર્વતની બીજી મેખલા સુધી આવીને અટકી ગયો હતો, તથા ત્રીજો સેવાલ નામનો તાપસ શિષ્યો સાથે નિરંતર અઠ્ઠમ તપ કરી પારણામાં સુકી સેવાળનું જ ભક્ષણ કરતો હતો, તે અષ્ટાપદ પર્વતની ત્રીજી મેખલા સુધી પહોંચ્યો હતો. પરંતુ તેમાંનો કોઈ પણ તે પર્વતના શિખર સુધી જઈ શક્યો નહોતો. (અષ્ટાપદને એક એક યોજન પ્રમાણ આઠ મેખલાઓ છે.)

તેટલામાં તે તાપસોએ ગૌતમસ્વામીને આવતા જોઈ વિચાર કર્યો કે—''અમે તપ વડે અત્યંત કૃશ થયા છીએ, તો પણ ઉપર વધારે ચડી શકતા નથી, તો આ સ્થૂળ શરીરવાળા યતિ શી રીતે ચડી શકશે ?'' આ પ્રમાણે તેઓ વિચાર કરે છે તેટલામાં તો ગૌતમસ્વામી જંઘાચારણ લબ્ધિથી સૂર્યના કિરણોનું આલંબન કરી શીઘ્રતાથી ચડવા લાગ્યા અને અનુક્રમે તે સર્વને ઓળંગી ક્ષણવારમાં જોઈ ન શકાય તેટલા દૂર ગયા. તે જોઈ ગૌતમસ્વામીની પ્રશંસા કરતા તે ત્રણે તાપસોએ પોતપોતાના મનમાં વિચાર કર્યો કે—''આ યતિ પર્વત પરથી ઉતરશે ત્યારે અમે તેમના શિષ્ય થઈશું.'' અહીં ગૌતમસ્વામી પર્વતના શિખર પર જઈ ત્યાં ભરતચક્રીના કરાવેલા મનોહર પ્રાસાદને જોઈ મનમાં આનંદ પામ્યા. પછી પ્રાસાદની અંદર રહેલા પોતપોતાના દેહપ્રમાણ અને વર્ણવાળી શ્રીઋષભાદિ ચોવીશે તીર્થંકરોની પ્રતિમાઓને વંદના કરી, જાણે સાક્ષાત્ જિનેશ્વરો જ વિરાજતા હોય એવા તે સ્થાપના જિનોને જોઈ જોઈને ગૌતમસ્વામી અદ્વિતીય આનંદ પામ્યા. અને ''જગચિંતામણિ જગનાહ.'' વગેરે સૂત્ર વડે સ્તુતિ કરી.

પછી પ્રાંતે નમસ્કાર કરી ચૈત્યની બહાર આવી અશોકવૃક્ષની નીચે રાત્રિ પસાર કરવા લાગ્યા.

આ અવસરે શક્રેંદ્રનો દિક્પાળ ધનદ (કુબેર) દેવ ત્યાં જિનેશ્વરોને વંદન કરવા આવ્યો. તેણે તીર્થંકરોને વંદના કરીને ગૌતમગણધરને પણ હર્ષથી વંદના કરી તેમની પાસે તે બેઠો. તે વખતે ગણધર મહારાજ દેવ-ગુરુ-ધર્મ ત્રણ તત્ત્વનું નિરુપણ કરવા લાગ્યા. તેમાં ગુરુતત્ત્વનું નિરુપણ કરતાં તેમણે આ પ્રમાણે સાધુના ગુણોનું વર્ણન કર્યું—"જેઓ પાંચ મહાવ્રતોને ધારણ કરનારા છે, તીવ્ર તપ વડે શરીરનું શોષણ કરનારા છે, અંતપ્રાંત આહારનું ભક્ષણ કરનારા છે, શત્રુ અને મિત્રને વિષે તુલ્ય મનોવૃત્તિવાળા છે, પાંચ ઇંદ્રિયોને જીતનારા છે તથા જેઓ ક્રોધાદિ કષાય રહિત છે તે મહાત્મા મુનિઓ જ ગુરુ કહેવાય છે, કે જેઓ પોતે સંસાર સાગરને તરે છે તથા બીજાને પણ તારે છે." આવાં ગણધર મહારાજનાં વચન સાંભળ્યાં. પણ ગૌતમ ગણધરનું શરીર કોમળ અને હૃષ્ટપુષ્ટ જોઈ ધનદે વિચાર કર્યો કે—"આ ગણધર જે પ્રમાણે કહે છે તેવું તેમનું પોતાનું જ શરીર નથી જણાતું. કારણ કે અંતપ્રાંત આહાર લેવાથી આવું મનોહર શરીર હોઈ શકે જ નહીં." એમ વિચારી તે વૈશ્રવણ દેવ કાંઈક મલક્યો. તે વખતે તેના હૃદયનો અભિપ્રાય જાણી ચાર જ્ઞાનને ધારણ કરનાર ગણધર મહારાજા બોલ્યા કે—"હે દેવ ! ધ્યાન જ પ્રમાણ છે, પરંતુ દેખાતું કૃશ શરીર કાંઈ કારણભૂત નથી. વળી હે ધનદ ! આ તમારા સંશયરૂપી કાદવને ધોવા માટે જળ જેવું પુંડરીક અધ્યયન (પુંડરીક કંડરીકનું ચરિત્ર) કહું છું તે સાંભળો—

આ જ જંબૂદ્વીપના મહાવિદેહમાં પુષ્કલાવતી નામની વિજયમાં પુંડરીકિણી નામની નગરી છે. તેમાં મહાપદ્મ નામે રાજા હતો. તેને પદ્માવતી નામની રાણી હતી. તેને પુંડરીક અને કંડરીક નામના તેમને બે પુત્રો હતા. એક વખત તે નગરીમાં કોઈ સ્થવિર મુનિ પધાર્યા. તેમને વંદના કરી, તેમના મુખથી ધર્મ સાંભળી, વૈરાગ્ય પામી, મહાપદ્મ રાજાએ પુંડરીકને રાજ્ય અને કંડરીકને યુવરાજ પદ આપી દીક્ષા લીધી. અનુક્રમે સર્વ પૂર્વનો અભ્યાસ કરી તે રાજર્ષિ કેવળજ્ઞાન પામી એક માસના અનશન કરી મોક્ષપદ પામ્યા.

*ત્યારપછી એક વખત પાદરજ વડે પૃથ્વીને પવિત્ર કરતા તે જ* સ્થવિર મુનિ ફરીથી તે જ પુંડરીકિણી નગરીએ પધાર્યા. તે સાંભળી, હર્ષ પામી, પુંડરીક રાજાએ ગુરુ પાસે જઈ, તે નમસ્કાર કરી દેશના સાંભળી. શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. પછી કંડરીક ગુરુને વંદન કરી ધર્મ સાંભળીને બોલ્યા કે–"હે સ્વામી હું ભવથી ઉદ્વેગ પામ્યો છું, માટે આપની પાસે દીક્ષા લઈશ. પરંતુ મારા ભાઈ પુંડરીક રાજાની રજા લઈને હું આવું ત્યાં સુધી આપે મારા પર અનુગ્રહ કરી અહીં જ રહેવું." તે સાંભળી ગુરુએ કહ્યું કે– "હે વત્સ ! આ બાબતમાં પ્રમાદ કરીશ નહીં, વહેલો આવજે." આ રીતે ગુરુના કહેવાથી કંડરીક નગરીમાં ગયો અને મોટા ભાઈને તેણે કહ્યું કે–"હે બંધુ ! ગુરુના મુખથી ધર્મોપદેશ સાંભળી મને વૈરાગ્ય થયો છે, તેથી તમારી આજ્ઞા હોય તો હું દીક્ષા લેવા ઉત્સુક થયો છું. મનુષ્યભવરૂપી ચિંતામણિને કોણ પ્રમાદથી ગુમાવે ?" તે સાંભળી પુંડરીકે કહ્યું કે–"હે ભાઈ ! હમણાં તું વ્રતનો આગ્રહ ન કર. હું તને રાજ્ય આપું છું. તેથી હાલ તું ભોગ ભોગવ અને હું વ્રત ગ્રહણ કરું." કંડરીકે કહ્યું–"ભોગ કે રાજ્ય વડે મારે સર્યું, ભૂખ્યા માણસને ભોજનની જેમ મને વ્રત જ ઇષ્ટ છે." પુંડરીકે કહ્યું– "હે વત્સ ! સાધુ ધર્મ અતિ દુષ્કર છે, કારણ કે તેમાં અઢાર પાપસ્થાનોને અવશ્ય વર્જવાના હોય છે, મેરુપર્વત જેવું દુર્ધર બ્રહ્મચર્યવ્રત પાળવાનું હોય છે, મનમાં સંતોષ રાખવાનો છે અને ગુરુના વચન પ્રમાણે વર્તવાનું હોય છે. હે વત્સ ! બે બાહુ વડે સમુદ્ર તરવા જેવું તે અતિ દુષ્કર છે. વળી તું અત્યંત સુકુમાર છે, તેથી શીત ઉષ્ણ વગેરે પરિષદોની વ્યથા સહન કરી શકીશ નહીં. માટે હાલમાં તારે દીક્ષા લેવી યોગ્ય નથી." તે સાંભળી કંડરીક બોલ્યો કે–"પામર જીવોને વ્રત દુષ્કર લાગે છે, પરંતુ પરલોકના અર્થીને તે દુષ્કર નથી. તેથી મને વ્રતની આજ્ઞા આપો." આ રીતે આગ્રહપૂર્વક આજ્ઞા માગવાથી રાજાએ તેને નછુટકે આજ્ઞા આપી. ત્યારે મોટા ઉત્સવપૂર્વક કંડરીકે દીક્ષા લીધી. પછી ઉગ્ર તપસ્યા કરતાં તેણે અગ્યાર અંગોનો અભ્યાસ કર્યો.

એક વખત અંતપ્રાંત આહાર લેવાથી કંડરીકના શરીરમાં દાહજ્વરાદિ રોગો ઉત્પન્ન થયા. તેની પીડાથી તેનું શરીર કૃશ અને દિવસે

ચંદ્રની જેવું ફિક્કું થઈ ગયું. ફરીથી વિહારના ક્રમે તે જ સ્થવિર મુનિ કંડરિક સાથે એક વખત પુંડરીકિણી નગરીએ આવ્યા. તેમને વંદન કરવા પુંડરીક રાજા આવ્યા. ત્યાં કંડરીકને નમતાં રાજાએ તેમનું શરીર ઘણી વ્યાધિથી ઘેરાયેલું જોયું. ત્યારે રાજાએ ગુરુને કહ્યું કે—''પ્રાસુક ઔષધ વડે આ કંડરીક મુનિના શરીરની હું ચિકિત્સા કરીશ, માટે આપ મારી. યાનશાળામાં પધારો.'' આ પ્રમાણે રાજાની વિજ્ઞપ્તિથી ગુરુ મહારાજ રાજાની યાનશાળામાં જઈને રહ્યા. પછી રાજાની આજ્ઞાથી વૈદ્યોએ વિવિધ પ્રકારનાં ઔષધો વડે કંડરીક મુનિનું શરીર થોડા દિવસોમાં વ્યાધિ રહિત કર્યું. ત્યારપછી સ્થવિર મુનિ રજા લઈ પરિવાર સહિત વિહાર કરી અન્યત્ર ગયા. કેમકે 'સાધુઓને એક ઠેકાણે રહેવું સારું નથી.' તે વખતે કંડરીક મુનિ રાજ્યના ભોજનને વિષે લોલુપ થવાથી વિહાર કરવા તૈયાર થયા નહીં. તેની રાજાને ખબર પડતાં તે કંડરીક પાસે આવી તેને પ્રદક્ષિણાપૂર્વક વંદના કરી મધુર વચનથી બોલ્યા કે—''હે મુનિ ! તમે ધન્ય છો, તમે તમારો જન્મ સફળ કર્યો છે, કારણ કે રાજ્ય, સ્ત્રી વગેરેનો ત્યાગ કરી તમે વ્રત ગ્રહણ કર્યું છે. હું તો અધન્ય છું કે જેથી વીજળીની જેવા ચપળ રાજ્યને તજવા શક્તિમાન થયો નથી.'' ઇત્યાદિ રાજો એકવાર કહ્યું ત્યારે તે મુનિ મૌન રહ્યા, ફરી બીજીવાર અને ત્રીજીવાર કહ્યું ત્યારે લજ્જા પામી તેમણે વિહાર કર્યો.

પછી કેટલાક કાળ સુધી ઉત્સાહ વિના જ ગુરુની સાથે રહ્યા. પરંતુ તેમની હૃદયની અશુભ વાસના અસાધ્ય વ્યાધિની જેમ શાંત થઈ નહીં. તેથી એક વખત વ્રતથી ઉદ્વેગ પામી, શુભ પરિણામથી ભ્રષ્ટ થઈ, ગુરુથી જુદા પડી તે કંડરીક પોતાની નગરીએ આવ્યા, ત્યાં રાજાના મહેલની પાસે એક અશોક વૃક્ષની શાખા ઉપર ઉપધિ ટીંગાળીને તે વૃક્ષ નીચે બેઠા. તેવામાં પુંડરીક રાજાની ધાત્રીએ તેમને જોઈ તે વાત રાજાને કરી. તે સાંભળી ''હું પણ આને દોષને માટે થયો.'' એમ વિચારતા રાજા અંતઃપુર સહિત તત્કાળ કંડરીકની પાસે આવ્યા, ત્રણ પ્રદક્ષિણા પૂર્વક વંદના કરી, રાજાએ પ્રથમની જેમ ઘણાં મિષ્ટ વચનો કહ્યાં. તો પણ કંડરીક તો જાણે ભૂતાદિના આવેશવાળા હોય તેમ મૌન જ રહ્યા. ફરીથી રાજાએ કહ્યું કે—''હે મહાત્મા ! સ્વર્ગનો ત્યાગ કરી કોણ નરકને ગ્રહણ કરે ? ચિંતામણિનો ત્યાગ

કરી કોણ કાચનો ટુકડો ગ્રહણ કરે ? મોટા સામ્રાજ્યનો ત્યાગ કરી નિર્ધનપણું કોણ અંગીકાર કરે ? તેવી જ રીતે મોક્ષને આપનાર ચારિત્રનો ત્યાગ કરી ક્ષણભંગુર ભોગની કોણ પ્રાર્થના કરે ? આમ છતાં પણ જો તમારે ભોગની ઇચ્છા હોય તો તેમ કહો. કારણ કે પ્રાર્થના કર્યા વિના અયોગ્ય વસ્તુ કોણ આપે ?'' તે સાંભળી લજ્જાનો ત્યાગ કરી કંડરીક બોલ્યા કે– ''મારે ભોગની અભિલાષા છે.'' આ સાંભળી તરત જ રાજાએ પાપના ભારની જેમ રાજ્ય તેને સોંપ્યું, અને પોતે હાથ વડે મસ્તકનો લોચ કરી, ચારિત્ર અંગીકાર કરી, કંડરીક પાસેથી સાધુનો વેશ લઈ, ''ગુરુ પાસે પ્રવ્રજ્યા લીધા પછી હું ભોજન કરીશ.'' એવો અભિગ્રહ લઈ, તે ભાવસાધુ પુંડરીક રાજર્ષિ ગુરુના ચરણકમળથી પવિત્ર થયેલી દિશા તરફ ચાલ્યા.

અહીં કંડરીકે તે જ દિવસે લોલુપતાથી અકરાંતિયાની જેમ અત્યંત ભોજન કર્યું. તે સ્નિગ્ધ અન્ન મંદ જઠરાગ્નિવાળા તેને પચ્યું નહીં, તેથી ઉદરમાં ઘણી વ્યથા થવા લાગી. પાપી ધારીને મંત્રી વગેરેએ તેની ઉપેક્ષા કરી. ઔષધાદિ કર્યું નહીં. વ્યથારૂપી નદીના પૂરમાં તણાતા તે કંડરીક વિચાર કરવા લાગ્યા કે–''દુઃખમાં પડેલા સ્વામી એવા મને પણ જે જડ માણસો ઉપેક્ષા કરે છે તેઓ સેવક છતાં પણ શત્રુ કરતાં અધિક વૈરી છે. તેથી જ્યારે હું સાજો થઈશ ત્યારે ઉપેક્ષા કરનારા આ મંત્રી વગેરે સર્વનો તેમના પુત્રપૌત્રાદિ સાથે વિનાશ કરીશ.'' ઇત્યાદિ તંદુલિયા મત્સ્યની જેમ રૌદ્રધ્યાન કરતા તે ક્રૂર કંડરીક વિષ્ટામાં શૂકરની જેમ રાજ્યાદિમાં અત્યંત મૂર્ચ્છાવાળા થયા. પ્રાંતે તે વ્યથાથી તે જ રાત્રે મરણ પામીને તે સાતમી નરકે ગયા. કેમકે 'અંતકાળે જેવી મતિ હોય તેવી ગતિ થાય છે.'

અહીં પુંડરીકે ગુરુ પાસે જઈ તેમને વંદન કરી અઠ્ઠમનું પારણું કર્યું. તેમાં અંતપ્રાંત આહાર કરવાથી તેમને અત્યંત વ્યથા થઈ. તો પણ સ્થિરતાને ધારણ કરી તે રાજર્ષિ આ પ્રમાણે બોલ્યા કે–''મોક્ષપદને પામેલા ભગવાન અરિહંતોને મારા નમસ્કાર છે, સિદ્ધ, સ્થવિર અને સાધુઓને મારો નમસ્કાર છે, ગુરુના ચરણકમળમાં મેં ચાર મહાવ્રતો લીધેલાં છે, છતાં હમણાં પણ સંસારસાગરમાં નૌકા સમાન તે વ્રતોનો ફરીથી હું આશ્રય કરું છું. હું દીનતા રહિત થઈને જિનેશ્વરાદિનું શરણ લઉં છું, અને આ ઇષ્ટ શરીરનો પણ ત્યાગ

છેલ્લા શ્વાસોશ્વાસે કરું છું.'' આ પ્રમાણે આરાધના કરી તે મહામુનિ કાળધર્મ પામી સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સિદ્ધિ પદને પામશે.

તેથી કરીને હે ધનદ દેવ ! કૃશ હોવું, પુષ્ટ હોવું કાંઈ પુણ્ય-પાપનું કારણ નથી, પરંતુ શુભાશુભ ધ્યાન પુણ્ય-પાપનું જ કારણ છે. જુઓ કે કંડરીક શરીરે કૃશ હતા તો પણ દુર્ધ્યાનથી નરકે ગયા અને પુંડરીક પુષ્ટ છતાં શુભધ્યાનથી સ્વર્ગે ગયા.'' આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના મુખથી તત્ત્વને સાંભળી ''અહો ! સ્વામીએ મારા મનનો અભિપ્રાય જાણી લીધો.'' એમ આશ્ચર્યપૂર્વક વિચાર કરી તે ધનદ દેવ પોતાને સ્થાને ગયો. તે વખતે ધનદનો સામાનિક દેવ કે જે વજ્રસ્વામીનો જીવ હતો તે સમ્યક્ત્વ પામ્યો. કેટલાક આચાર્યો કહે છે કે—તે તિર્યગ્જૃંભકદેવ હતો, તે દેવ પાંચસો શ્લોક પ્રમાણ તે અધ્યયનને ગ્રહણ કરી ગણધરને નમી પોતાને સ્થાને ગયો.

પછી પ્રાતઃકાળે શ્રીગૌતમસ્વામી જિનેશ્વરોને વંદન કરી અષ્ટાપદ પર્વત પરથી નીચે ઉતર્યા. તે વખતે તાપસોએ તેમને કહ્યું કે—''હે પૂજ્ય ! તમે અમારા ગુરુ થાઓ. અમે તમારા શિષ્યો છીએ.'' તે સાંભળી ગણધર બોલ્યા કે—''તમારા અને અમારા સર્વના ગુરુ જિનેશ્વર જ છે.'' ત્યારે તેઓ બોલ્યા કે—''શું તમારે પણ ગુરુ છે ?'' સ્વામી બોલ્યા કે—''હા. સુર અસુરોએ જેમને નમસ્કાર કરેલા છે, એવા, રાગદ્વેષ રહિત, સર્વજ્ઞ શ્રી મહાવીરસ્વામી જગતના ગુરુ છે તે મારા પણ ગુરુ છે.'' તે સાંભળી સર્વ તાપસો પ્રસન્ન થયા. પછી દેવતાએ આપેલો વેષ ધારણ કરી તે સર્વેએ ગૌતમસ્વામીની પાસે દીક્ષા ગ્રહણ કરી.

તેમને સાથે લઈને ચાલતાં માર્ગમાં ભિક્ષાનો સમય થયો, ત્યારે ગૌતમસ્વામીએ તેમને પૂછ્યું કે—''તમારે માટે શું ભોજન લાવું ?'' ત્યારે તેઓએ વિચાર્યું કે—''ઘણાં પુણ્યથી આપણને આ વાંછિતદાયક ગુરુ મળ્યા છે તેથી આજે મનોહર ભોજન વડે આપણે ક્ષુધાગ્નિને શાંત કરીએ.'' એમ વિચારી હર્ષિત થઈ તેઓએ કહ્યું કે—''પૂજ્ય ! આપના પ્રસાદથી પરમાન્ન વડે આજે અમારું પારણું હો.'' તે સાંભળી ગૌતમસ્વામી પાસેના કોઈ

ગામમાં ગોચરીએ ગયા. ત્યાં કોઈએ ભક્તિથી તેમને ઘણા ઘી સાકર સહિત પ્રાસુક પરમાન્ન=ખીર વહોરાવ્યું. તે લઈને આવતા તેમને જોઈ તે સાધુઓએ વિચાર્યું કે–"પૂજ્યના હાથમાં તો એક જ પાત્ર છે, બીજું પાયસ પાછળ કોઈ લઈને આવતું હશે, નહીં તો આ પાત્રમાંથી તો આપણે ભાગે એક એક દાણો પણ આવે નહીં. અથવા તો આ ગુરુનો પ્રભાવ અચિંત્ય છે. તેનો વિચાર આપણે કરી શકીએ તેમ નથી." તેટલામાં ગુરુએ આવી તે સર્વેને પંક્તિએ બેસાડી તે પાત્રમાંથી તે સર્વને તૃપ્તિ થાય ત્યાં સુધી પાયસ પીરસી, પરંતુ અક્ષીણમહાનસ નામની લબ્ધિના કારણે સમુદ્રમાંથી જળની જેમ તે પાત્રમાંથી જરા પણ પાયસ ઓછું થયું નહીં.

તે વખતે સેવાલભક્ષી પાંચસો ને એક સાધુઓએ વિચાર કર્યો કે– "અહીં ! અમારું મોટું ભાગ્ય ઉદય પામ્યું છે. જેમ ગિરિરાજ સર્વ ઔષધિનું સ્થાન છે તેમ આ ગુરુ સર્વ લબ્ધિઓનું સ્થાન છે, જેમ મેઘ સર્વ નદીઓને પ્રવર્તાવે છે તેમ આ ગુરુ ભવ્ય પ્રાણીઓને સન્માર્ગમાં પ્રવર્તાવનારા છે, જેમ સૂર્ય સર્વ દિશા અને દેશોનો સ્વામી છે, તેમ આ ગુરુ સર્વ શાસ્ત્રોના શાસનકર્તા એટલે શિક્ષા આપનાર છે. વળી આ ગુરુ યશ વડે ચંદ્રનો અને તેજ વડે સૂર્યનો પણ તિરસ્કાર કરે છે. આવા સિદ્ધિપુરીના સાર્થવાહ સમાન, લોકોત્તર ગુણના નિધાન અને કૃપારસના મહાસાગરરૂપ ગુરુ અમને મોટા પુણ્યથી પ્રાપ્ત થયા છે. આ ગુરુના પ્રસાદથી જ અમને દુર્લભ એવી બોધિ પણ પ્રાપ્ત થઈ છે તથા એમના પ્રસાદથી જ આજે જગતના ચિંતામણિરૂપ શ્રી મહાવીરસ્વામીના દર્શન થશે. તેથી ખરેખર અમે તો આ સંસારસમુદ્રને તરી ગયા છીએ." આવી રીતે શુભધ્યાનની શ્રેણિએ ચડેલા તેઓને જમતાં જમતાં જ નિર્મળ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું." પછી સર્વ સાધુઓ તૃપ્ત થયા ત્યારે ગૌતમસ્વામીએ પોતે આહાર કર્યો. પછી તે સર્વને સાથે લઈ ગણધરમહારાજ આગળ ચાલ્યા.

અનુક્રમે સમવસરણની નજીક આવ્યા ત્યારે સમવસરણને જોતાં જ છઠ્ઠ તપ કરનારા દિન્ન વગેરે પાંચસોને એક સાધુઓને પ્રથમની જેમ ઉત્તમ ધ્યાન કરતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, તથા ઉપવાસ કરનારા કૌડિન્નાદિ પાંચસો ને એક સાધુઓને તેવા જ શુભધ્યાનના યોગથી તીર્થંકરના દર્શન

થતાં અને તેમની વાણી સાંભળતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તે બધા સાથે ગણધરે ભગવાનની પ્રદક્ષિણા કરી.

પ્રદક્ષિણા કરીને તે સર્વ સાધુઓ કેવળીની પર્ષદા તરફ ચાલ્યા, ત્યારે તેમને ગોતમસ્વામીએ કહ્યું કે–''મુનિઓ ! તમે એ બાજુ ન જાઓ, આમ આવો અને જગદ્‌ગુરુને વંદના કરો.'' તે વખતે ભગવાને ગણધરને કહ્યું કે–''હે ગૌતમ ! કેવળીની આશાતના ન કરો. તે કેવળી થયા છે.'' તે સાંભળી ગૌતમ ગણધરે તેમને મિથ્યાદુષ્કૃતપર્વક ખમાવી વિચાર કર્યો કે–''હું ગુરુકર્મા હોવાથી આ ભવે મોક્ષપદ પામીશ કે નહીં ? આ જીવોને ધન્ય છે કે જેઓને દીક્ષા મેં આપી છતાં પણ તેઓ મારા કરતાં પહેલા તત્કાળ કેવળજ્ઞાન પામ્યા.'' આ પ્રમાણે સંતાપ કરતા ગણધરને જગદ્વત્સલ શ્રી મહાવીરસ્વામીએ કહ્યું–''હે આયુષ્મન્ ! પોતાની લબ્ધિ વડે અષ્ટાપદ પર્વત જનારને અવશ્ય સિદ્ધિ મળે એવું મારું કહેલું વચન દેવોએ તમને સંભળાવેલું તે વચન સત્ય કે અસત્ય ?'' ગણધરે કહ્યું–''હે સ્વામી ! આમ વચન સત્ય જ હોય.'' પ્રભુ બોલ્યા–''ત્યારે તમે અધૃતિ કેમ કરો છો ? પ્રાણીઓને સુંઠ, દ્વિદલ, ચર્મ અને ઊર્ણાકટ જેવા ચાર પ્રકારના સ્નેહ હોય છે. તેમાં ચિરકાળના પરિચયને લીધે તમારો અમારા ઉપર ઊર્ણાકટ જેવો સ્નેહ વર્તે છે. તેથી કરીને તમને કેવળજ્ઞાન થતું નથી. જે રાગ સ્ત્રી, ધન, પુત્રાદિને વિષે હોય તે રાગ તીર્થંકર, ગુરુ અને ધર્મને વિષે હોય તો તે પ્રશસ્ત કહેવાય છે. તો પણ તેવો રાગ યથાખ્યાત ચારિત્રનો પ્રતિબંધ કરનાર છે અને સૂર્ય વિના જેમ દિવસ ન હોય તેમ યથાખ્યાત ચારિત્ર વિના કેવળજ્ઞાન હોતું નથી. તેથી અમારા પરનો રાગ જ્યારે જશે ત્યારે તમને અવશ્ય કેવળજ્ઞાન થશે, અને અહીંથી કાળ કરીને આપણે બંને તુલ્ય જ થઈશું. માટે અધૃતિ ન કરો.'' આ પ્રમાણે ગૌતમગણધરને તેમજ બીજા સર્વ મુનિઓને હિતશિક્ષા આપવા માટે ભગવાને આ દ્રુમપત્રક નામનું અધ્યયન કર્યું છે. તેનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે–

**दुमपत्तए पंडुयए जहा, निवडइ राइगणाण अच्चए ।**
**एवं मणुयाण जीवियं, समयं गोयम ! मा पमायए ॥१॥**

અર્થ : જેમ ઘણા રાત્રિ દિવસ પસાર થતાં કાળે કરીને પાકી જવાથી શ્વેત થયેલું વૃક્ષનું પાંદડું પડી જાય છે, એ જ પ્રમાણે મનુષ્યોનું એટલે ઉપલક્ષણથી સર્વ પ્રાણીઓનું જીવિત એટલે આયુષ્ય ઘણા રાત્રિ દિવસો જવાથી અથવા અધ્યવસાયાદિ થયેલા ઉપક્રમથી પડી જાય છે એટલે ક્ષીણ થાય છે. તેથી હે ગૌતમ ! એક સમય માત્ર પણ પ્રમાદ કરવો નહીં.

અહીં ગૌતમને કહ્યું છે. પણ ઉપલક્ષણથી સર્વ સાધુઓને શ્રીમહાવીરસ્વામી ઉપદેશ આપે છે. આ અધ્યયન સૂત્રથી તથા અર્થથી શ્રીમહાવીરસ્વામીએ જ પ્રરૂપ્યું છે. એમ આ ઉત્તરાધ્યયનની બૃહદ્વૃત્તિમાં લખ્યું છે, તેથી કોઈ એમ કહે કે—''ઉત્તરાધ્યયન સૂત્રમાં વીર ભગવાનની વાણીનો સ્પર્શ પણ નથી.'' આવું કહેનારા કુમતિઓ જ જાણવા. કારણ કે સાક્ષાત્ વીરપ્રભુએ જ ગૌતમ ગણધરને સંબોધીને બીજા સાધુઓને પણ આ શિક્ષા આપવા માટે આ અધ્યયન પ્રરૂપ્યું છે.

અહીં પાંડુર પત્રની અનિત્યતતા જણાવવાથી યુવાવસ્થાની પણ અનિત્યતા જણાવી છે. તેને માટે નિર્યુક્તિકાર આવા અર્થવાળી ગાથાઓ લખે છે—''કાળના પરિણામથી જેનું કોમળતારૂપી લાવણ્ય નાશ પામ્યું છે, જેની સંધિ એટલે ડીંટ ઢીલા થયા છે, એવું કાળના પરિણામથી પતનરૂપી કષ્ટને પામેલું એવું પાકું પાંદડું બીજા નવા પલ્લવોને હસતાં જોઈને કહે છે કે—''જેવા તમે અત્યારે છો તેવા અમે પણ પહેલાં હતાં. અને અત્યારે અમે જેવા છીએ તેવા તમે પણ થશો.'' એ પ્રમાણે કોઈ વૃદ્ધ પુરુષ જેમ પુત્રને ઉપદેશ આપે તેમ પડતું પાકું પાંદડું બીજાં નવાં પાંદડાને કહે છે. અહીં કોઈને શંકા થાય કે—''આવી રીતે પાંડુપત્ર અને નવાં પાંદડાં વચ્ચે આવી વાતચીત થવાનો સંભવ છે ?'' તેને જવાબ કહે છે કે—''આવી રીતે પાંડુપત્ર અને કિસલયપત્રનો સંવાદ કોઈ વખત થયો નથી અને થશે પણ નહીં. પરંતુ માત્ર ભવ્ય પ્રાણીઓને બોધ કરવા માટે આ ઉપમા માત્ર કહેલી છે.'' એટલે કે જેમ પાંડુપત્રો કિસલયોને ઉપદેશ આપે છે તેમ બીજા વૃદ્ધોએ પણ યુવાવસ્થાના ગર્વવાળા મનુષ્યોને ઉપદેશ આપવો. તે વિષે વાચક મુખ્યે પણ કહ્યું છે કે—''જરાવસ્થા વડે જેનું શરીર જીર્ણ થયું છે એવા વૃદ્ધ માણસનો પરાભવ તું શા માટે કરે છે ? તું પણ થોડા

કાળમાં તેવો જ થવાનો છે, તો યુવસ્થાનો મદ શા માટે કરે છે ?'' આ રીતે જીવિત તથા યૌવનને અનિત્ય જાણી જરાપણ પ્રમાદ કરવો નહીં, એ તાત્પર્ય છે. ૧.

**ફરી પણ આયુષ્યને જ અનિત્ય બતાવે છે –**

**कुसग्गे जह ओसबिंदुए, थोवं चिट्ठइ लंबमाणए ।**
**एवं मणुयाण जीवियं, समयं गोयम ! मा पमायए ॥२॥**

અર્થ : જેમ દર્ભના અગ્રભાગ પર લટકતું ઝાકળનું બિંદુ અલ્પકાળ રહે છે, તે જ પ્રમાણે મનુષ્યોનું જીવિત છે, તેથી કરીને હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરવો. ૨.

**इइ इत्तरियम्मि आउए, जीवियए बहुपच्चवायए ।**
**विहुणाहि रयं पुरेकडं, समयं गोयम ! मा पमायए ॥३॥**

અર્થ : આ પ્રમાણે નિરૂપક્રમ આયુષ્ય ઇત્વર કાળનું એટલે અલ્પકાળનું, અને સોપક્રમ જીવિત એટલે આયુષ્ય ઘણા વિઘ્નવાળું–વિઘાતવાળું હોવાથી પૂર્વે કરેલા કર્મરૂપી રજને તું દૂર કર અને તેને માટે જ હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરવો. ૩.

**કદાચ કોઈ એમ ધારે કે ફરીથી મનુષ્ય ભવ આવશે ત્યારે ઉદ્યમ કરીશ. તે ઉપર મનુષ્ય ભવની દુર્લભતા બતાવે છે –**

**दुलहे खलु माणुसे भवे, चिरकालेण वि सव्वपाणिणं ।**
**गाढा य विवाग कम्मुणो, समयं गोयम ! मा पमायए ॥४॥**

અર્થ : સર્વ પ્રાણીઓને ચિરકાળે પણ મનુષ્યભવ ફરીથી પ્રાપ્ત થવો દુર્લભ જ છે, કારણ કે કર્મોના વિપાકો ગાઢ છે એટલે વિનાશ કરવા અશક્ય છે. તેથી હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરવો. ૪.

**મનુષ્યભવની દુર્લભતાને જ દશ સૂત્રો વડે બતાવે છે –**

**पुढवीकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखाईयं, समयं गोयम ! मा पमायए ॥५॥**

અર્થ : પૃથ્વીકાયને પામેલો જીવ ઉત્કૃષ્ટથી સંખ્યાતીત કાળ સુધી એટલે અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણીરૂપ કાળ સુધી રહે છે. અર્થાત્ તેને તે જ કાયમાં તેટલા વખત સુધી વારવાર જન્મ મરણ પામી ત્યાંને ત્યાં જ રહે છે. તેથી હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરવો. ૫.

**आउक्कायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखाईयं, समयं गोयम ! मा पमायए ॥६॥**

**तेउक्कायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखाईयं, समयं गोयम ! मा पमायए ॥७॥**

**वाउक्कायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखाईयं, समयं गोयम ! मा पमायए ॥८॥**

અર્થ : અપકાયને પામેલો. ૬. તેજસ્કાયને પામેલો. ૭. વાયુકાને પામેલો જીવ તે તે કાયમાં અસંખ્યાતો કાળ રહે છે તેથી હે ગૌતમ ! એક સમયમાત્ર પણ પ્રમાદ ન કરવો. ૮.

**वणस्सइकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**कालमणंतं दुरंतं, समयं गोयम ! मा पमायए ॥९॥**

અર્થ : વનસ્પતિકાયને પામેલો જીવ ઉત્કર્ષથી અનંત અને દુષ્ટ અંતવાળા કાળ સુધી એટલે અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળ સુધી રહે છે. (સાધારણ વનસ્પતિકાયને ઉદ્દેશી આ પ્રમાણે કહ્યું છે.) તેથી કરીને હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરવો. ૯.

**बेइंदियकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखिज्जसन्नियं, समयं गोयम ! मा पमायए ॥१०॥**

અર્થ : દ્વીંદ્રિયકાયને પામેલો જીવ ઉત્કર્ષથી સંખ્યાતા હજાર વર્ષ રૂપ કાળ સુધી રહે છે, તેથી હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરવો. ૧૦.

**तेइंदियकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखिज्जसन्नियं, समयं गोयम ! मा पमायए ॥११॥**

**चउरिंदियकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखिज्जसन्नियं, समयं गोयम ! मा पमायए ॥१२॥**

અર્થ : તેઇંદ્રિય તેમજ ચઉરેંદ્રિયમાં પણ સંખ્યાતો કાળ રહ્યા સંબંધી બે ગાથા (૧૧-૧૨)નો અર્થ દશમી ગાથા પ્રમાણે જાણવો.

**पंचेंदियकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**सत्तट्ठभवग्गहणे, समयं गोयम ! मा पमायए ॥१३॥**

અર્થ : પંચેંદ્રિય તિર્યંચ કાયને પામેલો જીવ ઉત્કર્ષથી સાત આઠ ભવના ગ્રહણમાં રહે છે. તેથી હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરવો.

દેવ અને નારકીને માટે ઉત્તરની ગાથામાં કહેવાના છે તથા મનુષ્યભવની તો દુર્લભતા કહેલી છે તેથી અહીં પંચેંદ્રિય શબ્દથી તિર્યંચના જ લેવાના છે. તેમાં સંખ્યાતા વર્ષના આયુષ્યવાળામાં સાત ભવ કરે અને આઠમો ભવ કરે તો અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળામાં કરે છે. તેથી અહીં સાત આઠ ભવ કહ્યા છે. ૧૩.

**देवे णरए य गओ, उक्कोसं जीवो उ संवसे ।**
**इक्केकभवग्गहणे, समयं गोयम ! मा पमायए ॥१४॥**

અર્થ : દેવના ભવને તથા નારકીના ભવને પામેલો જીવ ઉત્કર્ષથી એક એક ભવગ્રહણને વિષે જ રહે છે, (એકેક ભવ જ કરે છે) તેથી હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરવો. ૧૪.

**કહેલા અર્થને જ સમાપ્ત કરે છે.**

**एवं भवसंसारे, संसरति सुभासुभेहि कम्मेहिं ।**
**जीवो पमायबहुलो, समयं गोयम ! मा पमायए ॥१५॥**

અર્થ : ઉપર કહ્યા પ્રમાણે આ જન્મમરણરૂપી સંસારમાં ઘણા પ્રમાદવાળો જીવ પૃથ્વીકાય આદિ ભવના હેતુરૂપ શુભાશુભ કર્મો વડે ભ્રમણ કરે છે. હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરવો. ૧૫.

**આ પ્રમાણે મનુષ્યભવની દુર્લભતા કહી. હવે મનુષ્યભવ પ્રાપ્ત થયા છતાં પણ ઉત્તરોત્તર ગુણ પ્રાપ્ત થવા પણ અતિ દુર્લભ છે. તે પાંચ સૂત્રો વડે કહે છે –**

**लद्धूणऽवि माणुसत्तणं, आयरियत्तं पुणरावि दुल्लभं ।**
**बहवे दसुया मिलेक्खुया, समयं गोयम ! मा पमायए ॥१६॥**

અર્થ : મનુષ્યપણું પામ્યા છતાં પણ ફરીને તેમાં આર્યપણું એટલે આર્ય દેશમાં જન્મ દુર્લભ છે. કારણ કે ઘણા જીવો તો પર્વતાદિમાં વસનારા ચોરો છે તથા મ્લેચ્છ એટલે જેમની ભાષા પણ ન સમજી શકાય તેવા શક અને યવન દેશમાં ઉત્પન્ન થયેલા હોય છે, તેઓ ધર્મ, અધર્મ, ભક્ષ્ય, અભક્ષ્ય અને ગમ્ય, અગમ્ય વગેરે કાંઈ પણ જાણતા જ નથી. તેવા દેશમાં ઉત્પન્ન થવાય તો તેથી પણ તે મનુષ્યજન્મ વ્યર્થ જ છે. તેથી કરીને હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ કરવો નહીં. ૧૬.

**लद्धूणऽवि आयरियत्तणं, अहीणपंचिंदियया हु दुल्लहा ।**
**विगलिंदियया हु दीसई, समयं गोयम ! मा पमायए ॥१७॥**

અર્થ : આર્યપણું પામીને પણ સર્વ ઇંદ્રિયોની નિપુણતા પ્રાપ્ત થવી દુર્લભ જ છે. કારણ કે– રોગાદિ વડે ઇંદ્રિયોની વિકલતા=અપૂર્ણતા હોય એવું ઘણું ખરું–એ જોવામાં આવે છે. તેથી હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ કરવો નહીં. ૧૭.

**अहीणपंचिंदियत्तं पि से लहे, उत्तमधम्मसुई हु दुल्लहा ।**
**कुतित्थिनिसेवए जणे, समयं गोयम ! मा पमायए ॥१८॥**

અર્થ : પંચેંદ્રિયની સંપૂર્ણતા પણ તે જીવ કદાચ પામે તો પણ ઉત્તમ એટલે તાત્ત્વિક ધર્મનું શ્રવણ અત્યંત દુર્લભ જ છે. કારણ કે– ઘણા લોકો શાક્યાદિ કુતીર્થિકોને સેવનારા હોય છે કારણ કે કુતીર્થિકો લાભાદિની ઇચ્છાથી પ્રાણીઓને પ્રિય એવો જ ઉપદેશ કરે છે. તેથી તેમના મતમાં ઘણા માણસો જાય છે. તેથી હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરવો. ૧૮.

**लद्धूणऽवि उत्तमं सुइं, सद्दहणा पुणरवि दुल्लहा ।**
**मिच्छत्तनिसेवए जणे, समयं गोयम ! मा पमायए ॥१९॥**

અર્થ : ઉત્તમ ધર્મનું શ્રવણ પામીને પણ ફરીથી તે ઉપર શ્રદ્ધા થવી દુર્લભ છે. કારણ કે ઘણા માણસો અનાદિ ભવના અભ્યાસથી તથા ભારેકર્મી હોવાથી મિથ્યાત્વને સેવનારા હોય છે, તેથી હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ કરવો નહિ. ૧૯.

**धम्मं पि हु सद्दहंतया, दुल्लहया काएण फासया ।**
**इह कामगुणेहिं मुच्छिया, समयं गोयम ! मा पमायए ॥२०॥**

અર્થ : ઉત્તમ ધર્મને શ્રદ્ધા કરતાં પણ તેને કાયા વડે સ્પર્શ કરનારા એટલે અનુષ્ઠાન કરનારા અતિ દુર્લભ છે. કારણ કે આ જગતમાં ઘણા જીવો શબ્દાદિ કામભોગને વિષે મૂર્ચ્છાવાળા–સ્પૃહાવાળા હોય છે. અપથ્યની જેમ અહિત કરનારા વિષયો ભોગી માણસોને પ્રિય લાગે છે. તેથી દુર્લભ એવી ધર્મસામગ્રી

પામવા છતાં હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ કરવો નહીં. ૨૦.

**હવે શરીરની શક્તિ હોય તો ધર્મની આરાધના કરવી. કારણ કે શરીર અનિત્ય છે. તેથી છ સૂત્ર વડે અપ્રમાદનો ઉપદેશ આપે છે –**

**परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।**
**से सोयबले य हायई, समयं गोयम ! मा पमायए ॥२१॥**

અર્થ : તારું શરીર સર્વ પ્રકારે જીર્ણ થાય છે, તથા તારા કેશો, લોકોના નેત્રોને મનોહર લાગે તેવા શ્યામવર્ણના જે હતા તે વૃદ્ધાવસ્થાના કારણે·શ્વેતવર્ણવાળા થાય છે. તથા તે એટલે પૂર્વે હતું તે શ્રોત્રનું બળ એટલે દૂરથી સાંભળવાની શક્તિ પણ હાનિ પામે છે. તેથી શરીરનું સામર્થ્ય અસ્થિર—અનિત્ય છે માટે હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરવો. ૨૧.

**परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।**
**से चक्खुबले य हायई, समयं गोयम ! मा पमायए ॥२२॥**

**परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।**
**से घाणबले य हायई, समयं गोयम ! मा पमायए ॥२३॥**

**परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।**
**से जिब्भबले य हायई, समयं गोयम ! मा पमायए ॥२४॥**

**परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।**
**से फासबले य हायई, समयं गोयम ! मा पमायए ॥२५॥**

**परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।**
**से सव्वबले य हायई, समयं गोयम ! मा पमायए ॥२६॥**

અર્થ : ઉપર પ્રમાણે જ અર્થ કરવો. તેમાં વિશેષ એ કે પૂર્વે હતું તે નેત્રનું, નાસિકાનું બળ જિહ્વાનું બળ, સ્પર્શેન્દ્રિયનું બળ અને હાથ, પગ વગેરે સર્વ અવયવોનું બળ પણ નાશ પામે છે—ઘટી જાય છે, તેથી હે ગૌતમ ! સમય માત્ર પ્રમાદ ન કરવો. ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬.

**વૃદ્ધાવસ્થાનાની જેમ રોગથી પણ શરીરની અશક્તિ થાય છે તે કહે છે –**

**अरई गंडं विसूईया, आयंका विविहा फुसंति ते ।**
**विवडइ विद्धंसइ ते सरीरयं, समयं गोयम ! मा पमायए ॥२७॥**

અર્થ : અરતિ એટલે વાતાદિ વડે ઉત્પન્ન થયેલો ચિત્તનો ઉદ્વેગ, તથા લોહીના વિકારથી થતા ગુમડા વગેરે, તથા વિસૂચિકા એટલે અજીર્ણના દોષથી થતા વમન, વિવેચન વગેરે, વિવિધ પ્રકારના આતંક એટલે તત્કાળ ઘાત કરનારા રોગો તારા શરીરને સ્પર્શ કરે છે, તથા તારું શરીર બળની હાનિ થવાથી વિશેષે કરીને પડે છે અને જીવ રહિત થઈ વિધ્વંશ પામે છે. જ્યાં સુધી વૃદ્ધાવસ્થા અને રોગો શરીરને જીર્ણ ન કરે ત્યાં સુધીમાં હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરવો.

અહીં જો કે ગૌતમ ગણધરને કેશનું શ્વેતપણું વગેરે વૃદ્ધાવસ્થાના ચિહ્નો તથા રોગો સંભવતા નથી. તો પણ તેને લઈને બીજા સર્વ શિષ્યોને પ્રતિબોધ કરવાનો છે, તેથી આ પ્રમાણે કહેવું અયોગ્ય નથી. ૨૭.

**હવે કઈ રીતે અપ્રમાદ કરવો તે કહે છે –**

**वोच्छिंद सिणेहमप्पणो, कुमुदं सारइयं व पाणियं ।**
**से सव्वसिणेहवज्जिए, समयं गोयम ! मा पमायए ॥२८॥**

અર્થ : શરદઋતુ સંબંધી ચંદ્રવિકાસી કમલ જળને જેમ તજી દે છે તેમ તું મારા ઉપરનો પોતાનો સ્નેહ દૂર કર. અને ત્યારપછી સર્વ સ્નેહથી રહિત થઈ હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કર. ૨૮.

**चेच्चा णं धणं च भारियं, पव्वइओ हि सि अणगारियं ।**
**मा वंतं पुणो वि आइए, समयं गोयम ! मा पमायए ॥२९॥**

અર્થ : કારણ કે ધન અને ભાર્યાને તજીને તું મુનિપણાને પામ્યો છે. તેથી વમેલાને ફરીથી પી નહીં. પરંતુ હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કર. ૨૯.

**અહીં કદાચ ગૌતમ ગણધર શંકા કરે છે કે—"હે સ્વામી ! જે આપના ઉપરનો પ્રેમ છે. તે વમનને પીવા. જેવો શી રીતે ?" તે ઉપર કહે છે—**

**अवउज्झिय मित्तबंधवं, विउलं चेव धणोहसंचयं ।**
**मा तं बितियं गवेसए, समयं गोयम ! मा पमायए ॥३०॥**

અર્થ : મિત્રો તથા બાંધવોને અને વિસ્તારવાળા સુવર્ણાદિ ધનના સમૂહને તજીને તે મિત્રાદિને બીજી વાર એટલે ફરીથી તું ગવેષણા ન કર. ચારિત્ર લેતી વખતે તે મિત્રાદિનો ત્યાગ કર્યો છે તેથી તે વમન જેવું છે અને ફરીથી તેનો સ્વીકાર વમનનું પાન કરવા જેવો છે. માટે હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કર. ૩૦.

**આ પ્રમાણે મમતા ત્યાગનો ઉપદેશ આપી હવે સમકિતની શુદ્ધિ કરવા માટે ઉપદેશ આપે છે –**

**ण हु जिणे अज्ज दिस्सइ, बहुमए दिस्सइ मग्गदेसिए ।**
**संपइ णेयाउए पहे, समयं गोयम ! मा पमायए ॥३१॥**

અર્થ : જો કે આજે એટલે આ કાળે જિનેશ્વર નથી જ દેખાતા, તો પણ મોક્ષમાર્ગને દેખાડનાર-પમાડનાર ઘણાંનો માનેલો મોક્ષમાર્ગ દેખાય છે એટલે હમણાં તીર્થંકર નથી તો પણ તેમણે પ્રરૂપેલો મોક્ષમાર્ગ તો દેખાય છે, માટે આવો માર્ગ દેખાડનાર અતીંદ્રિય જ્ઞાનવાળા જિનેશ્વર

વિના બીજા કોઈ હોઈ શકે નહીં. એમ ધારીને ભાવિકાળના ભવ્ય જીવો પણ પ્રમાદનો ત્યાગ કરશે. તો હમણાં એટલે હું તીર્થંકર વિદ્યમાન છતે નૈયાયિક એટલે મુક્તિરૂપ માર્ગમાં હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કર. ૩૧.

**अवसोहिय कण्टगापहं, ओइण्णोऽसि पहं महालयं ।**
**गच्छसि मग्गं विसोहिया, समयं गोयम ! मा पमायए ॥३२॥**

અર્થ : શાક્યાદિદર્શનરૂપી ભાવકંટક વડે વ્યાપ્ત એવા માર્ગનો ત્યાગ કરીને તું મોક્ષરૂપી મોટા ભાવમાર્ગમાં ઉતરેલો આવેલો છે. એટલું જ નહીં પણ તે મોક્ષમાર્ગનો નિશ્ચય કરી તે જ મોક્ષમાર્ગમાં તું ચાલે પણ છે. તેથી હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કર. ૩૨.

**આ રીતે દુર્લભ માર્ગની પ્રાપ્તિ થયા પછી પણ કોઈને પશ્ચાત્તાપ પણ થઈ જાય, માટે કહે છે –**

**अबले जह भारवाहए, मा मग्गे विसमेऽवगाहिया ।**
**पच्छा पच्छाणुतावए, समयं गोयम ! मा पमायए ॥३३॥**

અર્થ : જેમ નિર્બળ એવો કોઈ ભારવાહક એટલે મજૂર પુરુષની જેમ વિષમ માર્ગમાં પ્રવેશ કરીને પછી તે પશ્ચાત્તાપ કરનાર ન થાઓ. માટે હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કર.

જેમ કોઈ દરિદ્ર માણસ પરદેશમાં જઈ બહુ દ્રવ્ય ઉપાર્જન કરી પોતાના ઘર તરફ માર્ગમાં બાકીના કારણે સુવર્ણાદિ દ્રવ્ય બીજી વસ્તુની અંદર નાંખી તેનું પોટકું બાંધી પોતાના માથા ઉપર તે ભાર ઉપાડીને ચાલે. પથરાળ રસ્તામાં પ્રવેશ કરવાથી ઘણા ભારને લીધે અકળાઈને તે ભાર નાંખી દે, પછી ઘેર આવી નાંખી દીધેલા ભારનો પશ્ચાત્તાપ કરે કે–''મેં નિર્ભાગીએ તે ભાર કેમ નાંખી દીધો ?'' એવો પશ્ચાત્તાપ ન થાય. ૩૩.

**ઉત્સાહનો ભંગ થાય નહીં. તે માટે પ્રેરણા આપે છે –**

**तिण्णो हु सि अण्णवं महं, किं पुण चिट्ठसि तीरमागओ ।**
**अभितुर पारं गमित्तए, समयं गोयम ! मा पमायए ॥३४॥**

અર્થ : મોટા–ઘણા સંસાર સમુદ્રને તું તરી ગયો જ છે, હવે કાંઠે આવીને કેમ અટકી રહે છે ? કેમ ઉદાસીનતાને ધારણ કરે છે ? પાર પામવાને એટલે મુક્તિપદ તરફ જવાની ઉતાવળ કર. તેથી હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કર. ૩૪.

**વળી તારી પાર પામવાની યોગ્યતા છે જ. કેમ કે –**

**अकलेवरसेणिमुस्सिया, सिद्धिं गोयम ! लोयं गच्छसि ।**
**खेमं च सिवं अणुत्तरं, समयं गोयम ! मा पमायए ॥३५॥**

અર્થ : હે ગૌતમ ! તું ક્લેવર રહિત એટલે સિદ્ધના જીવો, તેમની શ્રેણીને–તે સ્થિતિને પમાડે તેવી શ્રેણિને એટલે ઉત્તરોત્તર શુભ અધ્યવસાયરૂપ ક્ષપકશ્રેણિને ઊંચી જેવી કરીને એટલે પ્રાપ્ત કરીને ક્ષેમ એટલે પરચક્રાદિ ભયરહિત, તથા શિવ એટલે સમગ્ર ઉપદ્રવ રહિત, તથા સર્વોત્કૃષ્ટ એવા સિદ્ધિ નામના લોક પ્રત્યે એટલે મોક્ષપદ પ્રત્યે જઈશ. તેથી હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કર. ૩૫.

**હવે અધ્યયનની સમાપ્તિમાં ઉપદેશનું રહસ્ય કહે છે –**

**बुद्धे परिनिव्वुडे चरे, गाम गए नगरे व संजए ।**
**संतिमग्गं च वूहते, समयं गोयम ! मा पमायए ॥३६॥**

અર્થ : ગામમાં અથવા નગરમાં કે અરણ્યાદિકમાં રહેલો એવો, તથા સંયત એટલે સમ્યક્ પ્રકારે પાપ થકી નિવૃત્તિ પામેલો, તથા હેય, ઉપાદેયના વિભાગને જાણનાર એવો તું કષાયરૂપી અગ્નિની શાંતિ વડે શીતળ થઈ ચારિત્રનું સેવન કર. તથા શાંતિમાર્ગને એટલે મોક્ષમાર્ગને ઉપદેશ આપીને વૃદ્ધિ

પમાડ. તેમ કરવા માટે હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કર. ૩૬.

**આ પ્રમાણે ભગવાનનું વચન સાંભળી ગૌતમસ્વામીએ જે કર્યું તે કહે છે –**

**बुद्धस्स निसम्म भासियं, सुकहितमट्ठपदोवसोहियं ।**
**रागं दोसं च छिंदिया, सिद्धिगइं गए गोयमे ॥३७॥**
**त्ति बेमि ॥**

અર્થ : સારી રીતે એટલે ઉપમા વગેરે દેખાડવાપૂર્વક કહેલું, એ જ કારણ માટે સારા અર્થવાળા પદો–શબ્દો વડે શોભિત એવું કેવળજ્ઞાન વડે લોકાલોકના સ્વરૂપને જોનારા શ્રીવર્ધમાન સ્વામીનું આ પ્રમાણે વચન સાંભળીને ભગવાન ગૌતમસ્વામી રાગ તથા દ્વેષને છેદી સિદ્ધિ ગતિને પામ્યા. એમ હું કહું છું. એ રીતે સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને કહ્યું. ૩૭.

# કેશીગૌતમીય અધ્યયન

**જેમ પાર્શ્વનાથ ભગવાનના સાધુ શ્રીકેશીકુમારે શ્રીગૌતમસ્વામીને વિનયથી પ્રશ્ન પૂછીને પોતાના શિષ્યોનો સંદેહ દૂર કર્યો હતો તેમ અન્ય મુમુક્ષુએ પણ શંકાનું સમાધાન કરી સંયમ માર્ગમાં કેવી રીતે પ્રવર્તવું તે સંબંધી સમજવા જેવી બોધદાયક વાતો આ અધ્યયનમાં સુંદર સમજાવેલી છે.**

**કેશીગણધર અને ગૌતમસ્વામી એ બંને મહાત્માઓની વચ્ચે થયેલ સંયમીઓને ઉપયોગી તાત્ત્વિક વાર્તાલાપ વાંચવા જેવો છે, ચિંતનીય છે. વાર્તાલાપના અંતે કેશીકુમારે પરિવાર સહિત શ્રીગૌતમસ્વામી પાસે પાંચ મહાવ્રત વાળો ધર્મ સ્વીકાર કર્યો.**

**जिणे पासि त्ति नामेणं, अरहा लोगपूइए ।**
**संबुद्धप्पा य सव्वण्णू, धम्मतित्थयरे जिणे ॥१॥**

અર્થ : રાગદ્વેષને જીતનાર પાર્શ્વ એવા નામના, પૂજાને લાયક તીર્થંકર, એ જ કારણે લોકોએ પૂજેલા તત્ત્વના જ્ઞાનવાળા, સર્વજ્ઞ, ધર્મતીર્થને કરનારા તથા સર્વ કર્મને જીતનારા હતા. ૧.

**અહીં શ્રીપાર્શ્વનાથનું સંક્ષિપ્ત ચરિત્ર કહે છે –**

## શ્રીપાર્શ્વનાથભગવાનનું ચરિત્ર

આ જ ભરતક્ષેત્રમાં પોતનપુર નામનું નગર છે. તેમાં અરવિંદ નામે રાજા હતો. તેને સકલ શાસ્ત્રનો પારગામી અને જિનધર્મમાં તત્પર વિશ્વભૂતિ નામે પુરોહિત હતો, તેને અનુદ્ધરા નામની ભાર્યા હતી. તે પુરોહિતને કમઠ

અને મરુભૂતિ નામના બે પુત્રો હતા. તે બંનેને અનુક્રમે વરુણા અને વસુંધરા નામની પત્નીઓ હતી. એક વખત વિશ્વભૂતિ પુરોહિત બંને પુત્રોને ઘરનો ભાર સોંપી, અનશન ગ્રહણ કરી, સ્વર્ગે ગયા. તેની ભાર્યા અનુદ્ધરા પણ પતિના વિયોગથી શોક અને તપ વડે શરીરનું શોષણ કરી મૃત્યુ પામી. બંને ભાઈઓએ માતાપિતાની ઉત્તરક્રિયા કરી. પછી રાજાએ મોટા પુત્ર કમઠને પુરોહિત પદે સ્થાપન કર્યો. મરુભૂતિ વ્રત લેવાની ઇચ્છાથી વિષયોથી વિમુખ થઈ ધર્મકર્મમાં અત્યંત તત્પર થયો.

એક વખત નવા યૌવનવાળી અને મનોહર આકૃતિવાળી નાનાભાઈની પ્રિયા વસુંધરાને જોઈ કમઠ તેણી પર આસક્ત થયો. તેથી સ્વભાવથી જ પરસ્ત્રીમાં લંપટ એવો તે કમઠ કામદેવરૂપી વૃક્ષના દોહદ સમાન મધુર વચનો વડે તેણી સાથે વાતો કરવા લાગ્યો. એક વખત તેણે તેણીને કહ્યું કે–"હે મુગ્ધા ! ભોગ વિના ફોગટ આ યુવાવસ્થાને કેમ ગુમાવે છે ? જો મારો નાનો ભાઈ સત્ત્વ રહિત હોવાથી તને સેવતો નથી, તો હે મનોહર ! મારી સાથે ક્રીડા કર." એમ કહી પોતાના ઉત્સંગમાં આદરપૂર્વક બેસાડી, એટલે પ્રથમથી જ ભોગને ઇચ્છતી વસુંધરાએ તેનું વચન અંગીકાર કર્યું. પછી તે બંને વિવેક, મર્યાદા અને લજ્જાનો ત્યાગ કરી એકાંતમાં પશુક્રિયા=કામભોગ સેવવા લાગ્યા.

કેટલેક કાળે કમઠની સ્ત્રી વરુણાએ તેમનો આ અનાચાર જાણી ઇર્ષ્યાને લીધે તે સર્વ વૃત્તાંત મરુભૂતિને કહ્યો. તે સાંભળી "અસંભવિત વાતને પ્રત્યક્ષ જોયા વિના સત્ય કેમ માનવી ?" એમ મનમાં વિચાર કરતો મરુભૂતિ કમઠ પાસે જઈ બોલ્યો કે–"હે ભાઈ ! હું કાંઈ કાર્યને માટે પરગામ જાઉં છું." એમ કહી ગામ બહાર જઈ ભિક્ષુકનો વેષ લઈ રાત્રિએ ઘેર આવી અવાજ બદલી કમઠને કહ્યું કે–"હું દૂર દેશથી આવું છું, મને રાત્રિવાસો રહેવા માટે કાંઈક સ્થાન આપો." તે સાંભળી સાચી વાત નહીં જાણતા કમઠે તેને પોતાના ઘરની પાસેના એક ઓરડામાં રહેવાનું કહ્યું, એટલે તે બંને કામાંધની દુષ્ટ ચેષ્ટા જોવાની ઇચ્છાથી તે તેમાં ખોટી નિદ્રાએ સુતો. પછી "મરુભૂતિ બહારગામ ગયો છે." એમ ધારી વસુંધરા અને કમઠ નિઃશંકાપણે ક્રીડા કરવા લાગ્યા. તે મરુભૂતિએ સાક્ષાત્ જોયું. આવો તેમનો

દુરાચાર જોવાને અસમર્થ છતાં લોકાપવાદથી ભય પામતો મરુભૂતિ તેનો પ્રતિકાર કર્યા વિના શીઘ્ર ત્યાંથી નીકળી ગયો. પછી કાંઈક વિચાર કરી મરુભૂતિએ તે સર્વ વૃત્તાંત અરવિંદ રાજા પાસે જઈને કહ્યું. રાજાએ પણ ક્રોધ પામી કમઠને નગર બહાર કાઢી મૂકવા માટે હુકમ કરતાં આરક્ષકોએ ગધેડા પર બેસાડી ચોતરફ ફેરવી વિડંબનાપૂર્વક નગરમાંથી કાઢી મૂક્યો. તેથી વૈરાગ્ય પામી વનમાં જઈ તે કમઠ તાપસવ્રત ગ્રહણ કરી ઉગ્ર બાળતપ કરવા લગ્યો.

આ વૃત્તાંત જાણી પશ્ચાત્તાપ પામેલા મરુભૂતિએ વિચાર કર્યો કે—''મને ધિક્કાર છે કે મેં રાજાની પાસે ઘરનું છિદ્ર ઉઘાડું કરી મોટાભાઈને વિડંબના પમાડી. 'ઘરનું દુશ્ચરિત્ર પ્રગટ કરવું નહીં.' એ નીતિનું વચન પણ ક્રોધથી અંધ થયેલા મને સ્મરણમાં રહ્યું નહીં, તો હજુ પણ મોટાભાઈ પાસે જઈ આ મારા અપરાધને હું ખમાવું.'' એમ વિચારી વનમાં જઈ તે મોટાભાઈના પગમાં પડ્યો. તે વખતે તે દુષ્ટ બુદ્ધિવાળા અને દુષ્કર્મમાં જ તત્પર એવા કમઠે વિચાર્યું કે—''આણે જે મારી વિડંબના કરી છે તે મને મૃત્યુ કરતાં પણ અધિક દુઃખકારક છે.'' એ વિચારી મહાક્રોધથી એક મોટી શિલા ઉપાડી નાનાભાઈના મસ્તક પર મારી, તેથી તત્કાળ તે મરુભૂતિ મરણ પામી આર્તધ્યાનને લીધે વિંધ્યાચલની અટવીમાં યૂથનો સ્વામી હાથી થયો.

એક વખત અરવિંદ રાજા પોતાની રાણીઓ સાથે શરદઋતુમાં અગાશીમાં ક્રીડા કરતો હતો. તે વખતે આકાશમાં વાદળાં ચડી આવ્યાં. તે સાથે ઇંદ્રધનુષ, ગર્જના અને વીજળીના ચમકારા પણ થવા લાગ્યા. તે સર્વ જોઈ ''અહો ! આ અતીવ=ઘણું જ રમણીય છે.'' એમ રાજાએ તેની પ્રશંસા કરી. થોડીવારમાં તે વાદળાં સર્વ આકાશમાં વ્યાપી ગયાં અને પાછાં તરત જ વાયુના ઝપાટાથી વીખરાઈ ગયાં. તે જોઈ રાજાએ વિચાર્યું કે—''જેમ આ વાદળાં ક્ષણવારમાં દેખાઈને વીખરાઈ ગયાં, તે જ રીતે આ જગતના સર્વ પદાર્થો વિનશ્વર છે, તેમાં પ્રીતિ કરવી ફોગટ છે.''

આ પ્રમાણે વિચારતાં જ રાજાને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું. તરત જ રાજ્ય પર પોતાના પુત્રને સ્થાપન કરી સદ્ગુરુની પાસે ચારિત્ર અંગીકાર

કર્યું. અનુક્રમે તે રાજર્ષિ શ્રુતના પારગામી થઈ વિહાર કરતા એક વખત સાગરદત્ત નામના સાર્થવાહની સાથે અષ્ટાપદ પર્વત તરફ ચાલ્યા. તેમને નમસ્કાર કરી સાર્થવાહે પૂછ્યું કે–''હે પ્રભુ ! આપને ક્યાં જવું છે ?'' રાજર્ષિ બોલ્યા કે–''અમારે તીર્થયાત્રા કરવા જવું છે.'' ફરીથી સાર્થવાહે પૂછ્યું કે–''આપનો ક્યો ધર્મ છે ?'' ત્યારે મુનિએ તેને વિસ્તાર સહિત જૈન ધર્મ કહ્યો. તે સાંભળી સાર્થવાહે શ્રાવકધર્મ અંગીકાર કર્યો.

અનુક્રમે ચાલતો તે સાર્થ જ્યાં મરુભૂતિ હાથી રહેતો હતો તે અટવીમાં પહોંચ્યો અને ત્યાં ભોજનનો અવસર થવાથી એક સરોવરને કાંઠે પડાવ નાંખ્યો. તેવામાં તે મરુભૂતિ હાથી પોતાની ઘણી હાથણીઓ સહિત તે તળાવમાં પાણી પીવા આવ્યો. ત્યાં પાણી પીને હાથણીઓ સાથે ક્રીડા કરી તળાવની પાળ પર ચડ્યો. ત્યાંથી ચારે દિશા તરફ દૃષ્ટિ નાંખતા તેણે તે સાર્થ જોયો. તરત જ ક્રોધથી યમરાજની જેમ તે હાથી સાર્થને હણવા દોડ્યો, તેને આવતો જોઈ ભય પામેલો સાર્થ તત્કાળ નાઠો. તે વખતે રાજર્ષિએ અવધિજ્ઞાનથી તેને બોધ લાયક જાણી તેના માર્ગમાં જ પર્વતની જેમ સ્થિર ઊભા રહી કાયોત્સર્ગ કર્યો. તે હાથી પણ દોડતો તેમની પાસે આવ્યો, પણ મુનિને જોઈ શાંત થઈ ગયો અને તેમની પાસે ઊભો રહ્યો.

તે વખતે રાજર્ષિએ કાયોત્સર્ગ પારી તેનો ઉપકાર કરવા માટે કહ્યું કે–''હે હાથી ! તારા મરુભૂતિના ભવને કેમ સંભારતો નથી ? હે બુદ્ધિમાન ! મને–અરવિંદ રાજાને શું તું ઓળખતો નથી ? અને પૂર્વ ભવમાં અંગીકાર કરેલા શ્રાવકધર્મને શું તું ભૂલી ગયો ?''

આ પ્રમાણે મુનિનું વચન સાંભળી તે હાથીને જાતિસ્મરણ જ્ઞાન થયું, તેથી તેણે પોતાની સૂંઢ ઊંચી કરી મસ્તક પૃથ્વી પર નમાવી મુનિને નમસ્કાર કર્યા. પછી મુનિએ કહેલા શ્રાવક ધર્મને અંગીકાર કરી શાંત થયેલો હાથી પોતાને સ્થાને ગયો. આ અતિ અદ્ભુત દેખાવ જોઈ પ્રથમ નાસી ગયેલા સાર્થજનો પાછા આવી, મુનિને નમી શ્રાવક ધર્મ પામ્યા અને સાર્થપતિ પણ જિનધર્મમાં અતિદૃઢ થયો. પછી અષ્ટાપદ તીર્થે જઈ જિનેશ્વર દેવોને વાંદી રાજર્ષિએ અન્યત્ર વિહાર કર્યો. તે હાથી પણ મુનિની જેમ ઈર્યાસમિતિપૂર્વક

ચાલતો, ષષ્ઠ આદિ તપ કરતો, સુકાં પાંદડાં વગેરેથી પારણું કરતો, સૂર્યના કિરણોથી ગરમ થયેલું સરોવરનું પાણી પીતો અને હાથણીઓ સાથે ક્રીડાનો ત્યાગ કરી શુભ ભાવના ભાવતો રહેવા લાગ્યો.

અહીં કમઠ તાપસ પોતાના ભાઈને મારીને શાંત થયો નહીં. તેથી આર્તધ્યાનથી મરણ પામી વિંધ્યાચળની અટવીમાં જ કુક્કુટ જાતિનો ઉત્કટ સર્પ થયો. એક વખત વનમાં ભમતાં તેણે મરુભૂતિ હાથીને સૂર્યના તાપથી તપેલું જળ પીવા માટે સરોવરમાં પ્રવેશ કરતો જોયો. તે વખતે તે હાથી દૈવયોગે તેના પંકમાં ખૂચી=ફસાઈ ગયો, તેથી તે જરા પણ આગળ પાછળ ચાલી શક્યો નહીં. તે જોઈ તે સર્પે ઉડી તેના કુંભસ્થળ ઉપર દંશ દીધો. તેના વિષનો આવેશ થવાથી પોતાનો અંતસમય, જાણી તત્કાળ અનશન ગ્રહણ કરી અને તે વેદનાને સહન કરતો તથા પંચનમસ્કારનું ધ્યાન કરતો તે હાથી મરણ પામી સત્તર સાગરોપમના જઘન્ય આયુષ્યવાળો સહસ્રાર નામના આઠમા દેવલોકમાં દેવ થયો. અનુક્રમે કુક્કુટ નાગ પણ મરીને પાંચમી નરકમાં સત્તર સાગરોપમના ઉત્કૃષ્ટ આયુષ્યવાળો નારકી થયો.

આ જ જંબૂદ્વીપમાં પૂર્વમહાવિદેહ ક્ષેત્રમાં સુકચ્છ નામના વિજયમાં વૈતાઢ્ય પર્વત ઉપર તિલકા નામની નગરી છે. તેમાં વિદ્યુદ્ગતિ નામનો વિદ્યાધર રાજા હતો. તેને કનકની જેવી કાંતિવાળી કનકતિલકા નામની રાણી હતી. તે મરુભૂતિ હાથીનો જીવ આઠમા સ્વર્ગમાંથી ચ્યવી તેમનો પુત્ર થયો. તેનું નામ કિરણવેગ પાડ્યું. અનુક્રમે વૃદ્ધિ પામતો તે કુમાર સમગ્ર કળાઓમાં નિપુણ થઈ યૌવનવયને પામ્યો. એક વખત તેના પિતાએ તેને રાજ્ય પર સ્થાપન કરી દીક્ષા ગ્રહણ કરી, એટલે તે કિરણ વેગ રાજા ન્યાયથી રાજ્યનું પ્રતિપાલન કરવા લાગ્યો.

એક વખત સુરગુરુ નામના ગુરુના મુખથી ધર્મદેશના સાંભળી કિરણવેગ રાજાએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી. અનુક્રમે ગીતાર્થ થઈ, એકાકી વિહારનો અભિગ્રહ ધારણ કરી તે મુનિ આકાશમાર્ગે પુષ્કરાર્ધ દ્વીપમાં ગયા. ત્યાં કનકગિરિ નામના પર્વતની પાસે કાયોત્સર્ગે રહ્યા.

અહીં કુક્કુટ સર્પનો જીવ નરકમાંથી નીકળી તે જ કનકગિરિ

પર્વતના વનમાં અતિવિષવાળો સર્પ થયો. પર્વતની પાસે ભમતાં તેણે ધ્યાનમાં રહેલા મુનિને જોયા. તેથી પૂર્વભવના વેરથી ક્રોધ પામી તે મુનિના સર્વ અંગો પર ડંખ માર્યા. તે વખતે તે કિરણવેગ મુનિએ અનશન ગ્રહણ કરી વિચાર્યું કે—''આ સર્પ મારા અસાતાવેદનીય કર્મનો ક્ષય કરાવનાર હોવાથી મારો મિત્રરૂપ છે.'' વગેરે શુભ ભાવના પૂર્વક કાળધર્મ પામી બારમા અચ્યુત દેવલોકના જંબૂદ્રુમાવર્ત નામના વિમાનમાં બાવીશ સાગરોપમના આયુષ્યવાળા શ્રેષ્ઠ દેવ થયા. પર્વત પાસે ભમતો પેલો સર્પ પણ દાવાનળમાં બળી જઈ મરણ પામી ફરીથી પાંચમી નરકમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળો નારકી થયો.

આ જ જંબૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહક્ષેત્રમાં સુગંધિ નામની વિજયમાં શુભંકરા નામની નગરી છે. તેમાં મહાપરાક્રમી વજ્રવીર્ય નામે રાજા હતો, તેને જાણે બીજી લક્ષ્મી જ હોય તેવી લક્ષ્મીવતી નામની પ્રિયા હતી. એક વખત કિરણવેગ મુનિનો જીવ સ્વર્ગથી ચ્યવી વજ્રનાભ નામે તેમનો પુત્ર થયો. અનુક્રમે વૃદ્ધિ પામતો તે કુમાર સર્વ કળાઓને ગ્રહણ કરી પવિત્ર યૌવન વયને પામ્યો. ત્યારે તેને રાજ્ય સોંપી વજ્રવીર્યે દીક્ષા ગ્રહણ કરી.

પછી વજ્રનાભ રાજાએ ચિરકાળ સુધી રાજ્યનું પાલન કર્યું. એક વખત વૈરાગ્ય પામી ચક્રાયુધ નામના પુત્રને રાજ્ય પર સ્થાપન કરી વજ્રનાભ ક્ષેમંકર નામના તીર્થંકર પાસે દીક્ષા ગ્રહણ કરી. અનુક્રમે તીવ્ર તપસ્યા કરતા અને પરીષહોને સહન કરતા તે મુનિ આકાશગમન આદિ અનેક લબ્ધિઓ પામ્યા. ગુરુની આજ્ઞાથી એકાકી વિહાર કરતા તે મુનિ એક વખત આકાશ માર્ગે સુકચ્છ નામની વિજયમાં ગયા. ત્યાં વિહાર કરતા એક વખત ભયંકર અરણ્યમાં રહેલા જ્વલનાદ્રિ નામના પર્વત પર ગયા. તેટલામાં સૂર્ય અસ્ત પામ્યો. તેથી પર્વતની કોઈ ગુફામાં કાયોત્સર્ગ રહ્યા. પ્રાતઃકાળે સૂર્યોદય થયો ત્યારે ઈર્યાસમિતિ પૂર્વક વિહાર કરવા લાગ્યા.

આવા અવસરે તે સર્પનો જીવ નરકમાંથી નીકળી અનેક બીજા

ભવમાં ભ્રમણ કરી તે જ ગિરિની પાસે કુરંગક નામે ભિલ્લ થયો. તે એક વખત શિકારને માટે નીકળેલા, તેણે તે જ મુનિને પ્રથમ જોયા. તેથી 'આ અપશુકન થયા' એમ ધારી પૂર્વભવના વેરને લીધે તેણે તે મુનિને તીક્ષ્ણ બાણ માર્યું. તરત જ તે મહામુનિ એમ બોલતા બાણના પ્રહારથી પીડા પામી પૃથ્વી પર બેસી ગયા અને તત્કાળ અનશન ગ્રંહણ કરી, સર્વ જીવોને ખમાવી, શુભધ્યાનથી કાળધર્મ પામી, મધ્યમ ગ્રૈવેયકમાં લલિતાંગ નામે દેવ થયા. અહીં એક જ પ્રહારથી મરણ પામેલા મુનિને જોઈ કુરંગક ભિલ્લ પોતાને મહાબળવાન માની આનંદ પામ્યો. અન્યદા તે ભિલ્લ પણ મરણ પામી સાતમી નરકમાં રૌરવ નામના નરકાવાસમાં નારકી થયો.

આ જ જંબૂદ્વીપના પૂર્વ મહાવિદેહમાં પુરાણપુર નામનું નગર છે. તેમાં કુલિશબાહુ નામે રાજા હતો. તેને સુદર્શના નામની પ્રિયા હતી. એક વખત વજ્રનાભનો જીવ ગ્રૈવેયકથી ચ્યવી ચૌદ મહા સ્વપ્નોથી સૂચિત તેમનો પુત્ર થયો. તેનું નામ સુવર્ણબાહુ પાડ્યું. તે અનુક્રમે વૃદ્ધિ પામી પૂર્વભવના અભ્યાસથી સમગ્ર કળાઓ ગ્રહણ કરી યુવાવસ્થાને પામ્યો. ત્યારે રાજાએ તેને રાજ્ય પર સ્થાપન કરી પોતે દીક્ષા ગ્રહણ કરી. પછી સુવર્ણબાહુ રાજા દયા સહિત પૃથ્વીનું રક્ષણ કરવા લાગ્યો.

એક વખત સુવર્ણબાહુ રાજા અશ્વ ક્રીડા કરવા નગર બહાર ગયો. ત્યાં વિપરીત શિક્ષાવાળો અશ્વ તેને દૂર વનમાં લઈ ગયો. ત્યાં એક સરોવર જોઈ તૃષાતુર થયેલો અશ્વ પોતાની મેળે જ ઊભો રહ્યો. એટલે રાજાએ અશ્વ પરથી ઊતરી તે અશ્વને નવરાવી પાણી પાઈ પોતે પણ સ્નાન કરી જળપાન કર્યું. પછી તે સરોવરને કાંઠે ક્ષણવાર વિશ્રામ લઈ આગળ ચાલતાં, એક તપોવનમાં પ્રવેશ કરતાં રાજાનું જમણું નેત્ર ફરક્યું, ત્યારે—"અહીં મને કાંઈક લાભ થવો જોઈએ." એમ વિચારી આગળ ચાલતાં રાજાએ ત્યાં વૃક્ષોને પાણી પાતી એક મનોહર મુનિકન્યાને તેની સખી સાથે જોઈ. તેથી વૃક્ષને આંતરે=વચ્ચે ઊભો રહી તેને એકદષ્ટિએ જોતો રાજા વિચાર કરવા લાગ્યો કે—"આ કન્યાને વિધાતાએ પોતાના સર્વ પ્રયત્નથી બનાવી જણાય છે. આ કન્યા વિકારો માટે ઉપાધ્યાય છે, અપ્સરાઓમાં પણ આવું રૂપ નથી, પરંતુ આનું આ રૂપ ક્યાં ? અને આવું નીચ જાતિને ઉચિત કર્મ ક્યાં ?"

એ પ્રમાણે રાજા વિચાર કરતો હતો, તેવામાં શ્વાસની સુગંધમાં મોહ પામી કોઈ ભમતા ભ્રમરથી ભય પામી સખીને કહ્યું કે–"હે સખી ! આ ભ્રમરથી મારું રક્ષણ કર, રક્ષણ કર." તે સાંભળી સખી હાસ્યથી કહ્યું કે– "સુવર્ણબાહુ વિના કોણ તારું રક્ષણ કરવા સમર્થ છે ?" તે સાંભળી અવસર જોઈ "સુવર્ણબાહુ પૃથ્વીનું રક્ષણ કરતાં તમને કોણ ઉપદ્રવ કરે છે ?" એમ બોલતો રાજા તત્કાળ પ્રગટ થયો. તેને અકસ્માત્ આવેલો જોઈ તે બંને સ્ત્રીઓ ક્ષણવાર તો ક્ષોભ પામી. પછી ધીરજને ધારણ કરી સખી બોલી કે–"સુવર્ણબાહુ રક્ષણ કરતાં, તાપસોને ઉપદ્રવ કરવા કોઈ પણ સમર્થ નથી. પરંતુ આ મારી મુગ્ધા સખી પોતાની પાસે આવતા ભ્રમરને જોઈ ભય પામી 'મારું રક્ષણ કર, રક્ષણ કર.' એમ બોલે છે. હે મહાપુરુષ ! કામદેવના જેવા રૂપવાળા તમે કોણ છો ? તે કહો."

તે સાંભળી રાજાએ પોતે જ પોતાની ઓળખાણ આપવી અયોગ્ય ધારી કહ્યું કે–"હું સુવર્ણબાહુનો વશવર્તી સેવક છું અને રાજાની આજ્ઞાથી આશ્રમનો ઉપદ્રવ દૂર કરવા આવ્યો છું. પરંતુ હે ભદ્રે ! આ કમળના સરખા નેત્રવાળી કન્યા અનુચિત કામ કરીને ક્લેશ કેમ પામે છે ?" ત્યારે સખીએ કહ્યું કે–"આ રત્નપુરના રાજા વિદ્યાધરેંદ્રની પ્રિયા રત્નાવલીની કુક્ષીથી ઉત્પન્ન થયેલી પદ્મા નામની કન્યા છે. આ કન્યાનો જન્મ થયો, તે જ વખતે તેના પિતા મરણ પામ્યા. ત્યારે તેના પુત્રો રાજ્યને માટે પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. તે વખતે રત્નાવલી રાણી આ બાળાને લઈ અહીં પોતાના ભાઈ ગાલવ નામના કુલપતિની પાસે આવીને રહી છે. તેથી તાપસોથી લાલન પાલન કરાતી આ કન્યા અહીં જ વૃદ્ધિ પામીને અનુક્રમે યુવાવસ્થાને પામી છે. અહીં મુનિકન્યાઓના સહવાસથી તે આવું જ કર્મ કરતાં શીખેલી છે. એક વખત કોઈ જ્ઞાની સાધુ મહારાજ અહીં આવ્યા હતા. તેને કુલપતિએ 'આ કન્યાનો વર કોણ થશે ?' એમ પૂછ્યું ત્યારે સાધુએ કહ્યું કે– "સુવર્ણબાહુ નામના ચક્રવર્તી અશ્વથી હરણ કરાઈને જાતે જ અહીં આવી આ કન્યાને પરણશે."

આ પ્રમાણે હકીકત સાંભળી સુવર્ણબાહુ રાજાએ હર્ષ પામી વિચાર્યું કે–"આ અશ્વે મારા ઉપર ઉપકાર કર્યો, કે જેથી અહીં લાવી આનો મને

સંગમ કરાવ્યો.'' પછી રાજાએ તેણીને પૂછ્યું કે—''હે ભદ્રે ! કુલપતિ ક્યાં છે ? તેમને જોવા માટે હું અત્યંત ઉત્સુક છું.'' સખીએ કહ્યું કે—''અહીં આવેલા સાધુએ આજે અહીંથી વિહાર કર્યો છે, તેમની સાથે ગયા છે, થોડેક દૂર સુધી જઈ તેમને વંદન કરી હમણાં પાછા આવશે.''

આમ વાત ચાલે છે તેટલામાં અશ્વના પગલાંને અનુસરી રાજાનું સૈન્ય આશ્રમ પાસે આવી પહોંચ્યું. તે જોઈ તે બંને કન્યાઓએ 'આ સુવર્ણબાહુ રાજા પોતે જ છે' એમ જાણી લીધું. પછી 'કુલપતિના આવતાં સુધી આ પદ્માની શી અવસ્થા થશે ?' એમ શંકા કરતી સખી તેને મહાકષ્ટથી આશ્રમમાં લઈ ગઈ. પછી તે નંદા નામની તેની સખીએ આશ્રમમાં આવેલા ગાલવમુનિને તથા રત્નાવલીને આનંદથી સુવર્ણબાહુ રાજાની સર્વ વાત કહી. તે સાંભળી હર્ષ પામેલા ગાલવમુનિ રત્નાવલી, પદ્મા અને નંદા સહિત રાજાની પાસે આવ્યા. રાજાએ પણ મુનિનું બહુમાન કર્યું. પછી મુનિએ રાજાને કહ્યું કે—''હે રાજા ! જ્ઞાનીએ આ પદ્માના પતિ તમને કહ્યા છે, તેથી આ મારી ભાણેજને તમે પરણો.'' તે સાંભળી અત્યંત હર્ષ પામેલા રાજાએ ગાંધર્વવિધિથી તેણીનું પાણિગ્રહણ કર્યું.

તે વખતે ત્યાં વિમાનો વડે આકાશને આચ્છાદન કરતો પદ્મોત્તર નામનો વિદ્યાધર રાજા કે પદ્માનો સાપત્ન=ઓરમાન ભાઈ થતો હતો, તે આવ્યો. રત્નાવલીના કહેવાથી તેણે સુવર્ણબાહુ રાજાને નમસ્કાર કરી કહ્યું કે—''હે દેવ ! તમારો વૃત્તાંત સાંભળીને હું તમારી સેવા કરવા આવ્યું છું. હે સ્વામી ! તમે જાતે પધારીને વૈતાઢ્ય પર્વત પર રહેલા મારા રત્નપુર નગરને પવિત્ર કરો.'' આવું તેનું વચન અંગીકાર કરી રત્નાવલી અને કુલપતિની રજા લઈ રાજા પરિવાર સહિત તેના વિમાનમાં બેઠો. તે વખતે પદ્મા પણ મામાની તથા માતાની રજા લઈ પતિની પાછળ ચાલી. પછી પદ્મા સહિત તે રાજાને તત્કાળ વૈતાઢ્ય પર્વત પર પદ્મોત્તર પોતાના નગરમાં લઈ ગયો. ત્યાં દિવ્ય રત્નના પ્રાસાદમાં તે સુવર્ણબાહુ રાજાને ઉતારો આપીને સેવકની જેમ પોતે સ્નાન—ભોજન આદિ વડે તેનો યોગ્ય સત્કાર કર્યો. પછી સુવર્ણબાહુએ પુણ્યપ્રભાવથી બંને શ્રેણિનું સામ્રજય પ્રાપ્ત કર્યું અને ઘણી વિદ્યાધર કન્યાઓનું પાણિગ્રહણ કર્યું. પછી પદ્મા વગેરે પ્રિયાઓ

સહિત પોતાના નગરમાં આવ્યો. ત્યાં અનુક્રમે ચક્ર આદિ રત્નો ઉત્પન્ન થયાં, તેનાથી છ ખંડ સાધી સુવર્ણબાહુ રાજા ચક્રવર્તી થયા અને છ ખંડનું ચિરકાળ રાજ્ય કર્યું.

એક વખત પોતાની પ્રિયાઓ સહિત પ્રાસાદની ઉપર ક્રીડા કરતા સુવર્ણબાહુ રાજા આકાશમાં દેવોને જતા આવતા જોઈ વિસ્મય પામ્યા. માણસો પાસેથી જગન્નાથ તીર્થંકરનું આગમન સાંભળી, ત્યાં જઈ જિનેશ્વરને વંદન કરી, તેમના મુખથી મોહનો નાશ કરનારી દેશના સાંભળી. પછી ચક્રવર્તી પોતાને સ્થાને આવ્યા અને ધર્મચક્રી પણ ભવ્ય પ્રાણીઓને પ્રબોધ કરતા પૃથ્વી પર વિચરવા લાગ્યા.

એક વખત જિનેશ્વરની પાસે આવેલા દેવોને જોતા ચક્રવર્તીને વિચાર થયો કે–''આવા દેવો મેં પૂર્વે ક્યાંય પણ જોયા છે.'' આ પ્રમાણે ઊહાપોહ કરતાં તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને તેણે પોતાના પૂર્વભવો જોયા. તેથી તેમને મોક્ષરૂપી વૃક્ષના બીજ સમાન વૈરાગ્ય થયો. એટલે દીક્ષા લેવાની ઇચ્છાથી તેણે પોતાના પુત્રને રાજ્ય પર સ્થાપન કર્યો, તેવામાં તે જ જગન્નાથ તીર્થંકર વિહાર કરતાં કરતાં ત્યાં જ પધાર્યા. તેમની પાસે સુવર્ણબાહુ ચક્રીએ દીક્ષા ગ્રહણ કરી. તે અનુક્રમે ગીતાર્થ થઈ દુસ્તર તપ કરવા લાગ્યા. તેમાં જિનસેવા આદિ સ્થાનકોના સેવન વડે તેમણે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

એક વખત વિહારના ક્રમે ક્ષીરવન નામની અટવીમાં ક્ષીરમહાગિરિ નામના પર્વત પર આરોહણ કરી સૂર્યની સન્મુખ દૃષ્ટિ રાખી તેઓ કાયોત્સર્ગમાં રહ્યા. તે અવસરે કુરંગકનો જીવ નરકમાંથી નીકળી તે જ વનમાં સિંહ થયો હતો, તે દૈવયોગે ભમતો ભમતો ત્યાં આવી ચડ્યો. અને તે મુનીંદ્રને જોઈ પૂર્વના વૈરને લીધે તેના પર અત્યંત ક્રોધ પામી તે રાક્ષસની જેમ તેમના તરફ દોડ્યો. તે સિંહને આવતો જોઈ મુનીશ્વરે તત્કાળ અનશન ગ્રહણ કર્યું. તેવામાં તે સિંહ મોટી ફાળ મારી મુનિના શરીર પર પડ્યો, એટલે તે મુનિ કાળધર્મ પામી દશમા દેવલોકમાં મહાપ્રભ નામના વિમાનમાં વીશ સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા.

તે સિંહ પણ મરીને ચોથી નરકમાં નારકીપણે ઉત્પન્ન થયો. ત્યાં દશ સાગરોપમ સુધી વિવિધ પ્રકારની વેદનાઓને અનુભવી ત્યાંથી નીકળી ચિરકાળ સુધી તિર્યંચયોનિમાં ભ્રમણ કરી તે સિંહનો જીવ કોઈક ગામમાં બ્રાહ્મણનો પુત્ર થયો. તેનો જન્મ પછી તરત જ તેના માતાપિતા વગેરે સર્વ મરણ પામ્યા. તેને કમઠ નામ પાડીને લોકોએ દયાથી ઉછેરી મોટો કર્યો. તે અત્યંત દરિદ્રી યુવાવસ્થા પામ્યો, ત્યારે માણસોની નિંદાને સાંભળતો તે મહા કષ્ટથી ભોજન પામવા લાગ્યો. એક વખત દાનભોગ આદિ કરતા ધનિકોને જોઈ તેને વિચાર થયો કે—''આ લોકોએ પૂર્વજન્મમાં દુષ્કર તપ કર્યો હશે, કારણ કે બીજ વિના અન્ન પ્રાપ્તિ ન થાય તેમ તપ વિના લક્ષ્મી પ્રાપ્ત થાય નહી. તેથી હું પણ તપ કરું.'' એમ વિચારી વૈરાગ્ય પામેલા કમઠે તાપસની દીક્ષા ગ્રહણ કરી અને કંદ આદિનું ભોજન કરી તે પંચાગ્નિ આદિ અજ્ઞાનકષ્ટ કરવા લાગ્યો.

આ જ ભરતક્ષેત્રમાં વારાણસી નામની નગરી છે. તે નિત્યસખીની જેમ પાસે રહેલી ગંગાનદી તેને સેવે છે. અલકા નગરીની જેવી તે નગરીની ચોતરફ જાણે ચૈત્રરથ નામનું વન આવીને રહ્યું હોય તેમ મનોહર ઉદ્યાન રહેલું છે. તે નગરીના કિલ્લાને વિશાળ અને મોટા માણિક્યરત્નના કાંગરાઓ જાણે દિશારૂપી લક્ષ્મીના સહજ આરિસા હોય તેવા શોભે છે. તે નગરીમાં રહેલા ચૈત્યોના શિખરો ઉપર રહેલા સુવર્ણના કળશોને અતિથિની જેમ આવેલા જાણી સૂર્ય પોતાના કિરણો વડે પૂજે છે. તે નગરીમાં ધનિકના મનોહર મહેલો જાણે પુણ્યના ઉદયથી પામવા લાયક દેવોને વિમાનો હોય તેવા શોભે છે. દેવતાઓ ભોજનને માટે જયારે માગે છે ત્યારે જ સુધા=અમૃતને પામે છે, પરંતુ આ નગરીના સર્વ ગૃહો તો પ્રાયે કરીને સુધા=ચૂનાથી લીંપાયેલા જ છે એ આશ્ચર્ય છે. તે નગરીમાં દુકાનોની શ્રેણિ અગણિત કરીયાણાના સમૂહ વડે સાંકડી છતાં પણ કુત્રિકાપણની શ્રેણિની જેમ વિશાળ હોય તેમ શોભે છે. વિશ્વને ઉલ્લંઘન કરે તેવી તે નગરીની લક્ષ્મી જોઈને પંડિતો માનતા હતા કે—''રોહણાચળ પર્વત ઉપર હવે માત્ર પત્થર જ રહ્યા હશે અને સમુદ્રમાં કેવળ જળ જ રહ્યું જશે.''

તે નગરીમાં કાર્તિકસ્વામી જેવા પરાક્રમવાળા અશ્વસેન નામે રાજા

હતા, જાણે કે ઇંદ્રે આવીને પૃથ્વી પર વાસ કર્યો હોય તેમ તે શોભતા હતા. તે રાજાને વામા નામની રાણી હતી. તે ગુણના સમૂહ વડે સુંદર, શીલ આદિ ગુણ વડે શોભતી અને અશ્વસેન રાજાને તેના પ્રાણ કરતાં પણ અધિક પ્રિય હતી. એક વખત સુવર્ણબાહુનો જીવ ત્રણ જ્ઞાન સહિત પ્રાણત નામના દશમા દેવલોકથી ચ્યવી વામાદેવીની કુક્ષીમાં અવતર્યો. તે વખતે સુખ પૂર્વક સુતેલી તે મનોહર મુખવાળીએ હસ્તી વગેરે ચૌદ મહાસ્વપ્નોને પોતાના મુખમાં પ્રવેશ કરતા જોયા. પછી તત્કાળ જાગેલી તેને અનુક્રમે ઇંદ્રે, રાજાએ અને પછી જ્યોતિષીઓએ તે મહાસ્વપ્નનું ફળ કહ્યું કે—"હે દેવી ! આ મહાસ્વપ્નોથી તમારો પુત્ર જગત્પતિ થશે." તે સાંભળી હર્ષ પામેલી વામાદેવીએ સુખેથી ગર્ભ ધારણ કર્યો અને કાળ સંપૂર્ણ થયે શ્યામ કાંતિવાળા તથા સર્પના ચિહ્નવાળા મનોહર પુત્રને જન્મ આપ્યો. તે વખતે આસનકંપથી પ્રભુનો જન્મ જાણીને છપ્પન દિક્કુમારીઓએ આવી સૂતિકર્મ કર્યું અને શક્રેંદ્ર વગેરે સર્વ ઇંદ્રોએ અવધિજ્ઞાનથી પ્રભુનો જન્મ જાણી મેરુપર્વત પર લઈ જઈ પ્રભુનો જન્મોત્સવ કર્યો. પછી જાણે અમૃતનું પાન કર્યું હોય તમ આનંદ પામેલા અશ્વસેન રાજાએ કારાગૃહમાંથી કેદીને મુક્ત કરી પુત્રજન્મનો મહોત્સવ કર્યો.

પ્રભુ ગર્ભમાં હતા ત્યારે તેની માતાએ અંધારી રાત્રિમાં પણ પોતાની પાસે થઈને પસાર થતા સર્પને જોયો હતો તે વાતનું સ્મરણ કરી અશ્વસેન રાજાએ તે પુત્રનું પાર્શ્વ નામ પાડ્યું. ઇંદ્રે આદેશ કરેલી પાંચ ધાત્રીઓથી પાલન કરાતા પ્રભુ બાળકનું રૂપ ધારણ કરીને આવેલા દેવોની સાથે ક્રીડા કરવા લાગ્યા. ઇંદ્રે અંગુઠામાં મૂકેલા અમૃતનું પાન કરતા પ્રભુ અનુક્રમે વૃદ્ધિ પામી યૌવનવયને પામ્યા. તે વખતે પ્રભુનું શરીર નવ હાથનું થયું.

એક વખત અશ્વસેન રાજા સભામાં બેઠા હતા, તે વખતે દ્વારપાળની રજાથી કોઈ પુરુષે સભામાં આવી રાજાને કહ્યું કે—"હે સ્વામી ! આ ભરતક્ષેત્રમાં કુશસ્થળ નામનું નગર છે. તેમાં પ્રસેનજિત્ નામે રાજા છે. તેને પ્રભાવતી નામની યુવાવસ્થાને પામેલી મનોહર પુત્રી છે. ખરેખર વિધાતાએ આખા જગતનો સાર લઈને જ તેને બનાવી લાગે છે. કારણ કે ચંદ્ર તેના મુખનો દાસ છે, મૃગના નેત્રોનો દાસ છે, મયૂર કેશપાશનો દાસ

છે અને આધર અમૃતરસ તેના અરસનો દાસ છે, અરિસો તેના કપોળની શોભાને પામતો નથી, સુવર્ણકંદ તેના અધરની ઉપમા=સમાનતા પામતા નથી, તેના કંઠની સુંદરતા મેળવવામાં પંચજન્ય શંખ પણ યોગ્ય નથી, તેના સ્તનની લક્ષ્મી=શોભા ગ્રહણ કરવામાં સુવર્ણનો કળશ પણ ચતુર નથી, તેની ભુજલતાની લક્ષ્મી મેળવવા કમળનું નાળ પણ સમર્થ નથી, તેના હસ્તની કાંતિના લેશને પલ્લવો=કુંપળ પણ પામી શકતા નથી, તેની કટિની શોભ ગ્રહણ કરવામાં વજ્ર પણ મૂર્ખ છે, તેની નાભિનું સદશપણું શીખવામાં આવર્ત=નદીની ભમરી પણ સમર્થ નથી, તેના જઘનની તુલના કરવામાં પુલિન=રેતીવાળો નદીનો કાંઠો પણ શક્તિમાન નથી, તેના સાથળની સુંદરતા મેળવવામાં રંભા પણ અટકી જાય છે, મૃગલીની જંઘા પણ તેની જંઘાની શોભા ગ્રહણ કરવામાં સફળ નથી, તેના ચરણકમળની લક્ષ્મીને અરવિંદ પણ પામી શકે તેમ નથી, સુવર્ણ પણ તેના શરીરની કાંતિના કોઈપણ અંશને પામતું નથી અને તેના લાવણ્ય ગુણને જોઈ અપ્સરાઓ નીરસ થાય છે. આવી મનોહર તે કન્યાને જોઈ યોગ્ય વરની પ્રાપ્તિ માટે તેના પિતાએ ઘણા કુમારો શોધ્યા, પરંતુ કોઈપણ તેને યોગ્ય મળ્યો નથી.

એક વખત તે પ્રભાવતી સખીઓ સાથે ઉદ્યાનમાં ગઈ હતી. ત્યાં કિન્નરીઓથી ગવાતું ગીત સાંભળ્યું આવ્યું કે–''રૂપ, લાવણ્ય અને તેજ વડે દેવોનો પણ તિરસ્કાર કરનાર અશ્વસેન રાજાના પુત્ર શ્રીપાર્શ્વકુમાર ચિરકાળ સુધી જય પામો.'' આવું ગીત સાંભળી તે પ્રભાવતી શ્રીપાર્શ્વકુમાર પર પ્રીતિવાળી થઈ. તેથી તે લજ્જા અને ક્રીડાનો ત્યાગ કરી માત્ર તે ગીતને જ વારંવાર સાંભળવા લાગી. તે જોઈ તેની સખીઓએ તેને શ્રીપાર્શ્વને વિષે રાગવાળી જાણી. કેમકે પાણીમાં રહેલા તેલની જેમ રાગીમાં રહેલો રાગ છાનો રહી શકતો નથી. પછી તે કિન્નરીઓ ગઈ ત્યારે તે પ્રભાવતી તેમની સન્મુખ આકાશમાં જોઈ જ રહી. તે વખત સખીઓ તેને મહા મહેનતે=પરાણે ઘેર લઈ ગઈ. પરંતુ તેને કોઈપણ ઠેકાણે સુખ પ્રાપ્ત થયું નહીં. કામદેવરૂપી અપસ્માર=વાઈના વ્યાધિથી પરવશ થયેલી તે કાંઈપણ જાણતી નહોતી, માત્ર જેમ યોગિની પરબ્રહ્મનું ધ્યાન કરે તેમ એક શ્રીપાર્શ્વનું

જ મનમાં ધ્યાન કરવા લાગી.

સખીઓના મુખથી તેને શ્રીપાર્શ્વને વિષે પ્રીતિવાળી જાણી તેના માતાપિતા હર્ષ પામ્યા કારણ કે ''પુત્રીનો રાગ યોગ્ય સ્થાને છે.'' પછી તેના માતાપિતા બોલ્યા કે—''આ પુત્રીને શ્રીપાર્શ્વ પાસે સ્વયંવરા તરીકે મોકલીને આપણે તેને આનંદ પમાડશું.'' આ વૃત્તાંત અનેક દેશોના અધિપતિ મહા બળવાન યવન રાજા પોતાના ચરપુરુષોના મુખથી સાંભળીને પોતાની સભામાં બોલ્યા કે—''તે પ્રસેનજિત્ રાજા મને મૂકીને પાર્શ્વકુમારને પોતાની પુત્રી કેમ આપશે ? જો તે પોતે જ મને નહીં આપે તો હું બળાત્કારે ગ્રહણ કરીશ.''

આ પ્રમાણે કહીને તત્કાળ પવનની જેવા વેગવાળા તે યવન રાજાએ સૈન્ય સહિત આવી કુશસ્થળને ચોતરફથી રુંધ્યું છે. તેથી રાત્રિના પ્રારંભમાં બીડાઈ ગયેલા કમળમાં ભ્રમરની જેમ કોઈપણ મનુષ્ય નગરમાં પ્રવેશ કે નિર્ગમ કરી શકતો નથી. આ વૃત્તાંત આપને જણાવવા માટે પુરુષોત્તમ નામના મને મંત્રીપુત્રને પ્રસેનજિત્ રાજાએ મોકલ્યો છે, તે હું રાત્રિને સમયે ગુપ્ત રીતે નગર બહાર નીકળી અહીં આવ્યો છું. તો હવે જે કરવા લાયક હોય તે આપ કરો. પ્રસેનજિત્ રાજા આપને શરણે છે.''

આ પ્રમાણે તેનું વચન સાંભળી અશ્વસેન રાજાનાં નેત્રો ક્રોધથી લાલ થયાં અને તે દુષ્ટ યવન રાજાને શિક્ષા કરવા માટે તેમણે તત્કાળ પ્રયાણની ભેરી વગડાવી. તે ભેરીનો શબ્દ સાંભળી 'આ અકસ્માત શું છે ?' એ વિચાર કરતાં શ્રીપાર્શ્વકુમારે પિતા પાસે આવી કહ્યું કે—''હે પિતા ! દેવો કે અસુરો મધ્યે ક્યા બળવાને આપનો અપરાધ કર્યો છે કે જેથી આપને પોતાને આ પ્રયાસ કરવો પડે છે ?''

તે સાંભળી અશ્વસેન રાજાએ તે પુરુષને આંગળી વડે દેખાડી કહ્યું કે—''કુશસ્થળના રાજાનું રક્ષણ કરવા અને યવનરાજાને જીતવા જવું છે.''

તે સાંભળી પાર્શ્વકુમારે કહ્યું કે—''ઘાસમાં પરશુની જેમ તે મનુષ્યરૂપી કીટમાં સુર અસુરને જીતનારા આપે આ ઉદ્યમ કરવો યોગ્ય નથી, તેથી આપ મને જ આજ્ઞા આપી આ મહેલને જ શોભાવો. હું પણ

તેના ગર્વનો નાશ કરી શકીશ.'' તે સાંભળી પુત્રનું બળ ત્રણ જગત કરતાં પણ અધિક છે એમ જાણતા રાજાએ તેનું વચન અંગીકાર કર્યું અને સૈન્ય સહિત જવાની રજા આપી.

શ્રીપાર્શ્વકુમાર સૈન્ય સહિત ચાલ્યા, ત્યારે પહેલા પ્રયાણમાં જ ઇંદ્રના સારથિ માતલિએ આવી રથમાંથી ઊતરી પ્રભુને નમસ્કાર કરી વિનંતી કરી કે—''હે પ્રભુ ! ક્રીડા વડે પણ સંગ્રામમાં ઉદ્યમવંત થયેલા આપને જાણીને શક્રેંદ્રે ભક્તિથી આ રથ આપના માટે મોકલ્યો છે, તેનો સ્વીકાર કરો.'' તે સાંભળી વિવિધ પ્રકારના શાસ્ત્રોથી ભરેલા અને પૃથ્વીને નહીં સ્પર્શ કરતા તે રથ ઉપર આરૂઢ થઈ સૂર્યની જેમ પ્રભુ આકાશમાર્ગે ચાલ્યા. પાછળ પૃથ્વી પર ચાલી આવતી સેના ઉપર કૃપા કારણે નાના પ્રયાણોથી પ્રભુ અનુક્રમે કેટલેક દિવસે કુશસ્થળ નગર પાસે આવી પહોંચ્યા. ત્યાં એક ઉદ્યાનમાં દેવોએ કરેલા પ્રાસાદમાં પ્રભુ સુખ પૂર્વક રહ્યા.

પછી પ્રભુએ મોકલેલ એક દૂત યવનરાજા પાસે જઈને કહ્યું કે— ''હે રાજા ! શ્રીપાર્શ્વનાથ તમને આજ્ઞા કરે છે કે—આ પ્રસેનજિત્ રાજા અમારા પિતાને શરણે રહ્યા છે, તેથી તેના નગરનો રોધ મૂકી દ્યો. તેથી જો તમને સુખની ઇચ્છા હોય તો તમે તમારે સ્થાને જતા રહો.'

આવું દૂતનું વચન સાંભળી ક્રોધ પામેલો યવન બોલ્યો કે—''રે દૂત ! તું આ શું બોલે છે ? મારી પાસે અશ્વસેન કે પાર્શ્વ કઈ ગણતરીમાં છે ? તે પાર્શ્વ જ પોતાને સ્થાને જાય અને પોતાના શરીરનું રક્ષણ કરે. તું દૂત છે તેથી તને જીવતો મૂકું છું. અરે ! તું પણ જલદી અહીંથી જતો રહે.''

તે સાંભળી દૂતે ફરીથી કહ્યું કે—''હે રાજા ! અમારા સ્વામી દયાળુ છે, તેથી કુશસ્થળના રાજાની જેમ તારું પણ રક્ષણ ઇચ્છે છે અને તેથી જ મને તારી પાસે બોધ કરવા મોકલ્યો છે, તો હે જડ ! બોધ પામ અને અમારા સ્વામીને ઇંદ્રો પણ જીતી શકે તેમ નથી, એમ તું નક્કી જાણ. જેમ સિંહની સાથે હરણ, સૂર્યની સાથે અંધકાર, અગ્નિની સાથે પતંગીયું, સમુદ્રની સાથે કીડી, ગરુડની સાથે સર્પ, વજ્રની સાથે પર્વત અને હાથીની

સાથે ઘેટો યુદ્ધ કરવા શક્તિમાન નથી, તેમ તું પણ શ્રીપાર્શ્વની સાથે યુદ્ધ કરવા શક્તિમાન નથી. તેથી હે યવન ! તું તેમની આજ્ઞા અંગીકાર કર." આ પ્રમાણે દૂત બોલ્યો ત્યારે યવનના સૈનિકો તેની સાથે વિપરીતપણે બોલવા લાગ્યા અને મારવા તૈયાર થયા.

તેવામાં–"અરે મૂઢ સૈનિકો ! તમે શ્રીપાર્શ્વપ્રભુના દૂતને મારવા ઇચ્છો છો તે તો તમારા પોતાના જ સ્વામીને ગળે પકડી અનર્થરૂપી કુવામાં નાંખવા જેવું કરો છો ઇંદ્રો પણ જેની આજ્ઞાને મસ્તક પર મુગટની જેમ ચડાવે છે, તેના દૂતને મારવો તે તો દૂર રહો, પરંતુ તેની હીલના પણ દુ:ખ આપનારી છે." આ પ્રમાણે કહી મંત્રીએ તે સુભટોને નિવારી પછી સામવચનથી તે દૂતને કહ્યું કે–"હે ભદ્ર ! આમનો આ એક અપરાધ તમે માફ કરજો અને પ્રભુને આ વાત કહેશો નહીં. શ્રીપાર્શ્વપ્રભુના ચરણકમળને વાંદવા માટે અમે હમણાં જ આવીએ છીએ." આ પ્રમાણે સમજાવી તે દૂતને મંત્રીએ વિદાય કર્યો.

પછી પોતાના સ્વામીના હિતને ઇચ્છતા મંત્રીએ રાજાને કહ્યું કે–"હે દેવ ! ભવિષ્યનો વિચાર કર્યા વિના તમે સિંહની કેશવાળીને ખેંચવા જેવું આવું વિપરીત પરિણામવાળું કાર્ય કેમ કરો છો ? ઇંદ્રો પણ જે પાર્શ્વપ્રભુના પત્તિઓ છે તેની સાથે તમારું યુદ્ધ શી રીતે હાઈ શકે ? તેથી હજુ પણ કંઠ પર કુઠાર ધારણ કરીને તમે પાર્શ્વનાથનો આશ્રય કરો, તેમની પાસે તમારા અપરાધની ક્ષમા માંગો અને તેમની આજ્ઞા અંગીકાર કરો. જો આલોક અને પરલોક સંબંધી સુખની ઇચ્છા હોય તો તમારે આ કાર્ય કરવું ઉચિત છે."

આવુ મંત્રીનું વચન સાંભળી કે–"હે મંત્રી ! તમે મને ઠીક બોધ કર્યો." એમ કહી પોતાના કંઠ પર પરશુ રાખી પરિવાર સહિત તે યવનરાજા શ્રીપાર્શ્વપ્રભુ પાસે ગયો. ત્યાં પ્રતિહાર દ્વાર રજા લઈ સભામાં જઈ પ્રભુને નમસ્કાર કર્યા. પ્રભુએ તેના કંઠ પરથી કુઠાર મૂકાવી દીધો, ત્યારે ફરીથી નમસ્કાર કરી યવન રાજા બોલ્યો કે–"હે નાથ ! તમે સર્વને સહન કરનાર છો, તેથી મારો આ અપરાક્ષ ક્ષમા કરો, મને ભય પામેલાને અભયદાન આપો અને મારા પર પ્રસન્ન થઈ મારી લક્ષ્મીન ગ્રહણ કરો."

શ્રીપાર્શ્વનાથે કહ્યું કે—''હે કુશળ રાજા ! તમારું કલ્યાણ થાઓ, તમારું રાજ્ય તમે ભોગવો, ભય પામશો નહીં અને ફરીથી આવું કાર્ય કરશો નહીં.'' આ પ્રમાણે ભગવાનના વચનનો તેણે અંગીકાર કર્યો, એટલે જિનેશ્વરે તેનું બહુમાન કર્યું. તે વખતે તરત જ કુશસ્થળ પુરનો રોધ=ઘેરો દૂર થયો. પછી પ્રભુની આજ્ઞાથી તે પુરુષોત્તમે નગરમાં જઈ પ્રસેનજિત્ રાજાને તે વાર્તા કહી પ્રસન્ન કર્યો.

ત્યારપછી ભેટણાંની જેમ પ્રભાવતી કન્યાને સાથે લઈ પ્રસેનજિત્ રાજા પ્રભુ પાસે આવ્યા. અને તેમને વિજ્ઞપ્તિ કરી કે—''હે જગત્પતિ ! જેમ તમે અહીં આવીને મારા પર અનુગ્રહ કર્યો તેમ આ મારી પુત્રીનું પાણિગ્રહણ કરી મારા પર અનુગ્રહ કરો. આ મારી પુત્રી તમારા પર ઘણાં સમયથી રાગવાળી છે. તે બીજા વરને ઇચ્છતી નથી, વળી સ્વભાવથી જ તમે કૃપાળુ છો માટે આના પર વિશેષ કૃપાવાન થાઓ.''

તે સાંભળી સ્વામી બોલ્યા કે—''હે રાજા ! હું મારા પિતાની આજ્ઞાથી તમારું રક્ષણ કરવા આવ્યો છું, પણ તમારી પુત્રીને પરણવા આવ્યો નથી, તેથી આ વાર્તા ફરી કરશો નહીં.''

તે સાંભળી પ્રસેનજિતે વિચાર્યું કે—''આ પાર્શ્વનાથ મારા વચનથી માનશે નહીં. તેથી અશ્વસેન રાજા પાસે જ આગ્રહ કરી હું આ વાત તેને મનાવીશ.''

પછી પ્રસેનજિત્ સાથે યવન રાજાની મિત્રાઈ=મૈત્રી કરાવી યવન રાજાને રજા આપી. પછી પ્રભુએ પ્રસેનજિતને રજા આપી ત્યારે તેણે કહ્યું કે—''હે સ્વામી ! મારે અશ્વસેન રાજાને નમવા માટે આપની સાથે આવવું છે.'' પ્રભુએ 'બહુ સારું' કહ્યું એટલે પ્રસેનજિત્ રાજા પ્રભાવતીને સાથે લઈ પ્રભુની સાથે જ ચાલ્યો. અનુક્રમે વારાણસી નગરીએ જઈ પિતાને પ્રણામ કરી શ્રીપાર્શ્વનાથ પોતાના મહેલમાં ગયા, ત્યારે પ્રભાવતી સહિત પ્રસેનજિત્ રાજાએ અશ્વસેન રાજા પાસે જઈ તેમને પ્રણામ કર્યા, તરત જ અશ્વસેને ઊભા થઈ તેને ગાઢ આલિંગન કરી પૂછ્યું કે—''તમે કુશળ છો ? અહીં સુધી જાતે કેમ આવવું થયું ?''

પ્રસેનજિતે કહ્યું–''તમે જેનું રક્ષણ કરનાર હો, તેને અકુશળ ક્યાંથી હોય ? હે મહારાજા ! હું જાતે અહીં તમારી પાસે કાંઈક યાચના કરવા આવ્યો છું. કે–હે દેવ ! આ મારી પ્રભાવતી નામની પુત્રીને શ્રીપાર્શ્વનાથને માટે અંગીકાર કરો. હે સ્વામી ! આ મારી યાચના તમારી પાસે નિષ્ફળ ન થાઓ.'

અશ્વસેને કહ્યું કે–''આ કુમાર સદા ભવવાસથી વિરક્ત છે, તો પણ તમારી પ્રસન્નતા માટે પરાણે પણ તેને પરણાવીશ.'' એમ કહી અશ્વસેન રાજા તેને સાથે લઈ શ્રીપાર્શ્વકુમાર પાસે ગયા અને કહ્યુ કે–''હે વત્સ ! આ રાજાની આ પુત્રીને તું પરણ. હે દાક્ષિણ્યના સમુદ્ર ! જો કે તું બાલ્યાવસ્થાથી જ સંસારથી વિરક્ત છે, તો પણ આ મારું વચન તારે માનવું પડશે.'' આ પ્રમાણે પિતાના અતિ આગ્રહથી, ભોગફળ કર્મને ભોગવવા માટે પાણિગ્રહણ કર્યું. પછી ક્રીડા પર્વત, નદી, વાવ અને ઉદ્યાન આદિમાં પ્રભાવતીની સાથે ક્રીડા કરતા પ્રભુએ કેટલાક દિવસો નિર્ગમન કર્યા.

એક વખત પાર્શ્વનાથ પોતાના મહેલના ગવાક્ષમાં બેઠા બેઠા નગરીને જોતા હતા તે વખતે ઘણા લોકોને પુષ્પ આદિ પૂજા સામગ્રી લઈ નગર બહાર જતા જોયા. તેથી કુમારે સેવકોને પૂછ્યું કે–''આજે ક્યો ઉત્સવ છે કે જેથી આ લોકો જલ્દી જલ્દી નગર બહાર જાય છે ?'' ત્યારે કોઈ સેવક બોલ્યો કે–''હે સ્વામી ! આજે ઉત્સવ નથી, પરંતુ નગર બહાર ઉદ્યાનમાં કમઠ નામનો એક મહાતપસ્વી તાપસ આવેલો છે, તેની પૂજા કરવા માટે આ લોકો જાય છે.''

તે સાંભળી સ્વામી પણ તે કૌતુક જોવા માટે પરિવાર સહિત ઉદ્યાનમાં ગયા. ત્યાં તે કમઠ તાપસ પંચાગ્નિ તપ કરતો હતો. તે વખતે અગ્નિના કુંડનાં નાંખેલા એક લાકડાની પોલમાં એક સર્પને બળતો અવધિજ્ઞાન વડે જોઈ દયાળુ પ્રભુએ કહ્યું કે–''અહો ! આ તાપસ તપ કરે છે, તોપણ અજ્ઞાનતા હોવાથી દયાગુણ તો છે જ નહીં. નેત્ર વિના મુખની જેમ દયા વિના ધર્મ શા કામનો ? દયા રહિત પુરુષોનો કાયકલેશ પણ પશુની જેમ વૃથા છે.''

તે સાંભળી કમઠ બોલ્યો કે–''હે રાજપુત્ર ! તમારી જેવા ક્ષત્રિયો તો હાથીને શિક્ષા આપવી એ વગેરે કાર્યમાં જ પંડિત હોય છે, ધર્મમાં તો અમે મુનિઓ જ પંડિત છીએ.'' તે સાંભળી પ્રભુએ પોતાના સેવકો પાસે તે કુંડમાંથી સળગતું લાકડું બહાર કઢાવી જયણાપૂર્વક તેને ચીરાવ્યું, એટલે તેમાંથી એક મોટો સર્પ નીકળ્યો. તે સર્પ અગ્નિની જ્વાળાથી વ્યાકુળ થયેલો હતો, તો પણ પ્રભુનું દર્શન થતાં તે અંતઃકરણમાં અત્યંત પ્રસન્ન થયો. તેને પ્રભુએ પોતાના સેવકો પાસે પરલોકના ભાતારૂપ પ્રત્યાખ્યાન=પચક્ખાણ અપાવ્યું અને પંચનમસ્કાર સંભળાવ્યા. પ્રભુ પોતે તેની સન્મુખ કૃપાદૃષ્ટિથી જોઈ રહ્યા, તેથી તે સર્પે પણ એકાગ્રતાથી અંતઃકરણથી અંગીકાર કર્યું. આ રીતે તે સર્પ મરીને ધર્મના પ્રભાવથી ધરણેંદ્ર થયો. આવું આશ્ચર્ય જોઈ લોકો પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા કે–

''અહો ! આ સ્વામીનું જ્ઞાન તો અદ્‌ભુત છે.''

પછી લોકો સહિત પ્રભુ પોતાને સ્થાને ગયા. આ સર્વ જોઈ શઠ મનવાળો કમઠ અત્યંત લજ્જા પામ્યો અને વધારે અજ્ઞાન તપ કરવા લાગ્યો. ''તેવાઓને સન્માર્ગની પ્રીતિ ક્યાંથી હોય?'' અનુક્રમે તે કમઠ તાપસ મરણ પામી અજ્ઞાનતપના પ્રભાવથી મેઘકુમાર નિકાયમાં મેઘમાળી નામનો ભવનપતિ દેવ થયો.

એક વખત શ્રીપાર્શ્વનાથ સ્વામી વસંત ઋતુમાં ક્રીડા કરવા માટે ઉદ્યાનમાં ગયા. ત્યાં એક પ્રસાદની ભીંત ઉપર શ્રીનેમિનાથના ચરિત્રનું ચિત્ર જોઈ વિચાર્યું કે–''અહો ! શ્રીનેમિનાથને ધન્ય છે કે જેણે કુમાર અવસ્થામાં જ અત્યંત રાગવાળી રાજીમતી કન્યાનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી હતી. તો હું પણ હવે સર્વ સંગનો ત્યાગ કરું.'' આ પ્રમાણે પ્રભુએ વિચાર કર્યો કે તરત જ લોકાંતિક દેવોએ આવી ''હે સ્વામી ! તીર્થ પ્રવર્તાવો.'' એમ વિજ્ઞપ્તિ કરી. પછી કુબેરે પૂરેલા ધન વડે વાર્ષિક દાન આપી દીક્ષા માટે માતાપિતાની આજ્ઞા લીધી.

પછી અશ્વસેન વગેરે રાજાઓએ અને શક્ર વગેરે ઇંદ્રોએ શ્રીપાર્શ્વપ્રભુનો દીક્ષાભિષેક કર્યો. પછી દેવોએ વહન કરેલી શિબિકામાં

આરૂઢ થઈ પ્રભુએ દેવદુંદુભિના નાદ સહિત આશ્રમપદ નામના વનમાં જઈ, શિબિકામાંથી નીચે ઉતરી, વસ્ત્ર અને આભૂષણોનો ત્યાગ કરી મસ્તક પર પંચમુષ્ટિ લોચ કર્યો અને પછી ઇંદ્રે આપેલું દેવદૂષ્ય ડાબા ખભા પર ધારણ કરી ત્રીશ વર્ષની વયવાળા સ્વામીએ ત્રણસો પુરુષો સહિત અઠ્ઠમ તપ કરી સર્વવિરતિ અંગીકાર કરી. એ વખતે સ્વામીને ચોથું મનઃપર્યવ જ્ઞાન પ્રાપ્ત થયું. પછી સ્વામી ભારંડ પક્ષીની જેમ પ્રમાદ રહિત થઈ પૃથ્વી પર વિચરવા લાગ્યા. સર્વ ઇંદ્રો સ્વામીનો દીક્ષા મહોત્સવ પૂર્ણ કરી નંદીશ્વર દ્વીપ પર જઈ ત્યાં અષ્ટાહ્નિકા ઉત્સવ કરી પોતપોતાના સ્થાને ગયા.

એક વખત શ્રીપાર્શ્વનાથ સ્વામી વિહારના ક્રમથી નગરની નજીક રહેલા એવા તાપસના આશ્રમમાં આવ્યા. તે વખતે સૂર્ય અસ્ત પામ્યો તેથી ત્યાં એક કુવાને કાંઠે રહેલા વટવૃક્ષની નીચે પ્રભુ નાસિકા ઉપર દૃષ્ટિ રાખી પ્રતિમા=કાઉસગ્ગમાં ઊભા રહ્યા. એવા અવસરે તે મેઘમાળી નામનો અસુર અવધિજ્ઞાન વડે પોતાના પૂર્વભવનો વૃત્તાંત જાણી તથા વેરનું કારણ સંભારી ક્રોધથી ધમધમતો પ્રભુને ઉપસર્ગ કરવા તે સ્થાને આવ્યો. તેણે અંકુશની જેવા તીક્ષ્ણ નખવાળા, ભયંકર રૂપવાળા અને પુંછડાના પછાડ=પછડાટથી પર્વત પણ કંપે એવા ઘણા સિંહ વિકુર્વ્યા. તેનાથી ભગવાન કાંઈ પણ ભય પામ્યા નહીં. ત્યારે તેણે અત્યંત ભયંકર પર્વત જેવડા હાથીઓ વિકર્વ્યા. તેનાથી પણ પ્રભુ ચલાયમાન થયા નહીં. ત્યારે તેણે મોટા ફુંફાડા મારતા અને યમરાજના હસ્તદંડ જેવા પ્રચંડ દૃષ્ટિવિષ સર્પો વિકુર્વ્યા. તેમજ ઊંચા આંકડા વડે સ્વસ્થતાનો નાશ કરનારા અનેક વીંછીઓ, આપત્તિને કરનારા ભલ્લૂક અને શૂકર વગેરે શ્વાપદો તથા જ્વાળાની જેવા ભયંકર મુખવાળા અને મુંડની માળાને ધારણ કરનાર પ્રેતોને વિકુર્વ્યા. તે સર્વ પણ પ્રભુને ધ્યાનથી ચલાયમાન કરવા સમર્થ થયા નહીં. ''તીક્ષ્ણ મુખવાળી કીડીઓ અને માંકડ વગેરે પણ શું વજ્રને ભેદી શકે ?''

ત્યારપછી અત્યંત ક્રોધ પામેલા તે મેઘમાળીએ ગર્જારવ અને વીજળી વડે દિશાઓમાં ફેલાઈ ગયેલા મેઘોની શ્રેણિ આકાશમાં વિકુર્વી. ''આ મારા પૂર્વભવના શત્રુને આ મેઘના જળથી ડુબાડીને મારી નાંખું.'' એમ વિચારી તે વૃષ્ટિ વરસાવવા લાગ્યો. પ્રથમ મુષ્ટિ જેવી પછી મુશળ જેવી અને પછી

સ્તંભ જેવી ધારા વરસાવી વરસાવીને તેણે આખી પૃથ્વી એક સમુદ્રમય કરી દીધી, તે વખતે અનુક્રમે પ્રભુના કંઠ સુધી તે જળ પહોંચ્યું. એટલે પ્રભુ કંઠ સુધી પાણીમાં ડૂબી ગયા. તેથી તેમનું મુખ પદ્મદ્રહમાં રહેલા કમળની જેમ શોભવા લાગ્યું.

પછી જેટલામાં તે જળ પ્રભુની નાસિકા સુધી પહોંચ્યું, તેટલામાં નાગરાજ ધરણેંદ્રનું આસન કંપ્યું. તરત જ અવધિજ્ઞાનથી પ્રભુનો વૃત્તાંત જાણી તે પોતાની પ્રિયાઓ સહિત ત્યાં આવી પ્રભુને ભક્તિથી નમ્યો. પછી પ્રભુના બંને પગની નીચે મોટા નાળવાળું કમળ મૂકી તે ધરણેંદ્રે પોતાના શરીર વડે પ્રભુની પીઠ અને બંને પડખાં ઢાંકી તેમના મસ્તક પર પોતાની સાત ફણાનું છત્ર કર્યું. તેથી ત્યાં રહેલા પ્રભુ સુખપૂર્વક ધ્યાનમાં મગ્ન થયા. તે વખતે તે ધરણેંદ્રની ઇંદ્રાણીઓ પ્રભુ પાસે નૃત્ય કરવા લાગી તથા વેણુ, વીણા અને મૃદંગ વગેરેના શબ્દથી સર્વ દિશાઓને ભરી દીધી.

આ વખતે ભક્તિ કરનારા ધરણેંદ્ર ઉપર તથા દ્વેષ કરનાર તે અસુર ઉપર સમતાના નિધાનરૂપ સ્વામી તે સમાન દૃષ્ટિવાળા જ હતા. પરંતુ દ્વેષથી અધિકાધિક વૃષ્ટિ કરતા તે કમઠ નામના અસુરને જોઈ નાગેંદ્રને તેના પર ક્રોધ થયો તેથી તિરસ્કાર સહિત તે અસુરને કહ્યું કે—

"રે દુષ્ટ ! પોતાના જ ઉપદ્રવને માટે તેં આ શું આરંભ્યું છે ? હું દયાળુ પ્રભુનો સેવક છું, છતાં હવે તારા અપરાધને હું સહન કરીશ નહીં. આ સ્વામીએ તે વખતે તને પાપમાંથી મુક્ત કરવા માટે બળતો સર્પ કાઢીને બતાવ્યો, તેમાં તમેણે તારું શું અપ્રિય કર્યું ? હે પાપી ! જગતના સહજ મિત્રરૂપ આ ભગવાનની ઉપર તું વિના કારણે દ્વેષ કરે છે, તેથી હવે તું નથી એમ સમજ." આવું ધરણેંદ્રનું વચન સાંભળી મેઘમાળીએ નીચી દૃષ્ટિ કરી અને ધરણેંદ્રથી સેવાતા પ્રભુને જોયા. તરત જ તે ભય પામી વિચારવા લાગ્યો કે—

"મારી બધી શક્તિ પર્વતને વિષે સસલાની જેમ આ પ્રભુને વિષે નિષ્ફળ થઈ. વળી આ ભગવાન એક જ મુષ્ટિથી વજ્રને પણ ચૂર્ણ કરી શકે તેવા બળવાન છે, છતાં ક્ષમા ગુણથી સર્વ સહન કરે છે, પરંતુ આ

નાગેંદ્રથી તો મારે ભય રાખવાનો જ છે. હું વિશ્વના નાથનો વેરી થયો, તેથી મારે બીજું કોઈ પણ શરણ છે નહીં. તેથી આ કરુણાના સાગરનું જ શરણ કરું.''

આ પ્રમાણે વિચારી મેઘ=વાદળને સંહરી લઈ પ્રભુની પાસે આવી ''મારો અપરાધ ક્ષમા કરો.'' એમ નમસ્કાર પૂર્વક કહી તે અસુર પોતાને સ્થાને ગયો. નાગેંદ્ર પણ પ્રભુને ઉપસર્ગ રહિત થયેલા જાણી તેમને પ્રણામ કરી પોતાને સ્થાને ગયો અને પ્રભુએ પણ પ્રાતઃકાળ થયે ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો.

પ્રભુ છદ્મસ્થ અવસ્થાએ ચોરાશી દિવસ વિહાર કરી ફરીથી તેજ આશ્રમના ઉદ્યાનમાં આવ્યા. ત્યાં ધ્યાનમાં રહેલા પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ઇંદ્ર આદિ દેવોએ સમવસરણ રચ્યું. ત્યાં પૂર્વ દિશા તરફના સિંહાસન પર પ્રભુ પૂર્વાભિમુખ બેઠા અને બીજી ત્રણ દિશાઓમાં વ્યંતરદેવોએ પ્રભુના ત્રણ પ્રતિબિંબ રચ્યાં પછી સર્વ સુર, અસુર અને મનુષ્યો આવીને યોગ્ય સ્થાને બેઠા. એક એક યોજન સુધીના વિસ્તારવાળી વાણી વડે સ્વામીએ દેશનાનો આરંભ કર્યો.

શ્રીપાર્શ્વનાથ સ્વામીના કેવળજ્ઞાનનો વૃત્તાંત ઉદ્યાનપાલકના મુખથી જાણીને શ્રી અશ્વસેન રાજા અત્યંત હર્ષ પામી, પ્રભુના દર્શન માટે અત્યંત ઉત્સુક થઈ, વામાદેવી સહિત ત્યાં આવ્યા અને પ્રભુની સ્તુતિ તથા નમસ્કાર કરી શુદ્ધ બુદ્ધિથી ધર્મના સાંભળવા બેઠા. જગદીશ્વરની તે દેશના સાંભળી ઘણા પુરુષો તથા સ્ત્રીઓએ પ્રતિબોધ પામી દીક્ષા ગ્રહણ કરી તેમાંથી આર્યદત્ત વગેરે દશ ગણધરો થયા. તેઓએ સ્વામી પાસેથી ત્રિપદી ગ્રહણ કરી તત્કાળ દ્વાદશાંગી રચી. અને કેટલાકે શ્રાવકધર્મ અંગીકાર કર્યો. તે વખતે અશ્વસેન રાજાએ હસ્તીસેન નામના પુત્રને રાજ્ય પર સ્થાપન કરી વામાદેવી અને પ્રભાવતી સહિત પ્રભુની પાસે દીક્ષા ગ્રહણ કરી. પદ્માવતી, પાર્શ્વ યક્ષ, વૈરોટ્યા અને ધરણેંદ્રે સર્વદા જેમનું સાનિધ્ય કર્યું છે એવા શ્રીપાર્શ્વનાથ પ્રભુ પૃથ્વી પર વિચરવા લાગ્યા.

તે પ્રભુના તીર્થમાં સમગ્ર ગુણોથી શોભતા સોળ હજાર સાધુઓ,

આડત્રીશ હજાર સાધ્વીઓ, એક લાખ ને ચોસઠ હાજાર શ્રાવકો અને ત્રણ લાખ ને સત્તાવીશ હજાર શ્રાવિકાઓનો પરિવાર થયો. ચોરાશી દિવસ ન્યૂન એવા સીતેર વર્ષ સુધી કેવળી પર્યાયે વિચરતા પ્રભુનો એ પ્રમાણે ચતુર્વિધ સંઘ થયો. છેવટે પ્રભુ તેત્રીશ મુનિઓ સહિત સંમેતાદ્રિ પર્વત પર જઈ, અનશન ગ્રહણ કરી, કાયોત્સર્ગે રહ્યા. એક માસનું અનશન પૂર્ણ કરી કુલ સો વર્ષનું આયુષ્ય ભોગવી તે તેત્રીશ સાધુઓ સહિત ભગવાન ભવોપગ્રાહી ચાર અઘાતી કર્મનો ક્ષય કરી મોક્ષપદ પામ્યા. તે વૃત્તાંત અવધિજ્ઞાનથી જાણી સર્વ ઇંદ્રોએ આવી ભગવાનના નિર્વાણનો મહોત્સવ કર્યો.

**આ પ્રમાણે શ્રીપાર્શ્વનાથનું ચરિત્ર કહી હવે પ્રસ્તુત કહે છે –**

**तस्स लोगप्पईवस्स, आसि सीसे महायसे ।**
**केसी कुमारसमणे, विज्जाचरणपारगे ॥२॥**

અર્થ : લોકમાં પ્રદીપ સમાન તે પાર્શ્વનાથ સ્વામીને મોટા યશવાળા અને કુમાર અવસ્થામાં જ સાધુ થયેલા એવા કેશી નામના શિષ્ય હતા, તે જ્ઞાન અને ચારિત્રના પારગામી હતા.

અહીં આ કેશીકુમારને શ્રીપાર્શ્વનાથના શિષ્ય કહ્યા, તે તેમની પરંપરા થયેલા જાણવા, પરંતુ તેમના સાક્ષાત્ શિષ્ય નહીં. કેમકે તે પ્રભુના જો હસ્તદીક્ષિત શિષ્ય હોય તો શ્રીમહાવીર સ્વામીના તીર્થની પ્રવૃત્તિ થઈ ત્યાં સુધી તે હોઈ શકે નહીં. ૨.

**ओहिनाणसुए बुद्धे, सीससंघसमाउले ।**
**गामाणुगामं रीयंते, सावत्थिं नगरिमागए ॥३॥**

અર્થ : અવધિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વડે તત્ત્વના જાણ અર્થાત્ મતિ, શ્રુત અને અવધિજ્ઞાનવાળા તથા શિષ્યના સમૂહ વડે પરિવરેલા એવા તે કેશીકુમાર એક ગામથી બીજે ગામ વિહાર કરતા અનુક્રમે શ્રાવસ્તિ નામની નગરીમાં આવ્યા. ૩.

**तिंदुअं नाम उज्जाणं, तम्मि नगरमंडले ।**
**फासुए सिज्जसंथारे, तत्थ वासमुवागए ॥४॥**

અર્થ : તે શ્રાવસ્તિ નગરીના નગર બહારના પ્રદેશમાં તિંદુક નામનું ઉદ્યાન હતું, તે ઉદ્યાનમાં પ્રાસુક એટલે સ્વાભાવિક અને આગંતુક જીવોથી રહિત એવા શય્યાસંસ્તારકમાં નિવાસને પામતા હતા–નિવાસસ્થાન હતા. શય્યા એટલે વસતિ–ઉપાશ્રય, તેમાં જે શિલા ફલક આદિ સંસ્તારક, તેની ઉપર નિવાસ કર્યો.

**આ અવસરે જે થયું તે કહે છે –**

**अह तेणेव कालेणं, धम्मतित्थयरे जिणे ।**
**भगवं वद्धमाणु त्ति, सव्वलोगम्मि विस्सुए ॥५॥**

અર્થ : હવે તે જ કાળે ધર્મરૂપી તીર્થને કરનારા રાગદ્વેષને જીતનારા ભગવાન વર્ધમાન છે. એમ સર્વ લોકમાં વિશ્રુત એટલે પ્રસિદ્ધ હતા. ૫.

**तस्स लोगपईवस्स, आसि सीसे महायसे ।**
**भयवं गोअमे नामं, विज्जाचरणपारगे ॥६॥**

અર્થ : લોકમાં પ્રદીપ સમાન એવા તે વર્ધમાનસ્વામીને મોટા યશવાળા જ્ઞાન અને ચારિત્રના પારગામી ભગવાન ગૌતમ નામના શિષ્ય હતા. ૬.

**बारसंगविऊ बुद्धे, सीससंघसमाउले ।**
**गामाणुगामं रीयंते, सेऽवि सावत्थिमागए ॥७॥**

અર્થ : દ્વાદશાંગીને જાણનારા, તત્ત્વને જાણનારા, શિષ્યના સમૂહ સહિત તથા એક ગામથી બીજે ગામ વિહાર કરતા એવા તે ગૌતમસ્વામી પણ શ્રાવસ્તિ નગરીમાં આવ્યા. ૭.

**कोट्ठगं नाम उज्जाणं, तम्मि नयरमंडले ।**
**फासुए सिज्जसंथारे, तत्थ वासमुवागए ॥८॥**

અર્થ : તે શ્રાવસ્તિ નગરીના નગરના બહારના પ્રદેશમાં કોષ્ટક નામનું ઉદ્યાન હતું, તે ઉદ્યાનમાં પ્રાસુક એવા શય્યાસંસ્તારકમાં નિવાસને પામતા હતા—રહેતા હતા. ૮.

**ત્યારપછી શું થયું ? તે કહે છે –**

**केसी कुमारसमणे, गोअमे अ महायसे ।**
**उभओ तत्थ विहरिंसु, अल्लीणा सुसमाहिआ ॥९॥**

અર્થ : કેશી નામના કુમારસાધુ તથા ગૌતમસ્વામી એ બંને મોટા યશવાળા તથા મન, વચન અને કાયગુપ્તિમાં લીન થયેલા તથા સારી સમાધિવાળા તે પોતપોતાના ઉદ્યાનમાં વિચરતા હતા. ૯.

**उभओ सीससंघाणं, संजयाणं तवस्सिणं ।**
**तत्थ चिंता समुप्पन्ना, गुणवंताण ताइणं ॥१०॥**

અર્થ : ત્યાં શ્રાવસ્તિ નગરીના ઉદ્યાનમાં કેશીકુમાર અને ગૌતમસ્વામી એ બંનેના શિષ્યનો સમૂહ કે જેઓ સંયમને ધારણ કરનારા, તપસ્વી, ગુણવાન અને છ જીવનિકાયના રક્ષણ કરનાર હતા. એક બીજાને પરસ્પર જોવાથી મુનિઓને વિચાર ઉત્પન્ન થયો. ૧૦.

**શો વિચાર થયો ? તે કહે છે –**

**केरिसो वा इमो धम्मो ?, इमो धम्मो व केरिसो ? ।**
**आयारधम्मप्पणिही, इमा वा सा व केरिसी ? ॥११॥**

અર્થ : આ અમારો મહાવ્રતરૂપ ધર્મ કેવો છે ? અને આ પ્રત્યક્ષ દેખાતા ગણધરના શિષ્યોનો ધર્મ કેવા પ્રકારનો છે? તથા આ અમારી

આચાર એટલે વેષધારણ કરવારૂપ બાહ્ય ક્રિયાનો સમૂહ, તેની વ્યવસ્થા કેવી છે ? અને આ ગણધરના શિષ્યોના બાહ્ય આચારરૂપ ધર્મની વ્યવસ્થા કેવી છે ?

કહેવાનો ભાવ એ છે કે, બંને ગણધરોનાં મુનિઓને—અમારો અને તેમનો ધર્મ શ્રીસર્વજ્ઞે જ કહેલો છે, છતાં તે ધર્મમાં અને તેના સાધનોમાં ઘણો તફાવત દેખાય છે, તેનું કારણ શું હશે ? એમ બાહ્ય તફાવતથી શંકા થઈ. ૧૧.

**તે જ વિચારને પ્રગટ કરતા કહે છે –**

**चाउज्जामो य जो धम्मो, जो इमो पंचसिक्खिओ ।**
**देसिओ वद्धमाणेणं, पासेण य महामुणी ॥१२॥**

અર્થ : જે આ અમારો ચાર મહાવ્રતવાળો ધર્મ મહામુનિ પાર્શ્વનાથસ્વામીએ કહેલો છે અને જે આ ગૌતમ ગણધરના શિષ્યોનો પાંચ શિક્ષાવાળો એટલે પંચમહાવ્રતવાળો ધર્મ મહામુનિ વર્ધમાનસ્વામીએ કહેલો છે. આ બંને પ્રકારનો જુદો જુદો ધર્મ કહેવાનું શું કારણ હશે ? (આ સૂત્ર વડે ધર્મના વિષયવાળો સંશય પ્રગટ કર્યો છે.) ૧૨.

**अचेलगो अ जो धम्मो, जो इमो संतरुत्तरो ।**
**एगकज्जपवन्नाणं, विसेसे किं नु कारणं ? ॥१३॥**

અર્થ : તથા જે અચેલક એટલે વસ્ત્ર રહિત અર્થાત્ પ્રમાણોપેત, શ્વેત, જીર્ણપ્રાય અને અલ્પ મૂલ્યવાળું વસ્ત્ર ધારણ કરવું એવો ધર્મ શ્રીવર્ધમાનસ્વામીએ કહ્યો છે અને જે આ અમારો સાંતર એટલે શ્રીમહાવીરસ્વામીના શિષ્યની અપેક્ષાએ અંતર=તફાવત સહિત અર્થાત્ વિશેષ પ્રકારના પ્રમાણ અને વર્ણવાળો તથા ઉત્તર એટલે મોટા મૂલ્ય વડે પ્રધાન–શ્રેષ્ઠ એવા વસ્ત્રવાળો ધર્મ શ્રીપાર્શ્વનાથ-સ્વામીએ કહ્યો છે. તો મોક્ષરૂપ એક જ કાર્યને માટે પ્રવર્તેલા તે બંને તીર્થંકરોને આવો વિશેષ–ફેરફાર કરવામાં શું કારણ હશે ? ૧૩.

**આ પ્રમાણે ગૌતમસ્વામીના સાધુઓને પણ સંશય થયો. એટલે બંનેના સાધુઓને સંશય ઉત્પન્ન થવાથી કેશી અને ગૌતમસ્વામીએ શું કર્યું? તે કહે છે –**

**अह ते तत्थ सीसाणं, विन्नाय पविअक्किअं ।**
**समागमे कयमई, उभओ केसिगोअमा ॥१४॥**

અર્થ : ત્યારપછી ત્યાં શ્રાવસ્તિનગરીમાં સાધુઓના આવા પ્રકારના વિતર્કને જાણીને તે કેશી અને ગૌતમ બંને જણા એક બીજાને મળવા ઈચ્છાવાળા થયા. ૧૪.

**गोअमे पडिरूवण्णू, सीससंघसमाउले ।**
**जिट्ठं कुलमविक्खंतो, तिंदुअं वणमागओ ॥१५॥**

અર્થ : ત્યારપછી યથાયોગ્ય વિનયને જાણનાર ગૌતમ-સ્વામી પાર્શ્વનાથના શિષ્યને 'પ્રથમ થયેલ હોવાથી આ મોટું કુળ છે' એમ અપેક્ષા કરતા—જાણતા શિષ્યોના સમૂહ સહિત તિંદુક નામના ઉદ્યાનમાં આવ્યા. ૧૫.

**केसी कुमारसमणो, गोअमं दिस्समागतं ।**
**पडिरूवं पडिवत्तिं, सम्मं संपडिवज्जइ ॥१६॥**

અર્થ : કેશી નામના કુમારસાધુ ગૌતમને આવેલા જોઈને સમ્યક્ પ્રકારે અતિથિને યોગ્ય એવી સેવા-સત્કારને સારી રીતે કરતા હતા. ૧૬.

**તે સેવાને જ બતાવે છે –**

**पलालं फासुयं तत्थ, पंचमं कुसतणाणि य ।**
**गोयमस्स णिसिज्जाए, खिप्पं संपणामए ॥१७॥**

અર્થ : ત્યાં તિંદુકવનમાં પ્રાસુક—અચિત્ત પરાળ=ડાંગર વગેરેનાં ફોતરાં તથા પાંચમા કુશ જાતિના તૃણ ગૌતમને બેસવા માટે જલ્દીથી

કેશીકુમારે આપ્યાં.

અહીં પરાળના ચાર ભેદની અપેક્ષાએ તૃણને પાંચમું ગણાવ્યું છે તેથી 'પંચમ' શબ્દ લખ્યો છે. તે વિષે કહ્યું છે કે–

અર્થ : ''આઠે કર્મની ગ્રંથિને મથન કરનારા જિનેશ્વરોએ પાંચ પ્રકારના તૃણ કહ્યા છે–શાલી ૧, વ્રીહિ ૨, કોદરાં ૩, રાલક ૪ અને અરણ્યના તૃણ ૫.''

આમાં પ્રથમના ચાર ભેદ પરાળની જાતિ છે અને પાંચમો ભેદ તૃણનો છે તેથી પંચમ શબ્દ કહ્યો છે. ૧૭.

**તે બંને સાથે બેઠા તે વખતે કેવા શોભતા હતા ? તે કહે છે –**

**केसी कुमारसमणो, गोयमे य महायसे ।**
**उभओ निसन्ना सोहंति, चंदसूरसमप्पभा ॥१८॥**

અર્થ : મહાયશવાળા કેશીકુમાર સાધુ તથા ગૌતમ એ બંને બેઠા ત્યારે ચંદ્ર અને સૂર્ય જેવી કાંતિવાળા શોભતા હતા. ૧૮.

**તે વખતે જે થયું તે કહે છે –**

**समागया बहू तत्थ, पासंडा कोउगा मिआ ।**
**गिहत्थाणमणेगाओ, साहस्सीओ समागया ॥१९॥**

અર્થ : ત્યાં તિંદુક ઉદ્યાનમાં કૌતુકથી મૃગ જેવા, મૃગ એટલે અજ્ઞાની એવા ઘણા પાંખંડીઓ એટલે અન્યદર્શની સાધુઓ આવ્યા. તથા અનેક હજારો ગૃહસ્થો આવ્યા. ૧૯.

**देवदाणवगंधव्वा, जक्खरक्खसकिन्नरा ।**
**अदिस्साण य भूआणं, आसि तत्थ समागमो ॥२०॥**

અર્થ : તથા દેવ, દાનવ અને ગંધર્વો તથા યક્ષ, રાક્ષસ અને

કિન્નરો પણ આવ્યા. તથા અદશ્ય એવા ભૂતોનો—વ્યંતરોનો પણ ત્યાં સમાગમ=મેળો થયો. ૨૦.

**હવે તે બંને મુનિઓ વચ્ચેની વાતચીત કહે છે –**

**पुच्छामि ते महाभाग !, केसी गोयममब्बवी ।**
**तओ केसीं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥२१॥**

અર્થ : કેશીકુમારે ગૌતમગણધરને કહ્યું કે– હે મહા ભાગ્યવાન ! તમને હું પૂછું છું. ત્યારપછી આ પ્રમાણે બોલતા એવા કેશીકુમારને પુનઃ ગૌતમસ્વામી આ પ્રમાણે કહેતા હતા. ૨૧.

**पुच्छ भंते ! जहिच्छं ते, केसीं गोयममब्बवी ।**
**तओ केसी अणुण्णाए, गोयमं इणमब्बवी ॥२२॥**

અર્થ : હે પૂજ્ય ! જેમ તમારી ઈચ્છા હોય તેમ તમે પૂછો. એ પ્રમાણે કેશીકુમારને ગૌતમસ્વામી કહેતા હતા. ત્યારે કેશીકુમાર ગૌતમસ્વામીની આજ્ઞાથી ગૌતમસ્વામી પ્રત્યે આ પ્રમાણે કહેતા હતા—પૂછતા હતા. ૨૨.

**કેશીકુમારે ગૌતમસ્વામીને જે પૂછ્યું તે કહે છે –**

**चाउज्जामो य जो धम्मो, जो इमो पंचसिक्खिओ ।**
**देसिओ वद्धमाणेणं, पासेण य महामुणी ॥२३॥**

અર્થ : જે આ અમારો અહિંસા, અનૃત, અસ્તેય અને અપરિગ્રહ એ ચાર મહાવ્રતવાળો ધર્મ મહામુનિ શ્રીપાર્શ્વનાથ સ્વામીએ કહ્યો છે તથા જે આ તમારો ઉપરના ચાર તથા બ્રહ્મચર્ય એ પાંચ શિક્ષા=મહાવ્રતરૂપ ધર્મ શ્રી વર્ધમાનસ્વામીએ કહ્યો છે. ૨૩.

**एगकज्जपवण्णाणं, विसेसे किं नु कारणं ? ।**
**धम्मे दुविहे मेहावी !, कहं विप्पच्चओ न ते ? ॥२४॥**

અર્થ : તો મોક્ષરૂપી એક જ કાર્યને માટે પ્રવર્તેલા તે બંને જિનેશ્વરોને આવો વિશેષ–ભેદ કરવામાં શું કારણ હશે ? હે બુદ્ધિમાન ! આ રીતે બે પ્રકારે ધર્મ કહેવાથી તમને અવિશ્વાસ કેમ થતો નથી ? એટલે કે બંને તુલ્ય સર્વજ્ઞ છે, છતાં આવો મતભેદ કેમ થાય ? એવી શંકા કેમ થતી નથી. ૨૪.

**तओ केसिं बुवंतं तु, गोयमो इणमब्बवी ।**
**पण्णा समिक्खए धम्म-तत्तं तत्तविणिच्छियं ॥२५॥**

અર્થ : ત્યારપછી આ પ્રમાણે બોલતા કેશીકુમારને ગૌતમગણધર આ પ્રમાણે કહેતા હતા, કે બુદ્ધિ જીવ આદિ તત્ત્વોનો નિશ્ચય કરનાર ધર્મના તત્ત્વને જુએ છે.

આશય એ છે કે, માત્ર વાક્યનું શ્રવણ કરવાથી જ અર્થનો નિર્ણય થઈ શકતો નથી પરંતુ બુદ્ધિથી જ નિર્ણય થાય છે. ૨૫.

**તેથી –**

**पुरिमा उज्जुजडा उ, वक्कजड्डा य पच्छिमा ।**
**मज्झिमा उज्जुपण्णा उ, तेण धम्मो दुहा कए ॥२६॥**

અર્થ : જે કારણે પહેલા તીર્થંકરના મુનિઓ ઋજુ=સરળપ્રકૃતિવાળા અને જડ=બોધ પમાડવા દુષ્કર હતા તથા છેલ્લા તીર્થંકરના સાધુઓ વક્ર=વિપરીત પ્રકૃતિવાળા, અને જડ=પોતાના કુવિકલ્પ વડે સત્ય અર્થ જાણવામાં અસમર્થ છે, તથા મધ્યમના બાવીશ તીર્થંકરોના સાધુઓ ઋજુ એટલે સરળ પ્રકૃતિવાળા અને પ્રાજ્ઞ એટલે બુદ્ધિમાન હતા, તે કારણે ધર્મ બે પ્રકારે કર્યો છે–કહ્યો છે. ૨૬.

**અહીં કેશીકુમાર શંકા કરે કે –"જો કે પ્રથમ વગેરે પ્રભુના મુનિઓ એવા પ્રકારના હતા, તોપણ આ રીતે બે પ્રકારનો ધર્મ કરવાનું શું કારણ ?" તે ઉપર કહે છે –**

**पुरिमाणं दुव्विसोज्झो उ, चरिमाणं दुरणुपालओ ।**
**कप्पो मज्झिमगाणं तु, सुविसुज्झो सुपालओ ॥२७॥**

અર્થ : પહેલા તીર્થંકરના સાધુઓને આ સાધુધર્મનો કલ્પ એટલે આચાર દુર્વિશોધ્ય એટલે દુઃખથી નિર્મળ કરી શકાય તેવો છે=જાણી શકાય તેવો છે, કારણ કે તેઓ ઋજુ–જડ હોવાથી ગુરુએ કહ્યા છતાં તેનો અર્થ સમ્યક્ પ્રકારે જાણી શકે નહીં. પરંતુ જો જાણે તો પછી પાળી શકે ખરા.

તથા છેલ્લા તીર્થંકરના સાધુઓને તે કલ્પ દુઃખથી પાળી શકાય તેવો છે, કારણ કે તેઓ કોઈપણ રીતે જાણી શકે છે, પરંતુ વક્ર–જડ હોવાથી બરાબર પાળી શકતા નથી. તથા મધ્યના બાવીશ તીર્થંકરોના સાધુઓને તે કલ્પ સારી રીતે શોધી શકાય–જાણી શકાય તેવો અને સારી રીતે પાળી શકાય તેવો છે. કારણ કે તેઓ ઋજુપ્રાજ્ઞ હોવાથી સુખથી યથાર્થપણે જાણી શકે છે અને તે જ પ્રમાણે પાળી પણ શકે છે. તેથી તેઓ ચાર મહાવ્રતોવાળો ધર્મ કહ્યા છતાં પણ પાંચમા વ્રતને જાણવામાં અને પાળવામાં સમર્થ છે.

કહ્યું છે કે–"સ્ત્રીનો પરિગ્રહ કર્યા વિના તેનો ભોગ થઈ શકતો નથી, તેથી પરિગ્રહની વિરતિમાં મૈથુનની પણ વિરતિ આવી જ જાય છે." એ પ્રમાણેની બુદ્ધિથી બાવીશ તીર્થંકરોના સાધુઓ જાણીને તે પ્રમાણે પાળે છે. આવી અપેક્ષાથી શ્રીપાર્શ્વનાથસ્વામીએ ચાર મહાવ્રતો કહ્યાં અને પહેલા-છેલ્લા તીર્થંકરના સાધુઓ તેવા ઋજુપ્રાજ્ઞ નહીં હોવાથી શ્રીઋષભદેવે અને શ્રીમહાવીરસ્વામીએ પાંચ મહાવ્રતો કહ્યાં છે. વિચિત્ર બુદ્ધિવાળા શિષ્યોની ઉપર અનુગ્રહ કરવાની બુદ્ધિથી જ બે પ્રકારનો ધર્મ કહ્યો છે, પણ તત્ત્વથી વિચાર કરીએ તો એ બે પ્રકારનો ધર્મ જ નહીં–એક જ પ્રકારનો છે. અહીં પ્રસંગને લીધે જ પહેલા તીર્થંકર સંબંધી વાત કહી છે. ૨૭.

**તે સાંભળી કેશીકુમારે કહ્યું –**

**साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।**
**अन्नो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ! ॥२८॥**

અર્થ : હે ગૌતમ ! તમારી બુદ્ધિ ઘણી સારી છે, તેથી આ મારો સંશય તો તમે છેદ્યો છે. વળી બીજો પણ મને સંશય છે. તેને—તેના સમાધાનને પણ હે ગૌતમ ! તમે મને કહો.

આ સર્વ કેશીકુમારનું કહેવું શિષ્યની અપેક્ષાથી છે. અર્થાત્ શિષ્ય વર્ગને સમજાવવા માટે છે. કારણ કે પોતે તો ત્રણ જ્ઞાન સહિત છે તેથી તેને તો આવો સંશય હોય જ નહીં. ૨૮.

**अचेलगो अ जो धम्मो, जो इमो संतरुत्तरो ।**
**देसिओ वद्धमाणेणं, पासेण य महामुणी ॥२९॥**

અર્થ : તથા જે આ અચેલક એટલે વસ્ત્ર રહિત અર્થાત્ પ્રમાણોપેત, શ્વેત, જીર્ણપ્રાય અને અલ્પ મૂલ્યવાળું વસ્ત્ર ધારણ કરવારૂપ સાધુનો ધર્મ મોટા યશવાળા શ્રી વર્ધમાનસ્વામીએ કહ્યો છે તથા જે આ અમારો સાંતર એટલે શ્રીમહાવીરસ્વામીના શિષ્યની અપેક્ષાએ અંતર સહિત અર્થાત્ વિશેષ પ્રકારના પ્રમાણ અને વર્ણવાળા—ગમે તેવા પ્રમાણવાળા અને જુદા જુદા રંગવાળા અને ઉત્તર એટલે ઘણા મૂલ્ય વડે શ્રેષ્ઠ એવા વસ્ત્રવાળો ધર્મ શ્રીપાર્શ્વનાથસ્વામીએ કહેલો છે. ૨૯.

**एगकज्जपवन्नाणं, विसेसे किं नु कारणं ? ।**
**लिंगे दुविहे मेहावी !, कहं विप्पच्चओ न ते ? ॥३०॥**

અર્થ : મોક્ષરૂપી એક જ કાર્ય સાધવામાં પ્રવર્તેલા તે બંને તીર્થંકરોને આવો વિશેષભેદ કરવામાં શું કારણ હશે ? હે બુદ્ધિમાન ! અચેલક અને સચેલક એવા બે પ્રકારના લિંગ—વેષને વિષે તમને અવિશ્વાસ કેમ નથી થતો ? શંકા કેમ નથી થતી ? ૩૦.

**केसिमेवं बुवाणं तु, गोयमो इणमब्बवी ।**
**विण्णाणेण समागम्म, धम्मसाहणमिच्छिअं ॥३१॥**

અર્થ : એ પ્રમાણે કહેતા—પૂછતા એવા કેશીકુમારને ગૌતમગણધર

આ પ્રમાણે કહેતા હતા—ઉત્તર આપતા હતા, કે— કેવળજ્ઞાન વડે જે જેને ઉચિત હોય તે તેજ પ્રમાણે જાણીને તે બંને તીર્થંકરોએ ધર્મનું સાધન એટલે ધર્મના ઉપકરણને ઇચ્છ્યા છે—કહ્યા છે.

પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુને જો પંચવર્ણના વસ્ત્રાદિની અનુજ્ઞા આપી હોત તો તેઓ ઋજુ—જડ અને વક્ર—જડ હોવાથી વસ્ત્રો રંગવા વગેરે કાર્યમાં પ્રવૃત્તિ કરત. તેથી તેમને તેવી અનુજ્ઞા આપી નહીં. અને મધ્યમ-શ્રીપાર્શ્વનાથસ્વામીના શિષ્યો તો ઋજુ—પ્રાજ્ઞ હોવાથી તેઓને રંગેલાં વસ્ત્રોની પણ અનુજ્ઞા આપી છે. ૩૧.

**તેમ જ વળી—**

**पच्चयत्थं च लोगस्स, नाणाविहविगप्पणं ।**
**जत्तत्थं गहणत्थं च, लोगे लिंगप्पओयणं ॥३२॥**

અર્થ : તથા વળી લોકના વિશ્વાસને માટે નાના પ્રકારના ઉપકરણની કલ્પના કરેલી છે.

એટલે કે રજોહરણ આદિ વિવિધ પ્રકારનાં ઉપકરણના નિયમો યતિઓને વિષે જ સંભવે છે, તેથી લોકોને તે ઉપકરણ જોઈ 'આ સાધુ છે' એમ વિશ્વાસ આવે છે. જો એ રીતે નિયમિત ઉપકરણ ન હોય તો બીજા પણ કોઈ ઇચ્છા પ્રમાણે વેષ ધારણ કરીને 'અમે સાધુ છીએ.' એમ પૂજાવા—મનાવા માટે લોકો પાસે પોતાની પ્રસિદ્ધિ કરે અને તેમ કરવાથી સત્ય મુનિઓ પ્રત્યે પણ લોકને વિશ્વાસ થાય નહી. માટે નિયમિત ઉપકરણમાં ફેરફાર કહેલ નથી. તે તો બંનેને એક સરખા જ રાખવા યોગ્ય છે.

તથા યાત્રા એટલે સંયમના નિર્વાહને માટે તથા પોતાના જ્ઞાનને માટે પણ લોકમાં વેષનું પ્રયોજન છે. એટલે તે પ્રમાણે વર્ષાકલ્પાદિ રાખવામાં ન આવે તો વર્ષાકાળમાં સંયમની બાધા થાય, તેથી વેષની જરૂર છે, તેમજ કદાચિત્ મનના પરિણામ ચારિત્ર પરથી પડી જાય તો પણ 'હું મુનિ છું.' એમ પોતાને મુનિપણાના જ્ઞાનને માટે પણ વેષની જરૂર છે. ૩૨.

**अह भवे पइण्णा उ, मोक्खसब्भूयसाहण्णा ।**
**नाणं च दंसणं चेव, चरित्तं चेव निच्छए ॥३३॥**

અર્થ : હવે નિશ્ચય નયના મતે તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર જ મોક્ષનાં સત્ય સાધનો છે, એ પ્રમાણે શ્રીપાર્શ્વનાથસ્વામી અને વર્ધમાન-સ્વામીની એક સરખી પ્રતિજ્ઞા—અંગીકાર હોય જ—છે જ.

ભરતચક્રી વગેરેને વેષ વિના પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું એમ પણ સંભળાય છે, તેથી મોક્ષનું કારણ તત્ત્વથી તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે, પણ વેષ નથી. તેથી વેષની ભિન્નતા જોવાથી વિજ્ઞાનીઓને તેમાં કાંઈ અવિશ્વાસ થતો નથી. વેષ તો માત્ર વ્યવહારનયની અપેક્ષાએ જ છે. ૩૩.

**साहु गोयम ! पण्णा ते, छिण्णो मे संसओ इमो ।**
**अन्नोऽवि संसओ मज्झं, तं मे कहसु गोयमा ! ॥३४॥**

અર્થ : હે ગૌતમ ! તમારી બુદ્ધિ ઘણી સારી છે, તેથી આ મારો સંશય તો તમે છેદ્યો છે. વળી બીજો પણ મને સંશય છે. તે મારા સંશયને હે ગૌતમ ગણધર ! તમે કહો. તે બીજા પણ મારા સંશયને તમે છેદો.

અહીં સૌ પ્રથમ મહાવ્રતસંબંધી તથા વેષસંબંધી શિષ્યોના સંશયને દૂર કરી હવે તે શિષ્યોને જ જણાવવા માટે કેશીકુમાર પોતે જાણતા હતા તો પણ નીચેનો બીજો પ્રશ્ન કરે છે. ૩૪.

**अणेगाण सहस्साणं, मज्झे चिट्ठसि गोयमा ! ।**
**ते य ते अभिगच्छंति, कहं ते निज्जिया तुमे ? ॥३५॥**

અર્થ : હે ગૌતમ ! અનેક હજારો શત્રુઓની મધ્યે તમે રહો છો. અને વળી તે શત્રુઓ તમારી તરફ તમને જીતવા માટે દોડે છે, છતાં તે શત્રુઓને તમે શી રીતે જીત્યા ? જીતી લીધા ? તે કહો. ૩૫.

**હવે ગૌતમસ્વામી ઉત્તર આપે છે –**

**एगे जिए जिया पंच, पंच जिए जिया दस ।**
**दसहा उ जिणित्ताणं, सव्वसत्तू जिणाम( मि )हं ॥३६॥**

અર્થ : એક શત્રુ જીતાય તો પાંચે શત્રુ જીતાય તથા પાંચ શત્રુ જીતાવાથી દશે શત્રુ જીતાય. તથા દશ પ્રકારના શત્રુને જીતીને સર્વ શત્રુઓને હું જીતું છું. ૩૬.

તે સાંભળીને પછી–

**सत्तू य इइ के वुत्ते ?, केसी गोयममब्बवी ।**
**तओ केसिं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥३७॥**

અર્થ : તમે શત્રુઓ કયા કહ્યા છે ?–કોને કહો છો ? એ પ્રમાણે કેશીકુમાર ગૌતમસ્વામીને કહેતા હતા–પૂછતા હતા. ત્યારપછી એ પ્રમાણે બોલતા એવા કેશીકુમાર પ્રત્યે ગૌતમસ્વામી આ પ્રમાણે બોલતા હતા–કહેતા હતા. ૩૭.

**एगप्पा अजिए सत्तू, कसाया इंदियाणि य ।**
**ते जिणित्तू जहानायं, विहरामि अहं मुणी ॥३८॥**

અર્થ : નહીં જીતવાથી એક આત્મા એટલે જીવ કે મન તથા ચારે કષાયો તથા પાંચ ઇંદ્રિયો શત્રુરૂપ છે, આ સર્વ મળીને દશ શત્રુ થયા. તે સર્વ શત્રુઓને શાસ્ત્રમાં કહેલી નીતિ વડે જીતીને હે કેશીકુમાર મુનિ ! હું વિચરું છું, એટલે તે શત્રુઓની મધ્યે રહ્યા છતાં પણ અપ્રતિબદ્ધ વિહારે કરીને હું વિચરું છું. ૩૮.

**આ પ્રમાણે ગૌતમસ્વામીએ કહ્યું ત્યારે કેશીકુમાર ફરીથી બોલ્યા કે–**

**साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।**
**अन्नो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ! ॥३९॥**

અર્થ : હે ગૌતમ ! તમારી બુદ્ધિ ઘણી સારી છે, તેથી આ મારો સંશય તો પણ તમે છેદ્યો છે. હજુ બીજો પણ મને સંશય છે, તે મારા સંશયને હે ગૌતમ ગણધર ! તમે કહો—છેદો. ૩૯.

**दीसंति बहवे लोए, पासबद्धा सरीरिणो ।**
**मुक्कपासो लहुभूओ, कहं तं विहरसि मुणी ? ॥४०॥**

અર્થ : લોકમાં પાશથી એટલે રાગદ્વેષરૂપી પાશથી બંધાયેલા પ્રાણીઓ ઘણા દેખાય છે, તો હે ગૌતમ મુનિ ! તમે તે પાશથી મુક્ત અને લઘુ એટલે વાયુની જેમ હળવા થયેલા કેવી રીતે સર્વત્ર અપ્રતિબદ્ધપણે વિચરો છો ? ૪૦

**ત્યારે ગૌતમસ્વામી બોલ્યા કે –**

**ते पासे सव्वसो छित्ता, निहंतूण उवायओ ।**
**मुक्कपासो लहुभूओ, विहरामि अहं मुणी ॥४१॥**

અર્થ : તે સર્વ પાશોને છેદીને તથા સત્ય ભાવનાના અભ્યાસરૂપ ઉપાયથી હણીને એટલે ફરીથી તેનો બંધ ન થાય એવી રીતે તેમનો વિનાશ કરીને હું હે કેશીકુમાર મુનિ ! પાશથી મુક્ત અને વાયુની જેવો લઘુ થઈને વિચરું છું. ૪૧.

**पासा य इइ के वुत्ता ?, केसी गोयममब्बवी ।**
**तओ केसीं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥४२॥**

અર્થ : પાશો તમે ક્યા કહ્યા ? એટલે તમે કોને પાસલા કહ્યા ? એ પ્રમાણે કેશીકુમાર મુનિ ગૌતમગણધરને કહેતા હતા. ત્યારપછી એ પ્રમાણે બોલતા એવા કેશીકુમારને ગૌતમસ્વામી આ પ્રમાણે કહેતા હતા. ૪૨.

**रागदोसादओ तिव्वा, नेहपासा भयंकरा ।**
**ते छिंदित्तु जहाणायं, विहरामि जहक्कमं ॥४३॥**

અર્થ : રાગ અને દ્વેષ વગેરે તીવ્ર અને ભયંકર એવા સ્નેહપાશો કહેલા છે, તે પાશોને શાસ્ત્રમાં કહેલી નીતિ પ્રમાણે છેદીને યથાક્રમ એટલે સાધુના આચારમાં કહેલા ક્રમ પ્રમાણે હું વિચરું છું. ૪૩.

**તે સાંભળી કેશીકુમાર બોલ્યા –**

**साहु गोयम ! पण्णा ते, छिन्नो मे संसओ इमो ।**
**अन्नो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ! ॥४४॥**

અર્થ : હે ગૌતમગણધર ! તમારી બુદ્ધિ ઘણી સારી છે, તેથી આ મારો સંશય પણ તમે છેદ્યો છે. વળી બીજો પણ મને સંશય છે, તે મારા સંશયને હે ગૌતમગણધર ! તમે કહો–છેદો. ૪૪.

**अंतोहिअयसंभूता, लया चिट्ठई गोयमा ! ।**
**फलेइ विसभक्खीणं, सा उ उद्धरिया कहं ? ॥४५॥**

અર્થ : હે ગૌતમગણધર ! હૃદયની અંદર ઉત્પન્ન થયેલી જે લતા રહેલી છે તથા જે લતા વિષ જેવા પરિણામે દારુણ એવા ફળોને ફળે છે– ઉત્પન્ન કરે છે, તે લતા તમે કેવી રીતે ઉખેડી નાંખી ? ૪૫

**ત્યારે ગૌતમસ્વામી બોલ્યા –**

**तं लयं सव्वसो छित्ता, उद्धरित्ता समूलियं ।**
**विहरामि जहानायं, मुक्को मि विसभक्खणं[ णा ] ॥४६॥**

અર્થ : તે લતાને સર્વથા છેદીને તથા મૂળસહિત ઉખેડી નાંખીને શાસ્ત્રમાં કહેલી નીતિ પ્રમાણે હું વિચરું છું અને ક્લિષ્ટ કર્મરૂપી વિષફળના ભક્ષણથી હું મુક્ત થયો છું. (ભક્ષણને મૂકી દીધું છે.) ૪૬.

**लया य इति का वुत्ता ?, केसी गोयममब्बवी ।**
**केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥४७॥**

અર્થ : વળી લતા તે કઈ કહી છે ? એ પ્રમાણે કેશીકુમાર ગૌતમગણધરને કહેતા હતા—પૂછતા હતા. એ પ્રમાણે કહેતા એવા કેશીકુમારને ગૌતમસ્વામી આ પ્રમાણે કહેતા હતા. ૪૭.

**भवतण्हा लया वुत्ता, भीमा भीमफलोदया ।**
**तमुद्धरित्तु जहानायं, विहरामि महामुणी ॥४८॥**

અર્થ : સંસાર પ્રત્યે જે તૃષ્ણા—લોભ તે જ ભયંકર અને ભયંકર ફળના ઉદયવાળી લતા કહેલી છે. તે લતાને શાસ્ત્રમાં કહેલી નીતિ પ્રમાણે ઉખેડી નાંખીને હે કેશી મહામુનિ ! હું વિચરું છું. ૪૮.

**साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।**
**अन्नो वि संसओ मज्झं, तं मे कह सु गोयमा ! ॥४९॥**

અર્થ : પ્રથમની જેમ જાણવો. ૪૯.

**संपज्जलिया घोरा, अग्गी चिट्ठई गोयमा ! ।**
**जे डहंति सरीरत्था, कहं विज्झाविया तु मे ? ॥५०॥**

અર્થ : હે ગૌતમગણધર ! અત્યંત બળી રહેલ હોવાથી ઘોર—ભયંકર એવા અગ્નિઓ રહેલા છે, કે જે અગ્નિઓ શરીરમાં રહીને બાળે છે—પરિતાપ ઉપજાવે છે તેમને તમે કેવી રીતે બુઝવ્યા—હોલવ્યાં ? ૫૦.

**ત્યારે ગૌતમસ્વામી બોલ્યા –**

**महामेहप्पसूयाओ, गिज्झ वारि जलुत्तमं ।**
**सिंचामि सययं ते उ, सित्ता नो व दहंति मे ॥५१॥**

અર્થ : મહામેઘથી ઉત્પન્ન થયેલા પ્રવાહથી સર્વ જળમાં પ્રધાન એવું જળ ગ્રહણ કરીને તે અગ્નિઓને નિરંતર હું છાટું છું. અને તે જળ વડે સીંચાયેલા તે અગ્નિઓ મને બાળતા જ નથી. ૫૧.

**अग्गी य इति के वुत्ता ?, केसी गोयममब्बवी ।**
**तओ केसिं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥५२॥**

અર્થ : વળી અગ્નિં તે ક્યા કહ્યા છે ? એ પ્રમાણે કેશીકુમાર ગૌતમસ્વામીને કહેતા—પૂછતા હતા. ત્યારે એ પ્રમાણે બોલતા એવા કેશીકુમારને ગૌતમસ્વામી આ પ્રમાણે કહેતા હતા.

અહીં અગ્નિના સંબંધમાં પ્રશ્ન કર્યો, તેના ઉપલક્ષણથી તેને બૂઝાવનાર મહામેઘ આદિ સંબંધી પણ પ્રશ્ન કર્યો એમ સમજવું. પર.

**कसाया अग्गिणो वुत्ता, सुयसीलतवो जलं ।**
**सुयधाराभिहता संता, भिन्ना हु न डहंति मे ॥५३॥**

અર્થ : પરિતાપ તથા શોષણ કરનાર હોવાથી કષાયો અગ્નિઓ કહ્યા છે તથા શ્રુત એટલે કષાયને શમાવવાના કારણ ઉપદેશો, શીલ એટલે પાંચ મહાવ્રતો અને બાર પ્રકારનો તપ, તે જળ કહેલું છે. ઉપલક્ષણથી જગતને આનંદદાયક એવા તીર્થંકરને મહામેઘરૂપ કહ્યા છે અને તેમનાથી ઉત્પન્ન થયેલા આગમને જળના પ્રવાહરૂપ કહેલો છે.

તેથી શ્રુતની તથા ઉપલક્ષણથી શીલ અને તપની ધારા વડે હણાયેલા અને ભેદાયેલા છતાં તે અગ્નિઓ મને બાળતા નથી. ૫૩.

**साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।**
**अन्नोऽवि संसओ मज्झं, तं मे कहसु गोयमा ! ॥५४॥**

અર્થ : પૂર્વની જેમ જાવો. ૫૪.

**अयं साहसिओ भीमो, दुट्ठस्सो परिधावइ ।**
**जंसि गोयम ! आरूढो, कहं तेण न हीरसि ? ॥५५॥**

અર્થ : સાહસિક એટલે વિચાર વિનાનો ભયંકર અને દુષ્ટ એવો આ અશ્વ દોડે છે, કે જેના ઉપર આરૂઢ થયેલા એવા તમે હે ગૌતમ ગણધર !

તે અશ્વથી કેમ હરણ કરાતા નથી—તે અશ્વ તમને કેમ ઉન્માર્ગે ખેંચી જતો નથી ? ૫૫.

**ત્યારે ગૌતમસ્વામી બોલ્યા –**

**पहावंतं निगिण्हामि, सुयरस्सीसमाहितं ।**
**न मे गच्छइ उम्मग्गं, मग्गं च पडिवज्जइ ॥५६॥**

અર્થ : શ્રુતરૂપી રશ્મિ એટલે દોરડા વડે બાંધેલા ઉન્માર્ગે દોડતા તે દુષ્ટ અશ્વને પકડી રાખું છું, તેથી મારો તે અશ્વ ઉન્માર્ગે જતો નથી, અને માર્ગને એટલે સન્માર્ગને અંગીકાર કરે છે—સન્માર્ગે ચાલે છે. ૫૬.

**आसे य इति के वुत्ते ?, केसी गोयममब्बवी ।**
**तओ केसिं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥५७॥**

અર્થ : વળી અશ્વ તે ક્યો કહ્યો છે ? એ પ્રમાણે કેશીકુમાર ગૌતમગણધર પ્રત્યે કહેતા હતા—પૂછતા હતા એ પ્રમાણે કહેતા એવા કેશીકુમારને ગૌતમસ્વામી આ પ્રમાણે ઉત્તર કહેતા હતા. ૫૭.

**मणो साहसिओ भीमो, दुट्ठस्सो परिधावई ।**
**तं सम्मं तु निगिण्हामि, धम्मसिक्खाए कंथगं ॥५८॥**

અર્થ : હે કેશી મુનિ ! મનરૂપી સાહિસક અને ભયંકર એવો દુષ્ટ અશ્વ આમ તેમ દોડે છે. તેને ધર્મરૂપ શિક્ષા વડે જાતિવંત અશ્વની જેમ સમ્યક્ પ્રકારે હું નિગ્રહ કરું છું—કાબૂ રાખું છું. ૫૮.

**साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।**
**अन्नोऽवि संसओ मज्झं, तं मे कहसु गोयमा ! ॥५९॥**

અર્થ : પૂર્વની જેમ જાણવો. ૫૯.

**कुप्पहा बहवे लोए, जेहिं नासंति जंतुणो ।**
**अद्धाणे कह वट्टंतो, तं न नाससि गोयमा ! ? ॥६०॥**

અર્થ : લોકમાં કુમાર્ગો ઘણા છે, કે જે કુમાર્ગો વડે પ્રાણીઓ નાશ પામે છે એટલે સન્માર્ગથી ભ્રષ્ટ થાય છે, તો હે ગૌતમમુનીશ્વર ! સન્માર્ગમાં વર્તતા એવા તમે કઈ રીતે નાશ પામતા નથી ? ભ્રષ્ટ થતા નથી ? ૬૦.

**जे य मग्गेण गच्छंति, जे य उम्मग्गपट्ठिया ।**
**ते सव्वे विदिता मज्झं, तो न नस्सामि हं मुणी ! ॥६१॥**

અર્થ : હે કેશી મુનિ ! જેઓ સન્માર્ગે જાય છે, તથા જેઓ ઉન્માર્ગે ચાલનારા છે, તે સર્વ પ્રાણીઓ મારા જાણેલા છે એટલે તે સર્વેને હું જાણું છું અર્થાત્ માર્ગ અને ઉન્માર્ગના સ્વરૂપને હું જાણું છું. તેથી હું નાશ પામતો નથી—સન્માર્ગથી ભ્રષ્ટ થતો નથી. ૬૧.

**मग्गे य इति के वुत्ते ?, केसी गोयममब्बवी ।**
**तओ केसिं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥६२॥**

અર્થ : માર્ગ અને ઉન્માર્ગ કોને કહો છો ? બાકીનો અર્થ પૂર્વવત્ જાણવો. ૬૨.

**कुप्पवयणपासंडी, सव्वे उम्मग्गपट्ठिया ।**
**सम्मग्गं तु जिणक्खायं, एस मग्गे हि उत्तमे ॥६३॥**

અર્થ : કુપ્રવચનના પાખંડીઓ એટલે એકાંતવાદી કપિલ આદિના દર્શનવાળા સર્વે ઉન્માર્ગે ચાલનારા છે, પુનઃ જિનેશ્વરે કહેલો માર્ગ જ સન્માર્ગ છે, માટે આ માર્ગ જ ઉત્તમ છે. ૬૩.

**साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।**
**अन्नोऽवि संसओ मज्झं, तं मे कहसु गोयमा ! ॥६४॥**

અર્થ : પૂર્વવત્ જાણવો. ૬૪.

**महाउदगवेगेणं, वुज्झमाणाण पाणिणं ।**
**सरणं गई पइट्ठा च, दीवं कं मन्नसी ? मुणी !।।६५।।**

અર્થ : હે ગૌતમમુનિ ! મોટા જળના પ્રવાહ વડે તણાતા પ્રાણીઓને શરણરૂપ, ગતિ એટલે આધાર ભૂમિરૂપ, અને પ્રતિષ્ઠા એટલે સ્થિર રહેવાના હેતુરૂપ દ્વીપ કોને તમે માનો છો ? ૬૫.

**ગૌતમસ્વામી જવાબ આપે છે –**

**अत्थि एगो महादीवो, वारिमज्झे महालओ ।**
**महाउदगवेगस्स, गई तत्थ न विज्जई ।।६६।।**

અર્થ : જળની મધ્યે મોટો એક મહાદ્વીપ છે. તેમાં મહાજળના વેગની–પ્રવાહની ગતિ પ્રવર્તતી નથી. ૬૬.

**दीवे य इति के वुत्ते ?, केसी गोयममब्बवी ।**
**तओ केसिं बुवंतं तु, गोयमो इणमब्बवी ।।६७।।**

અર્થ : દ્વીપ કોને કહીએ ? બાકીનો અર્થ પૂર્વવત્. દ્વીપના ઉપલક્ષણથી તે જળમાં રહેલો હોવાથી જળના પ્રવાહનો પ્રશ્ન પણ જાણી લેવો. ૬૭.

**जरामरणवेगेणं, वुज्झमाणाण पाणिणं ।**
**धम्मो दीवो पइट्ठा य, गई सरणमुत्तमं ।।६८।।**

અર્થ : જરા અને મરણરૂપી જળના વેગ વડે તણાતા પ્રાણીઓને ધર્મ જ સ્થિર રહેવાના હેતુરૂપ, ગતિ–આધારરૂપ અને ઉત્તમ શરણરૂપ દ્વીપ છે.

કારણ કે તે ધર્મ જ સંસારરૂપી સમુદ્રમાં દ્વીપરૂપે રહેલો છે. તે

મુક્તિનું કારણ હોવાથી જરા અને મરણરૂપ જળનો વેગ તેને પહોંચી શકતો નથી. ૬૮.

**साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।**
**अन्नोऽवि संसओ मज्झं, तं मे कहसु गोयमा ! ॥६९॥**

અર્થ પૂર્વવત્.૬૯.

**अण्णवंसि महोहंसि, नावा विपरिधावइ ।**
**जंसि गोयम आरूढो, कहं पारं गमिस्ससि ? ॥७०॥**

અર્થ : મોટા પ્રવાહવાળા સમુદ્રમાં તે વહાણ વિશેષે કરીને= મોટેભાગે આમતેમ દોડે છે, બરાબર સીધા ચાલી શકતા નથી તો જે વહાણપર આરૂઢ થયેલા તમે હે ગૌતમમુનિ ! તે સમુદ્રના પારને કેવી રીતે પામશો ? ૭૦.

**ગૌતમસ્વામી જવાબ આપે છે –**

**जा उ अस्साविणी नावा, न सा पारस्स गामिणी ।**
**जा निरस्साविणी नावा, सा उ पारस्स गामिणी ॥७१॥**

અર્થ : જે નૌકા આશ્રવવાળી–જેમાં પાણી ભરાતું હોય છે, તે સમુદ્રના પારને પામનારી થતી નથી, પણ જે નાવ આશ્રવ રહિત–અંદર જળ ન આવી શકે તેવી હોય છે તે નાવ સમુદ્રના પારને પામનારી થાય છે. તેથી હું આશ્રવ રહિત નાવ પર આરૂઢ થઈ સમુદ્રના પારને પામીશ. ૭૧.

**नावा य इति का वुत्ता ?, केसी गोयममब्बवी ।**
**तओ केसिं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥७२॥**

અર્થ : પૂર્વવત્ જાણવો. અહીં કેવી નાવા ? એવો પ્રશ્ન કર્યો છે તેથી તે સાથે તરનારનો અને તરવા લાયક સમુદ્રનો પણ પ્રશ્ન કર્યો જ છે એમ જાણવું. ૭૨.

**सरीरमाहु नाव त्ति, जीवो वुच्चइ नाविओ ।**
**संसारो अण्णवो वुत्तो, जं तरंति महेसिणो ॥७३॥**

અર્થ : શરીર રૂપ નાવ છે એમ કહ્યું છે, કારણ કે આશ્રવદ્વારનો રોધ કરી જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નની આરાધના કરવાથી તે શરીર જ સંસારસાગરને તારે છે. તથા જીવ નાવિક–તરનાર કહેવાય છે. કેમકે તે જીવ જ ભવસાગરને તરનાર છે. તથા આ ચાર ગતિરૂપ સંસાર સમુદ્ર કહ્યો છે. કેમકે તત્ત્વથી તે સંસાર જ સમુદ્રની જેમ તરવા લાયક છે. કે જે સંસારસાગરને મહર્ષિઓ જ તરે છે–તરી શકે છે. ૭૩.

**साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।**
**अन्नोऽवि संसओ मज्झं, तंमे कहसु गोयमा ! ॥७४॥**

અર્થ : પૂર્વવત્. ૭૪.

**अंधयारे तमे घोरे, चिट्ठंति पाणिणो बहू ।**
**को करिस्सइ उज्जोयं, सव्वलोअम्मि पाणिणं ? ॥७५॥**

અર્થ : પ્રાણીને અંધ કરનાર અને ઘોર એવા અંધારામાં ઘણા પ્રાણીઓ રહેલા છે. તો સર્વ લોકમાં પ્રાણીઓને કોણ ઉદ્યોતને–પ્રકાશને કરશે ? ૭૫.

**શ્રીગોતમસ્વામી જવાબ આપે છે –**

**उग्गओ विमलो भाणू, सव्वलोअप्पहंकरो ।**
**सो करिस्सइ उज्जोयं, सव्वलोअम्मि पाणिणं ॥७६॥**

અર્થ : સર્વ લોકમાં પ્રકાશ કરનાર નિર્મળ સૂર્ય ઉદય પામ્યો છે, તે સૂર્ય સર્વ લોકમાં પ્રાણીઓને ઉદ્યોત–પ્રકાશ કરશે. ૭૬.

**भाणू य इति के वुत्ते ?, केसी गोयममब्बवी ।**
**तओ केसिं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥७७॥**

અર્થ : અહીં સૂર્ય કોને કહો છો ? એમ પ્રશ્ન કર્યો છે. બાકી પૂર્વવત્. ૭૭.

**उग्गओ खीणसंसारो, सव्वण्णू जिणभक्खरो ।**
**सो करिस्सइ उज्जोयं, सव्वलोअम्मि पाणिणं ॥७८॥**

અર્થ : સંસાર જેનો ક્ષીણ થયો છે તથા સર્વ પદાર્થને જાણનાર એવો જિનેશ્વરૂપી ભાસ્કર—સૂર્ય ઉદય પામ્યો છે, તે સૂર્ય સર્વ લોકમાં પ્રાણીઓને ઉદ્યોત—મોહરૂપી અંધકારનો નાશ કરી સર્વ વસ્તુનો પ્રકાશ કરશે. ૭૮.

**साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।**
**अन्नो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ! ॥७९॥**

અર્થ : પૂર્વવત્. ૭૯.

**सारीरमाणसे दुक्खे, बज्झमाणाण पाणिणं ।**
**खेमं सिवमणाबाहं, ठाणं किं मन्नसी मुणी ! ? ॥८०॥**

અર્થ : હે ગૌતમમુનીશ્વર ! શરીરસંબંધી અને મનસંબંધી દુ:ખો વડે બાધા—પીડા પામતા એવા પ્રાણીઓને ક્ષેમ—આધિ વ્યાધિ રહિત, શિવ-જરા અને ઉપદ્રવ રહિત તથા અનાબાધ—શત્રુ નહીં હોવાથી, સ્વભાવ વડે જ પીડા રહિત એવું સ્થાન ક્યું તમે માનો છો ? તે કહો. ૮૦.

**ગૌતમસ્વામી જવાબ આપે છે –**

**अत्थि एगं धुवं ठाणं, लोगग्गम्मि दुरारुहं ।**
**जत्थ नत्थि जरा मच्चू, वाहिणो वेयणा तहा ॥८१॥**

અર્થ : લોકના અગ્રભાગ રહેલું દુ:ખ=કઠણાઈથી ચડી શકાય એવું એક જ ધ્રુવ—નિશ્ચલ સ્થાન છે, કે જયાં જરા, મૃત્યુ, વ્યાધિઓ તથા વેદના એટલે શરીર સંબંધી અને મનસંબંધી દુ:ખોનો અનુભવ નથી.

જરા અને મૃત્યુ નહીં હોવાથી તે સ્થાન શિવરૂપ છે, વ્યાધિ નહીં હોવાથી ક્ષેમરૂપ છે અને વેદના નહીં હોવાથી અનાબાધ છે. ૮૧.

**ठाणे य इति के वुत्ते ?, केसी गोयममब्बवी ।**
**केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥८२॥**

અર્થ : આમાં તે સ્થાન ક્યું ? એમ પ્રશ્ન કર્યો છે. બાકી પૂર્વવત્. ૮૨.

**निव्वाणं ति अबाहं ति, सिद्धी लोगग्गमेव य ।**
**खेमं सिवमणाबाहं, जं चरंति महेसिणो ॥८३॥**

અર્થ : સંતાપના અભાવથી પ્રાણીઓ જ્યાં શીતળ થાય છે. તેથી નિર્વાણ જ્યાં બાધા નથી તેથી અનાબાધ ભ્રમણ કર્યા વિના સર્વ કાર્યો જ્યાં સિદ્ધ થાય તેથી સિદ્ધિ લોકના અગ્રભાગે રહેલ હોવાથી લોકાગ્ર શાશ્વત સુખ કરનાર હોવાથી ક્ષેમ ઉપદ્રવ નહીં હોવાથી શિવ તથા બાધા-પીડા રહિત હોવાથી તે સ્થાન અનાબાધ તથા જે સ્થાને મહર્ષિઓ જ જાય છે. અહીં જ્યાં ન હોય ત્યાં 'ઇતિ' શબ્દનો અધ્યાહાર રાખી અર્થ કરવો. ૮૩.

**तं ठाणं सासयं वासं, लोअग्गम्मि दुरारुहं ।**
**जं संपत्ता न सोयंति, भवोहंतकरा मुणी ! ॥८४॥**

અર્થ : તે સ્થાન શાશ્વત નિવાસવાળું તથા લોકના અગ્ર ભાગે રહેલું દુઃખે કરીને ચડી શકાય તેવું કહ્યું છે. ભવના સમૂહનો અંત કરનારા મુનિઓ જે સ્થાનને પામવાથી શોક કરતા નથી—કોઈ જાતનો શોક કરવાનું રહેતું જ નથી. ૮૪.

**साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।**
**नमो ते संसयाईय !, सव्वसुत्तमहोयही ! ॥८५॥**

અર્થ : હે ગૌતમગણધર ! તમારી બુદ્ધિ બહુ સારી છે, આ મારો સંશય પણ તમે છેદ્યો છે. હે સંશયરહિત ! હે સર્વ શ્રુતના મોટા સમુદ્ર ! તમને

નમસ્કાર છે. ૮૫.

**પછી કેશીકુમારે શું કર્યું ? તે કહે છે –**

**एवं तु संसए छिन्ने, केसी घोरपरक्कमे ।**
**अभिवंदित्ता सिरसा, गोयमं तु महायसं ॥८६॥**

અર્થ : આ અનુક્રમે સંશય છેદાવાથી એટલે સર્વ સંશયો છેદાવાથી ઘોર પરાક્રમવાળા કેશીકુમારે મહાયશવાળા ગૌતમગણધરને મસ્તક વડે વંદના કરીને. ૮૬.

**पंचमहव्वयं धम्मं, पडिवज्जइ भावओ ।**
**पुरिमस्स पच्छिमम्मि, मग्गे तत्थ सुहावहे ॥८७॥**

અર્થ : ભાવથી પ્રથમ જિનેશ્વરે માનેલા–પ્રથમ જિનેશ્વરે પણ પ્રવર્તાવેલા એવા તે સુખકારક છેલ્લા તીર્થંકરના પ્રવર્તાવેલા માર્ગમાં–તીર્થમાં ધર્મને અંગીકાર કર્યો. ૮૭.

**હવે અધ્યયન અંતે મહાપુરુષના સંગનું ફળ કહે છે –**

**केसीगोयमओ निच्चं, तम्मि आसि समागमे ।**
**सुयसीलसमुक्करिसो, महत्थऽत्थविणिच्छओ ॥८८॥**

અર્થ : તે નગરીમાં હંમેશાં કેશીકુમાર અને ગૌતમસ્વામી દ્વારા સમાગમ થયા કર્યો, તેથી શ્રુત અને શીલનો એટલે જ્ઞાન અને ચારિત્રનો ઉત્કર્ષ થયો તથા મહાર્થ એટલે મુક્તિનાં સાધન હોવાથી મહાપ્રયોજનવાળા શિક્ષા અને વ્રત વગેરે અર્થોનો નિશ્ચય પણ થયો=શિક્ષા, વ્રત અને તત્ત્વો વગેરે પદાર્થોનો નિશ્ચય થયો.

અહીં કેશીકુમાર તથા ગૌતમસ્વામીને તો અર્થનો નિશ્ચય હતો જ. પણ તેમના શિષ્યોને અર્થનિશ્ચય થયો એમ જાણવાનું છે. ૮૮.

**तोसिया परिसा सव्वा, सम्मग्गं समुवट्ठिया ।**
**संथुया ते पसीयंतु, भयवं केसीगोयमे ॥८९॥ त्ति बेमि ।**

અર્થ : આ રીતે પ્રસન્ન થયેલી સર્વ પર્ષદા સન્માર્ગને એટલે મુક્તિમાર્ગને આરાધવા સાવધાન થઈ. તે પૂજ્ય અને જ્ઞાનવંત એવા કેશીકુમાર અને ગૌતમસ્વામી પર્ષદા વડે સ્તુતિ કરાવાથી સત્પુરુષો ઉપર પ્રસન્ન થાઓ. એમ હું કહું છું. એ પ્રમાણે સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને કહ્યું. ૮૯.

# સમ્યક્ત્વપરાક્રમ અધ્યયન

પ્રસ્તુત સમ્યક્ત્વ પરાક્રમ અધ્યયનમાં પરમાત્માથી મહાવીર સ્વામીને સંવેગ, નિર્વેદ, ધર્મશ્રદ્ધા આદિ વિષયક ૭૬ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તેના ઉત્તરો પરમાત્માએ આપ્યા હતા તેને સંગ્રહ અહિં કરવામાં આવ્યો છે. આ અધ્યયન મુમુક્ષુઓ માટે અત્યંત ચિંતનીય અને મનનીય છે.

**सुअं मे आउसं ! तेणं भगवया एवमक्खायं, इह खलु सम्मत्तपरक्कमे नामज्झयणे समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइए । जं सम्मं सद्दहित्ता पत्तिआइत्ता रोअइत्ता फासित्ता पालइत्ता तीरइत्ता किट्टइत्ता सोहइत्ता आराहइत्ता आणाए अणुपालइत्ता बहवे जीवा सिज्झंति बुज्झंति मुच्चंति परिनिव्वायंति सव्वदुक्खाणमंतं करेंति ॥१॥**

અર્થ : શ્રીસુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે કે– હે આયુષ્યમાન્ શિષ્ય ! મેં સાંભળ્યું છે કે– તે ત્રણ જગતમાં પ્રસિદ્ધ એવા ભગવાન શ્રીમહાવીરસ્વામીએ આ પ્રમાણે કહ્યું છે. અર્થાત્ આ પ્રવચનમાં નિશ્ચે સમ્યક્ત્વ હોવાથી ઉત્તરોત્તર ગુણપ્રાપ્તિ વડે કર્મરૂપી શત્રુને જીતવાના સામર્થ્યરૂપ જીવના પરાક્રમનું જેમાં વર્ણન કરાય છે એવું આ સમ્યક્ત્વ પરાક્રમ નામનું અધ્યયન કાશ્યપ શ્રમણ ભગવંત શ્રીમહાવીરે પ્રરૂપ્યું છે. આ અધ્યયનનું માહાત્મ્ય છે કે જે આ અધ્યયનને સમ્યક્ પ્રકારે સદ્દહીને એટલે શબ્દ, અર્થ અને તે બંનેને સામાન્યપણે અંગીકાર કરીને, તથા પ્રતીત્ય એટલે

'આ એમ જ છે' એમ વિશેષપણે નિશ્ચય કરીને, તથા તેનો અભ્યાસ કરવા વડે તેને આત્મામાં રુચિ ઉત્પન્ન કરીને, તથા ત્રણ યોગ વડે સ્પર્શ કરીને એટલે મન વડે સૂત્ર અને અર્થના ચિંતવને, વચન વડે વાંચનાદિ વડે અને કાયા વડે તેના ભાંગા અંગીકાર કરવા વડે–એ રીતે સ્પર્શ કરીને, પરાવર્તન વગેરે વડે રક્ષણ કરીને, તેને સમાપ્ત કરીને, ગુરુ પાસે વિનયપૂર્વક 'આ આ પ્રમાણે હું ભણ્યો છું' એમ નિવેદન કરીને, ગુરુની પાછળ તેનો અનુવાદ કરવા વડે શુદ્ધ કરીને, ઉત્સૂત્રની પ્રરૂપણાના ત્યાગ વડે અથવા ઉત્સર્ગ અને અપવાદમાં કુશળતા વડે અથવા જીવનપર્યંત તેના અર્થના સેવન વડે આરાધીને તથા ગુરુના નિયોગરૂપ આજ્ઞા વડે પાલન કરીને ઘણા જીવો સિદ્ધ થાય છે એટલે અહીં જ આત્માની સિદ્ધિને પામે છે, ઘાતિકર્મના ક્ષય વડે બોધ–કેવળજ્ઞાન પામે છે, ભવોપગ્રાહી ચાર કર્મના ક્ષય વડે મુક્ત થાય છે અને ત્યારપછી સમગ્ર કર્મરૂપી દાવાનળની શાંતિ થવાથી શાંત થાય છે અને તેથી જ શરીર અને મન સંબંધી સર્વ દુઃખોનો અંત કરે છે–મુક્તિપદને પામે છે. ૧

**હવે શિષ્યનો અનુગ્રહ કરવા માટે સંબંધ કહેવા પૂર્વક આ અધ્યયનનો અર્થ કહે છે –**

**तस्स णं अयमट्ठे एवमाहिज्जंति, तं जहा-संवेगे १, निव्वेए २, धम्मसद्धा ३, गुरुसाहम्मिअसुस्सूसयणा ४, आलोअणया ५, निंदणया ६, गरहणया ७, सामाइए ८, चउवीसत्थए ९, वंदणे १०, पडिक्कमणे ११, काउस्सगग्गे १२, पच्चक्खाणे १३, थयथुइमंगले १४, कालपडिलेहणया १५, पायच्छित्तकरणे १६, खमावणया १७, सज्झाए १८, वायणया १९, पडिपुच्छणया २०, परिअट्टणया २१, अणुप्पेहा २२, धम्मकहा २३, सुअस्स आराहणया २४, एगग्गमण-सन्निवेसणया २५, संजमे २६, तवे २७, वोदाणे २८, सुहसाए २९, अप्पडिबद्धया ३०, विवित्तसयणासणसेवणया ३१, विणिअट्टणया ३२, संभोग-**

**पच्चक्खाणे ३३, उवहिपच्चक्खाणे ३४, आहारपच्चक्खाणे ३५, कसायपच्चक्खाणे ३६, जोगपच्चक्खाणे ३७, सरीरपच्चक्खाणे ३८, सहायपच्चक्खाणे ३९, भत्तपच्चक्खाणे ४०, सब्भावपच्चक्खाणे ४१, पडिरूवणया ४२, वेआवच्चे ४३, सव्वगुणसंपुन्नया ४४, वीअरागया ४५, खंती ४६, मुत्ती ४७, मद्दवे ४८, अज्जवे ४९, भावसच्चे ५०, करणसच्चे ५१, जोगसच्चे ५२, मणगुत्तया ५३, वयगुत्तया ५४, कायगुत्तया ५५, मणसमाधारणया ५६, वयसमाधारणया ५७, काय-समाधारणया ५८, नाणसंपन्नया ५९, दंसणसंपन्नया ६०, चरित्तसंपन्नया ६१, सोइंदियनिग्गहे ६२, चक्खिदिअनिग्गहे ६३, घाणिंदिअनिग्गहे ६४, जिब्भिदिअनिग्गहे ६५, फासिंदिअनिग्गहे ६६, कोहविजए ६७, माणविजए ६८, मायाविजए ६९, लोभविजए ७०, पिज्जदोसमिच्छादंसणविजए ७१, सेलेसी ७२, अकम्मया ७३ ॥२॥**

અર્થ : તે સમ્યક્ત્વપરાક્રમ અધ્યયનનો આ અર્થ આ પ્રમાણે શ્રીમહાવીર ભગવાન કહે છે, તે આ પ્રમાણે– સંવેગ ૧, નિર્વેદ ૨, ધર્મશ્રદ્ધા ૩, ગુરુ અને સાધર્મિકની શુશ્રૂષા–ભક્તિ ૪, આલોયણ ૫, નિંદા ૬, ગર્હા ૭, સામાયિક ૮, ચતુર્વિંશતિસ્તવ ૯, વંદન ૧૦, પ્રતિક્રમણ ૧૧, કાયોત્સર્ગ ૧૨, પ્રત્યાખ્યાન ૧૩, સ્તવ-સ્તુતિમંગલ ૧૪, કાળપ્રત્યુપેક્ષણા ૧૫, પ્રાયશ્ચિત્ત કરવું ૧૬, ખામણા ૧૭, સ્વાધ્યાય ૧૮, વાચના ૧૯, પ્રતિપૃચ્છના ૨૦, પરાવર્તના ૨૧, અનુપ્રેક્ષા ૨૨, ધર્મકથા ૨૩, શ્રુતની આરાધના ૨૪, એકાગ્ર-મન-સંનિવેશના એટલે મનનું એકાગ્રપણે સ્થાપન ૨૫, સંયમ ૨૬, તપ ૨૭, વ્યપદાન એટલે કર્મની શુદ્ધિ–કર્મનિર્જરા ૨૮, સુખશાત એટલે વિષયસુખનો નાશ ૨૯, અપ્રતિબદ્ધપણું ૩૦, વિવિક્ત-શયનાસનસેવન–સ્ત્રી, પશુ પંડક આદિ રહિત શય્યા, આસન વગેરેનું સેવન ૩૧, વિનિવર્તના એટલે પાંચ ઇંદ્રિયોના વિષયથી મનને પાછું કરવું

૩૨, સંભોગપ્રત્યાખ્યાન એટલે જિનકલ્પિક આદિને એક મંડળીનો આહાર ગ્રહણ કરવાનું પ્રત્યાખ્યાન ૩૩, રજોહરણ અને મુખવસ્ત્રિકા સિવાય બીજી ઉપધિનું પ્રત્યાખ્યાન ૩૪, સદોષ આહારનું પ્રત્યાખ્યાન ૩૫, કષાય પ્રત્યાખ્યાન ૩૬, મન, વચન, કાયાના યોગનું પ્રત્યાખ્યાન ૩૭, સમય આવે શરીરનું પણ પ્રત્યાખ્યાન ૩૮, સહાય કરવાનું પ્રત્યાખ્યાન ૩૯, ભક્ત પ્રત્યાખ્યાન—અનશન ગ્રહણ ૪૦, સદ્ભાવ વડે એટલે સત્યપણે પ્રત્યાખ્યાન ૪૧, પ્રતિરૂપતા એટલે સ્થવીરકલ્પી સદૃશ વેષધારીપણું ૪૨, વૈયાવચ્ચ ૪૩, જ્ઞાનાદિ સર્વગુણો વડે સંપન્નતા—સહિતપણું ૪૪, વીતરાગપણું ૪૫, ક્ષાંતિ—ક્ષમા ૪૬, મુક્તિ—નિર્લોભતા ૪૭, માર્દવ—માનનો ત્યાગ ૪૮, આર્જવતા—માયા રહિતપણું ૪૯, ભાવસત્ય—અંતરાત્માની શુદ્ધિ ૫૦, કરણસત્ય એટલે પ્રતિલેખનાદિ ક્રિયામાં આળસ રહિતપણું ૫૧, યોગસત્ય—મન, વચન, કાયાના યોગનું સત્યપણું ૫૨, મનગુપ્તતા—મનોગુપ્તિ ૫૩, વચનગુપ્તિ ૫૪, કાયગુપ્તિ ૫૫, મન—સમાધારણા—મનની સમાધિ ૫૬, વચનસમાધારણા ૫૭, કાયાસમાધારણ ૫૮, જ્ઞાનસંપન્નતા—જ્ઞાનસહિતપણું ૫૯, દર્શનસંપન્નતા ૬૦, ચારિત્રસંપન્નતા ૬૧, શ્રોત્રેંદ્રિયનિગ્રહ ૬૨, ચક્ષુરિંદ્રિયનિગ્રહ ૬૩, ઘ્રાણેંદ્રિયનિગ્રહ ૬૪, જિહ્વેંદ્રિયનિગ્રહ ૬૫, સ્પર્શેંદ્રિયનિગ્રહ ૬૬, ક્રોધવિજય ૬૭, માનવિજય ૬૮, માયાવિજય ૬૯, લોભવિજય ૭૦, પ્રેમ, દ્વેષ અને મિથ્યાદર્શનનો વિજય ૭૧, શૈલેશીકરણ—ચૌદમા ગુણસ્થાનમાં રહેવું તે ૭૨, તથા અકર્મતા—કર્મનો અભાવ ૭૩. આ પ્રમાણે શબ્દાર્થ કહ્યો. ૨.

**હવે અનુક્રમે દરેક પદની ફળપૂર્વક વ્યાખ્યા કરે છે –**

**संवेगेणं भंते ! जीवे किं जणयइ ?**

**संवेगेणं अणुत्तरं धम्मसद्धं जणयइ, अणुत्तराए धम्मसद्धाए संवेगं हव्वमागच्छइ, अणंताणुबंधिकोहमाणमायालोहे खवेइ, नवं च कम्मं न बंधइ, तप्पच्चइअं च णं मिच्छत्तविसोहिं काऊण दंसणाराहए भवइ, दंसणविसोहीएणं विसुद्धाए अत्थेगतिए तेणेव भवग्गहणेणं सिज्झइ, सोहीए अ णं विसुद्धाए तच्चं पुणो**

**भवग्गहणं नाइक्कमइ ॥१॥३॥**

અર્થ : હે ભગવંત ! સંવેગ વડે એટલે મોક્ષના અભિલાષ વડે જીવ શું ઉત્પન્ન કરે એટલે કયો ગુણ ઉપાર્જન કરે ?

સંવેગ વડે શ્રેષ્ઠ એવી ધર્મની શ્રદ્ધા ઉત્પન્ન કરે છે. શ્રેષ્ઠ એવી ધર્મની શ્રદ્ધાથી જીવ વિશેષ સંવેગને શીઘ્રપણે પામે છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભને ખપાવે છે—ક્ષય કરે છે, તથા નવા અશુભ કર્મને બાંધતો નથી. અને તેને આશ્રયીને એટલે કષાયના ક્ષયને આશ્રયીને મિથ્યાત્વની શુદ્ધિને એટલે સર્વથા મિથ્યાત્વનો ક્ષય કરીને દર્શનનો એટલે ક્ષાયિક સમ્યક્ત્વનો આરાધક થાય છે. નિર્મળ એવા દર્શનની શુદ્ધિ વડે કોઈ એક જીવ એવો છે કે જે તે જ ભવના ગ્રહણ વડે એટલે તે એક જ ભવ કરીને મરુદેવી માતાની જેમ સિદ્ધ થાય છે. અને જે જીવ તે જ ભવે સિદ્ધિપદને પામતો નથી તે પણ નિર્મળ એવી દર્શનશુદ્ધિથી વળી ત્રીજા ભવના ગ્રહણને ઉલ્લંઘન કરે નહીં. એટલે ત્રીજે ભવે તો અવશ્ય સિદ્ધિપદને પામે. આ ઉત્કૃષ્ટ દર્શનની આરાધનાને આશ્રયીને કહ્યું છે. ૧-૩.

**સંવેગ વડે અવશ્ય નિર્વેદ થાય છે, તેથી હવે નિર્વેદ કહે છે –**

**निव्वेएणं भंते ! जीवे किं जणयइ ?**

**निव्वेएणं दिव्वमाणुसतेरिच्छिएसु कामभोगेसु निव्वेअं हव्वमागच्छइ, सव्वविसएसु विरज्जइ, सव्वविसएसु विरज्जमाणे आरंभपरिग्गहपरिच्चायं करेइ, आरंभपरिग्गहपरिच्चायं करेमाणे संसारमग्गं वोच्छिंदइ, सिद्धिमग्गंपडिवण्णे अ भवइ ॥२॥४॥**

અર્થ : હે ભગવંત ! નિર્વેદ એટલે ''આ સંસારનો હું ક્યારે ત્યાગ કરું.'' એવો સામાન્યપણે સંસાર પરનો વૈરાગ્ય, તે વડે જીવ શું ઉત્પન્ન કરે ? ક્યો ગુણ ઉપાર્જન કરે ?

ઉત્તર : નિર્વેદથી દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી કામભોગમાં નિર્વેદ પામે છે. એટલે કે ''આ અનર્થના હેતુરૂપ વિષયોથી સર્યું.'' એવા

ભાવને જલ્દીથી પામે છે, તથા સર્વ વિષયોને વિષે વૈરાગ્ય પામે છે, સર્વ વિષયોને વિષે વૈરાગ્ય પામતાં આરંભ અને પરિગ્રહનો ત્યાગ કરે છે, આરંભ અને પરિગ્રહનો ત્યાગ કર્યા પછી મિથ્યાત્વ, અવિરતિ આદિ સંસારના માર્ગને છેદે છે, તથા સિદ્ધિમાર્ગને પામે છે.

કૃષિ વગેરે આરંભ અને ધન, ધાન્યાદિ પરિગ્રહનો ત્યાગ કરવાથી જ સંસારમાર્ગનો વિચ્છેદ થાય છે, તેનો વિચ્છેદ થવાથી સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગ સુખેથી પ્રાપ્ત થાય છે, તેથી સિદ્ધિમાર્ગને પ્રાપ્ત થાય છે એમ કહ્યું છે તે યોગ્ય જ છે. ૨-૪.

**નિર્વેદ પણ ધર્મની શ્રદ્ધાથી જ થાય છે તેથી હવે ધર્મશ્રદ્ધાને જ કહે છે –**

**धम्मसद्धाए णं भंते ! जीवे किं जणयइ ?**

**धम्मसद्धाए णं सायासोक्खेसु रज्जमाणे विरज्जइ, आगारधम्मं च णं चयइ, अणगारे णं जीवे सारीरमाणसाणं दुक्खाणं छेयणभेयणसंजोगाईणं वुच्छेअं करेइ, अव्वाबाहं च सुहं निव्वत्तेइ ॥३-५॥**

અર્થ : હે ભગવંત ! ધર્મની શ્રદ્ધા વડે—આસ્તિક્યપણા વડે જીવ શું ઉત્પન્ન કરે અર્થાત્ ક્યો ગુણ પ્રાપ્ત કરે ?

ઉત્તર : ધર્મશ્રદ્ધા વડે પ્રથમ સાતાવેદનીયથી ઉત્પન્ન થયેલા સુખમાં એટલે વિષયસુખને વિષે ખરેખર આસક્ત થયો હતો તે હવે વિરાગ પામે છે, અને ગૃહાચારનો—ગૃહસ્થ ધર્મનો ત્યાગ કરે છે—સાધુ થાય છે તથા અણગાર—સાધુ થયેલો જીવ શરીર અને મનસંબંધી દુઃખોનો તથા ખડ્ગાદિ વડે છેદન, કુંત આદિ વડે ભેદન વગેરે શરીર સંબંધી અને સંયોગ એટલે અનિષ્ટનો મેળાપ તથા આદિ શબ્દથી ઇષ્ટનો વિયોગ વગેરે મન સંબંધી દુઃખોનો વિચ્છેદ કરે છે. અને એ જ કારણથી અવ્યાબાધ એટલે બાધા પીડારહિત મોક્ષસંબંધી સુખને ઉત્પન્ન કરે છે. ૩-૫.

**ધર્મની શ્રદ્ધાવાળાએ ગુરુ આદિની સેવા અવશ્ય કરવી જોઈએ, તેથી હવે ગુરુ આદિની સેવાને કહે છે –**

**गुरुसाहम्मिअसुस्सूसणयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**गुरुसाहम्मि-असुस्सूसणयाए णं विणयपडिवत्तिं जणयइ, विणयपडिवण्णे अ णं जीवे अणच्चासायणसीले नेरइअतिरिक्खजोणिअमणुस्सदेवदुग्गईओ निरुंभइ, वण्णसंजलणभत्तिबहुमाणयाए माणुस्सदेवसुग्गईओ निबंधइ सिद्धिसोग्गइं च विसोहेइ, पसत्थाइं च णं विणयमूलाइं सव्वकज्जाइं साहेइ, अन्ने य बहवे जीवे विणइत्ता हवइ ॥४-६॥**

અર્થ : હે ભગવંત ! ગુરુ અને સાધર્મિકની સેવા વડે જીવ શું ઉત્પન્ન કરે અર્થાત્ શું ઉપાર્જન કરે ?

ઉત્તર : ગુરુ અને સાધર્મિકની સેવા વડે વિનયની પ્રાપ્તિને ઉત્પન્ન કરે છે. વિનયને પામેલો જીવ આશાતના રહિત સ્વભાવવાળો થયેલો નારકી, તિર્યંચ યોનિ, મ્લેચ્છાદિ મનુષ્ય અને કિલ્બિષ આદિ દેવરૂપ દુર્ગતિને રૂંધે છે, તથા વર્ણ વડે એટલે શ્લાઘા વડે જે સંજવલન એટલે ગુણ પ્રગટ કરવા, ભક્તિ એટલે ઊભા થવું વગેરે સેવા અને બહુમાન એટલે અભ્યંતર પ્રીતિ આ સર્વ ગુરુ પ્રત્યે કરવાથી કુળવાન મનુષ્ય અને ઐશ્વર્ય આદિ યુક્ત દેવરૂપ સુગતિને બાંધે છે, અને સિદ્ધિરૂપી સુગતિને સન્માર્ગરૂપ સમ્યગ્દર્શન આદિ વડે વિશુદ્ધ કરે છે, તથા પ્રશસ્ત અને વિનયના હેતુવાળાં સર્વ કાર્યોને એટલ શ્રુતનો અભ્યાસ વગેરે આ ભવ સંબંધી તથા મોક્ષ આદિ પરભવ સંબંધી કાર્યોને સાધે છે, તથા બીજા ઘણા જીવોને વિનય ગ્રહણ કરાવનાર– વિનય શિખવનાર થાય છે. ૪-૬.

**ગુરુની સેવા કરતાં છતાં પણ કાંઈક દોષ લાગવાનો સંભવ છે તેથી તેની આલોચના કરવી જોઈએ, તેથી હવે આલોચનાને કહે છે –**

**आलोयणयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**आलोयणयाए णं मायानियाणमिच्छादरिसणसल्लाणं मुक्खमग्गविग्घाणं अणंतसंसारवद्धणाणं उद्धरणं करेइ, उज्जुभावं च णं जणयइ, उज्जुभावं पडिवन्ने अ णं जीवे अमाई इत्थीवेयं नपुंसगवेयं च न बंधइ, पुव्वबद्धं च णं निज्जरइ ॥५-७॥**

અર્થ : હે ભગવંત ! આલોચના વડે એટલે ગુરુની પાસે પોતાના દોષ પ્રગટ કરવા વડે જીવ શું ઉત્પન્ન કરે અર્થાત્ કયો ગુણ ઉપાર્જન કરે છે ?

ઉત્તર : આલોચના વડે જીવ મોક્ષમાર્ગના વિઘ્નરૂપ અને અનંત સંસારની વૃદ્ધિ કરનારા માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાદર્શનશલ્ય એ ત્રણે શલ્યનો ઉદ્ધાર—વિનાશ કરે છે. તથા ઋજુભાવને—સરળતાને ઉત્પન્ન કરે છે. ઋજુભાવને પામલો જીવ માયારહિત થયેલો સ્ત્રીવેદને અને નપુંસકવેદને બાંધતો નથી, તથા પૂર્વે બાંધેલા આ બંને વેદને અથવા સર્વ કર્મને ખપાવે છે. ૫-૭.

**જે પોતાના દોષની નિંદા કરતો હોય તેની જ આલોચના સફળ થાય છે તેથી હવે સ્વદોષની નિંદાને જ કહે છે —**

**निंदणयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**निंदणयाए णं पच्छाणुतावं जणयइ, पच्छाणुतावेणं विरज्जमाणे करणगुणसेढिं पडिवज्जइ, करणगुणसेढिं पडिवन्ने अ अणगारे मोहणिज्जं कम्मं उग्घाएइ ॥६॥८॥**

અર્થ : હે ભગવંત ! નિંદા વડે એટલે પોતાના દોષના ચિંતવન વડે—તેની નિંદા વડે જીવ શું ઉત્પન્ન કરે અર્થાત્ શો લાભ પ્રાપ્ત કરે છે ?

ઉત્તર : નિંદા વડે જીવ ''અહો ! મેં આ અકાર્ય કર્યું !'' એમ પશ્ચાત્તાપ ઉત્પન્ન કરે છે. પશ્ચાત્તાપ વડે વૈરાગ્યને પામેલો કરણ વડે એટલે અપૂર્વકરણ વડે અર્થાત્ પૂર્વે ક્યારે પણ નહીં પામેલા એવા નિર્મળ પ્રતિક્રમણના પરિણામ વડે ગુણશ્રેણિને એટલે ક્ષપકશ્રેણિને પામે છે.

અપૂર્વકરણ વડે ક્ષપકશ્રેણિને પામેલો અનગાર—સાધુ મોહનીયકર્મને ખપાવે છે. ૬-૮.

**બહુ દોષ હોય તો નિંદાની પછી ગર્હા પણ કરવી જોઈએ તેથી હવે ગર્હાને કહે છે –**

**गरहणयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**गरहणयाए णं अपुरक्कारं जणयइ, अपुरक्कारगए अ णं जीवे अप्पसत्थेहिंतो जोगेहिंतो निअत्तइ, पसत्थजोगे अ पवत्तइ, पसत्थजोगपडिवण्णे अ णं अणगारे अणंतघाई पज्जवे खवेइ ॥७॥९॥**

અર્થ : હે ભગવંત ! અન્યની પાસે પોતાના દોષ પ્રગટ કરવારૂપ ગર્હા વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : ગર્હા વડે જીવ પોતાના અપુરસ્કારને એટલે 'આ ગુણવાન છે' એવી પ્રસિદ્ધિના અભાવરૂપ અવજ્ઞાના સ્થાનને ઉત્પન્ન કરે છે. અપુરસ્કારને પામેલો જીવ કદાચ અશુભ અધ્યવસાય ઉત્પન્ન થાય તો પણ પોતાની વિશેષ અવજ્ઞા થશે એવા ભયને લીધે અપ્રશસ્ત એવા યોગોથી—એટલે મન, વચન અને કાયાના વ્યાપારોથી નિવર્તે છે—પાછો ફરે છે. અને પ્રશસ્ત એવા યોગોમાં પ્રવર્તે છે. તથા પ્રશસ્ત યોગને પામેલો સાધુ અનંત જ્ઞાન-દર્શનને હણનારા પર્યાયોને એટલે જ્ઞાનાવરણીય આદિ કર્મના પરિણામોને ખપાવે છે. ૭-૮.

**ઉપર કહેલી આલોચના વગેરે તત્ત્વથી સામાયિકવાળાને જ હોય છે તેથી હવે સામાયિકને કહે છે –**

**सामाइएणं भंते ! जीवे किं जणयइ ? ।**

**सामाइएणं सावज्जजोगविरइं जणयइ ॥८॥१०॥**

અર્થ : હે ભગવંત ! સામાયિક વડે જીવ શું ઉત્પન્ન કરે ? શું પામે ?

ઉત્તર : સામાયિક વડે જીવ સર્વ સાવદ્ય યોગની વિરતિને એટલે સર્વ પાપવ્યાપારની નિવૃત્તિને ઉત્પન્ન કરે છે. ૮-૧૦.

**સામાયિક અંગીકાર કરનારાએ તે સામાયિકને રચનારા–કહેનારા અરિહંતોની સ્તુતિ કરવી જોઈએ તેથી હવે તે ચતુર્વિંશતિસ્તવરૂપ અરિહંતોની સ્તુતિને કહે છે –**

**चउवीसत्थएणं भंते ! जीवे किं जणयइ ?**

**चउवीसत्थएणं दंसणविसोहिं जणयइ ॥९॥११॥**

અર્થ : હે ભગવંત ! ચઉવીસત્થાએ એટલે ચતુર્વિંશતિસ્તવ વડે જીવ શું ઉત્પન્ન કરે છે અર્થાત્ કયો ગુણ પ્રાપ્ત કરે ?

ઉત્તર : ચતુર્વિંશતિસ્તવ વડે જીવ દર્શનની એટલે સમ્યક્ત્વની વિશુદ્ધિને ઉત્પન્ન કરે છે. ૯-૧૧.

**જિનેશ્વરોની સ્તુતિ કર્યા છતાં પણ સામાયિકનો સ્વીકાર ગુરુવંદન પૂર્વક જ થાય છે, તેથી હવે ગુરુવંદનને કહે છે –**

**वंदणएणं भंते ! जीवे किं जणयइ ?**

**वंदणएणं नीआगोअं कम्मं खवेइ, उच्चागोअं निबंधइ, सोहग्गं च णं अप्पडिहयं आणाफलं निव्वत्तेइ, दाहिणभावं च णं जणयइ ॥१०॥१२॥**

અર્થ : હે ભગવંત ! ગુરુના દ્વાદશાવર્ત વંદન વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : દ્વાદશાવર્ત વંદન વડે જીવ નીચગોત્ર કર્મને ખપાવે છે અને ઉચ્ચગોત્રને બાંધે છે, તથા અપ્રતિહત એટલે અસ્ખલિત–કોઈ પણ વિનાશ ન કરે અને આજ્ઞા રૂપી ફળ–સાર એવું સૌભાગ્ય એટલે સર્વ જનને સ્પૃહા કરવા લાયક ઐશ્વર્ય નીપજાવે છે–ઉત્પન્ન કરે છે. તથા દક્ષિણભાવને એટલે લોકોની અનુકૂળતાને ઉત્પન્ન કરે છે. ૧૦-૧૨.

**સામાયિકાદિ ગુણવાળાએ પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં હંમેશા અને મધ્યમના બાવીશ તીર્થંકરના તીર્થમાં અપરાધનો સંભવ હોતે છતે પ્રતિક્રમણ કરવાનું છે, તેથી હવે પ્રતિક્રમણને કહે છે –**

**पडिक्कमणेणं भंते ! जीवे किं जणयइ ?**

**पडिक्कमणेणं वयछिद्दाइं पिहेइ, पिहियवयछिद्दे पुण जीवे निरुद्धासवे असबलचरित्ते अट्ठसु पवयणमायासु उवउत्ते अपुहुत्ते सुप्पणिहिए विहरइ ॥११-१३॥**

અર્થ : હે ભગવંત ! પ્રતિક્રમણ વડે જીવ શું ઉત્પન્ન કરે અર્થાત્ કયો લાભ મેળવે ?

ઉત્તર : પ્રતિક્રમણ વડે જીવ વ્રતનાં છિદ્રોને એટેલ અતિચારોને ઢાંકી દે છે—રુંધે છે. વળી વ્રતનાં છિદ્રોને ઢાંકનાર જીવ આશ્રવને રુંધનાર થાય છે અને આશ્રવ રુંધવાથી અશબલ એટલે નિર્મળ ચારિત્રવાળો થાય છે, તથા પાંચ સમિતિ અને ગુણ ગુપ્તિરૂપ આઠ પ્રવચનમાતામાં ઉપયોગવાળો તથા અપૃથક્ત્વ એટલે સંયમના યોગથી અભિન્ન તથા સંયમયોગમાં સારી રીતે સાવધાન થઈને વિચરે છે. ૧૧-૧૩.

**પ્રતિક્રમણમાં અતિચારની શુદ્ધિને માટે કાયોત્સર્ગ કરવો જોઈએ તેથી હવે કાયોત્સર્ગને કહે છે –**

**काउस्सग्गेणं भंते ! जीवे किं जणयइ ?**

**काउस्सग्गेणं तीअपडुपन्नं पायच्छित्तं विसोहेइ, विसुद्ध-पायच्छित्ते अ जीवे निअत्तहिअए ओहरिअभरुव्व भारवहे पसत्थ-ज्झाणोवगए सुहंसुहेणं विहरइ ॥१२॥**

અર્થ : હે ભગવંત ! કાયોત્સર્ગ વડે જીવ શું ઉત્પન્ન કરે અર્થાત્ કયો ગુણ પ્રાપ્ત કરે છે ?

ઉત્તર : કાયોત્સર્ગ વડે જીવ અતીત એટલે ચિરકાળે થયેલું અને

પ્રત્યુત્પન્ન એટલે હમણાં થયેલું વર્તમાન કાળનું પ્રાયશ્ચિત એટલે પ્રાયશ્ચિત્તને યોગ્ય અપરાધ, તેને વિશુદ્ધ કરે છે, અને પ્રાયશ્ચિત્ત વડે વિશુદ્ધ થયેલો જીવ નિવૃત્ત હૃદયી થાય છે એટલે પોતાના ચિત્તમાં નિવૃત્તિ=આનંદ પામે છે, કોની જેમ ? તે કહે છે– ભાર ઉતારનાર ભારવાહકની જેમ અતિચારરૂપ ભાર ઉતારવાથી ચિત્તમાં નિવૃત્તિ પામે છે અને તેથી પ્રશસ્ત ધ્યાનને પામેલો સુખે સુખે વિચરે છે. ૧૨-૧૪.

**કાયોત્સર્ગથી પણ જે શુદ્ધ ન થાય, તેને માટે પ્રત્યાખ્યાન કરવાનું હોય છે તેથી હવે પ્રત્યાખ્યાનને કહે છે –**

**पच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?**

**पच्चक्खाणेणं आसवदाराइं निरुंभइ ॥१३॥१५॥**

અર્થ : હે ભગવંત ! પ્રત્યાખ્યાન વડે જીવ શું ઉત્પન્ન કરે અર્થાત્ પચ્ચક્ખાણ કરવાથી કયો ગુણ ઉત્પન્ન થાય છે ?

ઉત્તર : પ્રત્યાખ્યાન વડે=પચ્ચખ્ખાણ વડે જીવ હિંસા આદિ આશ્રવના દ્વારોને રુંધે છે. ઉપલક્ષણથી પૂર્વે ઉપાર્જન કરેલા કર્મોને ખપાવે છે.

અહીં નમસ્કારસહિત–નવકારસી વગેરે પચ્ચખ્ખાણોનો ઉત્તરગુણ-પ્રત્યાખ્યાનમાં સમાવેશ થાય છે. તથા પાંચ મહાવ્રત વગેરેનો મૂળગુણ-પ્રત્યાખ્યાનમાં સમાવેશ થાય છે. ૧૩-૧૫.

**પ્રત્યાખ્યાન કર્યા પછી જો ત્યાં ચૈત્ય હોય તો તેનું વંદન કરવાનું છે, તે ચૈત્યવંદન સ્તુતિસ્તવમંગલ વિના થઈ શકતું નથી, તેથી હવે સ્તુતિસ્તવમંગલને કહે છે –**

**थयथुइमंगलेणं भंते ! जीवे किं जणयइ ?**

**थयथुइमंगलेणं नाणदंसण-चरित्तबोहिलाभं जणयइ, नाण-दंसणचरित्त-बोहिलाभसंपण्णे णं जीवे अंतकिरिअं कप्पवि-माणोववत्तिअं आराहणं आराहेइ ॥१४॥१६॥**

અર્થ : હે ભગવંત ! સ્તુતિ અને સ્તવરૂપ મંગળ વડે જીવ શું ઉત્પન્ન કરે છે ?

ઉત્તર : સ્તવ એટલે દેવેંદ્રસ્તવ વગેરે અને સ્તુતિ એટલે એકથી આરંભીને સાત શ્લોક પર્યંત સ્તુતિ, તે રૂપ મંગળ વડે જીવ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી બોધિલાભને એટલે જૈનધર્મની પ્રાપ્તિને ઉત્પન્ન કરે છે. અને જ્ઞાન, દર્શન તથા ચારિત્રરૂપ બોધિલાભને પામેલ જીવ સંસારના અથવા કર્મના અંતની ક્રિયાને અર્થાત્ મોક્ષને આપનારી અથવા કલ્પ એટલે બાર દેવલોક અને વિમાન એટલે ગ્રૈવેયક અને અનુત્તરવિમાન, તેને પ્રાપ્ત કરાવનારી આરાધનાને આરાધે છે—સાધે છે. અર્થાત્ પ્રથમ વિશિષ્ટ દેવલોકને અને પરંપરાએ છેવટે મોક્ષને આપનારી આારધનાને કરે છે. ૧૪-૧૬.

સ્તવ—સ્તુતિરૂપ ચૈત્યવંદન કર્યા પછી સ્વાધ્યાય કરવાનો છે, તે સ્વાધ્યાય કાળે જ થાય છે અને તે કાળનું જ્ઞાન કાળપ્રત્યુપેક્ષણા વડે થાય છે, તેથી હવે કાળપ્રત્યુપેક્ષણાને કહે છે—

**कालपडिलेहणयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**कालपडिलेहणयाए णं नाणावरणिज्जं कम्मं खवेइ ॥१५-१७॥**

અર્થ : હે ભગવંત ! કાળપડિલેહણ વડે જીવ શું ઉત્પન્ન કરે છે અર્થાત્ કયો ગુણ ઉપોર્જિત કરે છે ?

ઉત્તર : પ્રાદોષિક આદિ કાળગ્રહણ અને પ્રતિજાગરણરૂપ પડિલેહણા વડે જીવ જ્ઞાનાવરણીય કર્મને ખપાવે છે. ૧૫-૧૭.

**કદાચ અકાળે પાઠ કર્યો હોય તો પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ, તેથી તે કહે છે –**

**पायच्छित्तकरणेणं भंते ! जीवे किं जणयइ ?**

**पायच्छित्तकरणेणं पावकम्मविसोहिं जणयइ निरइआरे आवि भवइ, सम्मं च णं पायच्छित्तं पडिवज्जमाणे मग्गं च मग्गफलं च विसोहेइ, आयारं आयारफलं च आराहेइ ॥१६-१८॥**

અર્થ : હે ભગવંત ! પ્રાયશ્ચિત્ત કરવા વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : આલોચના આદિ પ્રાયશ્ચિત્ત કરવા વડે જીવ પાપકર્મની વિશુદ્ધિને એટલે પાપરહિતપણાને ઉત્પન્ન કરે છે, જ્ઞાનાચાર આદિ અતિચારને શોધવાથી અતિચાર રહિત થાય છે, તથા સમ્યક્ પ્રકારે પ્રાયશ્ચિત્તને અંગીકાર કરતો અને માર્ગને એટલે જ્ઞાનની પ્રાપ્તિના હેતુરૂપ સમ્યક્ત્વને અને માર્ગના ફળને એટલે જ્ઞાનને શુદ્ધ કરે છે, જો કે સમ્યક્ત્વ અને જ્ઞાન એકી વખતે જ પ્રાપ્ત થાય છે. તો પણ જેમ પ્રકાશનું કારણ પ્રદીપ છે તેમ જ્ઞાનનું કારણ સમ્યક્ત્વ છે એમ જણાવવા માટે આ પ્રમાણે કહ્યું છે. તથા આચારને અટલે ચારિત્રને અને આચારના ફળને એટલે મોક્ષને આરાધે છે—સાધે છે. ૧૬-૧૮.

**પ્રાયશ્ચિત્ત ક્ષમાપનાથી થઈ શકે છે તેથી હવે ક્ષમાપના કહે છે –**

**खमावणयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**खमावणयाए णं पल्हायणभावं जणयइ, पल्हायणभावमुवगए अ सव्वपाणभूअजीवसत्तेसु मित्तीभावं उप्पाएइ, मित्तीभावमुवगए आवि जीवे भावविसोहिं काऊण निब्भए भवइ ॥१७-१९॥**

અર્થ : હે ભગવંત ! ક્ષામણા વડે એટલે કાંઈ પણ દુષ્કૃત કર્યા પછી ''આ મારા દુષ્કૃતની તમે ક્ષમા કરો'' એમ ખમાવવા વડે જીવ શું ઉત્પન્ન કરે અર્થાત્ કયો ગુણ ઉત્પન્ન કરે ?

ઉત્તર : ખમાવવા વડે જીવ ચિત્તની પ્રસન્નતાને ઉત્પન્ન કરે છે, અને ચિત્તની પ્રસન્નતાને પામેલો જીવ સર્વ પ્રાણ—બે, ત્રણ અને ચાર ઇંદ્રિયોવાળા, ભૂત—વનસ્પતિકાય, જીવ—પંચેંદ્રિયો અને સત્ત્વ—બાકીના જીવો, એ સર્વ પ્રત્યે પરહિતના ચિંતવનરૂપ મૈત્રીભાવને ઉત્પન્ન કરે છે, તથા મૈત્રીભાવને પામેલો એવો પણ જીવ રાગદ્વેષના અભાવરૂપ ભાવવિશુદ્ધિને એટલે ચિત્તવિશુદ્ધિને કરીને નિર્ભય થાય છે—સમગ્ર ભયના કારણરૂપ કર્મબંધનો અભાવ થવાથી ભય રહિત થાય છે. ૧૭-૧૯.

**આવા ગુણવાળાએ સ્વાધ્યાય કરવાનો છે તેથી હવે સ્વાધ્યાયને કહે છે –**

**सज्झाएणं भंते ! जीवे किं जणयइ ?**
**सज्झाएणं नाणावरणिज्जं कम्मं खवेइ ॥१८॥**

અર્થ : હે ભગવંત સ્વાધ્યાય વડે જીવ શું ઉત્પન્ન કરે અર્થાત્ કયો ગુણ ઉત્પન્ન કરે ?

ઉત્તર : સ્વાધ્યાય વડે જીવ જ્ઞાનાવરણીય કર્મને તથા ઉપલક્ષણથી બીજાં કર્મોને પણ ખપાવે છે—ક્ષય કરે છે. ૧૮-૨૦.

**સ્વાધ્યાયમાં પ્રથમ વાચના છે તેથી હવે વાચનાને કહે છે.**

**वायणाए णं भंते ! जीवे किं जणयइ ?**

**वायणाए णं निज्जरं जणयइ, सुअस्स अणासायणाए वट्टति, सुअस्स अणासायणाए वट्टमाणे तित्थधम्मं अवलंबइ, तित्थधम्मं अवलंबमाणे महानिज्जरे महापज्जवसाणे भवइ ॥१९॥२१॥**

અર્થ : હે ભગવંત ! વાચના વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : વાચના વડે જીવ કર્મની નિર્જરાને ઉત્પન્ન કરે છે અને શ્રુતની અનાશતનામાં વર્તે છે, કેમકે વાચના ન કરવી એ શ્રુતની અવજ્ઞા છે. વાચનાથી શ્રુતની અનાશાતના કરી કહેવાય છે. તથા શ્રુતની અનાશાતનામાં વર્તનાર તીર્થના ધર્મને એટલે શ્રુતદાનરૂપ ગણધરના આચારને અવલંબન કરે છે—આશ્રય કરે છે. અર્થાત્ પામે છે, તથા તીર્થના ધર્મને અવલંબન કરનાર મોટી નિર્જરાવાળો અને મહાપર્યવસાન એટલે સર્વથા કર્મના અંતવાળો થાય છે અર્થાત્ મોક્ષ પામનારો થાય છે. ૧૯-૨૧.

**વાચના લીધા પછી શંકા થાય ત્યારે ફરી ફરી પૂછવું જોઈએ, તેથી હવે પ્રતિપૃચ્છના કહે છે –**

**पडिपुच्छणाए णं भंते ! जीवे किं जणेइ ?**

**पडिपुच्छणयाए णं सुत्तत्थतदुभयाइं विसोहेइ, कंखा-मोहणिज्जं कम्मं वुच्छिदइ ॥२०॥२२॥**

અર્થ : હે ભગવંત ! પૂર્વે કહેલા સૂત્રાદિને ફરીથી જે પૂછવું પ્રતિપૃચ્છના કહેવાય છે, તે પ્રતિપૃચ્છના વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : પ્રતિપૃચ્છના વડે જીવ સૂત્ર, અર્થ અને તે બંનેને વિશુદ્ધ કરે છે અને કાંક્ષામોહનીયકર્મનો નાશ કરે છે. ''આ મારે આ રીતે ભણવું યોગ્ય છે કે આ રીતે ભણવું યોગ્ય છે?'' ઈત્યાદિ શંકાનો તથા પરમતની અભિલાષારૂપ કાંક્ષાનો—તે બંને પ્રકારના મિથ્યાત્વ મોહનીય કર્મનો ક્ષય કરે છે. ૨૦-૨૨.

**આ પ્રમાણે એટલે પૂછીને સ્થિર કરેલા શ્રુતનું વિસ્મરણ ન થાય તે માટે પરાવર્તના કરવી જોઈએ તેથી હવે પરાવર્તના કહે છે.**

**परिअट्टणयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**परिअट्टणयाए णं वंजणाइं जणयइ वंजणलद्धिं च उप्पाएइ ॥२१॥२३॥**

અર્થ : હે ભગવંત ! પરાવર્તન અર્થાત્ વારંવાર પુનરાવર્તન કરવા વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : પરાવર્તન વડે એટલે ભણેલાને ફરી ફરી ગણવા વડે જીવ વ્યંજનોને—અક્ષરોને ઉત્પન્ન કરે છે.

એટલે કે તે વ્યંજનો વિસ્મૃત થયા હોય તો પણ જલ્દીથી પાછા સ્મરણમાં આવે છે તેથી ઉત્પન્ન થાય છે એમ કહ્યું. તથા વળી તેવા પ્રકારના ક્ષયોપશમને લીધે વ્યંજનલબ્ધિ અને =અને એટલે કે પદલબ્ધિને પણ ઉત્પન્ન કરે છે—પામે છે. ૨૧-૨૩.

**સૂત્રની જેમ અર્થનું પણ વિસ્મરણ ન થાય તે માટે અનુપ્રેક્ષા કરવી જોઈએ તેથી હવે અનુપ્રેક્ષા કહે છે –**

**अणुप्पेहाए णं भंते ! जीवे किं जणयइ ?**

**अणुप्पेहाए णं आउअवज्जाओ सत्त कम्मप्पगडिओ घणि-अबंधणबद्धाओ सिढिलबंधणबद्धाओ पकरेइ, दीहकालट्ठिइआओ हस्सकालट्ठिइआओ पकरेइ, तिव्वाणुभावाओ मंदाणुभावाओ पकरेइ, बहुप्पएसग्गाओ अप्पप्पएसग्गाओ पकरेइ, आउअं च णं कम्मं सिअ बंधइ सिअ नो बंधइ, असायावेअणिज्जं च णं कम्मं नो भुज्जो भुज्जो उवचिणाइ, अणाइअं च णं अणवदग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं खिप्पामेव वीईवयइ ॥२२॥**

અર્થ : હે ભગવંત ! અનુપ્રેક્ષા વડે એટલે અર્થની ચિંતના વડે જીવ શું ઉત્પન્ન કરે છે?

ઉત્તર : અર્થચિંતવનરૂપ અનુપ્રેક્ષા વડે એક આયુષ્યકર્મ સિવાયની સાત કર્મની પ્રકૃતિઓ ગાઢ બંધનથી બાંધેલી–નિકાચિત કરેલી હોય તેને શિથિલ બંધન વડે બંધાયેલી હોય તેવી કરે છે એટલે કે અપવર્તનાકરણ કરી શકાય તેવી કરે છે. કારણ કે આ અનુપ્રેક્ષા અભ્યંતર તપરૂપ છે અને તપથી નિકાચિત કર્મનો પણ ક્ષય થાય છે એમ આગમમાં કહ્યું છે. તથા જે કર્મપ્રકૃતિઓ દીર્ઘકાળની સ્થિતિવાળી હોય તેને હ્રસ્વ એટલે અલ્પ કાળની સ્થિતિવાળી કરે છે, એટલે શુભાશયને કારણે કર્મની સ્થિતિના કંડકોનો હ્રાસ કરે છે તેથી તે અલ્પકાળની સ્થિતિવાળી થાય છે. અહીં મનુષ્ય, તિર્યંચ અને દેવના આયુષ્ય વિનાનાં સર્વકર્મની દીર્ઘ સ્થિતિ અશુભ છે. તથા તીવ્ર અનુભાવવાળી એટલે ચારસ્થાનીયાદિ રસવાળી પ્રકૃતિને મંદ અનુભાવવાળી એટલે ત્રણસ્થાનીયાદિ રસવાળી કરે છે. બહુ પ્રદેશાગ્રવાળી એટલે ઘણા દળીયાવાળી પ્રકૃતિને અલ્પ પ્રદેશાગ્રવાળી એટલે થોડા દળીયાવાળી કરે છે, આયુષ્ય કર્મને કદાચિત્ બાંધે છે અને કદાચિત્ બાંધતો નથી, કેમકે આયુ તો વર્તમાન ભવના આયુષ્યનો ત્રીજો ભાગ કે તેનો પણ ત્રીજો ભાગ વગેરે છેવટ અંતર્મુહૂર્ત શેષ રહે ત્યારે જ બંધાય છે અને તે પણ એક જ વાર બંધાય છે, જ્યારે બાંધે છે ત્યારે પણ દેવાયુને જ બાંધે છે કેમકે મુનિને તેનો

જ બંધ હોય છે. તથા અસાતાવેદનીય કર્મને અને =અને બીજી અશુભ કર્મપ્રકૃતિને પણ વારંવાર ઉપચય કરતો નથી–બાંધતો નથી. કદાચ કોઈ વખત પ્રમાદથી પ્રમત્ત મુનિ અશુભનો પણ બંધ કરે છે પણ વારંવાર કરતો નથી. તથા અનાદિ, અનવદગ્ર–અનંત અને દીર્ઘાદ્ધ એટલે લાંબા કાળે ઓળંગાય તેવા ચાર ગતિરૂપ અંત–અવયવો છે જેના એવા સંસારરૂપી કાંતારને–અટવીને શીઘ્રપણે જ વિશેષે કરીને અતિક્રમણ કરે છે–ઓળંગે છે. ૨૨-૨૪.

**શ્રુતનો અભ્યાસ કરનારે ધર્મકથા પણ કરવી જોઈએ, તેથી હવે ધર્મકથાને કહે છે –**

**धम्मकहाए णं भंते ! जीवे किं जणयइ ?**

**धम्मकहाए णं पवयणं पभावेइ, पवयणपभावए णं जीवे आगमे सस्सभद्दत्ताए कम्मं निबंधइ ॥२३॥२५॥**

અર્થ : હે ભગવંત ! ધર્મકથા વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : ધર્મકથા વડે એટલે વ્યાખ્યાન કરવા વડે જીવ પ્રવચનની–જિનશાસનની પ્રભાવના કરે છે–"પ્રાવચનિક ૧, ધર્મકથી ૨, વાદી ૩, નૈમિત્તિક ૪, તપસ્વી ૫, વિદ્યા ૬, સિદ્ધ ૭ અને કવિ ૮, એ આઠ પ્રભાવક કહેલા છે." તથા પ્રવચનની પ્રભાવના કરવા વડે જીવ આગામી કાળમાં શશ્વત્ ભદ્રતા વડે એટલે નિરંતર કલ્યાણસહિત એવા કર્મને બાંધે છે અર્થાત્ શુભાનુબંધી શુભ કર્મને ઉપાર્જન કરે છે. ૨૩-૨૫.

**આ પ્રમાણે પાંચ પ્રકારના સ્વાધ્યાયની પ્રીતિથી શ્રુતની આરાધના થાય છે, તેથી હવે શ્રુતની આરાધનાને કહે છે –**

**सुअस्स आराहणयाए णं भंते ! जीवे किं जणेइ ?**

**सुअस्स आराहणयाए णं अण्णाणं खवेइ, न य संकिलिस्सइ ॥२४॥२६॥**

અર્થ : હે ભગવંત ! શ્રુતની આરાધના વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : શ્રુતની આરાધના વડે જીવ અજ્ઞાનને ખપાવે છે, તથા રાગાદિથી ઉત્પન્ન થતા ક્લેશને પામતો નથી. કેમકે વિશેષ જ્ઞાનને લીધે નવા નવા સંવેગની પ્રાપ્તિ થવાથી ક્લેશને પામતો નથી. ૨૪-૨૬.

**શ્રુતની આરાધના મનની એકાગ્રતાથી થાય છે તેથી હવે મનની એકાગ્રતા કહે છે –**

**एगग्गमनसंनिवेसणयाए णं भंते ! जीवे किं जणयइ ?**
**एगग्गमणसंनिवेसणयाए णं चित्तनिरोहं करेइ ॥२५॥२७॥**

અર્થ : હે ભગવંત ! એકાગ્રતામાં મન સ્થાપવા વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : એકાગ્રતામાં મન સ્થાપવા વડે અર્થાત્ મનની એકાગ્રતા વડે જીવ કોઈ પ્રકારે ઉન્માર્ગે ગયેલા ચિત્તનો નિરોધ કરે છે. ૨૫-૨૭.

**આ સર્વ સંયમવાળાને જ સફળ થાય છે, તેથી હવે સંયમને કહે છે –**

**संजमेणं भंते ! जीवे किं जणयइ ?**
**संजमेणं अणण्हयत्तं जणयइ ॥२६॥२८॥**

અર્થ : હે ભગવંત ! સંયમ વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : હિંસાદિ આશ્રવથી વિરમણ=અટકવારૂપ સંયમ વડે જીવ અનંહસ્કત્ત્વ–પાપરહિતપણાને ઉત્પન્ન કરે છે એટલે પાપરહિત થાય છે. ૨૬-૨૮.

**સંયમ હોવા છતાં પણ તપ વિના કર્મક્ષય થતો નથી, તેથી હવે તપસંબંધી કહે છે –**

**तवेणं भंते ! जीवे किं जणयइ ?**
**तवेणं वोदाणं जणयइ ॥२७॥२९॥**

અર્થ : હે ભગવંત ! તપ વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : તપ વડે જીવ વ્યવદાનને એટલે પૂર્વે બાંધેલા કર્મમળનો નાશ થવાથી વિશેષ પ્રકારની શુદ્ધિને ઉત્પન્ન કરે છે. ૨૭-૨૯.

**વ્યવદાનનું જ ફળ કહે છે –**

**वोदाणेणं भंते ! जीवे किं जणयइ ?**

**वोदाणेणं अकिरिअं जणयइ, अकिरियाए भवित्ता तओ पच्छा सिज्झइ बुज्झति मुच्चइ परिनिव्वाइ सव्वदुक्खाणमंतं करेइ ॥२८॥ ३०॥**

અર્થ : હે ભગવંત ! વ્યવદાન વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : વ્યવદાન વડે જીવ અક્રિયાને એટલે વ્યુપરતક્રિય નામના શુક્લધ્યાનના ચોથા ભેદને ઉત્પન્ન કરે છે. અક્રિયાક એટલે વ્યુપરતક્રિય નામના શુક્લધ્યાનના ચોથા ભેદમાં વર્તનારો થઈને ત્યારપછી તરત જ સિદ્ધ થાય છે, જ્ઞાનદર્શનના ઉપયોગ વડે વસ્તુતત્ત્વને જાણે છે, સંસારથી મુક્ત થાય છે, કર્મરૂપી અગ્નિને બુઝાવીને સર્વથા શીતળ થાય છે, તથા શારીરિક અને માનસિક સર્વ પ્રકારનાં દુઃખોનાં અંત કરે છે. ૨૮-૩૦.

**વ્યવદાન એટલે વિશેષ પ્રકારની શુદ્ધિ તો સુખના શાત વડે એટલે સુખને પણ દૂર કરવા વડે થાય છે તેથી હવે સુખશાતને કહે છે –**

**सुहसाएणं भंते ! जीवे किं जणयइ ? ।**

**सुहसाएणं अणुस्सुअत्तं जणयइ, अणुस्सुए अ णं जीवे अणुकंपए अणुब्भडे विगयसोए चरित्तमोहणिज्जं कम्मं खवेइ ॥२९॥३१॥**

અર્થ : હે ભગવંત ! સુખના શાત વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : વૈષયિક સુખના શાત વડે એટલે તેને દૂર કરવા વડે–

વૈષયિક સ્પૃહાનો નાશ કરવા વડે જીવ અનુત્સુકતાને એટલે વૈષયિક સુખમાં નિઃસ્પૃહતાને ઉત્પન્ન કરે છે, અને ઉત્સુકતારહિત થયેલો જીવ દુઃખી પ્રાણી ઉપર અનુકંપાવાળો થાય છે.

વિષયસુખમાં ઉત્સુકતાવાળો જીવ બીજા પ્રાણીને મરતા જોઈને પણ એક પોતાના જ સુખમાં રસિક થાય છે, પણ તેના પર અનુકંપા કરતો નથી.

તથા ઉત્સુકતારહિત થયેલો જીવ અનુદ્ભટ એટલે અભિમાન અથવા શણગારની શોભા રહિત થાય છે, તથા શોકરહિત એટલે આલોકસંબંધી કાર્યનો નાશ થયા છતાં તે મોક્ષની ઈચ્છાવાળો હોવાથી શોક કરતો નથી અને આવા પ્રકારનો હોવાથી તે કષાય અને નોકષાયરૂપ ચારિત્રમોહનીય કર્મને ખપાવે છે—ક્ષય કરે છે. ૨૯-૩૧.

**સુખનો શાત—વિનાશ, સુખમાં અપ્રતિબદ્ધતા વડે થઈ શકે છે તેથી અપ્રતિબદ્ધતાને કહે છે –**

**अप्पडिबद्धयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**अप्पडिबद्धयाए णं निस्संगत्तं जणयइ, निस्संगत्तगए अ णं जीवे एगे एगग्गचित्ते दिआ य राओ अ असज्जमाणे अप्पडिबद्धे आवि विहरइ ॥३०॥३२॥**

અર્થ : હે ભગવંત ! અપ્રતિબદ્ધતા વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : અપ્રતિબદ્ધતા એટલે મનમાં કોઈ પણ પદાર્થ ઉપર આસક્તિરહિતપણું, તે વડે જીવ બાહ્યવસ્તુની નિઃસંગતાને ઉત્પન્ન કરે છે, નિઃસંગતાને પામેલો જીવ એકલો એટલે રાગદ્વેષ રહિત થાય છે, એકાગ્રચિત્ત એટલે ધર્મમાં દઢ મનવાળો થાય છે, તથા દિવસે અને રાત્રે અનાસક્ત એટલે બાહ્ય સંગનો ત્યાગ કરતો અને અપ્રતિબદ્ધ થઈને માસકલ્પાદિ ઉદ્યત વિહાર વડે વિચરે છે. ૩૦-૩૨.

**અપ્રતિબદ્ધતા તો વિવિક્ત શયન-આસનથી થઈ શકે છે તેથી તેને કહે છે –**

**विवित्तसयणासणयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**विवित्तसयणासणयाए णं चरित्तगुत्तिं जणयइ, चरित्तगुत्ते अ णं जीवे विवित्ताहारे दढचरित्ते एगंतरए मुक्खभावपडिवण्णे अट्ठविहं कम्मगंठिं निज्जरेइ ॥३१॥३३॥**

અર્થ : હે ભગવંત ! વિવિક્ત શયનાસન વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : વિવિક્ત એટલે સ્ત્રી, પશુ, પંડકાદિ રહિત શયન, આસન અને ઉપલક્ષણથી ઉપાશ્રય વડે જીવ ચારિત્રની ગુપ્તિને એટલે રક્ષાને ઉત્પન્ન કરે છે. તથા ચારિત્રની રક્ષા કરનાર જીવ વિવિક્ત એટલે વિગઈ આદિ શરીરની પુષ્ટિ કરનાર વસ્તુ રહિત આહારવાળો, દૃઢ ચારિત્રવાળો, સંયમને વિષે એકાંતપણે–નિશ્ચયપણે રક્ત–આસક્ત, તથા મોક્ષના ભાવ 'મારે મોક્ષ જ સાધવાનો છે' એવા અભિપ્રાયવાળો તે આઠ પ્રકારની કર્મરૂપી ગ્રંથિને નિર્જરે છે–ક્ષપકશ્રેણિ વડે ક્ષય કરે છે. ૩૧-૩૩.

**વિવિક્ત શયનાસનથી વિનિવર્તના થાય છે તેથી તેને બતાવે છે –**

**विणिवट्टणयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**विणिवट्टणयाएणं पावकम्माणं अकरणयाए अब्भुट्ठेइ, पुव्वबद्धाण य निज्जरणयाए तं निअत्तेइ, तओ पच्छा चाउरंतं संसारकंतारं वीईवयइ ॥३२॥३४॥**

અર્થ : હે ભગવંત ! વિનિવર્તના વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : વિનિવર્તના વડે એટલે વિષયોથી આત્માને પરાઙ્મુખ કરવા વડે જીવ જ્ઞાનાવરણાદિ પાપકર્મોને નહીં કરવાથી એટલે નવાં કર્મો નહીં બાંધવામાં ઉદ્યમવંત થાય છે. તથા પૂર્વે બાંધેલા કર્મોની નિર્જરા કરવાથી તે પાપકર્મને નિવર્તન કરે છે–ખપાવે છે, ત્યારપછી ચાર ગતિરૂપ અંત–અવયવોવાળા સંસારરૂપ કાંતારને ઓળંગે છે. ૩૨-૩૪.

**વિષયોથી નિવૃત્તિ પામેલો કોઈક સાધુ સંભોગના પચ્ચક્ખાણવાળો પણ થાય છે, તેથી હવે સંભોગના પચ્ચક્ખાણને કહે છે –**

**संभोगपच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?**

**संभोगपच्चक्खाणेणं आलंबणाइं खवेइ, निरालंबणस्स य आययट्ठिआ जोगा भवंति, सएणं लाभेणं तुस्सइ, परस्स लाभं नो आसाएइ, नो तक्केइ, नो पीहेई, नो पत्थेइ, नो अभिलसइ, परस्स लाभं अणासाएमाणे अतक्केमाणे अपीहेमाणे अपत्थेमाणे अणभिलसेमाणे दोच्चं सुहसिज्जं उवसंपज्जित्ताणं विहरइ ॥३३॥३५॥**

અર્થ : હે ભગવંત ! સંભોગના પચ્ચક્ખાણ વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : સંભોગ એટલે એક મંડળીમાં આહાર કરવો અર્થાત્ બીજા મુનિએ આપેલા આહાર આદિ ગ્રહણ કરવા, તેનું પ્રત્યાખ્યાન એટલે પોતે ગીતાર્થ હોવાથી જિનકલ્પાદિ અંગીકાર કરવાથી તેનો—બીજાના લાવેલા આહારાદિનો ત્યાગ કરવો, તે ૩૫ સંભોગપચ્ચક્ખાણ વડે જીવ ગ્લાનત્વ આદિ આલંબનોને ખપાવે છે—દૂર કરે છે. અર્થાત્ બીજા સાધુ માંદગી આદિ કારણે બીજાના લાવી આપેલા આહારાદિને ગ્રહણ કરે છે, પરંતુ આ તો કારણ છતાં પણ ગ્રહણ કરતા નથી, અને નિરંતર ઉદ્યત વિહાર વડે વીર્યાચારનું આલંબન કરે છે. તથા આલંબનરહિત એવા જીવને—સાધુને આયતાર્થિકા એટલે મોક્ષના પ્રયોજનવાળા જ વ્યાપારો હોય છે. આલંબનવાળાને કેટલાક વ્યાપારો મોક્ષના પ્રયોજનવાળા નથી પણ હોતા તેથી આ પ્રમાણે કહ્યું છે. તેથી તે નિરાલંબન સાધુ પોતાના લાભે—પોતે જ મેળવેલા આહાર આદિના લાભ વડે સંતુષ્ટ થાય છે અને બીજાના લાભનો આસ્વાદ કરતા નથી, તર્ક કરતા નથી—ચિંતવતો નથી, સ્પૃહા કરતા નથી—ઇચ્છતા નથી, પ્રાર્થના કરતા નથી, તથા અભિલાષા કરતા નથી. બીજાના લાભને આસ્વાદન નહીં કરતા, તર્ક નહીં કરતા, સ્પૃહા નહીં કરતા, પ્રાર્થના નહીં કરતા તથા અભિલાષ નહીં કરતા બીજી સુખશય્યાને એટલે બીજા સર્વ

સાધુઓથી જુદા—એકલા રહેવારૂપ સુખશય્યાને અંગીકાર કરીને વિચરે છે. ૩૩-૩૫.

**સંભોગના પચ્ચક્ખાણ કરનારને ઉપધિનું પણ પચ્ચક્ખાણ હોય છે તેથી તે બતાવે છે –**

**उवहिपच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?**

**उवहिपच्चक्खाणेणं अपलिमंथं जणयइ, निरुवहिए णं जीवे निक्कंखे उवहिमंतरेण य न संकिलिस्सइ ॥३४॥३६॥**

અર્થ : હે ભગવંત ! ઉપધિના પચ્ચક્ખાણ વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : રજોહરણ અને મુખવસ્ત્રિકા સિવાય બીજી ઉપધિના પચ્ચક્ખાણ—ત્યાગ વડે પરિમંથ એટલે સ્વાધ્યાયનો વિઘાત, તેનો અભાવ તે અપરિમંથ અર્થાત્ સ્વાધ્યાયાદિમાં ઉદ્યમને ઉત્પન્ન કરે છે, તથા ઉપધિ રહિત એવો જીવ કાંક્ષારહિત એટલે વસ્ત્ર આદિમાં અભિલાષા રહિત થાય છે, તેથી તે ઉપધિ વિના ક્લેશ પામતો નથી—અનુભવતો નથી. ૩૪-૩૬.

**ઉપધિ પચ્ચક્ખાણ કરનાર જિનકલ્પિક આદિને યોગ્ય આહારાદિ ન મળે તો ઉપવાસ પણ થાય છે માટે ઉપવાસ એટલે આહારના પચ્ચક્ખાણને હવે કહે છે –**

**आहारपच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?**

**आहारपच्चक्खाणेणं जीविआसंसप्पओगं वोच्छिदइ, जीवि-आसंसप्पओगं वुच्छिदित्ता जीवे आहारमंतरेण न संकिलिस्सइ ॥३५॥३७॥**

અર્થ : હે ભગવંત ! આહારના પચ્ચક્ખાણ વડે એટલે દોષ આહારના ત્યાગ વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : આહારના પચ્ચક્ખાણ વડે—ઉપવાસ કરવા વડે જીવ

જીવિતની આશંસાના પ્રયોગનો એટલે જીવવાની અભિલાષાનો વિચ્છેદ—વિનાશ કરે છે. તથા જીવિતની આશંસાના પ્રયોગને છેદીને જીવ આહાર વિના—યોગ્ય આહાર ન મળે તો પણ ક્લેશ પામતો નથી—ઉત્કૃષ્ટ તપ થાય તો પણ તે પીડા અનુભવતો નથી. ૩૫-૩૭.

**ઉપર કહેલા ત્રણે પચ્ચક્ખાણે કષાયના અભાવે જ સફળ થાય છે તેથી હવે કષાયનું પચ્ચક્ખાણ દેખાડે છે –**

**कसायपच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?**

**कसायपच्चक्खाणेणं वीयरायभावं जणयइ, वीयरायभावं पडिवण्णे अ णं जीवे समसुहदुक्खे भवइ ॥३६॥३८॥**

અર્થ : હે ભગવંત ! કષાયના પચ્ચક્ખાણ વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : ક્રોધાદિ કષાયના ત્યાગ વડે જીવ વીતરાગપણાને અને ઉપલક્ષણથી દ્વેષરહિતપણાને ઉત્પન્ન કરે છે. તથા વીતરાગપણાને પામેલો જીવ સમાન સુખદુ:ખવાળો—સુખ દુ:ખમાં સમાન ચિત્તવાળો થાય છે. ૩૬-૩૮.

**કષાયરહિત પણ યોગના પચ્ચક્ખાણથી જ ખરો મુક્ત થાય છે, તેથી તેને કહે છે –**

**जोगपच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?**

**जोगपच्चक्खाणेणं अजोगित्तं जणयइ, अजोगी णं जीवे नवं कम्मं न बंधइ, पुव्वबद्धं निज्जरेइ ॥३७॥३९॥**

અર્થ : હે ભગવંત ! યોગના પચ્ચક્ખાણ વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : યોગ એટલે મન, વચન, કાયાનો વ્યાપાર, તેના નિરોધ વડે જીવ અયોગીપણાને ઉત્પન્ન કરે છે. અને અયોગી એવો જીવ નવું કર્મ બાંધતો નથી, અને પૂર્વે બાંધેલા ભવોપગ્રાહી ચાર કર્મને નિર્જરે છે—ક્ષય કરે છે. ૩૭-૩૯.

**યોગનું પચ્ચક્ખાણ કરનારને શરીરનું પચ્ચક્ખાણ પણ કરવાનું હોય છે, તેથી તે કહે છે –**

**सरीरपच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?**

**सरीरपच्चक्खाणेणं सिद्धाइसयगुणत्तणं निव्वत्तेइ, सिद्धाइ-सयगुणसंपन्ने अ णं जीवे लोगग्गभावमुवगए परमसुही भवइ ॥३८॥४०॥**

અર્થ : હે ભગવંત ! શરીરના પચ્ચક્ખાણ વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : ઔદારિકાદિ સર્વ શરીરના ત્યાગ વડે જીવ સિદ્ધના અતિશય ગુણપણાને ઉત્પન્ન કરે છે. સિદ્ધના અતિશય ગુણને પામેલો લોકના અગ્રભાગને પામેલો—મુક્તિશિલા ઉપર પહોંચેલો જીવ અત્યંત સુખી થાય છે. ૩૮-૪૦.

**ઉપર કહેલાં સંભોગ આદિ પચ્ચક્ખાણો પ્રાયે સહાયનું પચ્ચક્ખાણ સુલભ છે, તેથી સહાયનું પચ્ચક્ખાણ કહે છે –**

**सहायपच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ? सहाय-पच्चक्खाणेणं एगीभावं जणयइ, एगीभावभूए अ जीवे एगग्गं भावेमाणे अप्पझंझे अप्पकसाए अप्पकलहे अप्पकसाए अप्पकलहे अप्पतुमंतुमे संजमबहुले संवरबहुले समाहिए आवि भवइ ॥३९॥४१॥**

અર્થ : હે ભગવંત ! શરીરના પચ્ચક્ખાણ વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : સહાય કરનારા મુનિઓનો ત્યાગ કરવા વડે—સહાયની અપેક્ષા તજવા વડે જીવ એકીભાવને એટલે એકત્વને ઉત્પન્ન કરે છે. એકત્વને પામેલો જીવ એકાગ્રતાને ભાવતો—અભ્યાસ કરતો વાણીના કલહ રહિત થાય છે, કષાય રહિત થાય છે, કલહ રહિત થાય છે, તું તું એવા શબ્દ રહિત થાય છે, એટલે કે "તું જ આ કાર્ય કરતો હતો, તું જ કરે છે"

વગેરે શબ્દ બોલવાનો વખત જ આવતો નથી. તથા ઘણા સંયમવાળો અને ઘણા સંવરવાળો થાય છે, તેમજ જ્ઞાન આદિની સમાધિવાળો પણ થાય છે. ૩૯-૪૧.

**આવો જે જીવ હોય તે છેવટ ભક્તપ્રત્યાખ્યાન કરે છે, તેથી તેને કહે છે –**

**भत्तपच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?**

**भत्तपच्चक्खाणेणं अणेगाइं भवसयाइं निरुंभइ ॥४०॥४२॥**

અર્થ : હે ભગવંત ! આહારના પ્રત્યાખ્યાન ત્યાગ વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : આહારના પ્રત્યાખ્યાન વડે જીવ અનેક સેંકડો ભવોને રુંધે છે અર્થાત્ દઢ–શુભ અધ્યવસાયથી સંસારને ઘણો અલ્પ કરે છે. ૪૦-૪૨.

**હવે સર્વ પ્રત્યાખ્યાનોમાં ઉત્તમ એવા છેવટના સદ્ભાવ પ્રત્યાખ્યાનને કહે છે –**

**सब्भावपच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?**

**सब्भावपच्चक्खाणेणं अणिअट्टिं जणयइ, अनिअट्टिं पडिवन्ने अ अणगारे चत्तारि केवलिकम्मंसे खवेइ । तं जहा- वेअणिज्जं, आउअं नामं, गोत्तं । तओ पच्छा सिज्झइ बुज्झइ, मुच्चइ, परिनिव्वाइ सव्वदुक्खाणमंतं करेइ ॥४१॥४३॥**

અર્થ : હે ભગવંત ! સદ્ભાવ પ્રત્યાખ્યાન વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : સર્વથા ફરીથી પચ્ચક્ખાણ કરવાનો અસંભવ હોવાથી સદ્ભાવ વડે એટલે પરમાર્થ વડે જે પ્રત્યાખ્યાન તે સદ્ભાવ પ્રત્યાખ્યાન કરવા વડે અર્થાત્ સર્વ સંવરરૂપ શૈલેશીકરણ કરવા વડે જીવ અનિવૃત્તિને એટલે શુક્લ ધ્યાનના ચોથા ભેદને ઉત્પન્ન કરે છે. અનિવૃત્તિને પામેલો એવો સાધુ ચાર કેવળીના કર્માંશોને એટલે કેવળી થયા પછી બાકી રહેલા

કર્મોને ખપાવે છે. તે કર્મો આ પ્રમાણે—વેદનીય, આયુષ્ય, નામકર્મ અને ગોત્રકર્મ એ ચાર ભવોપગ્રાહી કર્મોને ખપાવે છે, ત્યારપછી સમગ્ર અર્થને સાધીને સિદ્ધ થાય છે, તત્ત્વના બોધને પામે છે, કર્મથી મુક્ત થાય છે, કર્મરૂપી તાપના અભાવથી શીતળ થાય છે, તથા સર્વ દુઃખોનો અંત કરે છે. ૪૧-૪૩.

**આ સદ્‌ભાવ પ્રત્યાખ્યાન પ્રાયે કરીને પ્રતિરૂપતા હોય તો થાય છે તેથી હવે પ્રતિરૂપતાને બતાવે છે –**

**पडिरूवयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**पडिरूवयाए णं लाघविअं जणयइ, लहुब्भूए अ णं जीवे अप्पमत्ते पागडलिंगे पसत्थलिंगे विसुद्धसम्मत्ते सत्तसमिइसमत्ते सव्वपाणभूअजीवसत्तेसु वीससणिज्जरूवे अप्पडिलेहे जिइंदिए विपुलतवसमिइ-समन्नागए आवि भवइ ॥४२॥४४॥**

અર્થ : હે ભગવંત ! પ્રતિરૂપતા વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : સ્થવિરકલ્પીના જેવો વેષ ધારણ કરવો તે પ્રતિરૂપ કહેવાય છે તે પ્રતિરૂપ વડે અર્થાત્ અધિક ઉપકરણના ત્યાગ વડે જીવ દ્રવ્યથી અલ્પ ઉપકરણને લીધે અને ભાવથી અપ્રતિબદ્ધપણાને લીધે લાઘવપણાને ઉત્પન્ન કરે છે. અને લઘુભૂત એટલે લઘુ થયેલો જીવ પ્રમાદરહિત થાય છે, તે સ્થવિરકલ્પિક આદિના જેવો જણાતો હોવાથી પ્રગટ લિંગવાળો થાય છે, જીવરક્ષાના હેતુરૂપ રજોહરણ આદિ ધારણ કરવાથી પ્રશસ્ત લિંગવાળો થાય છે, ક્રિયા વડે સમ્યક્ત્વને શુદ્ધ કરવાથી વિશુદ્ધ સમ્યક્ત્વવાળો થાય છે, સત્ય અને સમિતિઓ જેની સમાપ્ત અને પરિપૂર્ણ થઈ છે એવો થાય છે અને તેથી જ સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વને પીડા ઉપજાવનાર નહીં હોવાથી વિશ્વાસ કરવા લાયક થાય છે, અલ્પ ઉપધિ હોવાથી અલ્પ પડિલેહણવાળો થાય છે, જિતેંદ્રિય થાય છે, તથા વિપુલ અને ઘણા ભેદવાળા વિસ્તીર્ણ એવા તપ અને સર્વ વિષયમાં વ્યાપ્ત હોવાથી વિપુલ એવી સમિતિઓ વડે યુક્ત પણ થાય છે. ઉપર સમિતિઓનું સમગ્રપણું કહ્યું અને

સર્વ વિષયનું વ્યાપ્તપણું કહ્યું, તેથી પુનરુક્ત દોષ સમજવો નહીં. ૪૨-૪૪.

**પ્રતિરૂપતા હોવા છતાં વૈયાવચ્ચ કરવાથી જ ઈષ્ટની સિદ્ધિ થાય છે, તેથી વૈયાવચ્ચને કહે છે –**

**वेआवच्चेणं भंते ! जीवे किं जणयइ ?**

**वेयावच्चेणं तित्थयरनामगोअं कम्मं निबंधइ ॥४३॥४५॥**

અર્થ : હે ભગવંત ! વૈયાવચ્ચ વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : વૈયાવચ્ચ વડે જીવ તીર્થંકરનામ, ગોત્ર કર્મને બાંધે છે. ૪૩-૪૫.

**વૈયાવચ્ચ વડે અરિહંતપદની પ્રાપ્તિ કહી, તે અરિહંત સર્વગુણસંપન્ન હોય છે, તેથી સર્વગુણસંપન્નતાને કહે છે –**

**सव्वगुणसंपुन्नयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**सव्वगुणसंपुन्नयाए णं अपुणरावत्तिं जणयइ, अपुणरावत्तिपत्तए अ णं जीवे सारीरमाणसाणं दुक्खाणं नो भागी भवइ ॥४४॥४६॥**

અર્થ : હે ભગવંત ! જ્ઞાનાદિ સર્વ ગુણોથી યુક્તપણાથી જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : સર્વ ગુણોથી યુક્ત થવાથી જીવ અપુનરાવૃત્તિને એટલે મુક્તિને ઉત્પન્ન કરે છે. અપુનરાવૃત્તિને–મુક્તિને પામેલો જીવ શરીર અને મન સંબંધી કોઈ દુઃખોનો ભાગી થતો નથી. કેમકે દુઃખના કારણરૂપ શરીર અને મનનો જ અભાવ છે તેથી તે દુઃખનો ભાગી થતો નથી. ૪૪-૪૬.

**સર્વ ગુણો તો વીતરાગતા હોય તો જ થાય છે તેથી વીતરાગતાને કહે છે –**

**वीअरागयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**वीअरागयाए णं णेहाणुबंधणाणि तण्हाणुबंधणाणि अ वुच्छिदइ, मणुण्णामणुण्णेसु सद्द-फरिस-रूव-रस-गंधेसु विरज्जइ ॥४५॥४७॥**

અર્થ : હે ભગવંત ! વીતરાગથી એટલે રાગદ્વેષ રહિતપણાથી જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : વીતરાગતાથી જીવ પુત્રાદિ સંબંધી સ્નેહના બંધનોને તથા તૃષ્ણા એટલે લોભરૂપ બંધનોને છેદી નાંખે છે, તથા મનોજ્ઞ એ અમનોજ્ઞ એવા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધમાં વિરાગ પામે છે—વિરમે છે. પ્રથમ કષાયનું પચ્ચક્ખાણ કહ્યું છે તેનાથી જ વીતરાગતા આવી જાય છે તો પણ રાગ એ સમગ્ર અનર્થનું મૂળ છે એમ જણાવવા માટે અહીં વીતરાગપણું જુદું કહ્યું છે. ૪૫-૪૭.

**વીતરાગતાનું મુખ્ય કારણ ક્ષમા છે તેથી ક્ષમાને કહે છે –**

**खंतीए णं भंते ! जीवे किं जणयइ ?**
**खंतीए णं परीसहे जिणयइ ॥४६॥४८॥**

અર્થ : હે ભગવંત ! ક્ષમા વડે જીવ શું ઉત્પન્ન કરે છે ?

ઉત્તર : ક્ષમા વડે જીવ પ્રહારાદિ પરિષહોને જીતે છે. ૪૬-૪૮.

**ક્ષમા પણ મુક્તિ વડે એટલે નિર્લોભતા વડે જ દૃઢ થાય છે, તેથી મુક્તિને કહે છે –**

**मुत्तीए णं भंते ! जीवे किं जणयइ ?**

**मुत्तीए णं अकिंचणं जणयइ, अकिंचणे अ जीवे अत्थ-लोलाणं पुरिसाणं अपत्थणिज्जे भवइ ॥४७॥४९॥**

અર્થ : હે ભગવંત ! નિર્લોભતા વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : નિર્લોભતા વડે જીવ અકિંચન એટલે પરિગ્રહ અભાવને

ઉત્પન્ન કરે છે. પરિગ્રહ રહિત એવો જીવ ધનના લોભી એવા ચૌરાદિ પુરુષોને પ્રાર્થના નહીં કરવા લાયક થાય છે. એટલે ચોર વગેરે પીડતા નથી પીડવાને નહીં ઇચ્છવા નથી ૪૭-૪૯.

**લોભના અભાવે માયા કરવાનું કારણ પણ હોતું નથી, તેથી માયાના અભાવરૂપ આર્જવને કહે છે –**

**अज्जवयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**अज्जवयाए णं काउज्जुअयं भावुज्जुअयं भासुज्जुअयं अविसंवायणं जणयइ, अविसंवायणसंपन्नयाए अ णं जीवे धम्मस्स आराहए भवइ ॥४८॥५०॥**

અર્થ : હે ભગવંત ! આર્જવ વડે એટલે માયા રહિતપણાથી જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : આર્જવ વડે જીવ કાયાની ઋજુતાને એટલે કુબ્જ આદિનો વેષ અને ભૃકુટિનો વિકાર વગેરે નહીં કરવાથી શરીરની સરળતાને, ભાવની ઋજુતાને એટલે મનમાં કાંઈક વિચાર હોય છતાં લોકોને રંજન કરવા માટે મુખથી જુદું બોલવું અથવા કાયાથી જુદું કરવું તેના અભાવરૂપ–મનની સરળતાને, ભાષાની ઋજુતા એટલે હાસ્યાદિને નિમિત્તે અન્ય દેશની ભાષા ન બોલવારૂપ ભાષાની સરળતાને, તથા અવિસંવાદને એટલે અન્યના અવિપ્રતારણને અર્થાત્ બીજાને ઠગવું નહીં તેને ઉત્પન્ન કરે છે. અવિસંવાદનને પ્રાપ્ત થયેલો તથા ઉપલક્ષણથી કાયા, મન અને વચનની ઋજુતાને પ્રાપ્ત થયેલો જીવ ધર્મનો આરાધક થાય છે. ૪૮-૫૦.

**આવા ગુણવાળાને પણ વિનયથી જ ઇષ્ટસિદ્ધિ થાય છે અને વિનય માર્દવથી થાય છે, તેથી માર્દવને કહે છે –**

**मद्दवयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**मद्दवयाए णं अणुस्सियत्तं जणयइ, अणुस्सियत्तेणं जीवे**

**मिउमद्दवसंपन्ने अट्ठमयट्ठाणाइं निट्ठवेइ ॥४९॥५१॥**

અર્થ : હે ભગવંત ! માર્દવ વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : માર્દવતા વડે જીવ અનુચ્છ્રિતપણાને એટલે અહંકારના અભાવને ઉત્પન્ન કરે છે. અનુચ્છ્રિતપણાથી જીવ કોમળ એટલે દ્રવ્યથી અને ભાવથી નમનના–નમ્રતાના સ્વભાવવાળાનું જે માર્દવ એટલે સદા સુકુમાળતાથી યુક્ત એવો આઠ મદના સ્થાનોને ખપાવે છે. ૪૯-૫૧.

**તત્ત્વથી જે સત્યતાયુક્ત હોય તેને જ માર્દવ હોઈ શકે છે, સત્યમાં પણ ભાવસત્ય જ પ્રધાન છે, તેથી ભાવસત્યને કહે છે –**

**भावसच्चेणं भंते ! जीवे किं जणयइ ?**

**भावसच्चेणं भावविसोहिं जणयइ, भावविसोहीए अ वट्टमाणे जीवे अरहंतपण्णत्तस्स धम्मस्स आराहणयाए अब्भुट्ठेइ, अरहंतपण्णत्तस्स धम्मस्स आराहणयाए अब्भुट्ठित्ता परलोअधम्मस्स आराहए भवइ ॥५०॥५२॥**

અર્થ : હે ભગવંત ! ભાવસત્ય વડે એટલ શુદ્ધ અંતઃકરણ વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : ભાવસત્ય વડે જીવ ભાવવિશુદ્ધિને એટલે અધ્યવસાયની શુદ્ધિને ઉત્પન્ન કરે છે. અને ભાવવિશુદ્ધિમાં વર્તતો જીવ અરિહંતે પ્રરૂપેલા ધર્મની આરાધના માટે ઉત્સાહવાળો=ઉદ્યમવાળો થાય છે. અને અરિહંતે પ્રરૂપેલા ધર્મની આરાધના માટે ઉદ્યમવંત થઈને પરલોકના ધર્મનો આરાધક થાય છે, એટલે પરભવમાં જિનધર્મની અને વિશિષ્ટ ભવની પ્રાપ્તિ થાય છે. ૫૦-૫૨.

**ભાવસત્ય હોય તો કરણસત્ય પણ હોય છે તેથી કરણસત્યને કહે છે –**

**करणसच्चेणं भंते ! जीवे किं जणयइ ?**

**करणसच्चेणं करणसत्तिं जणयइ, करणसच्चे अ वट्टमाणे जहावाई तहाकारी आवि भवइ ।।५१।।५३।।**

અર્થ : હે ભગવંત ! પ્રતિલેખના આદિ ક્રિયા કરવામાં સત્ય એટલે વિધિ પ્રમાણે આરાધનથી જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : કરણસત્ય વડે જીવ કરણશક્તિ એટલે અપૂર્વ એવી શુભ ક્રિયા કરવાની શક્તિને ઉત્પન્ન કરે છે. તથા કરણસત્યમાં વર્તતો જીવ જે પ્રમાણે બોલે તે પ્રમાણે કરનારો પણ થાય છે, એટલે કે સૂત્રને બોલતાં બોલતા જે પ્રમાણે ક્રિયાસમૂહને મુખથી બોલે છે તે જ પ્રમાણે તે તે ક્રિયાને પણ કરે છે. ૫૧-૫૩.

**તેવા મુનિને યોગસત્ય પણ હોય છે, તેથી યોગસત્ય કહે છે –**

**जोगसच्चेणं भंते ! जीवे किं जणयइ ?**
**जोगसच्चेणं जोगे विसोहेइ ।।५२।।५४।।**

અર્થ : હે ભગવંત ! યોગસત્ય વડે એટલે મન, વચન અને કાયાના સત્ય વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : યોગસત્ય વડે જીવ મન, વચન, કાયાના યોગોને શુદ્ધ કરે છે એટલે ક્લિષ્ટ કર્મના બંધનો અભાવ હોવાથી તે યોગોને નિર્દોષ કરે છે. ૫૨-૫૪.

**આ યોગસત્ય ગુપ્તિવાળાને જ હોય છે તેથી ગુપ્તિને કહે છે –**

**मणगुत्तयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**मणगुत्तयाए णं जीवे एगग्गं जणयइ, एगग्गचित्तेणं जीवे मणगुत्ते संजमाराहए भवइ ।।५३।।५५।।**

અર્થ : હે ભગવંત ! મનગુપ્તિ વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : મનગુપ્તિ વડે જીવ ધર્મમાં એકાગ્રતાને—તન્મયતાને ઉત્પન્ન

કરે છે અને એકાગ્રચિત્તવાળો જીવ મનગુપ્તિવાળો એટલે અશુભ અધ્યવસાયમાં જતા મનને રોકતો સંયમનો આરાધક થાય છે. ૫૩-૫૫.

**वइगुत्तयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**वइगुत्तयाए णं निव्विआरत्तं जणयइ, निव्विआरे णं जीवे वइगुत्ते जोगे अज्झप्पजोगसाहणजुत्ते आवि भवइ ॥५४॥५६॥**

અર્થ : હે ભગવંત ! કુશળ વાણી બોલવારૂપ વચનગુપ્તિ વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : વચનગુપ્તિ વડે જીવ નિર્વિકારપણાને એટલે વિકથા આદિ કરવારૂપ વાણીના અભાવને ઉત્પન્ન કરે છે. વાણીના વિકાર રહિત એવો જીવ સર્વથા વાણીના નિરોધરૂપ વચનગુપ્તિવાળો અને અધ્યાત્મયોગના એટલે મનના વ્યાપાર ધર્મધ્યાનાદિના સાધનરૂપ એકાગ્રતા આદિથી યુક્ત થાય છે. વિશેષ પ્રકારની વચનગુપ્તિ ન હોય તો ચિત્તનું એકાગ્રપણું પણ થઈ શકે નહીં. ૫૪-૫૬.

**कायगुत्तयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**कायगुत्तयाए णं संवरं जणयइ, संवरेणं कायगुत्ते पुणो पावासवनिरोहं करेइ ॥५५॥५७॥**

અર્થ : હે ભગવંત ! શુભ યોગમાં પ્રવૃત્તિ કરવારૂપ કાયગુપ્તિ વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : કાયગુપ્તિ વડે જીવ અશુભ યોગના નિરોધરૂપ સંવરને ઉત્પન્ન કરે છે. નિરંતર અભ્યાસથી સંવર વડે સર્વથા કાયવ્યાપારનો નિરોધ કરનાર જીવ વળી પાપ આશ્રવનો એટલે પાપકર્મના ગ્રહણનો નિરોધ કરે છે. ૫૫-૫૭.

**આ ત્રણે ગુપ્તિ વડે અનુક્રમે મન વગેરેની સમાધારણા થાય છે, તેથી તે સમાધારણાને કહે છે –**

**मणसमाहारणयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**मणसमाहारणयाए णं एगग्गं जणयइ, एगग्गं जणइत्ता नाणपज्जवे जणयइ, नाणपज्जवे जणइत्ता सम्मत्तं विसोहेइ मिच्छत्तं विनिज्जरेइ ॥५६॥५८॥**

અર્થ : હે ભગવંત ! મનનું સમ્યક્ પ્રકારે આગમમાં કહ્યા પ્રમાણે ધારણ કરવારૂપ મનની સમાધારણા વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : મનની સમાધારણા વડે જીવ ચિત્તના એકાગ્રપણાને ઉત્પન્ન કરે છે, એકાગ્રતાને ઉત્પન્ન કરીને વિશેષ—વિશેષ પ્રકારનાં શ્રુતના બોધરૂપ જ્ઞાનના પર્યાયોને ઉત્પન્ન કરે છે, અને જ્ઞાનના પર્યાયોને ઉત્પન્ન કરીને સમ્યક્ત્વને શુદ્ધ કરે છે કેમકે તત્ત્વજ્ઞાનની શુદ્ધિ થવાથી તત્ત્વના વિષયવાળી શ્રદ્ધા પણ વિશુદ્ધ થાય છે, તેથી જ મિથ્યાત્વને વિશેષ રીતે નિર્જરે છે— ખપાવે છે. ૫૬-૫૮.

**वइसमाहारणयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**वइसमाहारणयाए णं वइसाहारणंदंसणपज्जवे विसोहेइ, वइसाहारणंदंसणपज्जवे विसोहित्ता सुलहबोहित्तं निव्वत्तेइ, दुल्लहबोहियत्तं निज्जरेइ ॥५७॥५९॥**

અર્થ : હે ભગવંત ! સ્વાધ્યાયમાં વાણી સ્થાપન કરવારૂપ વાણીની સમાધારણા વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : વાણીની સમાધારણા વડે જીવ વાણીને સાધારણ અર્થાત્ વાણીથી કહેવા લાયક પદાર્થોના વિષયવાળા દર્શનના પર્યાયોને વિશુદ્ધ કરે છે. વાણીને સાધારણ એવા દર્શનના પર્યાયોને વિશુદ્ધ કરીને સુલભ-બોધિપણાને ઉત્પન્ન કરે છે અને દુર્લભબોધિપણાને નિર્જરે છે—ખપાવે છે. ૫૭-૫૯.

**कायसमाधारणयाए णं भंते ! जीवे कि जणयइ ?**

**कायसमाहारणयाए णं चरित्तपज्जवे विसोहेइ, चरित्तपज्जवे विसोहित्ता अहक्खायचरित्तं विसोहेइ, अहक्खायचरित्तं विसोहित्ता चत्तारि केवलिकम्मंसे खवेइ, तओ पच्छा सिज्झइ बुज्झइ मुच्चइ परिनिव्वाइ सव्वदुक्खाणमंतं करेइ ॥५८॥६०॥**

અર્થ : હે ભગવંત ! સંયમયોગમાં શરીરના સમ્યક્ વ્યાપારરૂપ કાયાની સમાધારણા વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : કાયાની સમાધારણા વડે જીવ ક્ષાયોપશમિક ચારિત્રના ભેદરૂપ ચારિત્રના પર્યાયોને વિશુદ્ધ કરે છે. ક્ષાયોપશમિક ચારિત્રના પર્યાયોને વિશુદ્ધ કરીને યથાખ્યાત ચારિત્રને વિશુદ્ધ કરે છે, યથાખ્યાતચારિત્રને વિશુદ્ધ કરીને ચાર કેવળીના સત્=વિદ્યમાન કર્મોને એટલે અઘાતીયા ચારે કર્મોને ખપાવે છે. ત્યારપછી સિદ્ધ થાય છે, વસ્તુતત્ત્વને જાણે છે, સંસારથી મુક્ત થાય, કર્મના તાપ રહિત થવાથી શીતળ થાય છે, તથા શારીરિક અને માનસિક સર્વ દુઃખોનો અંત કરે છે. ૫૮-૬૦.

**આ પ્રમાણે ત્રણ સમાધારણાથી જ્ઞાનાદિ ત્રણની શુદ્ધિ કહી. હવે તેનું જ ફળ કહે છે –**

**नाणसंपन्नयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**नाणसंपन्नयाए णं सव्वभावाहिगमं जणयइ, नाणसंपन्ने अ णं जीवे चाउरंते संसारकंतारे न विणस्सइ**

**''जहा सूई ससुत्ता पडिआ वि न विणस्सई । तहा जीवे ससुत्ते, संसारे न विणस्सइ'' नाणविणयतवचरित्तजोगे संपाउणइ, ससमयपरसमयसंघायणिज्जे भवइ ॥५९॥६१॥**

અર્થ : હે ભગવંત ! શ્રુતજ્ઞાનસહિત થવાથી જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : શ્રુતજ્ઞાનસહિત જીવ સર્વ પદાર્થના જ્ઞાનને ઉત્પન્ન કરે છે. શ્રુતજ્ઞાનસહિત એવો જીવ ચતુરંત સંસારરૂપી કાંતારમાં વિનાશ પામતો નથી

એટલે મુક્તિમાર્ગથી વધારે દૂર થતો નથી.

આ વાતને દૃષ્ટાંત વડે વધારે સ્પષ્ટ કરીને બતાવે છે.– જેમ સૂત્ર–દોરા સહિત સોય કાદવ વગેરેમાં પડી હોય તો પણ વિનાશ પામતી નથી–બહુ દૂર જતી નથી તેમ સૂત્ર–શ્રુતજ્ઞાનસહિત એવો જીવ સંસારમાં વિનાશ પામતો નથી–મોક્ષમાર્ગથી દૂર જતો નથી. અવધિ વગેરે જ્ઞાન, વિનય, તપ અને ચારિત્રયોગોને સમ્યક્ પ્રકારે પામે છે, તથા સ્વસમય અને પરસમયને અર્થાત્ તેના જાણનારને મળવા લાયક થાય છે ૫૯-૬૧.

**दंसणसंपन्नयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**दंसणसंपन्नयाए णं भव-मिच्छत्तछेअणं करेइ, परं न विज्जाइ, अणुत्तरेणं णाणदंसणेणं अप्पाणं संजोएमाणे सम्मं भावेमाणे विहरइ ॥६०॥६२॥**

અર્થ : હે ભગવંત ! દર્શન યુક્ત થવાથી એટલે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ સહિત જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : દર્શનસહિતપણાથી જીવ સંસારના હેતુરૂપ મિથ્યાત્વનું સર્વથા છેદન કરે છે, એટલે ક્ષાયિક સમ્યક્ત્વને પામે છે. ત્યારપછી ઉત્કૃષ્ટથી તેજ ભવમાં અને મધ્યમ તથા જઘન્યની અપેક્ષાએ ત્રીજા કે ચોથા ભવમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થવાથી હોલવાઈ જતો નથી–કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ પ્રકાશના અભાવને પામતો નથી. પરંતુ સર્વોત્તમ એવા કેવળજ્ઞાન સાથે અને કેવળદર્શન સાથે પોતાના આત્માને જોડતો સમ્યક્ પ્રકારે ભાવતો એટલે તન્મયપણાને પમાડતો ભવસ્થ કેવળીપણે વિચરે છે. ૬૦-૬૨.

**चरित्तसंपन्नयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**चरित्तसंपन्नयाए णं सेलेसीभावं जणयइ, सेलेसीपडिवन्ने अ अणगारे चत्तारि केवलिकम्मंसे खवेइ, तओ पच्छा सिज्झइ बुज्झइ मुच्चइ परिनिव्वाइ सव्वदुक्खाणमंतं करेइ ॥६१॥६३॥**

અર્થ : હે ભગવંત ! ચારિત્રસહિતપણાથી જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : ચારિત્રસહિતપણાથી જીવ યોગનો નિરોધ કરવા વડે શૈલેશ—મેરુ, તેની જેમ અત્યંત સ્થિર મુનિ પણ શૈલેશ કહેવાય છે. તેવી જે અવસ્થા તે શૈલેશી=શૈલેશીભાવને ઉત્પન્ન કરે છે. શૈલેશીકરણને પામેલો એવો સાધુ ચાર કેવળી સત્=વિદ્યમાન કર્મોને—અઘાતીયા કર્મોને ખપાવે છે. ત્યારપછી સિદ્ધ થાય છે, વસ્તુતત્ત્વને જાણે છે, સંસારથી મુક્ત છે, કર્મના તાપ રહિત થવાથી શીતળ થાય છે અને સર્વ દુઃખોનો અંત કરે છે. ૬૧-૬૩.

**ઇંદ્રિયોનો નિગ્રહ કરવાથી જ ચારિત્ર પ્રાપ્ત થાય છે, તેથી દરેક ઇંદ્રિયના નિગ્રહને કહે છે –**

**सोइंदियनिग्गहेणं भंते ! जीवे किं जणयइ ?**

**सोइंदियनिग्गहेणं मणुण्णा-मणुण्णेसु सद्देसु रागद्दोसनिग्गहं जणयइ, तप्पच्चइअं च नवं कम्मं न बंधइ, पुव्वबद्धं च निज्जरेइ ॥६२॥६४॥**

અર્થ : હે ભગવંત ! પોતાના વિષય તરફ ખેંચાઈ જતા એવા શ્રોત્રેંદ્રિયના નિગ્રહ વડે જીવ શું ઉત્પન્ન કરે છે ?

ઉત્તર : શ્રોત્રેંદ્રિયના નિગ્રહ વડે જીવ ઇષ્ટ અને અનિષ્ટ એવા શબ્દોને વિષે અનુક્રમે રાગ અને દ્વેષના નિગ્રહને ઉત્પન્ન કરે છે. તથા તે રાગદ્વેષના પ્રત્યયવાળું—નિમિત્તવાળું નવું કર્મ બાંધતો નથી. અને પૂર્વે બાંધેલા કર્મને નિર્જરે છે—ખપાવે છે. ૬૨-૬૪.

**चक्खिदियनिग्गहेणं भंते ! जीवे किं जणयइ ?**

**चक्खिदियनिग्गहेणं मणुण्णामणुण्णेसु रूवेसु रागद्दोस-निग्गहं जणयइ, तप्पच्चइअं नवं कम्मं न बंधइ, पुव्वबद्धं च निज्जरेइ ॥६३॥६५॥**

અર્થ : હે ભગવંત ! ચક્ષુઇંદ્રિયના નિગ્રહ વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : ચક્ષુઇંદ્રિયના નિગ્રહ વડે જીવ મનોજ્ઞ અને અમનોજ્ઞ એવા રૂપોને વિષે અનુક્રમે રાગ અને દ્વેષના નિગ્રહને ઉત્પન્ન કરે છે. તથા તે રાગદ્વેષના નિમિત્તવાળું નવું કર્મ બાંધતો નથી. તથા પૂર્વે બાંધેલા કર્મને નિર્જરે છે—ખપાવે છે. ૬૩-૬૫.

**घाणिंदियएणं एव चेव ॥६४॥६६॥ जिब्भिंदिए वि ॥६५॥६७॥ फासिंदिए वि ॥६६॥६८॥ नवरं गंधेसु रसेसु फासेसु वत्तव्वं ॥**

અર્થ : ઘ્રાણેંદ્રિય, જિહ્વેંદ્રિય અને સ્પર્શેંદ્રિયના નિગ્રહને વિષે પણ એ જ પ્રમાણે જાણવું. વિશેષ એ કે ઘ્રાણેંદ્રયથી મનોજ્ઞામનોજ્ઞ ગંધ લેવો, જિહ્વેંદ્રિયથી રસ લેવો અને સ્પર્શેંદ્રિયથી સ્પર્શ લેવો. અને તેના નિગ્રહથી નવા કર્મ બાંધતો નથી અને પૂર્વકર્મને નિર્જરે છે એમ સમજવું. ૬૪-૬૬. ૬૫-૬૭. ૬૬-૬૮.

**कोहविजएणं भंते ! जीवे किं जणयइ ?**

**कोहविजएणं खंतिं जणयइ । कोहवेअणिज्जं कम्मं न बंधइ, पुव्वनिबद्धं च निज्जरेइ ॥६७॥६९॥**

અર્થ : હે ભગવંત ! ક્રોધના વિજય—નિગ્રહ વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : ક્રોધના વિજય વડે જીવ ક્ષમાને ઉત્પન્ન કરે છે. ક્રોધવેદનીય એટલે ક્રોધના હેતુભૂત પદ્ગુલરૂપ કર્મને બાંધતો નથી. તથા પૂર્વે બાંધેલા તે ક્રોધવેદનીય કર્મને ખપાવે છે. ૬૭-૬૯.

**एवं माणेणं ॥६८॥७०॥ मायाए ॥६९॥७१॥ लोहेणं ॥७०॥७२॥ नवरं मद्दवं उज्जुभावं संतोसं च जणयइ त्ति वत्तव्वं ॥**

અર્થ : એ જ પ્રમાણે માન, માયા અને લોભના વિષયવાળાં સૂત્રો પણ સમજવા. વિશેષ એ કે–માનના વિજય વડે માર્દવને, માયાના વિજય વડે ઋજુભાવને અને લોભના વિજય વડે સંતોષને ઉત્પન્ન કરે છે અને તેથી નવા કર્મ બાંધતો નથી ને પૂર્વકર્મ નિર્જરે છે. ૬૮-૭૦. ૬૯-૭૧. ૭૦-૭૨.

**કષાયનો વિજય પ્રેમ=રાગ, દ્વેષ અને મિથ્યાદર્શનના વિજય વિના થતો નથી તેથી તે પ્રેમ આદિના વિજયને કહે છે –**

**पिज्जदोसमिच्छादंसणविजएणं भंते ! जीवे किं जणयइ ?**

**पिज्जदोसमिच्छा-दंसणविजएणं नाणदंसणचरित्ताराहणयाए अब्भुट्ठेइ, अट्ठविहस्स कम्मगंठिविमो-अणयाए तप्पढमयाए जहाणुपुव्वीए अट्ठावीसइविहं मोहणिज्जं कम्मं उग्घाएइ, पंचविहं नाणावरणिज्जं, नवविहं दंसणावरणिज्जं, पंचविहं अंतरायं, एए तिण्णि वि कम्मंसे जुगवं खवेइ, तओ पच्छा अणुत्तरं अणंतं कसिणं पडिपुण्णं निरावरणं वितिमिरं विसुद्धं लोगालोगप्पभावगं केवल-वरणाणदंसणं समुप्पाडेइ, जाव सजोगी भवइ ताव य इरिआवहिअं कम्मं बंधइ, सुहफरिसं दुसमयट्ठितिअं, तं पढमसमए बद्धं, बिइअसमए वेइअं, तइअसमए निज्जिण्णं, तं बद्धं पुट्ठं उईरिअं वेइअं निज्जिण्णं, सेअकाले अकम्मं चावि भवइ ॥७१॥७३॥**

અર્થ : હે ભગવંત ! પ્રેમ–(રાગ), દ્વેષ અને મિથ્યાદર્શનના વિજય વડે જીવ શું ઉત્પન્ન કરે ?

ઉત્તર : રાગ, દ્વેષ અને મિથ્યાત્વના વિજય વડે જીવ જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધનાને માટે ઉદ્યમવંત થાય છે. ત્યારપછી આઠ પ્રકારના કર્મમાં અત્યંત દુર્ભેદ્ય એવા ઘાતીકર્મની ગ્રંથિના વિમોચન એટલે વિનાશ કરવા માટે ઉદ્યમવંત થાય છે.

પછી શું કરે છે ? તે કહે છે– પહેલાં કોઈ વખત ખપાવેલ નહીં હોવાથી પ્રથમથી અનુક્રમે અઠ્ઠાવીશ પ્રકારના મોહનીય કર્મને ખપાવે છે.

મોહનીય કર્મ ખપાવવાનો અનુક્રમ આ પ્રમાણે છે—પ્રથમ એકી વખતે અનંતાનુબંધી ક્રોધાદિ ચારે કષાયને ખપાવે છે. ત્યારપછી અનુક્રમે મિથ્યાત્વ, મિશ્ર અને સમકિત મોહનીયનાં દળિયાંને ખપાવે છે. ત્યારપછી પ્રત્યાખ્યાનાવરણ અને અપ્રત્યાખ્યાનાવરણરૂપ આઠ કષાયોને ખપાવવાનો આરંભ કરે છે, તે અર્ધા ખપે ત્યાં વચ્ચે નરકગતિ ૧, નરકાનુપૂર્વી ૨, તિર્યગ્ગતિ ૩, તિર્યગાનુપૂર્વી ૪, એકેંદ્રિયાદિ ચાર જાતિ ૮, આતપ ૯, ઉદ્યોત ૧૦, સ્થાવર ૧૧, સૂક્ષ્મ ૧૨, સાધારણ ૧૩, નિદ્રાનિદ્રા ૧૪, પ્રચલાપ્રચલા ૧૫ અને સ્ત્યાનર્દ્ધિ ૧૬, આ સોળ પ્રકૃતિને ખપાવે છે. પછી તે આઠે કષાયોનો બાકી રહેલો અર્ધ ભાગ ખપાવે છે. ત્યારપછી પુરુષ હોય તો અનુક્રમે નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિ છ અને પુરુષવેદને ખપાવે છે, સ્ત્રી કે નપુંસક હોય તો પોતપોતાના વેદને છેલ્લે ખપાવે છે. ત્યારપછી અનુક્રમે સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભને ખપાવે છે. આ દરેક પ્રકૃતિને ખપાવવાનો કાળ અંતર્મુહૂર્તનો છે. તથા સર્વ પ્રકૃતિઓને ખપાવવાનો કાળ પણ અંતર્મુહૂર્તનો જ છે. કેમકે અંતર્મુહૂર્તના અસંખ્યાતા ભેદ છે. આ પ્રમાણે મોહનીય ક્રમને ખપાવ્યા પછી એક અંતર્મુહૂર્તમાં યથાખ્યાત ચારિત્રને પામે છે, પછી ક્ષીણમોહ ગુણસ્થાનકના છેલ્લા બે સમયમાંના પહેલા સમયે નિદ્રા અને પ્રચલા એ બેને ખપાવી પાંચ પ્રકારનું જ્ઞાનાવરણીય, નવ પ્રકારનું દર્શનાવરણીય અને પાંચ પ્રકારનું અંતરાય કર્મ, આ ત્રણે સત્કર્મો ૧૪ પ્રકૃતિઓને એકી સાથે ખપાવે છે. ત્યારપછી સર્વોત્તમ, વિનાશ નહીં હોવાથી અનંત, સમગ્ર પદાર્થોને ગ્રહણ કરનાર હોવાથી કૃત્સ્ન—સમગ્ર, સમગ્ર=સ્વપર પર્યાયો વડે પરિપૂર્ણ સર્વ આરણ રહિત, અજ્ઞાનરૂપી અંધકાર રહિત, સર્વ દોષ રહિત, લોકોલોકને પ્રકાશ કરનાર શ્રેષ્ઠ એવા કેવળજ્ઞાન અને કેવળદર્શનને ઉત્પન્ન કરે છે.

ત્યારપછી જ્યાં સુધી સયોગી મન, વચન અને કાયાના વ્યાપારવાળો હોય, ત્યાં સુધી ઐર્યાપથિક કર્મને બાંધે છે. તે ઐર્યાપથિક કર્મ કેવું ? તે કહે છે– આત્મપ્રદેશની સાથે સુખકારક સ્પર્શ સાતાવેદનીયરૂપ બે સમયની સ્થિતિવાળું, તે કર્મ પહેલે સમયે બાંધે બીજે સમયે વેદે=ભોગવે અને ત્રીજે સમયે જીર્ણ કરે એટલે ક્ષીણ કરે—આવું તે કર્મ જીવ પ્રદેશની

સાથે આકાશની સાથે ઘટની જેમ તથા લીસી મણિની ભીંત ઉપર પડેલા સુકા અને જાડા ચૂર્ણની જેમ સ્પર્શ માત્ર કરે છે. આ બે વિશેષણથી તે કર્મ નિધત્ત અને નિકાચિત અવસ્થાને નહીં પામેલું એમ જાણવું. તે કર્મ પહેલે સમયે ઉદયને પામ્યું એવું, બીજે સમયે તેના ફળરૂપ સુખને અનુભવવા વડે વેદ્યું એવું અને ત્રીજે સમયે ક્ષયને પામ્યું એવું સમજવું. એટલે ચોથા સમય આદિ આગામી કાળમાં તે કર્મથી રહિતપણું થાય છે. ૭૧-૭૩.

તેવો જીવ આયુષ્યને અંતે શૈલેશીકરણને પામીને–કરીને કર્મરહિત થાય છે, તેથી શૈલીશી અને અકર્મતા એ બે દ્વારને અર્થથી કહે છે–

**अहाउअं पालइत्ता अंतोमुहुत्तद्धावसेसाउए जोगनिरोहं करेमाणो सुहुमकिरिअं अप्पडिवाइ सुक्कज्झाणं ज्झिआयमाणे तप्पढमयाए मणजोगं निरुंभइ, निरुंभइत्ता वयजोगं निरुंभइ, निरुंभइत्ता कायजोगं निरुंभइ, निरुंभइत्ता आणापाणनिरोहं करेइ, करित्ता ईसिं पंचहस्सक्खरुच्चारद्धाए अ णं अणगारे समुच्छिन्न-किरिअं अनिअट्टि सुक्कज्झाणं ज्झिआयमाणो वेअणिज्जं आऊयं नामं गुत्तं च एए चत्तारि वि कम्मंसे जुगवं खवेइ ।।७२।।७४।। तओ ओरालि अकम्माइं च सव्वाहिं विप्पजहणाहिं विप्पजहित्ता उज्जुसेढीपत्ते अफुसमाणगई उड्ढं एगसमएणं अविग्गहेणं तत्थ गंता सागारोवउत्ते सिज्झइ जाव अंतं करेइ ।।७३।।७५।।**

અર્થ : ત્યારપછી–કેવળી થયા પછી અંતર્મુહૂર્તથી આરંભીને દેશોનપૂર્વકોટિ પર્યંત જેટલું બાકી આયુષ્ય પાળીને અંતર્મુહૂર્ત આયુષ્ય શેષ રહે ત્યારે યોગનિરોધને કરનાર જીવ સૂક્ષ્મક્રિઅપ્રતિપાતિ નામના શુક્લધ્યાનના ત્રીજા ભેદને ધ્યાવે. તેનું ધ્યાન કરતો તે પ્રથમપણાથી એટલે પ્રથમ મનોયોગને એટલે દ્રવ્યમનની નજીકથી ઉત્પન્ન થયેલા જીવવ્યાપારને રુંધે, તેને રુંધીને વચનયોગને એટલે દ્રવ્યભાષાના નજીક ઉત્પન્ન થયેલા જીવવ્યાપારને રુંધે, તેને રુંધીને કાયયોગને રુંધે, તેને રુંધીને ઉચ્છ્વાસ–નિશ્વાસના નિરોધને કરે–ઉપલક્ષણથી સર્વ કાયયોગનો નિરોધ કરે. આ રીતે

અસંખ્યાતા, અસંખ્યાતા સમયો વડે ત્રણે યોગનો નિરોધ કરીને ઈષત્ એટલે અલ્પ પ્રયત્ન વડે અ–ઇ–ઉ–ઋ–લૃ–એ પાંચ હ્રસ્વ અક્ષરોને મધ્યમપણે ઉચ્ચાર કરતાં જેટલો કાળ લાગે તેટલા કાળમાં સાધુ સમુચ્છિન્નક્રિય અનિવૃત્તિ નામના શુક્લધ્યાનના ચોથા ભેદનું ધ્યાન કરતો અર્થાત્ શૈલેશી અવસ્થાને અનુભવતો વેદનીય, આયુષ્ય, નામ, અને ગોત્ર એ ચારે સત્કર્મોને એકી વખતે ખપાવે છે. ૭૨-૭૪.

ત્યારપછી ઔદારિક, કાર્મણ અને ચ=અને તૈજસ, એ ત્રણે શરીરને સર્વ વિપ્રહાનિઓ વડે એટલે વિશેષ પ્રકર્ષથી સર્વ પ્રકારે ત્યાગ કરવા વડે ત્યાગ કરીને ઋજુશ્રેણિને–અવક્ર એવી આકાશપ્રદેશની પંક્તિને પામેલો સ્પર્શરહિત ગતિવાળો એટલે પોતાના અવગાહ ઉપરાંત બીજા આકાશપ્રદેશને સ્પર્શ નહીં કરતો અર્થાત્ જેટલા આકાશપ્રદેશમાં તે જીવ અવગાઢ થયો છે તેટલા જ આકાશપ્રદેશને સમશ્રેણિ વડે સ્પર્શ કરતો ઉપર એક સમય વડે જ વક્રગતિરૂપ વિગ્રહગતિ વિના જ ત્યાં એટલે મુક્તિપદમાં જઈને સાકારઉપયોગવાળો એટલે જ્ઞાનના ઉપયોગવાળો હોય તે સમયે સિદ્ધ છે. ઈત્યાદિ યાવત્ સર્વ કર્મના અંતને કરે છે. એ સર્વ પૂર્વની જેમ જાણવું. ૭૩-૭૫.

**હવે આ અધ્યયનનો ઉપસંહાર કરે છે.**

**एसो खलु सम्मत्तपरक्कमस्स अज्झयणस्स अट्ठे समणेणं भगवया महावीरेणं आघविए पण्णविए परूविए निदंसिए उवदंसिए त्ति बेमि ॥७४-७६॥**

અર્થ : આ નિશ્ચે સમ્યક્ત્વ પરાક્રમ નામના અધ્યયનનો અર્થ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ સામાન્ય અને વિશેષ વડે કહ્યો છે, હેતુ ફળ આદિ કહીને જણાવ્યો છે, સ્વરૂપ વડે પ્રરૂપ્યો છે, દૃષ્ટાંત વડે દેખાડ્યો છે, તથા ઉપસંહાર દ્વાર વડે બતાવ્યો છે. એમ હું કહું છું. એ પ્રમાણે સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને કહે છે. ૭૪-૭૬.

# ગૌતમસ્વામી અને મહાવીરસ્વામી ભ.ની પ્રશ્નોત્તરી

## (ગૌતમપૃચ્છા અંતર્ગત)

પ્ર.૧ પ્રથમ ગણધર શ્રીગૌતમસ્વામીએ છેલ્લા તીર્થંકર શ્રીમહાવીર પ્રભુને પ્રથમ પ્રશ્ન પૂછતાં કહ્યું : "હે કરુણાસાગર ! કયા કર્મને લીધે જીવ નરકે જાય છે ?"

જ.૧ તે વખતે ત્રણ જગતના પૂજ્ય પ્રભુશ્રીએ કહ્યું : "જે જીવહિંસા કરે છે, જૂઠું બોલે છે, ચોરી કરે છે, પરસ્ત્રીનું સેવન કરે છે, ઘણા પ્રકારના પાપ પરિગ્રહમાં આસક્ત હોય છે, એ રીતે પાંચ અણુવ્રતને વિરોધે છે. તેમજ અતિ ક્રોધી, અતિ માની, ધૃષ્ટ, માયાવી, રૌદ્રસ્વભાવી પાપી, ચાડી ખાનાર, અતિ લોભી, સાધુની નિંદાકરનાર, અધર્મી, અસંબદ્ધ વચન બોલનાર, દુષ્ટ બુદ્ધિવાળો, કૃતઘ્ન હોય તે જીવ અત્યંત દુઃખ અને શોક પામીને નરકમાં જાય છે.

પ્ર.૨ "હે ક્ષમાસાગર ! આ જ જીવ સ્વર્ગલોકમાં કયા કારણોથી જાય છે ?"

જ.૨ "હે ગૌતમ ! જે જીવ તપમાં, સંયમ-ચારિત્રમાં અને દાનમાં રુચિવાળો હોય; જે સ્વભાવથી ભદ્ર-સરળ પરિણામી, દયાવંત હોય તથા ગુરુવચનમાં શ્રદ્ધાવાળો હોય, જ્ઞાન, દર્શન અને ચારિત્રનો આરાધક હોય તે જીવ મૃત્યુ પામીને હંમેશાં દેવલોકમાં ઉત્પન્ન થાય છે."

પ્ર.૩ "હે દયાસાગર ! જીવ મરીને તિર્યંચપણે શાથી ઉત્પન્ન થાય છે ?"

જ.૩ "હે ગૌતમ ! જે માણસ પોતાના સ્વાર્થ માટે મિત્રને સેવે, પોતાનું કાર્ય સર્યા પછી મિત્રનો ત્યાગ કરે. મિત્રને દુઃખમાં નાખે અને મિત્રનું અશુભ બોલે, પોતાની ગુપ્ત વાત મિત્રને જણાવે નહીં. જે નિર્દય હોય, માયાવી હોય તે જીવ મરીને તિર્યંચપણે-પશુપણે ઉત્પન્ન થાય છે.

પ્ર.૪ અશોકકુમાર મિત્રનો દ્રાહ કરી મરીને વિમલવાહન નામના કુલકરનો હાથી થયો. તેનું દૃષ્ટાન્ત જણાવું : શ્રી ગૌતમસ્વામીજીએ ચોથો પ્રશ્ન પૂછ્યો - "હે ભગવાન ! કયા કારણથી જીવ મરીને મનુષ્ય થાય ?"

જ.૪ "જે જીવ સરલ ચિત્તવાળો હોય, નિરભિમાની હોય, મંદ ક્રોધાદિ કષાયવાળો હોય, સુપાત્રને દાન આપનારો હોય, મધ્યસ્થભાવનાવાળો હોય, ન્યાયી હોય, સાધુના ગુણોની પ્રશંસા કરતો હોય, થોડો પરિગ્રહ રાખે, સંતોષી હોય વળી દેવગુરુનો ભક્ત હોય તે જીવ મરીને મનુષ્ય થાય"

પ્ર.૫ "હે ભગવાન ! સ્ત્રી મરીને પુરુષ શાથી થાય ?"

જ.૫ "હે ગૌતમ ! જે સ્ત્રી સંતોષી હોય, વિનયવાળી હોય, સરળ ચિત્તવાળી અને સ્થિર સ્વભાવવાળી હોય, વળી જે સ્ત્રી હંમેશા સત્ય બોલે તે સ્ત્રી મરીને પુરુષ થાય. જેમ કે નાગિલા મરીને પદ્મશ્રેષ્ઠી રૂપે થઈ" પ્રભુએ કહ્યું.

પ્ર.૬ "હે દયાળુ પ્રભુ ! પુરુષ મરીને સ્ત્રી ક્યારે થાય ?

જ.૬ હે ગૌતમ ! જે પુરુષ ચપલ સ્વભાવવાળો, મૂર્ખ, કદાગ્રહી હોય, વળી માયા અને કૂડકપટ વડે સ્વજનને ઠગતો હોય, કોઈનો વિશ્વાસ ન કરે અને વિશ્વાસઘાત કરે તે પુરુષ મરીને સ્ત્રી થાય છે. જેમકે નાગિલ મરીને પદ્મશેઠની સ્ત્રી પદ્મિની થઈ.

પ્ર.૭ "હે દયાળુ પ્રભુ ! આ જીવ કયા કર્મથી નપુંસક-હિજડો થાય છે ?"

જ.૭ "હે ગૌતમ ! જે પુરુષ ઘોડાને, વૃષભને, બકરા વગેરે પશુને છેદન કરી નિર્લાંછન (પુરુષચિહ્નથી રહીત) કરે છે, તેઓનાં ગલકંબલ

વગેરે છેદે છે. કાન વગેરે અવયવોને કાપે છે, જીવહિંસા કરે છે, તે જીવ સર્વ અંગો વડે હીન થાય છે. અને નપુંસકપણાને પામે છે, જેમકે મહાપાપી ગોવાસ નસુંપકતાપણાને પામ્યો."

પ્ર.૮ "હે કૃપાના સાગર ! કયા કારણથી જીવ અલ્પ આયુષ્યવાળો થાય છે ?"

જ.૮ "જે પુરુષ નિર્દયપણે જીવોને મારે છે, પરલોક જેવું કાંઈ માનતો નથી. અતિ સંકલેશ કરે છે તે જીવ મરીને શિવકુમાર અને યજ્ઞદત્તનીજેમ અલ્પ આયુષ્યવાળો થાય છે."

પ્ર.૯ "હે દયાના ભંડાર ! કયા કર્મના હૃદયથી જીવ લાંબા આયુષ્યવાળો થાય છે ?"

જ.૯ "જે જીવોને મારતો નથી, જે દયાળું હોય છે, જે જીવોને અભયદાન આપીને જ સંતોષ માને છે, તે જીવ મરીને પરભવમાં દીર્ઘ આયુષ્યવાળો થાય છે." આ વિષયમાં દામનકનું દૃષ્ટાંત જાણવું.

પ્ર.૧૦ "હે દયાળું ! જીવ અભોગી-ભોગ વિનાનો શાથી થાય છે ?

જ.૧૦ "હે ગૌતમ ! જે પુરુષ પોતાની વસ્તુ કોઈને આપતો નથી, વળી કોઈને વસ્તુ આપી દે તો તે માટે મનમાં ખેદ કરે - અગર પાછી માંગી લે છે, કોઈ સુપાત્રે દાન આપતો હોય, તેના આપતા જે નિવારે-અંતરાય કરે છે. આવાં કરમ વડે જીવ ભોગ સુખ-વિનાનો થાય છે. આ બાબતમાં ધનસારનું દૃષ્ટાંત જાણવું."

પ્ર.૧૧ "હે કૃપાસાગર ! જીવ શાથી સૌભાગી થાય છે ?"

જ.૧૧ "હે ગૌતમ ! જે મનુષ્ય હૃદયમાં હર્ષપૂર્વક સાધુ મુનિરાજોને ખપતી વસ્તુ શયન-આસન, વસ્ત્ર, પાટ, સંથારો, પગપુછણું - દંડાસન, કમ્બલ વગેરે તેમજ આહાર-ભોજન, પાત્રા, તથા પાણી આપે છે તે મનુષ્ય ભોગવાળો અને સુખી થાય છે. આ બાબતમાં પણ ધનસારનું દૃષ્ટાંત જાણવું."

પ્ર.૧૨ "હે કૃપાસિન્ધુ ભગવાન્ ! જીવ કયા કર્મના ઉદયથી સૌભાગી-સુખી થાય છે ?"

જ.૧૨ "હે ગૌતમ ! જે પુરુષ ગુરુનો, દેવનો અને સાધુઓનો વિનય કરે, કડવાં વચન બોલે નહીં, આવા પ્રકારનો પુરુષ સજ્જનોને પણ દર્શનીય હોય છે, તે સુભગ-સૌભાગ્યશાલી થાય છે. સર્વ લોકોમાં પ્રિય થાય છે. તે વિષે રાજદેવનું દૃષ્ટાંત જાણવું."

પ્ર.૧૩ "હે દયાના ભંડાર પ્રભુ ! કયા કર્મ વડે જીવ દુર્ભાગી થાય છે ?

જ.૧૩ હે ગૌતમ ! જે પુરુષ ગુણ રહિત હોવા છતાં ગુણવાન તરીકે અહંકારી હોય, જે ધૈર્યવાન એવા તપસ્વીઓની નિંદા કરે, જે વિષયી હોય, જાતિ વગેરેના મદ કરે, બીજા જીવોને પીડા કરે, તે જીવ મરીને ભોજદેવની જેમ દુર્ભગ-દુર્ભાગી (જે દેખવો ય કોઈને ન ગમે તેવો) થાય છે.

પ્ર.૧૪ "હે કૃપાસાગર ! કયા કર્મ વડે જીવ બુદ્ધિશાળી થાય છે ?"

જ.૧૪ "હે ગૌતમ ! જે જીવ શાસ્ત્રનો પાઠ કરે, તેવું ચિન્તવન કરે, શાસ્ત્ર સાંભળે, બીજાને શાસ્ત્ર ભણાવે, ધર્મોપદેશ આપે, વળી જે શાસ્ત્રની ભક્તિ કરે અને ગુરુની ભક્તિ કરે તે જીવ મરીને બુદ્ધિશાળી હોય છે. જેમ મતિસાર મન્ત્રીનો પુત્ર સુબુદ્ધિ થયો અને તે રાજમાં અને લોકમાં પ્રિય થયો."

પ્ર.૧૫ "હે દયાના ભંડાર ! કયા કારણથી જીવ દુર્બુદ્ધિ-બુદ્ધિ વિનાનો થાય છે ?

જ.૧૫ "હે ગૌતમ ! જે જીવ તપસ્વીની, જ્ઞાનવંતની અને ગુણવંતની અવજ્ઞા-અપમાન કરે, જેમકે 'આ શું જાણે છે ?" આ પ્રમાણે જે મુખથી બોલે તે મરીને કુબુદ્ધિવાળો, અધન્ય અને લોકોમાં નિન્દનીય થાય છે. તે વિષે દુર્બુદ્ધિનું દૃષ્ટાંત જાણવું.

પ્ર.૧૬ 'હે દયાના સાગર ! કયા કર્મથી જીવ-પુરુષ પંડિત થાય ?"

જ.૧૬ "હે ગૌતમ ! જે પુરુષ વૃદ્ધ અને વડીલ જનોની સેવા કરે છે, ભક્તિ કરે છે, વળી જે પુણ્યનું અને પાપનું સ્વરૂપ જાણવાની જિજ્ઞાસા રાખે છે, જે શ્રુતજ્ઞાનની અને ગુરુ મહારાજની ભક્તિ કરે છે તે જીવ મરીને પંડિત થાય છે. જેમ આમ્રનો જીવ દેવ ગુરુની

ભક્તિ કરીને કુશલ નામે પંડિત થયો."

પ્ર.૧૭ "હે કૃપાળુ ભગવાન ! કયા કર્મથી જીવ મીરને મૂગો અને મૂર્ખો થાય છે ?"

જ.૧૭ "હે ગૌતમ ! જે જીવ બીજા જીવોને કહે, 'તમે જીવોને મારો, માંસ મદિરાનું ભક્ષણ કરો, ભણવાથી શો લાભ થવાનો છે ? ધર્મ કરવાથી શું થવાનું થવાનું ? આવાં વચનો બોલતો અને ચિન્તવતો જીવ મરીને મૂક, મૂર્ખ થાય છે. જેમ પૂર્વ ભવમાં આમ્રનો મિત્ર નિમ્બ કુશલના ઘેર નોકર-ચાકર થયો."

પ્ર.૧૮ "હે દયાસાગર ! જીવ ધીર શાથી થાય છે ?"

જ.૧૮ "હે ગૌતમ ! જે જીવ કોઈપણ જીવોને ત્રાસ આપતો નથી, અને બીજાની પાસે ત્રાસ આપતો નથી, જે બીજા જીવોની પીડાને વર્જે છે મનુષ્ય સેવા અને પરોપકાર કરે છે તે પુરુષ સાહસિક ધૈર્યવંત-'ધીર' થાય છે. તે માટે અભયસિંહ નામના પુરુષનું દૃષ્ટાન્ત જાણવું."

પ્ર.૧૯ "હે ભગવાન ! કયા કર્મથી જીવ બીકણ થાય છે ?"

જ.૧૯ "જે પુરુષ કૂતરાં, તેતર વગેરેના બચ્ચાંને તથા ભૂંડ, હરણ વગેરે જીવોને પાંજરામાં પૂરી રાખે, સર્વ જીવોને દુઃખ આપે તે પુરુષ મરીને હંમેશા 'બીકણ' થાય છે. એ માટે અભયસિંહના નાનાભાઈ ધનસિંહનું દૃષ્ટાંત જણાવું."

પ્ર.૨૦ "હે દયાસમુદ્ર ! કયા કર્મને લીધે મનુષ્ય જીવની ભણેલી વિદ્યા નિષ્ફળ થાય છે ?"

જ.૨૦ "હે ગૌતમ ! જે પુરુષ કપટયુક્ત વિનય વડે ગુરુની પાસેથી વિદ્યા અથવા વિજ્ઞાન ગ્રહણ કરે છે, પછી ગુરુની અવજ્ઞા કરે છે, ગુરુનો અપલાપ કરે છે, ગુરુના નામને છુપાવે છે, તેની વિદ્યા નિષ્ફળ થાય છે. જેમ ત્રિદંડીની વિદ્યા નિષ્ફળ ગઈ."

પ્ર.૨૧ "હે કૃપાવંત ! જીવને ભણેલી વિદ્યા સફળ શાથી થાય તે જણાવશો ?"

જ.૨૧ "જે પુરુષ ગુરુનું બહુમાન કરે છે, ગુરુનો વિનય કરે છે, ગુણવાળો

હોય છે. તેણે ગ્રહણ કરેલી વિદ્યા લોકમાં સફળ થાય છે."

પ્ર.૨૨ હે કૃપાના સાગર ! "કયા કર્મથી મનુષ્યનું દ્રવ્ય નાશ પામે છે ?"

જ.૨૨ "હે ગૌતમ ! જે પુરુષ દાન આપીને પછી મનમાં વિચારે, "અરે ! આ દાન મેં શા માટે આપ્યું ?" એમ પશ્ચાતાપ કરે તેના ઘરમાંથી નિશ્ચય કરીને લક્ષ્મી થોડા જ વખતમાં પાછી ચાલી જાયછે. આ બાબતમાં ધનદત્તના પુત્ર સુધનની કથા જાણવી."

પ્ર.૨૩ "હે દયાના ભંડાર ! કયા કારણથી માણસને લક્ષ્મી ફરીથી આવી મળે છે ?"

જ.૨૩ "હે ગૌતમ ! જે પુરુષ પોતાની પાસે થોડું ધન હોય તો પણ પોતાની શક્તિ અનુસાર સુપાત્રને દાન આપે છે, અને બીજાની પાસે પણ દાન અપાવે છે તેને પરભવમાં ફરીથી ઘણી લક્ષ્મી આવી મળે છે. આ બાબતમાં સમુદ્રદત્તના પુત્ર મદનનું દૃષ્ટાન્ત જાણવું."

પ્ર.૨૪ "હે દીનદયાળ ! કયા કર્મથી જીવને લક્ષ્મી મળે અને સ્થિર થાય છે ?"

જ.૨૪ "હે ગૌતમ ! જે જે વસ્તુ આપણાને પોતાને ગમતી હોય તે તે વસ્તુ સારી ભાવનાથી જો સાધુઓને આપવામાં આવે, આપ્યા પછી પશ્ચાત્તાપ કરે નહિં, પણ મનમાં ઘણો રાજી થાય તેની લક્ષ્મી શાલિભદ્રની લક્ષ્મીની જેમ સ્થિર થાય છે."

પ્ર.૨૫ "હે કરુણાસમુદ્ર ભગવંત ! કયા કર્મથી મનુષ્યને ત્યાં પુત્ર જીવતો નથી ?"

જ.૨૫ "હે ગૌતમ ! જે પુરુષ પશુ, પક્ષી અને મનુષ્યોનાં બાળકોને વિયોગ કરાવે છે વળી જે ઘણો પાપી હોય છે તે પુત્ર વિનાનો થાય છે, તેને ત્યાં બાળકો થતાં નથી, કદાચ બાળકો થાય તો જીવતાં નથી. આ બાબતમાં ઋદ્ધિવાસ નામના નગરમાં રહેનાર વર્ધમાન શેઠના નાના પુત્ર દેદેનું દૃષ્ટાન્ત જાણવું. તે અપુત્રીઓ-નિઃસંતાન અને મહાદુઃખી હતો."

પ્ર.૨૬ "હે સર્વજ્ઞ પ્રભુ ! કયા કર્મથી જીવ ઘણા પુત્રવાળો થાય છે ?"

જ.૨૬ 'હે ગૌતમ ! જે પુરુષ પરમ દયાળુ હોય તે ઘણા પુત્રવાળો થાય છે, તે પુરુષને ત્યાં ઘણા પુત્રો થાય છે. આ બાબતમાં ૨૫માં પ્રશ્નોત્તરમાં કહેલા વર્ધમાન શેઠના મોટા પુત્ર દેસલનું દૃષ્ટાન્ત જાણવું."

પ્ર.૨૭ "હે કરુણાસાગર ભગવન્ !કયા કર્મથી માણસ બહેરો થાય છે ?"

જ.૨૭ "જે માણસે કાંઈ સાંભળ્યું ન હોય તે છતાં તે કહે કે મેં અમુક સાંભળ્યું છે તે માણસ પરભવમાં બહેરો થાય છે."

પ્ર.૨૮ "હે પરમ કૃપાળું ભગવન ! કયા કર્મથી માણસ જાત્યન્ધ-જન્માંધ થાય છે ?"

જ.૨૮ "હે ગૌતમ ! જે માણસે કોઈ વસ્તુ જોઈ નથી કે છતાં મેં અમુક વસ્તુ જોઈ છે એમ કહે, વળી જે પુરુષ ધર્મની અપેક્ષા વિનાનું વચન નિશ્ચયપૂર્વક કહે તે પુરુષ પોતાનાં કર્મના દોષને કારણે જાત્યન્ધ એટલે જન્માંધ થાય છે.

પ્ર.૨૯ "હે પરમકૃપાળુ ભગવન્ ! કયા કર્મને લીધે ખાધેલું પચતું નથી તે આપ કૃપા કરી જણાવશો."

જ.૨૯ "હે ગૌતમ ! પોતાને કોઈ પણ કામમાં નહિ આવે એવું ખરાબ ભોજન અને એઠું ભોજન કે પાણી જે જીવ સાધુઓને વહોરાવે છે, તેને ખાધેલું અન્ન પચતું નથી અને તેને અજીર્ણનો રોગ થાય છે." આ બાબતમાં શ્રી વાસુપૂજ્યસ્વામીજીના મઘવા નામના પુત્રની પુત્રી નામે રોહિણી જે પૂર્વભવમાં સિદ્ધિ રાણી હતી તે સાધુને કડવી તુંબડીનો આહાર જાણવા છતાં આપવાથી કુષ્ઠ રોગવાળી દુર્ગન્ધા નામની થઈ.

પ્ર.૩૦ "હે દયાનિધિ ભગવન્ ! કયા કર્મથી જીવ રોગી થાય છે ?"

જ.૩૦ "હે ગૌતમ ! જે મનુષ્ય મધમાખીઓના મધપુડા પાડે છે, જે વનમાં દવ-આગ લગાડે છે, બળદ વગેરે પ્રાણીઓને આંકે છે, જે નાના બાગ-બગીચાનાં વૃક્ષોનો વિનાશ કરે છે, વગર કારણે વનસ્પતિ તોડે છે, પુષ્પાદિક ચૂંટે છે તે ભવાન્તરમાં કોઢ રોગી થાય છે. અહિં ગોવિન્દના પુત્ર ગોશલની કથા જાણવી."

પ્ર.૩૧ "હે કરુણાસાગર ભગવંત ! જીવ કયા કર્મને લીધે કુબડો થાય છે ?"

જ.૩૧ "હે ગૌતમ ! જે પુરુષ લોભ વડે ગાય-બળદ, પાડા, ગધેડાં તથા ઊંટ ઉપર ઘણો ભાર ભરીને તેમને પીડા કરે છે, તે પાપકર્મના ઉદયથી તે જીવ કુબડો-ખુંધો થાય છે. આ બાબતમાં ધનાવહ નામના શેઠના પુત્ર ધનદત્તની કથા જાણવી."

પ્ર.૩૨ "હે કૃપાસાગર ભગવન્ ! કયા કર્મ વડે જીવને દાસત્વ પ્રાપ્ત થાય છે. દાસ નોકર થાય છે ?"

જ.૩૨ "હે ગૌતમ ! જે પુરુષ જાતિના મદ વડે કરીને ઉન્નમત્ત મન છે જેનું, એવો આત્મા-તે પુરુષ નીચ ગોત્ર કર્મ બાંધીને મરીને દાસપણાને પામે છે. વળી જે મનુષ્ય પશુ પક્ષી વગેરે પ્રાણીઓને વેચે-ક્રયવિક્રય-વેપાર કરે છે, અને જે કૃતઘ્ની હોય-કોઈએ કરેલા ઉપકારને ગણતો નથી તે જીવ મરીને દાસપણું પામે છે. આ બાબતમાં બ્રહ્મદત્તની કથા જાણવી."

પ્ર.૩૩ "હે ત્રણે જગતના આધાર પ્રભુ ! કયાં કર્મને લીધે જીવ દરિદ્ર થાય છે ?"

જ.૩૩ "હે ગૌતમ ! જે પુરુષ વિનય રહિત હોય, ચારિત્ર રહિત હોય, ધર્મ, નિયમ રહિત હોય, દાન, ગુણ વિનાનો હોય, ત્રણ દંડે સહિત હોય એટલે કે મન વડે આર્તધ્યાન તથા રૌદ્રધ્યાન કરતો હોય, વચન વડે દુષ્ટ શબ્દ બોલતો હોય, કાયા વડે કુચેષ્ટાઓ કરતો હોય અને લોકોને કુબુદ્ધિ આપતો હોય તે પુરુષ મરીને દરિદ્રી થાય છે. આ બાબતમાં નિષ્પુણ્યકનું દૃષ્ટાંત જાણવું."

પ્ર.૩૪ "હે દયાસાગર ભગવંત ! કયા કર્મને લીધે જીવ મોટી ઋદ્ધિવાળો થાય છે ?"

જ.૩૪ "જે પુરુષ દાન આપનારો, વિનયવાન, ચારિત્રના સેંકડો ગુણોવાળો હોય, તે પુરુષ જગતની અંદર પ્રસિદ્ધ થઈને લોકોમાં મોટી ઋદ્ધિવાળો થાય છે. અહીં પુણ્યસારનું દૃષ્ટાન્ત જાણવું."

પ્ર.૩૫ પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીજીએ પૂછ્યું : "હે સર્વજ્ઞ ભગવાન ! કયા કર્મથી જીવ રોગી થાય છે ?"

જ.૩૫ "હે ઈન્દ્રભૂમિ ગૌતમ ! જે પુરુષ વિશ્વાસ પમાડીને વિશ્વાસઘાત કરી જીવને મારે છે, મનથી શુદ્ધ આલોચના ગ્રહણ કરતો નથી તે પુરુષ મરીને અન્ય જન્મમાં રોગી થાય છે."

પ્ર.૩૬ "જનવત્સલ પ્રભુ ! જીવ કયા કર્મથી રોગ રહિત-નિરોગી થાય છે ?"

જ.૩૬ "હે ગોતમ ! જે જીવ વિશ્વાસ રાખનાર જીવનું રક્ષણ કરે છે અને પોતાનાં સર્વ પાપસ્થાનકોની આચોલના કરે છે અને ગુરુ મહારાજે આપેલ પ્રાયશ્ચિત્ત પૂર્ણ કરે છે, તે પુરુષ મરીને અન્ય ભવમાં રોગ રહિત નિરોગી થાય છે. તે પ્રસંગને યોગ્ય અટ્ટણમલ્લની કથા જાણવી."

પ્ર.૩૭ "હે દયાના સાગર ! આ જીવ હીન અંગવાળો શાથી થાય છે ?"

પ્ર.૩૭ "જે પુરુષ કપટ વડે, હસ્તલાઘવ કળા વડે, ખોટાં તોલ વડે અને ખોટાં માપ ભરવા વડે તથા કંકુ, કર્પૂર, મંજિષ્ઠ વગેરે પદાર્થોનો ભેળસેળ કરીને વેપાર કરે છે. વળી માયા-કપટ કરે છે. આવાં પ્રકારના પાપ કરવા વડે તે પુરુષ મરીને ભવાન્તરમાં મનુષ્ય થાય તો પણ ઈશ્વર શેઠના પુત્ર દત્તની જેમ હીન અંગવાળો થાય છે.

પ્રં.૩૮ "હે ત્રણ જગતના નાથ ! કયા કર્મને લીધે જીવ મૂંગો થાય છે ! વળી કયા કર્મના ઉદયથી જીવ ઠુંઠો થાય છે ?"

જ.૩૮ "હે ગૌતમ ! જે પુરુષ સંયમવાળા, ગુણવાળા અને શુદ્ધ શીલવાળા પૂજ્ય સાધુઓની નિન્દા કરે છે, તે બીજા ભવમાં મૂંગો અને બોબડો થાય છે. વળી જે પુરુષ સાધુ ઉપર (દ્વિષ ધારણ કરી) પાદપ્રહાર કરે છે, લાત મારે છે. તે અગ્નિશર્માની જેમ ઠુંઠો થાય છે."

પ્ર.૪૦ "હે કૃપાવતાર પ્રભુ ! કયા કર્મથી જીવ પગ રહિત પાંગળો થાય છે ?"

જ.૪૦ "હે ગૌતમ ! જે પુરુષ નિર્દયપણે ભૂખ્યા, થાકી ગયેલા બળદ, ઘોડા

વગેરે જીવોના ઉપર ભાર લાધે છે, પછીથી તેઓને મારે છે, તેમના અંગોને છેદે છે અને શરીરના સાંધાઓમાં મર્મઘાત કરે છે, તે પરુષ મરીને કર્મણની જેમ પાંગળો થાય છે."

પ્ર.૪૧ "હે કરુણાસમુદ્ર ભગવંત ! કયા કર્મથી જીવ સુરૂપવાળો થાય છે?"

જ.૪૧ હે ગૌતમ ! જે પુરુષ છત્રના દંડની જેમ સરલ સ્વભાવવાળો હોય છે, વળી જેનું મન ધર્મકાર્યમાં લાગેલું હોય છે, તેમજ જે જીવ દેવની, શ્રીસંઘની અને ગુરુ ભગવંતની ભક્તિ કરે છે તે જીવ સુંદર રૂપવાળો થાય છે.

પ્ર.૪૨ "હે દીનબન્ધો પ્રભુ કયા ર્મના ઉદયથી જીવ કુરૂપવાળો થાય છે ?"

જ.૪૨ "હે ઇન્દ્રભૂતિ ગૌતમ ! જે પુરુષ કપટી સ્વભાવવાળો હોય છે, વળી જે જીવને પાપ કરવાનું પ્રિય લાગે છે, વળી જે જીવ હિંસા કરવામાં તત્પર રહે છે, અને દેવ ગુરુ પ્રત્યે દ્વેષ રાખે છે તે જીવ મરીને અતિ કુરૂપવાળો થાય છે. આ જગત્સુંદર અને અસુંદરની કથા વડે સમજાશે."

પ્ર.૪૩ "હે કૃપાનિધિ ભગવંત ! જીવ કયા કર્મને લીધે ઘણી વેદનાથી પીડાય-દુઃખી થાય છે ?"

જ.૪૩ "જે પુરુષ પ્રાણીઓને લાકડી-દંડ વડે, હાથ વડે, ચાબુક વડે, દોરડા વડે, તલવાર વડે અને ભાલા કે યંત્ર વડે મારે છે, તેમને પીડા કરે છે, વળી જાળ વગેરે વડે જીવોને વેદના-સુઃખી કરે છે તે પાપી-કરુણારહિત પુરુષ પરભવમાં બહુ વેદના-દુઃખ પામે છે. આ બાબતમાં મૃગાપુત્રની કથા જાણવી."

પ્ર.૪૪ "હે કૃપાસાગર ભગવંત ! કયા કર્મથી જીવ વેદનાથી મુક્ત-સુખી થાય છે ?"

જ.૪૪ "હે ગૌતમ ! જે પુરુષ બીજા પુરુષો વડે દુઃખમાં સપડાયેલા એટલે બેડીમાં અથવા બંધનમાં બંધાયેલા જીવોને બંધનમાંથી અથવા મરણમાંથી મુકાવે છે, વળી જે દયાળુ હોય છે, તે જીવને કદાપિ અશુભ વેદના થતી નથી. તે માટે ચન્દન શેઠના પુત્ર જિનદત્ત

શેઠની કથા જાણવી."

પ્ર.૪૫ "હે દીનબન્ધુ ભગવંત ! જીવ કયા કર્મને લીધે પંચેન્દ્રિય હોય છતાં એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ?"

જ.૪૫ "હે ગૌતમ ! જ્યારે જીવને મોહનીય કર્મનો તીવ્ર ઉદય થાય છે. વળી તે જ્ઞાનમાં સમજતો નથી. મહાભયથી વ્યાકુળ થાય છે, જેને સાતા વેદનીય કર્મ થોડું હોય છે અને જે કુટુંબ ઉપર બહુ જ મૂર્છા રાખે છે, તે જીવ મરીને એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે અને ઘણો કાળ સંસારમાં ભમે છે, તે વિષે અહીં મોહનની કથા જાણવી."

પ્ર.૪૬ "હે દયાળુ ભગવન્ ! કયા કર્મથી જીવને સંસાર સ્થિર થાય છે ?"

જ.૪૬ "હે ગૌતમ ! જે નાસ્તિકવાદી જીવ એવું માને અને એવું કહે, 'ધર્મ નથી, જીવ પણ નથી અને કોઈ સાચા ગુરુ પણ નથી.' તેવા નાસ્તિકવાદી પુરુષને ઘણો સંસાર વૃદ્ધિ પામે છે, તે મોક્ષને મેળવતો નથી."

પ્ર.૪૭ "હે પરમકૃપાળુ ભગવાન ! જીવ કયા કર્મથી અલ્પસંસારી તેનો સંસાર સંક્ષિપ્ત થાય છે ?"

જ.૪૭ "હે ગૌતમ ! જગતની અંદર ધર્મ છે, અધર્મ પણ છે, સર્વજ્ઞ પરમાત્મા છે, તથા ઋષિ-મુનિઓ પણ છે. આ પ્રમાણે જે પુરુષ શ્રદ્ધાપર્વક માને છે, તે જીવ અલ્પસંસારી થાય છે, અને તે જીવ થોડા જ વખતમાં સર્વ કર્મ ખપાવી મોક્ષમાં જાય છે. અહીં એક પંડિતના સૂર તથા વીર નામના બે શિષ્યોની કથા જાણવી."

પ્ર.૪૮ "હે ત્રણ જગતના આધાર કરુણાસિન્ધુ ભગવંત ! કયા કારણથી જીવ સંસારસમુદ્રને તરીને મોક્ષનગરીમાં પહોંચે છે ?"

જ.૪૮ "હે ગૌતમ ! જે પુરુષ નિર્મળ જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણવાળો હોય છે તે સંસારસમુદ્રને તરીને થોડા જ વખતમાં મોક્ષે જાય છે. આ બાબતમાં શ્રેણિક પુત્ર અભયકુમારની કથા જાણવી."

